# અસ્પૃશ્યતાનો વ્યાપ અને ઊંડાણ

(ગુજરાતમાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ હેઠળ ૧૯૮૪માં નોંધાયેલા કેસોને આધારે)


લેખક

હસમુખભાઈ પરમાર,
સાયમન ફ્રા. મેકવાન
દિલીપભાઈ પરમાર

સંપાદક

ડૉ. ઠાકોરભાઈ નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

૨૫૧

૧૯૮૮

અનુક્રમણિકા.


| નંબર. | પ્રકરણ. | પાન નંબર. |
|---|---|---|
| ૧ | સંશોધન પ્રવિધિઓ. | ૧ થી ૫૭ |
| ૨ | અસ્પૃશ્યતા : કાનૂન અને અમલ. | ૫૮ થી ૬૧ |
| ૩ | અસ્પૃશ્યતા અને શિક્ષણ, આર્થિક સ્થિતિ, વસ્તી અને વિસ્તાર તથા રાજકિયકરણની પરસ્પર અનુકૂળ અને પ્રતિકૂળ અસરો. | ૬૨ થી ૧૩૩ |
| ૪ | આજની અસ્પૃશ્યતા. | ૧૩૪ થી ૧૯૮ |
| ૫ | ૧૯૮૪માં નાગરિક હકક સુંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોના અસરગ્રસ્ત કુટુંબો. | ૧૯૯ થી ૨૭૨ |
| ૬ | વિશિષ્ટ કિસ્સા નોંધ. | ૨૭૩ થી ૨૯૬ |
| ૭ | અભ્યાસ આધારીત તારણો અને સુઝાવો. | ૨૯૭ થી ૩૧૯ |

પરિશિષ્ટ. ૩૨૦ થી ૩૪૫

૧) અસ્પૃશ્યતા ( ગુન્હા ) ધારો - ૧૯૫૫.
( The untouchability (Offences) Act, 1955 )

(૨) સંદર્ભ સાહિત્ય.

# પ્રકરણ - ૧

## સંશોધન પ્રવિધિઓ.

## પ્રકરણ - ૧

## પ્રાસ્તવિક

ભારતીય સમાજમાં સદીઓથી કદાચ વૈદિક કાળમાં વ્યવસાય આધારીત સમાજ રચના સ્થપાઈ હતી. જે કાળક્રમે પાછળથી જ્ઞાતિપ્રથામાં રુપાંતરીત થઈ હતી. ત્યારથી અસ્પૃશ્યતા જે માનવગૌરવને નષ્ટ કરતી અને સામાજિક અસમાનતા સર્જતી આ પરંપરા ચાલી આવે છે. સમાજમાં જ્ઞાતિપ્રથાની જડ મજબૂત થાય અને તેનું અસ્તિત્વ લાંબાગાળા સુધી ટકી રહે એ માટે કાળક્રમે આ પ્રથામાં જે કેટલાક અનિષ્ટો દાખલ થયાં તેમાંનુ મહત્વનું અનિષ્ટ એ હતુ કે સમાજનાં ઉપલા સ્તરે સ્થાપિત થયેલા વર્ણ અથવા વ્યવસાય જૂથે પોતાની નીચેના જૂથનુ અને તેમાં પણ ખાસ કરીને ઉપલા સ્તરનાં ત્રણે વર્ણોએ સૌથી નીચેનાં સ્તરનાં શુદ્રો પ્રત્યે તુચ્છતાભર્યું વર્તન શરુ કર્યું. તેમજ આ વર્ણોએ સમાજમાં એવી બાબત પ્રસ્થાપિત કરી કે શુદ્ર વર્ણ એ સમાજની તેમાં પણ ખાસ કરીને ઉપલા ત્રણ વર્ણોની સેવા કરવા માટે જ છે. તેમની સાથેનાં તુચ્છકારભર્યાં વર્તનનુ પાછળથી અસ્પૃશ્યતામાં રુપાંતર થયું. શુદ્ર વર્ણનાં લોકોમાં પણ વ્યવસ્થિત ધોરણે એવી ગ્રંથિ ઉભી કરવામાં આવી કે તેઓ નીચા છે. તેથી ઉપલા વર્ણોની સેવા કરવી. એ તેમની ફરજ છે. અને આ સેવા કરવાની ફરજ પાછળથી વેઠ પ્રથા અથવા શોષણમાં પરીણમી. આમ અસ્પૃશ્યતા અને શોષણનાં વિષચક્રનો ભોગ બનેલ શુદ્ર વર્ણ સમાજમાં કચડાયેલો વર્ગ બની ગયો. તેમનાં પ્રત્યેનાં વ્યવહારની સામે પ્રતિકાર કે વિરોધ કરવાની અસમર્થતાએ આ પરંપરા મજબૂત કરવાનુ બળ પુરુ પાડ્યું. અને છેવટે અસ્પૃશ્યતા અને શોષણ એક સામાજિક સંસ્થા બની અને સમાજનાં માળખામાં એકરુપ બની ગઈ.

દેશમાં આઝાદીની ચળવળનાં ઈતિહાસમાં જે વિરલ ઘટનાઓ બનવા પામી હતી. તેમાં દક્ષિણ આફ્રિકામાં.

~~[illegible]~~ ~~[illegible]~~ ગાંધીજીને કાળા હોવાના કારણે જે યાતનાઓમાંથી પસાર થવું પડયું તેનો તેમને ભારતમાં અસ્પૃશ્યો પ્રત્યે થતા વ્યવહારનું દર્શન કરાવ્યું તેથી ભારતમાં પાછા આવ્યા બાદ તેમણે પોતાના પ્રવચનોમાં અસ્પૃશ્ય લોકો સાથે સમાજના વ્યવહારનો વિરોધ કર્યો. તેમજ આ પ્રથાના સામે વિરોધ દર્શાવવા તેમજ લોકોને જાગૃત કરવા માટે દેશભરમાં પ્રવાસ કર્યો હતો. અને તેમણે અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું કલંક ગણાવ્યું હતું.

આ ગાળામાં અસ્પૃશ્ય જ્ઞાતિમાંથી જ બહાર આવેલા ડૉ. બી.આર.આંબેડકરે અસ્પૃશ્યતાની પ્રથાની સામે પ્રચંડ વિરોધ દર્શાવ્યો. તેમણે બ્રિટીસ સરકાર સમક્ષ ભારતમાંના અસ્પૃશ્યોની સ્થિતિનું સચોટ દર્શન સફળતા પૂર્વક કરી શકયા હતા. સ્વાતંત્ર્ય આંદોલનના સમયગાળામાં મળેલ બન્ને ગોળમેજી પરિષદમાં તેમને ભારતના અંત્યંજ સમાજના પ્રતિનિધી તરીકે આમંત્રવામાં આવ્યા હતા. અને આ બન્ને પરિષદમાં તેમણે અસ્પૃશ્યોની સ્થિતિને ધારદાર રીતે રજુ કરી હતી.

બ્રિટીશ સરકારે કોમી ચુકાદા હેઠળ અસ્પૃશ્ય વર્ગ માટે અલગ મતાધિકાર આપ્યો જેનો ગાંધીજી સહિત અન્ય નેતાઓએ પ્રચંડ વિરોધ કર્યો. તેમજ ગાંધીજીએ આ ચુકાદાના પ્રતિ પુનાની યરવડા જેલમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. આ પ્રશ્ને દેશમાં સંવેદનશીલ સ્થિતિ ઉભી થઈ હતી. ગાંધીજી અસ્પૃશ્યતા દુર કરવા બાબત મક્કમ હતા. પરંતુ તેઓનો અલગ મતાધિકાર સામે વિરોધ હતો. અંતે રાષ્ટ્રના નેતાઓએ મંત્રણાઓ કરી અને બન્ને પક્ષે બાંધછોડ કરી છેવટે ગાંધીજી ઉપરાંત અસ્પૃશ્ય વર્ગના પ્રતિનિધી તરીકે ડૉ.બી.આર.આંબેડકર અને હિન્દુ વર્ગના પ્રતિનિધી તરીકે પંડીત મદનમોહન માલવિયા સહિત અન્ય પ્રતિનિધીઓએ આ કરાર ઉપર સહી કરી હતી. આ કરાર 'પુના-કરાર'

તરીકે ઓળખાવે છે. આમ 'પુના કરાર ' થી સમાજમાંથી અસ્પૃશ્યતા દુર કરવાની પ્રતિજ્ઞા લેવાય છે.

આઝાદી બાદ બંધારણ સભામાં પણ ડૉ. બી.આર. આંબેડકરે પુના કરારની ભાવનાનું રાજ્ય બંધારણમાં પ્રતિપાદન થાય એ માટે અથાગ પ્રયત્નો કર્યો. ૧૯૫૦ માં રાજ્યબંધારણ અમલી બન્યું ત્યારથી બંધારણની કલમ ૧૭ થી દેશમાં અસ્પૃશ્યતાને નિર્યોજ્ય ગણાવી તેને દુર કરવામાં આવી છે. વધુમાં સદીઓ પુરાણી આ પ્રથા દુર કરવા માટે જરુરી કાયદા ઘડવાની સંસદને અપાયેલી સત્તાના સંદર્ભમાં સન ૧૯૫૫ નો અસ્પૃશ્યતા (સબંધી ગુનાઓ) અધિનિયમ અમલી બન્યો. અને પાછળથી અનુભવ અને જુદી જુદી સમિતિઓની ભલામણને ધ્યાનમાં લઈ આ અધિનિયમમાં ૧૯૭૬ માં સુધારો કરાતા આ અધિનિયમ નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ તરીકે ઓળખાવા લાગ્યો.

નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ માં અસ્પૃશ્યતા નિર્યોગ્ય ઠરાવવા જુદી જુદી કલમોમાં સુધારો કરવામાં આવ્યો છે. તેમજ નવી કલમોનો ઉમેરો પણ કરવામાં આવ્યો. આ અધિનિયમ હેઠળ સમાજમાંથી અસ્પૃશ્યતાને નિર્યોગ્ય બનાવવા માટે જરુરી પગલાં લેવાની સત્તા અને જવાબદારી રાજ્ય સરકારને સોંપવામાં આવી. છે. જુદી જુદી રાજ્ય સરકારોની જેમ ગુજરાત રાજ્યમાં ગુજરાત સરકારે પણ આ દિશામાં જરુરી કામગીરી બજાવી છે. જેની વિગતવાર ચર્ચા પ્રકરણ- ૨ માં કરવામાં આવી છે.

.૪.

(૨) અભ્યાસના હેતુઓ:

અગાઉ જોઇ ગયા મુજબ રાજ્ય બંધારણની કલમ ૧૭ થી અસ્પૃશ્યતાને નિર્મૂળ જાહેર કરવામાં આવી છે. તેમજ સમાજમાંથી જુદા જુદા ક્ષેત્રોમાં રહેલી અસ્પૃશ્યતાને કાયદામાર્ગે દૂર કરવા માટે અસ્પૃશ્યતા (સબંધી ગુનાઓ) અધિનિયમ ૧૯૫૫ અને ૧૯૭૬ માં સુધારીએલ નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ ના અમલીકરણ બાદ અને રાજ્ય સરકાર દવારા તેને અનુસાંગિક પગલાં લેવામાં આવ્યા છે. આ બધાને અંતે પણ સમાજમાંથી તેમાં પણ ખાસ કરીને ગ્રામ્ય સમાજમાં અસ્પૃશ્યતાની પરંપરા ચાલુ રહેલા પામી છે. અથવા તેમાં નહિવત સુધારો થયો છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં અસ્પૃશ્યતાની સ્થિતિ કેવી છે ? તે જાણવા માટે અગાઉ ડૉ. આઇ.પી.દેસાઇ દવારા ગુજરાતના ગ્રામડાઓમાં અસ્પૃશ્યતા સબંધી અભ્યાસ કરવામાં આવ્યો છે.

અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

(૧) ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં વસતિ ઉચ્ચ સુવર્ણ જ્ઞાતિઓ, મધ્યમ સવર્ણ જ્ઞાતિઓ તેમજ અન્ય સવર્ણ જ્ઞાતિઓ અને અનુસુચિત જાતિના લોકો વચ્ચે મકાન પ્રવેશ, દુકાનમાં ખરીદી, વાળંદ દરજી જેવા કારીગરોની સેવા, ખેતમજુરી કામમાં ગ્રામ પંચાયતમાં પીવાના પાણી, મંદિર પ્રવેશ, શાળા હોટલ જેવા જાહેર સ્થળો મધ્યાહ્નન ભોજનમાં તેમજ સમગ્ર જીવનવ્યવહારમાં અસ્પૃશ્યતાની સ્થિતિ કેવી છે તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો. ટૂંકમાં અભ્યાસ માટે પસંદ કરાયેલ ક્ષેત્રમાં અસ્પૃશ્યતાની પરિસ્થિતિ કેવી છે ? તે અંગે જાણકારી મેળવવી.

(૨) અસ્પૃશ્યતામાં ગતિશિલતા અને નવીન પ્રવાહો અંગે જાણકારી મેળવવી તથા તેની અન્યોન્ય પ્રતિકુળ અસર તપાસવી.

(૩) નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળ અસર પામેલી કુટુંબોની સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક માહિતી મેળવવી. તેમજ આ કુટુંબમાં અસ્પૃશ્યતા અંગેના બનાવ તેનાં કારણો, હુમલો થયો હોય ત્યારે પોલીસ અને સરકારે લીધેલા પગલાં મળેલ સહાય, ખૂનના કિસ્સામાં કુટુંબની વિગતો અનુસુચિત જાતિના લોકોની જમીન હડપ કરવી અસ્પૃશ્યતાના કેસની સ્થિતિ, કેસ કરવાની હિંમત, તેમજ અસ્પૃશ્યતા નિવારણ માટેના સૂચનો બાબતમાં ઉંડાણપૂર્વક માહિતી મેળવવી.

(૪) અસ્પૃશ્યતાની સમસ્યાના ઉકેલ માટે ગામના આગેવાનો જ્ઞાતિ પંચના આગેવાનો, વિચારકોના અભિપ્રાય મેળવવા અસ્પૃશ્યતા નિવારણ માટે ઘડાયેલા કાયદા નાગરીક હકક સંરક્ષણ અધિનિયમનું અમલીકરણ અને ~~તેમાં નડતી સંરક્ષણ અધિનિયમનું અમલીકરણ અને~~ તેમાં નડતી મુશ્કેલીઓ અંગેની માહિતી મેળવવી.

(૫) આ અભ્યાસ માટેના ક્ષેત્રકાર્ય સદર્ભમાં સાહિત્યના અભ્યાસના આધારે તારણો કાઢવા તેમજ ૧૯૫૫ ના નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ વધુ અસરકારરીતે અમલી બનાવી શકાય તે માટે ઉપયોગી બને એવા સુચનો જણાવવા.

(૩) અભ્યાસનું મહત્વ:

ગ્રામ્ય સમાજ સહિત સમગ્ર સમાજમાં અસ્પૃશ્યતા એક મહત્વની સામાજિક સમશ્યા છે. તેને દૂર કરવાનું અનિવાર્ય છે. જો આ સમશ્યા ઉકેલવામાં આવે તો જ સમાજમાંથી વધતી જતી આર્થિક સામાજિક અસમાનતા અટકાવી શકાય. તેમજ વિકાસ માટે જે યોજનાઓ અને કાર્યક્રમો તેમજ ગરીબી નિવારણ માટેના ખાસ કાર્યક્રમો તૈયાર કર્યા છે તેના અમલીકરણમાં ઘણીવાર અસ્પૃશ્યતાની સમશ્યા આડે આવે છે.

સમાજમાંથી અસ્પૃશ્યતા સહિત કોઇપણ સામાજિક સમસ્યાની સ્થિતિ બદલવી હોય તો સમયાંતરે તેની યથાસ્થિતી તપાસવી જોઇએ જેથી તેમાં પરિવર્તન આવે છે કે કેમ ? તે જાણી શકાય. અસ્પૃશ્યતા પણ આવી જ સામાજિક સમશ્યા હોવાથી સમયાંતરે તેની યથાસ્થિતિ તપાસવામાં આવે તો પરિવર્તનની ગતિ જાણી શકાય તેમજ કેટલીક ત્રુટીઓ પણ જાણી શકાય.

સરકાર જ્યારે અસ્પૃશ્યતાના કલંકને સમાજમાંથી સંદતર નાબુદ કરવા માંગે છે ત્યારે હાલમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં અસ્પૃશ્યતાની સ્થિતિ જાણવી ઉપયોગી બની રહેશે. એ દિશામાં આ અભ્યાસ અનેક રીતે મહત્વનો બની રહેશે. છેવટે અસ્પૃશ્યતા નિવારણ માટે નાગરીક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ ના અમલીકરણ અંગે પણ માહિતી મળી રહેશે. આ રીતે ખૂબ ટૂંકાગાળામાં અને મર્યાદિત વિસ્તાર અને ક્ષેત્રકાર્ય દવારા તૈયાર કરાયેલ અભ્યાસ મહત્વપૂર્ણ બની રહેશે.

૪: સંશોધન પ્રાયોજના:

(૧) અભ્યાસનું કાર્યક્ષેત્ર:

અસ્પૃશ્યતા સમગ્ર સમાજમાં વ્યાપક છે. આમ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ હાથ ધરાયો છે.

પરંતુ અભ્યાસમાં સમય અને શકિતની મર્યાદાને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ માટે નમૂનાના વિસ્તારની પસંદગી કરી છે. નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ ના ધનિષ્ટ અમલીકરણ માટે અને સમાજમાંથી અસ્પૃશ્યતાનું કલંક સદંતર નાબુદ કરવા માટે જે કેટલાક વહીવટી પગલાં ભરવામાં આવ્યા છે તેમાં રાજયના તમામ જિલ્લાઓને ત્રણ પોલીસ અને તકેદારી વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. ત્રણ તકેદારી વિભાગોમાં અનુક્રમે વડોદરા, રાજકોટ અને અમદાવાદનો સમાવેશ થાય છે. પ્રસ્તુત અભ્યાસમાટે નાગરીક સંરક્ષણ અધિનિયમ: ૧૯૫૫ હેઠળ ૧૯૮૪ ના વર્ષમાં ગુજરાતમાં સૌથી વધુ ગુન્હા જે તે વિભાગના જે જીલ્લામાં નોંધાયા હોય એવા ત્રણ જિલ્લા પસંદ કરવાનું ધોરણ સ્વીકાર્યુ હતું. આ બન્ને મુદ્દાઓની આવરી લઈ છેવટે અમદાવાદ વિભાગમાંથી મહેસાણા જિલ્લો, રાજકોટ વિભાગમાંથી રાજકોટ જિલ્લો અને વડોદરા વિભાગમાંથી ખેડા જિલ્લો એમ ત્રણ જિલ્લા પસંદ કરાયા હતા. જોકે ૧૯૮૪માં ના.હ.સં.અધિનિયમ ૧૯૫૫ હેઠળ અમદાવાદ વિભાગમાં અમદાવાદ જિલ્લામાં વધુ કિસ્સા નોંધાયા હતા. પરંતુ અમદાવાદ વિભાગમાં અમદાવાદ જિલ્લા XX કરતા મહેસાણા જિલ્લામાં ઓછા કિસ્સા નોંધાયા હોવા છતાં અસ્પૃશ્યતાની તિવ્રતા બાબતમાં મહેસાણા જિલ્લો આગળ હોઈ અમદાવાદ વિભાગમાં મહેસાણા જિલ્લો પસંદ કર્યો હતો.

(૨) નમૂનાની પસંદગી:

અભ્યાસની સમય અને શકિતની મર્યાદા ધ્યાનમાં રાખીને અગાઉ જણાવ્યા મુજબ ત્રણે તકેદારી વિભાગોમાંથી એક એક જિલ્લા મુજબ અનુક્રમે ખેડા, મહેસાણા અને રાજકોટ. પસંદગી કરાઈ હતી.

આ અભ્યાસ માટે જિલ્લાની પસંદગી બાદ કુટુંબો પસંદ કરવા માટે અમે એવી પધ્ધતિ અપનાવી હતી કે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળ ૧૯૮૪ ના વર્ષમાં જે કેસો નોંધાયા હોય તે તમામે તમામે કેસોના અસરગ્રસ્તોનાં કુટુંબોને નમૂનાના કુટુંબો તરીકે પસંદ કરવા.

આ મુજબ ખેડા જિલ્લાના ૩૭ કુટુંબો, મહેસાણા જિલ્લા ૩૨ કુટુંબો અને રાજકોટ જિલ્લાના ૨૭ કુટુંબોને અભ્યાસ માટે આવરી લેવાના થતા હતા. પરંતુ ક્ષેત્રકાર્ય દરમ્યાન નડેલી કેટલીક અડચણોને લઈ ત્રણે જિલ્લામાંથી અનુક્રમે ખેડા જિલ્લામાં ૨૮, રાજકોટ જિલ્લામાંથી ૨૦ અને મહેસાણા જિલ્લામાંથી ૧૨ કુટુંબોની મુલાકાત લઈ શકાય હતી. આમ આ અભ્યાસ ત્રણે જિલ્લાના ૬૦ કુટુંબો આધારિત છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન એક બાબત એ પણ બનવા પામી હતી કે વિશેષ કેસો ગ્રામ્ય વિસ્તાર માં બનવા પામ્યા હતા. અને એ પણ હકિકત છે કે અસ્પૃશ્યતા શહેરી વિસ્તારની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારમાં વધુ વ્યવસ્થિત હોઈ શહેરી વિસ્તારમાં બનેલા કિસ્સા પ્રતિ ધ્યાન ન આપી ગ્રામ્ય વિસ્તારમાં બનેલા કિસ્સા પર વધુ ધ્યાન રાજકોટ અને ખેડા જિલ્લાનાં ક્ષેત્રકાર્ય વખતે આપવામાં આવ્યું હતું.

(૩) માહિતી એકત્રીકરણ પ્રવૃત્તિઓ:

(૧) પસંદ કરાયેલા જિલ્લાના અને કુટુંબના વડાની મુલાકાત લઈ કુટુંબ પત્રકમાં જે માહિતી મેળવી હતી. આ માહિતીમાં કુટુંબની સામાજિક આર્થિક વ્યવસાયિક શૈક્ષણિક વગેરે માહિતી ઉપરાંત અસ્પૃશ્યતાનો બનાવ અને તેના કારણો, બનાવ બાદ પોલીસ અને અન્ય સરકારી ખાતાની કામગીરી મળેલ, સહાય, ખૂનનો બનાવ હોય તો ખૂનનો ભોગ બનેલ વ્યકિતની અનુસુચિત જાતિના ખાતેદારની જમીન હડપ કરવાના બનાવની અસ્પૃશ્યતાના કેસની સ્થિતિની કેસ કરવાના હિંમતની તેમજ અસ્પૃશ્યતા દૂર કરવા માટે અનુસુચિત જાતિના લોકો તેમજ સરકારે શું કરવું જોઈએ વગેરે જેવા પાસાઓ સંબંધી એક કુટુંબ પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું જેના દવારા માહિતી મેળવી હતી. અગાઉ જણાવ્યા મુજબ ત્રણે જિલ્લાના ૬૦ કુટુંબોની મુલાકાત લઈ કુટુંબ પત્રકો ભર્યા હતા.

(૨) પાયાની સુવિધાઓની બાબતમાં અનુસુચિત જાતિના ફળિયા પ્રતિ ન્યાયી વ્યવહાર ન થતો હોય એવું આ ક્ષેત્રકાર્ય તેમજ પહેલાંના ક્ષેત્રકાર્યના ગામોમાં પણ જોવા મળ્યું હતું. તેથી ગામમાં હયાત સગવડો તેમજ આ સગવડોનો લાભ અનુસુચિત જાતિના ફળિયાઓને મળે છે કે કેમ ? અને જો મળતો હોય તો તેની સ્થિતિ કેવી છે તે જાણવા માટે ગામ પત્રકમાં આ માહિતીની નોંધ કરી હતી. સામાન્ય રીતે જે કુટુંબનું

નું પત્રક ભરવાનું હોય તે જ ગામનું ગામ પત્રક ભરવાનું હતું. પરંતુ પોલીસ સ્ટેશન ધરાવતા ગામો / શહેરી વિસ્તારની સ્થિતિનો ખ્યાલ મેળવવા માટે મહેસાણા જિલ્લા મ પૂરતું આ પત્રક પોલીશ સ્ટેશન ધરાવતા ગામને ધ્યાનમાં રાખીને ભરવામાં આવ્યું હતું. જો કે આવું અભ્યાસ પ્રાયોજનામાં નક્કી થયું ન હતું. પરંતુ મહેસાણા જિલ્લાના ક્ષેત્રકાર્ય દરમ્યાન પોતાની રીતે જ આવો નિર્ણય કર્યો હતો.

(૩) શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારમાં અસ્પૃશ્યતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેથી અસ્પૃશ્યતાનો બનાવ બનેલ અને પસંદ કરાયેલ કુટુંબના ગામમાં અસ્પૃશ્યતાની યથાસ્થિતિ જાણવા માટે એક પત્રક તૈયાર કર્યુ હતું. તેમાં ઘર પ્રવેશ , દુકાનદાર, સાથેના સબંધો, ઉપરાંત વાળંદ દરજી જેવા ગ્રામ્ય કારીગરનું વર્તન , ખેતમજુરી કામમાં અનુસુચિત જાતિના ગ્રામ પંચાયતના સભ્યો સાં પંચાયતનો વ્યવહાર, પીવાનું પાણી, મેળવવામાં મંદિર પ્રવેશ બાબતમાં હોટલ જેવા મનોરંજનના સ્થળોએ પ્રાથમિક શાળામાં ચાલતાં મધ્યાહન ભોજનમાં અનુસુચિત જાતિના બાળકો, સાથેના વ્યવસાયમાં તેમજ ગ્રામ્ય જીવનનાં અન્ય મુખ્ય જીવનમાં જે અસ્પૃશ્યતા રાખવામાં આવે છે. તેનું ઉંડાણ અને વ્યાપ માપવા માટે આ પત્રક તૈયાર કર્યુ હતું. આ માહિતી તેમજ ગામમાં પાયા-સુવિધાઓ સબંધી માહિતી ત્રણે જિલ્લામાંથી એકત્રિક કરી હતી.

(૪) આ ઉપરાંત અસ્પૃશ્યતા સબંધી અન્ય માહિતી મેળવવા માટે અનુસુચિત જાતિના તેમજ ઉચ્ચ જાતિના અનેક સામાજિક કાર્યકરો, વિચારકો, સરકારી કર્મચારીઓ વગેરે સાથે વિચાર વિમર્સ કરી ઉંડાણથી માહિતી એકત્રિત કરવા મુલાકાત લીધી હતી.

(૫) આ અભ્યાસ માટે પસંદ કરાયેલા કુટુંબો એવા હતા કે જેમણે અસ્પૃશ્યતાનાં વ્યવહારોનો ભોગ બન્યાં હતા. એટલા માટે તેમણે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમમાં ૧૯૫૫ નાં કાયદાકીય માર્ગે અપનાવ્યો હતો. આ અધિનિયમનાં અમલીકરણની સ્થિતિ તેમજ તેના અમલીકરણમાં નડતી મુશ્કેલીઓ તેમાં રહેલી ખામીઓ તેમજ તેમાં સુધારાના અવકાશ અંગે પણ વિગતવાર માહિતી મેળવવી જરુરી હતી. જિલ્લામાં ૧૯૮૪ માં બનેલા બનાવોની વિગતવાર માહિતી મેળવવા માટે તેના આવેલા ચુકાદાઓની માહિત મેળવવા તેમજ અમલીકરણ સબંધી જાણવા માટે જિલ્લાના પોલીસવડા તથા પોલીસ સ્ટેશનોની રુબરુ મુલાકાત લીધી હતી. તેમજ ૧૯૮૪ના વર્ષમાં ના.ર.સં.અધિનિયમ ૧૯૫૫ હેઠળના કેસોની વિગતવાર માહિતી મેળવી હતી.ઉપરાંત જુદા જુદા સ્તરના પોલીસ અધિકારીઓ સાથે અધિનિયમના અમલીકરણના જુદા જુદા પાસાઓ સબંધી માહિતી મેળવી હતી. મહેસાણા જિલ્લા ગ્રામ્ય ના.હ.સં.ધારો ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસો અંગેની તેમજ પ્રવર્તમાન અસ્પૃશ્યતા અંગેની વિગતો ઉંડાણ પૂર્વક મેળવાઈ ન હતી. પરંતુ ઉપરની દર્શાવ્યા મુજબ નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ નાં અમલીકરણ અંગેની વિગતો જે તે પોલીસ સ્ટેશનથી વધુ ઊંડાણ

પૂર્વક મેળવવામાં આવી હતી.

(૪) અભ્યાસની મર્યાદાઓ:

(૧) અસ્પૃશ્યતા એ સમગ્ર સમાજમાં વ્યાપક છે. તેથી સમગ્ર રાજ્યમાં અસ્પૃશ્યતાની પ્રથા એક સરખી હોવા છતાં તેને ઉંડાણથી તપાસવામાં આવે તો જ અસ્પૃશ્યતાનો વ્યાપ અને ઉંડાણ વિશે યથાર્થ નિરાકરણ થઈ શકે. આ અભ્યાસ માત્ર ત્રણ જીલ્લાના ૫૯ ગામો અને ૬૦ કુટુંબોની મુલાકાત આધારીત હોવાથી અભ્યાસ ઘણો મર્યાદીત છે. તેથી માહિતીમાં તેમજ અસ્પૃશ્યતાનું ઉંડાણ શોધવામાં પણ મર્યાદા રહી હોય એ સ્વભાવિક જ છે. અસ્પૃશ્યતાને નીરિક્ષણથી જાણવા માટે ગામમાં કુટુંબમાં ઠીક ઠીક સમય ફાળવાય એ જરુરી છે.

(૨) ક્ષેત્રકાર્ય દરમિયાન એવા કેટલાક કેસો હતા જેમાં બનાવ ફરિયાદી અને આરોપી અલગ અલગ ગામના હતા. દા.ત. મહેસાણા જિલ્લામાં ચાણસ્મા પોલીસ સ્ટેશન હેઠળ ગાંભુ ગામની સીમમાં નોંધાયેલા બનાવના ફરિયાદી જેતુપુર ગામના હતા. જ્યારે આરોપી બીજા ગામના હતા. XXXXXXXXXX પરિણામે ફરિયાદી કુટુંબની મુલાકાત લેવાનું તેમજ ફરિયાદી કુટુંબે સબંધી બનાવ અંગે આપેલી માહિતીની આરોપી સાથે મુલાકાત લઈ માહિતીની ચકાસણી કરવામાં આવે એ અગાઉની માહિતીની યથાર્થતા ચકાસવા માટે જુXX જરુરી હતું. પરંતુ ક્ષેત્રકાર્યના સમયની મર્યાદાને ધ્યાનમાં રાખતાં આ પ્રમાણે કરવાનું શક્ય બની શક્યું નહોતું. અલબત કેટલાક કિસ્સામાં આરોપીની મુલાકાત

લીધી હતી. અને તેમની મુલાકાતના આધારે પણ એવું કહી શકાય કે તમામ કેસોના આરોપીની મુલાકાત લીધી હોત તો બનાવ અંગે ફરિયાદીએ આપેલી માહિતી યથાર્થતાની ચકાસણી કરવા ઉપરાંત અન્ય ઉપયોગી માહિતી પણ મળી શકી હોત. દા.ત. મહેસાણા જિલ્લાના હારિજ તાલુકાના અડીયા ગામના કેસો અંગે તપાસ કરવામાં આવી હતી. તેમાં ચ્હાની હોટલમાં હરિજનો માટે અલગ કપ રકાબી રાખવા અંગે જેમની સામે કેસ થયો હતો તેમની મુલાકાત લેવા તેમની હોટલ બહાર આ કપરકાબી રાખ્યાં હતાં. તેથી હરીજનો માટે અલગ કપ રકાબી રાખવાની પ્રથા ચાલુ જ હતી. એવા તારણ ઉપર આવ્યા હતા. પરંતુ વિગતે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આ કપરકાબી જો હરિજનો માટે નહિ પરંતુ વાઘરી જાતિના લોકો માટે રાખવામાં આવે છે કારણ કે તેઓ હોટલમાં બધા માટે રાખેલા કપરકાબીમાં ચા ન પીતાં પોતાં માટેના અલગ કપરકાબીમાં ચા પીતાં હતા. અને આ પ્રથાની સત્યતા તપાસવા માટે વાઘરી દંપીની મુલાકાત લીધી હતી. ત્યારે આ વાત જાણી શકાઈ હતી. આમ ઘણીવાર આ પ્રમાણેની હકીકત બહાર આવતી હોય છે.

(૩) ગુજરાતમાં છેલ્લા ત્રણ ચાર વર્ષોથી ચાલતા સતત દુષ્કાળને કારણે ઘણા કુટુંબો મજુરીની શોધમાં સ્થળાંતર કરી જાય છે. તેથી ફરીયાદીના ગામે જઈને પણ તેમની મુલાકાત લઈ શકાઈ નહોતી. શહેરી વિસ્તારમાં પણ નોકરી કરતા ફરીયાદીને બદલી થઈ જવાને કારણે મુલાકાત લઈ શકાઈ નહોતી.

(૪) સામાન્ય રીતે આ બનાવ બન્યાને લગભગ ચાર વર્ષનો સમય પસાર થઈ ગયો છે તેથી અને પરિસ્થિતિનો સામનો કરીને કેસ કરવા છતાં આરોપીને શિક્ષા થઈ નથી. કા તો તેમની સાથે સમાધાન કરવું પડયું હતું. અથવા કેસ ના સાબિત થયો હતો કે કોર્ટ દવારા કાઢી નાખવામાં આવ્યો હતો. આથી માહિતીદાતાઓમાં આવેલી નિરાશાને કારણે તેઓ વિસ્તારથી માહિતી આપવાનું ટાળતા હતા. તેમજ તેમનામાં આવેલી નિરાશાના કારણે સંશોધકો સાથે ચર્ચા કરવામાં કે માહિતી આપવામાં ખાસ રસ નહોતો આવું ઘણા કિસ્સામાં જોવા મળ્યું હતું.

(૫) માહિતીનું વર્ગીકરણ:

ક્ષેત્રકાર્ય દરમિયાન પસંદ કરાયેલા કુટુંબોના મુલાકાત લઈ ભરેલા કુટુંબ-પત્રકો ગામમાં પાયાની સુવિધાઓ અંગેનું ગામ પત્રક તેમજ અસ્પૃશ્યતાનો વ્યાપ અને ઊંડાણ ગાળવા માટે ન ભરેલા પત્રકોની માહિતીનું જરુર પ્રમાણે વર્ગીકરણ કરી અભ્યાસ માટે જરુરી કોઠાઓ તૈયાર કર્યા છે.

(૬) અહેવાલ લેખન:

પ્રસ્તુત અભ્યાસ માટેનું જાન્યુ.ફેબ્રુ.૮૮ માં કરવામાં આવ્યું હતું. ખેડાનું ક્ષેત્રકાર્ય શ્રી હસમુખભાઈ પરમારે કર્યુ હતું. મહેસાણા જિલ્લાનું ક્ષેત્રકાર્ય શ્રી સાયમનભાઈ મેકવાને કર્યુ હતું. જ્યારે રાજકોટ જિલ્લાનું ક્ષેત્રકાર્ય શ્રી દિલીપભાઈ પરમારે કર્યુ હતું.

સમગ્ર અભ્યાસના નિચોડ સાથે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. અહેવાલ જરુરીયાત મુજબ નીચે પ્રમાણેના પ્રકરણો દવારા તૈયાર કર્યો છે.

પ્રકરણ - ૧ સંશોધન પ્રવધિઓ

પ્રકરણ - ૨ અસ્પૃશ્યતાના કાનુન અને અમલ

પ્રકરણ - ૫ (અસ્પૃશ્યતા અધિનિયમ) નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કિસ્સાના અસરગ્રસ્ત કુટુંબો.

પ્રકણરઅ ૬ વિશિષ્ટ કિસ્સા નોંધ

પ્રકરણ - ૩ અસ્પૃશ્યતા અને શિક્ષણ આર્થિક સ્થિતિ, વસતિ અને વિસ્તાર તથા રાજકીયકરણને પરસ્પર અનુકુળ પ્રતિકુળ અસરો.

પ્રકરણ - ૪ આજની અસ્પૃશ્યતા

પ્રકરણ - ૭ અભ્યાસ લક્ષી તારણો અને સુચનાં

ઉપર દર્શાવેલ પ્રકરણો માંથી પ્રકરણ-૧ અને પ્રકરણ - ૨ શ્રી સાયમનભાઇ મેકવાને લખ્યાં હતાં. પ્રકરણ- અને પ્રકણર-૪ શ્રી હસમુખભાઇ પરમારે લખ્યું હતા. જયારે પ્રકરણ-૫ શ્રી દીલીપભાઇ પરમારે લખ્યું હતું. બાકીનું પ્રકરણ-૭ શ્રી હસમુખભાઇ અને શ્રી સાયમનભાઇએ સંયુકત લખ્યું હતું. જયારે પ્રકરણ- ૬ શ્રી હસમુખભાઇ શ્રી સાયમન ભાઇ અને શ્રી દીલીપભાઇ એ સંયુકત લખ્યું હતું.

આ અભ્યાસના પ્રથમ પ્રકરણમાં અભ્યાસ પ્રાયોજ- દર્શાવવામાં આવી છે. તેમાં અભ્યાસ વિષય અને તેના હેતુઓ અભ્યાસ વિધી અભ્યાસ પધ્ધતિ અને પ્રવિધિઓ નમુના પસંદગી અભ્યાસ આયોજન અને અહેવાલ લેખન અંગેની વિગતો આપવામાં આવી છે.

બીજા પ્રકરણમાં અસ્પૃશ્યતા તથા તેના નિવારણ માટેના કાયદાઓ તથા તેના અમલ અંગેની વિષદ ચર્ચા કરવામાં આવી છે. ખાસ કરીને અસ્પૃશ્યતા (ગુન્હા) ધારો ૧૯૫૫ નું નાગરિકહક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ (૧૯૭૬ ના સુધારો) તરીકે પુનઃ નિર્માણ થયું તેથી કેવા કેવા ફેરફાર થયા તેની ખુબ ઊંડાણ પૂર્વક વિગતો દર્શાવી કેસોના નિકાલ તેમાં આવતા અવરોધો વગેરેની કેન્દ્ર તથા રાજ્યની આંકડાકીય વિગતો પણ દર્શાવવામાં આવ્યું છે.

અસ્પૃશ્યતા અનેક પાસાઓ સાથે સંકળાયેલી છે. પરંતુ કેટલાક ખાસ પરીબળો જેવાકે શિક્ષણ આર્થિક સ્થિતિ વસ્તી અને વિસ્તાર તથા રાજકિય કરણની અસ્પૃશ્યતા સાથે અનુકુળ અને પ્રતિકુળ અસરો કેવી છે તેની ચર્ચા કરવામાં આવી છે. તેમાં ક્ષેત્રકાર્ય ના બંધબેસતા કેસોને ટાંકી પ્રકરણ-૩ માં વાતને રસમય બનાવવામાં આવી છે. તેટલું જ નહીં પરંતુ હકિકત મૂલક બનાવવામાં આવી છે.

પ્રકરણ-૪ માં તપાસમાં આવરી લેવાયેલા ગામડાઓમાંથી અસ્પૃશ્યતા હાલ કેવી પ્રવર્તે છે તે અંગેની વિગતો મેળવવામાં આવી હતી. તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જે ગુજરાતના ગામડાઓમાં હાલ પ્રવર્તતી અસ્પૃશ્યતાનું તાદૃશ ચિત્ર ખડુ કરે છે.

પ્રકરણ-૫ અભ્યાસમાં આવરી લેવાયેલ કેસોમાં ફરીયાદીના કુટુંબની સામાજિક આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ સાથે અસ્પૃશ્યતાનું શું સંધાણ છેતે દર્શાવવામાં આવ્યું છે.

કેટલીક મર્યાદાઓને લઈ ક્ષેત્રકાર્યની બધીજ વાતો અહેવાલ લેખનમાં સાંકળી શકયા હતા. તેવા કેટલાક અસ્પૃશ્યતા સંબધી કિસ્સાઓ પ્રકરણ-૬ માં દર્શાવ્યા છે.

જયારે પ્રકરણ ૭ માં સમગ્ર અભ્યાસ આધારીત તારણો દર્શાવી તે અંગેના યોગ્ય સૂચનો દર્શાવી જરુરી પરિશિષ્ટ એ મુકી અહેવાલ લેખન પૂર્ણ કરવામાં આવ્યું છે.

## પ્રકરણ - ૨.

### અસ્પૃશ્યતા : કાનુન અને અમલ.

#### ૧ : સામાજિક સંરચના અને સામાજિક સમશ્યાઓ :-

કોઈપણ સામાજિક સંરચનાનો અભ્યાસ કરતાં સામાજિક સમશ્યાઓનું ગૂંફન તેના પાયાના અને મહત્વનાં અંગ સમાન હોવાનું જાણવા મળે છે. આમ તો સમગ્ર માનવસમાજમાં કેટલીક સમશ્યાઓ એકરુપ કે એક સમાન હોય છે સાથે સાથે અવિકસત, વિકાશ પામતા અને વિકસીત પ્રકારનાં સમાજોને પોતાની કેટલીક આગવી અને વિશિષ્ટ પ્રકારની સમશ્યાઓ હોય છે. જેમ કે અવિકસીત પ્રકારના સમાજ તરીકે આફ્રિકાના સમાજમાં હબસી - કાળાઓનુ થતું શોષણ અને તેમાં પણ ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં ગોરી સરકાર ધ્વારા હબસીઓનુ અમાનુષી શોષણ, તેમને સ્વાતંત્ર્ય અને માનવ હકકો, અને રાજકીય હકકો આપવાથી વેગળા રાખવા, વિકાસ પામી રહેલા પ્રકારનાં સમાજનાં ઉદાહરણ સમા ભારતીય સમાજની સામાજિક સમશ્યાઓ તરફ દ્રષ્ટિપાત કરતાં જ સૌ પ્રથમ ગરીબાઈ-ની સમશ્યા નજરે ચડે છે. આ સમશ્યા અનેક સામાજિક સમશ્યાઓનું ઉદ્દગમ સ્થાન છે. આ ઉપરાંત વસતિ વધારો, અપોષણ, શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં શિક્ષિતો અને અશિક્ષિતોમાં ~~તેમજ~~ બેરોજગારી અને અર્ધબેરોજગારીને કારણે ઉભી થતી તંગદીલી. તેમજ ગરીબ અને તવંગર વર્ગ વચ્ચે વધતી અસમાનતા જેવી અનેક સામાજિક સમશ્યાઓ ઉમેરી યાદી લંબાવી શકાય તેમ છે. વિકશીત દેશ સમા અમેરીકા-નાં સમાજમાં આપઘાત, લગ્નવિચ્છેદ, કૌટુંબિક અસ્થિરતા, અવિવાહિત માતાઓ, અને લાંબા સંઘર્ષ બાદ તાજેતરનાં દશકા-ઓમાં જ હળવી બનેલી અમેરીકન ગોરા અને કાળા નીગ્રો વચ્ચેની રંગભેદની સમશ્યા, ગુન્હાખોરી, જેવી અનેક સમશ્યાઓ ગણાવી શકાય. આમ સામાજિક સમશ્યાઓ સમાજની સંરચનાનાપાયામાં રહેલી છે.

ભારતીય સમાજમાં સામાજિક સમશ્યાઓનુ વર્ગીકરણ સામાજિક - આર્થિક - વ્યવસાયિક - ધાર્મિક વગેરે જેવા વિભાગોમાં કરી શકાય. ઉચ્ચ સમાજમાં જે સામાજિક સંરચનાને કારણે ઉભી થયેલી જે જુદીજુદી સમશ્યાઓ છે તેમાં સમાજનાં ઉચ્ચ જ્ઞાતિનાં લોકો ધ્વારા અસ્પૃશ્ય જ્ઞાતિઓના લોકોના માનવગૌરવને લાંછનરુપ એવી

અસ્પૃશ્યતાની સમશ્યા એક પાયાની અને મહત્વની સામાજિક સમશ્યા છે.

સમાજમાં છૂતાઅછૂત અથવા અસ્પૃશ્યતાની શરૂઆત કયારથી થઈ હશે ? તેનો ચોકકસ સમયગાળો બતાવવાનું તો શકય જ નથી. પરંતુ પ્રચલિત માન્યતાઓ મુજબ વૈદિક કાળમાં સમાજમાં વ્યવસાય આધારિત વર્ણોનુ માળખું ગોઠવાયેલુ હતુ.એ રીતે સામાજિક સ્તરીકરણ થયેલુ હતુ. આ સ્તરીકરણ જોઈએ તો સૌથી ઉપલા સ્તરે બ્રાહ્મણ વર્ણ ત્યારબાદ ક્ષાત્રિય, વૈશ્ય અને સૌથી નીચેના સ્તરે ઉપલા ત્રણે વર્ણોની સેવા કરનાર શુદ્ર વર્ણ હતો.

## ૨ઃ અસ્પૃશ્યતાની સમશ્યા :-

મનોવિજ્ઞાનીઓ અને મનોવિશ્લેષકોના મત મુજબ સમાજમાં અમુક વ્યકિત કે વ્યકિતઓનુ જૂથ પોતાના પ્રભાવ અને શકિતનાં બળે પોતાના હિતો પ્રસ્થાપિત કરવા તેમજ ટકાવી રાખવા માટે બીજી અથવા સામેની વ્યકિત કે વ્યકિતઓના જુથને પોતાના કાબુ હેઠળ લાવી તેમના હિતો અને માનવ હકકોને અવગણી તેમનુ શોષણ કરવાનું મૂળભૂત વલણ જોવા મળે છે. આવુ જુથ શોષક વર્ગ બને છે. તેમજ નિર્બળ અથવા અપ્રભાવિત વર્ગ જે આ વલણ પ્રત્યે આક્રોશ ન કરતાં સભાન કે અસભાન રીતે સ્વીકારી લઈ પોષે છે ત્યારે શોષિત વર્ગ ઉભો થાય છે.

વર્ગ આધારિત સામાજિક માળખું અસ્તિત્વમાં આવ્યુ.જે શરૂઆતમાં તો આદર્શ સાબિત થયું. પરંતુ કાળક્રમે, ઉપલા ત્રણે વર્ણોએ પોતાનુ વર્ચસ્વ કાયમ કરવા માટે સ્તરીકરણના છેલ્લા સ્તરે રહેલા શુદ્ર વર્ણને અળગા રાખી તેમનાં પ્રત્યે અસ્પૃશ્યતાનો વ્યવહાર શરુ કર્યો. સમયના વહેણ સાથે અસ્પૃશ્યતા એક સામાજિક સંસ્થા બની ગઈ અને આમ શોષિત વર્ગ શોષણના વિષચક્રમાં ફસાઈ ગયો. એટલુ જ નહિ પણ તેને ધર્મની ઓથ મળતાં આ સંસ્થાના મૂળ વધુને વધુ મજબુત અને ઉંડા ગયા અને આમ અસ્પૃશ્યતાની સંસ્થા સામાજિક સંસ્થાના માળખામાં પ્રસ્થાપિત થઈ ગઈ.

સમાજમાં માનવગૌરવને નામશેષ કરતી આ સામાજિક સમસ્યા પ્રત્યે સમાજનુ ધ્યાન ક્યારે ખેંચાયુ હશે ? તેનો ચોક્કસ સમય નક્કી કરવાનું પણ મુશ્કેલ જ છે. પરંતુ ભક્તિમાર્ગે સમાજ સુધારણાનાં તૂટક તૂટક પ્રયત્નો કરાયા હતા. આ માર્ગે કાર્ય કરનારાઓમાં રામાનંદ, કબીર, રવીદાસ કે રઈદાસ, એકનાથ, તુકારામ, ચૈતન્ય, નાનક જેવા સંતો મહંતોએ પોતાની રીતે આ પ્રથા સામે પોતાનો વિરોધી સૂર વહેતો કર્યો હતો. જો કે આ ચળવળની સમાજ ઉપર ઉંડી અસર થયાની માહિતી નથી.

ભારતમાં બ્રિટીશ અમલ દરમિયાન ભદ્ર વર્ગની કેટલીક વ્યકિત-ઓને વિદેશમાં શિક્ષણ મેળવવા જવાની તક પ્રાપ્ત થઈ હતી. આ લોકો પશ્ચિમનાં સ્વાતંત્ર્ય અને માનવહકક, ગૌરવ જેવા મૂલ્યના ભારે પ્રભાવમાં આવ્યા. અને આ રીતે તેમનામાં ભારતીય સમાજમાં સુધારણા ચળવળ શરુ કરવાની પ્રેરણા આવી. આ રીતે ૧૯મી સદીનાં ઉત્તરાર્ધ-માં સામાજિક સુધારણાની જે ચળવળ ચાલી તેનાથી સમાજનાં પરંપરા-ગત માળખાને નોંધપાત્ર અથવા ધારી અસર થઈ નહોતી. તેમ છતાં સમાજમાં અસમાનતા, ખાસ કરીને અસ્પૃશ્ય વર્ગ પ્રત્યેની અસ્પૃશ્યતાના વ્યવહાર દ્વારા વ્યકત થતી સામાજિક અસ્પૃશ્યતા દૂર કરવા અવાજ ઉઠાવનારુ એક નાનુ પણ મજબુત જુથ અસ્તિત્વમાં આવ્યું.

બ્રિટીશ અમલ દરમિયાનના સમયગાળામાં શિક્ષણ મેળવવા પશ્ચિમમાં જવાની તક ભદ્ર વર્ણના કેટલાક યુવાનોને તો મળી હતી સાથે સાથે વડોદરા રાજ્યનાં મહારાજા સયાજીરાવ ગાયકવાડની દૂરંદેશી નીતિની પ્રતાપે જે યુવાનોને પશ્ચિમનું શિક્ષણ મેળવવાની તક પ્રાપ્ત થઈ તેમાં અસ્પૃશ્ય વર્ગનાં ડૉ.બી.આર.આંબેડકર જેઓ પ્રકાંડ બૌધ્ધિક, કાયદાવિદ અને વિચક્ષણ નેતા કે જેમને 'અસ્પૃશ્યોના મસીહા' તરીકેનું બિરુદ પણ આપવામાં આવ્યુ છે, તેમનો પણ સમાવેશ થતો હતો. તેમણે આઝાદી ચળવળના સમયગાળા-માં ભારતમાં અસ્પૃશ્ય વર્ગની અર્ધપશુ દશાનું સમાજ અને સરકારને સમક્ષ સચોટ દર્શન કરાવવા પોતાનો અવાજ ઉઠાવ્યો. તેમની સતત અને એકધારી રજુઆતને પરિણામે બ્રિટીશ સરકારે પણ અસ્પૃશ્ય લોકોની સમસ્યાઓ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. આને પરિણામે અસ્પૃશ્યતા સામે દેશમાં સૌ પ્રથમ સામાજિક પંગુતા દૂર કરવા માટે

૧૯૩૮માં ' મદ્રાસ એકટ ' અમલમાં આવ્યો. બંધારણ અમલમાં આવ્યા પહેલાં દેશના જુદા જુદા રાજ્યોમાં અસ્પૃશ્યતા સંબંધિ જે કાયદાઓ ઘડાયા હતા તે આ કાયદાના આધારે અથવા નમૂના મુજબ બનાવાયા હતા.

### ૩ : રાજ્ય બંધારણ દ્વારા અસ્પૃશ્યતાની નાબુદી :-

દેશમાં ૧૯૫૦માં રાજ્ય બંધારણ અમલમાં આવ્યા પહેલાં જ નહિં પરંતુ આઝાદી ચળવળ દરમિયાન અસ્પૃશ્યતાની સમસ્યા પ્રતિ ઓછામાં ઓછી નેતાગીરીમાં જાગૃતિ આવી હતી. ખાસ કરીને ગોળમેજી પરિષદોમાં કચડાયેલા વર્ગના પ્રતિનિધિ તરીકે ડૉ.બી.આર. આંબેડકરે કચડાયેલા અને અસ્પૃશ્ય વર્ગની સ્થિતિની જે સચોટ અને ધારદાર રજૂઆત કરી હતી તેને પરિણામે આઝાદી ચળવળના નેતાઓ પણ અસ્પૃશ્યતા સમસ્યાની તીવ્રતા અને નાબુદ કરવાની તાકીદની બાબત હોવાનુ સમજ્યા હતાં. બ્રિટીશ સરકારે પણ કેટલાક કાયદા ઘડયા હતા. તેમજ આ વર્ગને ન્યાય આપવાનું કારણ આગળ ધરી જે કોમી ચુકાદો આપ્યો અને તેને પરિણામે મહાત્મા ગાંધીએ પુનાની યરવડા જેલમાં આમરણાંત ઉપવાસ શરુ કર્યા. છેવટે રાષ્ટ્રિય નેતાઓની સમજાવટથી મહાત્મા ગાંધી ઉપરાંત અસ્પૃશ્ય વર્ગના પ્રતિનિધિ તરીકે ડૉ.બી.આર.આંબેડકર, ઉચ્ચ જ્ઞાતિઓના પ્રતિનિધિ તરીકે પંડિત મદન મોહન માલવીયા વચ્ચે ઐતિહાસીક ~~ત્રિબાજી~~ ત્રિપક્ષી કરાર થયા જે ' પુના કરાર ' તરીકે જાણીતા બન્યા. અસ્પૃશ્યતા-ની સમસ્યા દૂર કરવાના માર્ગમાં ' પુના કરાર ' એક સિમા ચિન્હ રુપ ઘટના છે.

આઝાદી પ્રાપ્તિ બાદ દેશમાં રાજ્ય બંધારણ તૈયાર કરવા માટેની સમિતિ નિમાઈ. આ સમિતિમાં ડૉ.બી.આર.આંબેડકરે મુસદા સમિતિના અધ્યક્ષ બની પોતાનું આગવુ પ્રદાન આપ્યુ હતું. તેમજ ' પુના કરાર 'ની ભાવનાને જીવંત રાખવા માટે અસ્પૃશ્યતા નિવારણ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો..

રાજ્ય બંધારણની કલમ : ૧૭ મુજબ અસ્પૃશ્યતાની પ્રથાને સદંતર દુર કરવામાં આવી છે. પરંતુ માત્ર અસ્પૃશ્યતા દુરકરવાની કલમ દાખલ કરવાથી જ સદીઓ જુની અને સમાજનામાળખામાં જડ ઘાલી ગયેલી આ સમસ્યા સહેલાઈથી અને ટૂંકા ગાળામાં નાબુદ

થાય એ શકય નહોતું. આ માટે બીજા માર્ગો અથવા કાયદા અમલી બનાવાનું જરુરી અને અનિવાર્ય હતું.

રાજય બંધારણની કલમ ૧૫ (૨) મુજબ જાહેર સ્થળોએ અને પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં માત્ર જ્ઞાતિના બાધને કારણે ભેદભાવ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

રાજય બંધારણની કલમ : ૨૫ હેઠળ સામાજિક કલ્યાણ અને સુધારણા માટે તેમજ જાહેર ધાર્મિક સંસ્થાઓ હિંદુ ધર્મના તમામ સંપ્રદાયો અને વર્ગો માટે ખુલ્લા કરવા માટે જરુરી કાયદા ઘડવા માટે સંસદને સત્તા આપવામાં આવી છે. વધુમાં આ કલમ દ્વારા સદીઓથી કરોડો અસ્પૃશ્યોના હકકો અવગણવામાં આવ્યા છે તેમાંથી મુકત કરી તેમને સામાજિક ન્યાય અને માનવગૌરવની બાંહેધરી આપવામાં આવી છે.

સન ૧૯૫૫નો અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) બાબતનો અધિનિયમ જે ' પુના કરાર 'ની ભાવનાને મૂર્તિમંત કરનાર અને રાજય બધારણની કલમ : ૧૫ (૨) અને કલમ : ૧૭નાં સંદર્ભમાં ઘડાયેલો તેના અમલીકરણ પહેલાં પણ એટલેકે આઝાદી પ્રાપ્તિ બાદ દેશના જુદા જુદા રાજયોમાં અસ્પૃશ્યતા નિવારણ સંબંધી જુદા જુદા ૨૧ જેટલા કાયદાઓ અમલમાં હતા. આ કાયદાઓની યાદી પરિશિષ્ટ :      માં આપવામાં આવી છે.

૪ : અસ્પૃશ્યતા ( ગુનાઓ સબંધી ) અધિનિયમ : ૧૯૫૫ :-

રાજય બંધારણની કલમ : ૩૫ હેઠળ અસ્પૃશ્યતામાંથી ઉભી થતી કોઈ-પણ નિર્યોગ્યતાના અમલ માટે, ' અસ્પૃશ્યતાના ' આચરણ માટે અને તેને લગતી બાબતો માટે શિક્ષા ઠરાવવાનો અધિનિયમ ઘડવા માટે સંસદને અપાયેલ સંપૂર્ણ અધિકારના સંદર્ભમાં આ કાયદો ઘડવામાં આવ્યો હતો. દેશમાંથી બંધારણીય માર્ગે અથવા કાયદાથી અસ્પૃશ્યતા-નું કલંક સમાજમાંથી નિર્મૂળ કરવાના નિર્ધારની દિશામાં આ એક મહત્વની સિમા-ચિન્હરુપ ઘટના ગણાવી શકાય. વધુમાં આ અધિનિયમ સમગ્ર દેશમાં એટલેકે તમામ રાજયોને લાગુ પડાયો હોવાથી અગાઉના અસ્પૃશ્યતા સંબંધી તમામ અધિનિયમો રદબાતલ કરાયા હતા.

આ અધિનિયમમાં, કલમ : ૩ મુજબ ધાર્મિક નિર્યોગ્યતાનો અમલ કરાવવા માટે શિક્ષા, કલમ : ૪ મુજબ સામાજિક નિર્યોગ્યતા-ઓનો અમલ કરાવવા માટેની શિક્ષા, કલમ : ૫ મુજબ ઈસ્પિતાલો વગેરેમાં શખ્શોને દાખલ કરવાની ના પાડવા માટે શિક્ષા, કલમ: ૬ મુજબ માલ વેચવાની અથવા સેવા આપવાની ના પાડવા માટે શિક્ષા, કલમ : ૭ મુજબ '' અસ્પૃશ્યતા ''માંથી ઉભા થતાં બીજા ગુનાઓ માટે શિક્ષા, કલમ : ૮ મુજબ કેટલાક કિસ્સાઓમાં લાયસન્સો રદ કરવા અથવા મોકૂફ રાખવા, કલમ : ૯ મુજબ સરકારે આપેલ અનુદાન પાછું ખેંચી લેવા અથવા અટાકાવવા બાબત, કલમ : ૧૦ મુજબ ગુનામાં મદદગારી, કલમ : ૧૧ મુજબ ફરીથી ગુનાની સાબિતીનો ઠરાવ થાય તો વધારેલી શિક્ષા કરવા બાબત, કલમ : ૧૨ મુજબ કેટલાક કિસ્સાઓમાં ન્યાયાલયે અનુમાન કરવા બાબત, કલમ : ૧૩ મુજબ દીવાની ન્યાયાલયોની હકૂમતની મર્યાદા બાબત, કલમ : ૧૪ મુજબ કંપનીએ કરેલા ગુનાઓ બાબત, કલમ : ૧૫ મુજબ અધિનિયમ અન્વયેના ગુના બિનજૈરટી અને માંડવાળ કરી શકાય એવા હોવા બાબત, કલમ : ૧૬ મુજબ આ અધિનિયમ બીજા કાયદાઓની ઉપરવટ જવા બાબત અને કલમ : ૧૭ મુજબ રદ કરવા બાબત વગેરેનો સમાવેશ થાય છે.

**૫ : સન ૧૯૫૫નો અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમમાં સુધારા :-**

દેશમાંથી અસ્પૃશ્યતાના અમલને નિર્યોગ્ય બનાવવા માટે અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમ ૧૯૫૫ના અમલીકરણથી સદીઓ જુની અસ્પૃશ્યતાની સમસ્યા ઉકેલીશકવાનું શક્ય નહોતું. આ ઉપરાંત અધિનિયમના અમલીકરણ બાદ જે પરિણામો આવવા લાગ્યા તે દ્વારા અધિનિયમમાં રહેલી ખામીઓ જણાવા લાગી. એ આ ખામીઓ દૂર કરવામાં આવે તો જ અધિનિયમનો સાર્થક અમલ થાય અને તેના યોગ્ય પરિણામો આવે.

અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિયિમ ૧૯૫૫માં રહેલી ખામીઓને કારણે તે બિનઅસરકારક પૂરવાર થયો હતો. તેમાં રહેલી ખામીઓ શોધીને તેને દૂર કરવાના હેતુથી શ્રી એલ. ઈલીયા પેરુમલની અધ્યક્ષતા હેઠળ અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમ : ૧૯૫૫-

નાં અમલીકરણની સમીક્ષા કરવા માટે એક સમિતિ નિમવામાં આવી હતી. આ સમિતિને અધિનિયમના અમલીકરણની સમીક્ષા ઉપરાંત જાહેર ધાર્મિક સ્થળોએ તેમજ જાહેર મનોરંજનના સ્થળોએ મુકત રીતે પ્રવેશવા માટે હરિજનો ઉપર લાદવામાં આવતા અંકુશો અને તે દૂર કરવા માટેના સૂચનો આપવા પણ જણાવાયું હતું.

સમિતિએ અધિનિયમના અમલીકરણની સંપૂર્ણ છણાવટ કરીને ૧૯૬૯માં અહેવાલ સુપ્રત કર્યો હતો. આ સમિતિના સભ્યોમાં અસ્પૃશ્યતાના કારણો અને તે દૂર કરવા માટેના વિકલ્પો અંગે સંપૂર્ણ એકમતી નહોતી.

૫ : સન ૧૯૫૫ના અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમ સુધારણા માટે નિમાયેલ શ્રી એલ. ઇલીયા પેરુમલ સમિતિની મુખ્ય ભલામણો :-

(૧) અધિનિયમ હેઠળ કામ ચલાવનારા અધિકારીઓમાં અધિનિયમની જોગવાઇઓ અંગે અજ્ઞાનતા પ્રવર્તતી જોવા મળી હતી. ૩૦ મુલાકાતદાતાઓમાંથી માત્ર ૨ મુલાકાતદાતાઓ જોગવાઇઓ અંગે પ્રકાશ પાડી શકયા હતા.

(૨) જિલ્લા સ્તરનાં કેટલાક અધિકારીઓ પાસે અધિનિયમની નકલ નહોતી.

(૩) સંસદની સંયુકત સમિતિએ રાજય અને જિલ્લા સ્તરની સમિતિઓને અધિનિયમના અમલીકરણની યોગ્ય મૂલવણી કરવાની વ્યવસ્થા કેટલીક રાજય સરકારોએ ઉભી કરી નહોતી. આમ તેના અમલ ઉપર ધ્યાન આપ્યું નહોતું જે સામાજિક નિર્યોગ્યતા દૂર કરવા માટે ઘણું મહત્વનું હતું.

(૪) કેટલાક કેસોની બાબતમાં હેતુપૂર્વકનો વિલંબ કરવામાં આવ્યો હતો જેથી અનુસુચિત જાતિના લોકોને મુશ્કેલીઓ પડે અને છેવટે કેસ જીતવા પાછળ પોતાની શકિત અને સાધાનોનો ઉપયોગ કરવાનું માંડી વાળે.

(૫) સન ૧૯૫૫ના અસ્પૃશ્યતા ( સંબંધી ગુનાઓ ) અધિનિયમ હેઠળ પોલીસ અને મેજીસ્ટ્રેટ તરફથી કોઈ રક્ષણ મળશે નહીં કારણકે તેઓ પોતાના વર્ગના લોકો પ્રત્યે સહાનુભૂતિ બતાવે એ કુદરતી જ છે.

અંતેમાં શ્રી એલ. ઈલીયા પેરુમલ સમિતિની ભલામણો, ૧૯૭૨-નું પરચુરણ જોગવાઈ બીલ, સન ૧૯૫૫નો અસ્પૃશ્યતા ( સંબંધી ગુનાઓ ) અધિનિયમ સુધારણા માટે ભારત સરકારે નીમેલી સંસદની સંયુકત સમિતિ,અન્ય પંચોની ભલામણો,અને છેવટે અનુસૂચિત જાતિ અનુસૂચિત જાતિના આયુકતની ભલામણોને ધ્યાનમાં લઈને સન ૧૯૫૫ના અસ્પૃશ્યતા ( સંબંધી ગુનાઓ ) અધિનિયમમાં ૧૯૭૬નાં વર્ષમાં સુધારો કરીને હવે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ ( ના.હ.સં.અધિનિયમ - ૧૯૫૫ ) તરીકે ઓળખવામાં આવે છે. અધિનિયમની મુખ્ય બાબત એ છે કે અસ્પૃશ્યતાના ઉપદેશ, અમલ અને પ્રચાર સંબંધી બાબતો માટે શિક્ષા કરવાનું સૂચવ્યું છે.

૬ : નાગરીક હકક સરક્ષાણ અધિનિયમ : ૧૯૫૫ મહત્વના લક્ષાણો :

૧. અધિનિયમની કલમ : ૩ મુજબ પહેલાના અસ્પૃશ્યો ( Exuntouchables ) સહિત હિંદુ ધર્મમાં માનનાર તમામ વ્યકિતઓને મંદિરમાં, ભકિત કરવાના સ્થળે અને તેની સાથે સંકળાયેલા અન્ય તમામ સ્થળોએ પ્રવેશવાનો અને ક્રિયાકાંડોમાં ભાગ લેવાનો, આ ધર્મમાં માનનારા અન્ય લોકો જેટલો જ અધિકાર પ્રાપ્ત થાય છે.

૨. નાગરિકોના સામાજિક - આર્થિક જીવનના તમામ પાસાઓમાં અસ્પૃશ્યતાના ધોરણે નિર્યોગ્યતા રાખવા સામે શિક્ષા ફરમાવવામાં આવી છે. તેમજ જાહેર હિત માટે સ્થપાયેલી શૈક્ષણિક અને આરોગ્ય-ની સંસ્થાઓમાં પ્રવેશવા અને સેવાઓ આપવા ઈન્કાર કરવા બદલ પણ શિક્ષાની જોગવાઈ છે.

૩. અનુસુચિત જાતિની વ્યકિત સાથે પ્રતિબંધિત વ્યવહાર કરવાના બનાવોમાં કોર્ટમાં વિરોધાભાસી સાબિત ન થાય તો કોર્ટ એવુ ધારીને ચાલશે કે આ વ્યવહાર અસ્પૃશ્યતાને કારણે કરવામાં આવ્યો હતો.

૩. અસ્પૃશ્યતાને કારણે માલ વેચવાનો કે સેવા આપવાનો ઈન્કાર

કરવા બદલ ૬ માસ સુધીની સજા અથવા / તેમજ રૂ.૫૦૦/- સુધીના દંડની જોગવાઈ ઉપરાંત વ્યવસાય ધંધો કરવા માટે અપાયેલ પરવાનો, મંજૂરી વગેરે અટકાવી દેવી અથવા રદબાતલ કરવી.

૪. અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં દખલગીરી કરવી, ગંદકી દૂર કરવી, સફાઈ કરવી, મૃત પશુને ખેંચવા જેવી મજૂરી કરવા વ્યક્તિને ફરજ પાડવા તેમજ નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળના ગુના બદલ કેદ અને દંડ જેવી સજાની જોગવાઈ છે.

૫. ના.હ.સં.ધારાનો ભંગ કરનાર વ્યક્તિ તેમજ ચોક્કસ વિસ્તારના સમુદાયને સજા કરવાની જોગવાઈ છે. અને આ માટે રાજ્ય સરકારને સામુહિક દંડ વસુલ કરવાની સત્તા આપવામાં આવી છે વધુમાં સરકારના આંશિક કે સંપૂર્ણ અનુદાન, નાણાંકીય સહાય કે ટેકાથી ચાલતી શૈક્ષણિક સંસ્થા, છાત્રાલય વગેરેના વ્યવસ્થાપક / ટ્રસ્ટી આ અધિનિયમનો ભંગ કરે તો જે તે સરકાર તેમને મળવાપાત્ર ગ્રાંટનો અમુક ભાગ કે સંપૂર્ણ ગ્રાંટ અટકાવવાનું પગલું ભરવાની પણ સત્તા આપવામાં આવી છે.

૭ : નાગરિક હકક સંરક્ષણ ધારો : ૧૯૫૫ના અસરકારક અમલીકરણ માટેની જોગવાઈઓ :-

૧. કલમ : ૧૫ મુજબ અસ્પૃશ્યતાના તમામ કેસોને ગંભીર પ્રકારના ગુનાઓ ગણવા તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની પધ્ધતિ મુજબ સમરી કેસ ચલાવવા. તેમજ આ અધિનિયમનો વારંવાર ભંગ કરનાર ગુનેગારોને વધુ સજા કરવાની જોગવાઈ છે.

૨. કાયદાના અસરકારક અમલીકરણ માટે અને અનુસુચિત જાતિના અસરગ્રસ્તો તેમના હકકો ભોગવી શકે તે માટે રાજ્ય સરકારને જરૂરી અને આનુષાંગિક પગલાં લેવા માટે સત્તા આપવામાં આવી છે.

૩. રાજ્ય સરકારને કાનુની સહાય, કેસોની અસરકારક રજુઆત ઉપર દેખરેખ રાખવા ખાસ અધિકારીની નિમણૂક/ સૂચવવા માટે સમિતિ નીમવી, તેમજ અધિનિયમના અમલીકરણના મૂલ્યાંકન માટે અવારનવાર સર્વેક્ષણ કરવા જેવી આનુષાંગિક સગવડો ઉભી કરવા પણ રાજ્ય સરકારને સત્તા આપવામાં આવી છે.

## ૮ : સન ૧૯૫૫ના અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ )

................................

અધિનિયમમાં અગાઉ જણાવ્યા મુજબ શ્રી ઈલીયા પેરુમલ સમિતિ સહ અન્ય પંચો અને આયુકત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની ભલામણો અને સૂચનોના આધારે આ અધિનિયમમાં ૧૯૭૬માં અધિનિયમ ક્રમાંક ૧૦૬થી સુધારો કરવામાં આવ્યો. તેથી આ અધિનિયમ હવેથી નાગરિક હકકોનું સંરક્ષણ કરવા બાબત અધિનિયમ ૧૯૫૫ અથવા ૧૯૫૫ નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ તરીકે ઓળખાય છે.

આ અધિનિયમમાં સુધારા વધારા થયા તેને કારણે કેટલા અને કેવા સુધારા થયા અથવા રદ કરવામાં આવ્યા તેની વિગતો જાણવી જરુરી છે. તેનાથી એ તરફ પણ દ્રષ્ટિપાત કરી શકાશે કે '' અસ્પૃશ્યતા ''ના કલંકને નિર્મૂળ કરી દેવા માટે સરકારની ઓછામાં ઓછી અધિનિયમ અને નિયમો ઘડવાની અને તેનો અમલ કરવાની નિષ્ઠા કેટલી છે ? તે જોઈ શકાય એટલું જ નહિં પણ અમલીકરણ કરનાર અધિકારીઓને પણ આનાથી સરળતા થાય છે કે કેમ ?

અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમ ૧૯૫૫નું નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫

( ૧૯૭૬ના સુધારો ) તરીકે નવીનીકરણ કરાતાં થયેલા મુખ્ય સુધારા વધારા ઉપર દ્રષ્ટિપાત.

| ક્રમ. | અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમ – ૧૯૫૫ના અધિનિયમના મુદ્દા. | નાગરિક હકકોનું સંરક્ષણ કરવા બાબત અધિનિયમ – ૧૯૫૫ ( સન ૧૯૭૬ના અધિનિયમના સુધારા ) નાં મુદ્દા. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અધિનિયમના મથાળામાં અસ્પૃશ્યતામાંથી ઉભી થતી કોઈપણ નિર્યોગ્યતાનો અમલ કરાવવા માટે '' અસ્પૃશ્યતાના આચરણ '' શબ્દોને બદલે, | કલમ : ૧થી '' અસ્પૃશ્યતાનાં ઉપદેશ – પ્રચાર અથવા આચરણ માટે '' શબ્દો મૂકવામાં આવ્યા છે. |
| ૨. | કલમ : ૧ આ અધિનિયમ અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમના બદલે.... | કલમ : ૩થી નાગરિક હકકોનું સંરક્ષણ કરવા બાબત અધિનિયમ ૧૯૫૫ ( સન ૧૯૭૬ના અધિનિયમ ૧૦૬ના સુધારા સાથે) |
| ૩ | કલમ : ૨ વ્યાખ્યા : આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો... | કલમ : ૪ (૧)માં પેટાખંડ (અ)નો ઉમેરો કર્યો. પેટાખંડ : (અ) નાગરિક હકકો એટલે બંધારણની કલમ : ૧૭ મુજબ અસ્પૃશ્યતાની નાબૂદીને કારણે કોઈ વ્યકિતને મળતો કોઈપણ હકક. |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૪ | કલમ : ૨ વ્યાખ્યા (અ)નાં બદલે. | કલમ : ૪ (૧)માં પેટાખંડ (અઅ)નો ઉમેરો કર્યો.<br>પેટાખંડ : અઅ : ' હોટલ'માં ઉપહાર ગૃહ, ભોજનગૃહ, નિવાસ-ગૃહ, કોફી હાઉસ અને કાફેનો સમાવેશ થાય છે. |
| ૫ | કલમ : ૨ વ્યાખ્યા : (બ)નાં બદલે. | કલમ : ૪ (૨)થી પેટાખંડ બ દાખલ કર્યો.<br>પેટાખંડ : બ ' સ્થળ ' એ શબ્દોમાં ઘર, મકાન, અને બીજા બાંધકામ ...... અને જગાનો સમાવેશ થાય છે અને તેમાં ટેન્ટ, વાહન અને વહાણનો સમાવેશ થાય છે. |
| ૬ | કલમ : ૨ (ડ) મુજબ ' જાહેર પ્રાર્થના સ્થાન ' એટલે ધાર્મિક પ્રાર્થના સ્થાન તરીકે વપરાતુ હોય તેવું અથવા કોઈપણ ધર્મ પાળનારી અથવા કોઈપણ ધાર્મિક સંપ્રદાયની કે તેની કોઈ શાખાની વ્યક્તિઓને ધાર્મિક ઉપાસના માટે અથવા તેમાં પ્રાર્થના કરવા માટે સામાન્ય રીતે વપરાતુ હોય તેવું ગમે તે નામે ઓળખાતુ સ્થાન.... | કલમ : ૪ (૩)થી નીચે મુજબનો ઉમેરો કર્યો.<br>અને તેમાં એવા કોઈપણ સ્થાનને લગતાં અથવા તેની સાથે જોડાયેલ તમામ જમીનો અને ગૌણ દેવસ્થાનોનો સમાવેશ થાય છે. |
| ૭ | કલમ : ૨ ડ-ડમાં. | કલમ ૪ (૪)થી ખંડો (ડ અ) અને (ડ બ) દાખલ કર્યા છે.<br>ખંડ (ડઅ) '' ઠરાવેલું '' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોમાંથી ઠરાવેલું. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | ખંડ : (૭બ) '' અનુસૂચિત જાતિ ''નો બંધારણની કલમ ૩૬૬ના ખંડ (૨૪)માં તેનો જે અર્થ આપ્યા છે તે જ અર્થ થાય છે. |
| ૮ | કલમ : ૨ (ઈ) મુજબ '' દુકાન '' એટલે જે જગામાં માલ છૂટક અથવા જથ્થાબંધ અથવા છૂટક અને જથ્થાબંધ એ બંને રીતે વેચવામાં આવતો હોયતે જગ્યા... '' અને જેમાં ધોબીની દુકાન, વાળંદની દુકાનએ જે સ્થળે ગ્રાહકોને સેવા આપવામાં આવતી હોય તેવા બીજા કોઈપણ સ્થળનો સમાવેશ થાય છે '' શબ્દોનાં બદલે..... (૧) | કલમ : ૪ (૫) મુજબ (૧) જ્યાં ફેરીયા અથવા વેન્ડર દ્વારા અથવા મોબાઈલ વાન અથવા ગાડામાંથી માલ વેચવામાં આવતો હોય તેવા બીજા કોઈ સ્થળનો સમાવેશ થાય છે. (૨) ધોબીની દુકાન અને વાળંદની દુકાનો અને (૩)ગ્રાહકોને સેવા આપવામાં આવતી હોય તેવા બીજા કોઈ સ્થળનો સમાવેશ થાય છે. |
| ૯ | કલમ : ૩ (અ) જે મુજબ.. જે ધર્મસ્થાન સદરહુ બીજી કોઈ વ્યકિતનો જ પાળનારી... પછી આગળના શબ્દો | કલમ ૫ (૧) થી '' અથવા તેનાં જ ધાર્મિક સંપ્રદાયની '' શબ્દો રદ કર્યા છે. |
| ૧૦ | કલમ : ૩ (૧૦) '' પ્રવાહમાં નાહવાની અથવા તેનાં પાણીનો ઉપયોગ કરવાની '' એ શબ્દોને બદલે... | કલમ ૫ (૨)થી નદી અથવા સરોવરમાં નહાવાની અથવા તેના પાણીનો ઉપયોગ કરવાની અથવા તેના તળાવ, પ્રવાહ, નદી અથવા સરોવરના ઘાટે નાહવાની..... શબ્દો મૂકવામાં આવ્યા છે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૧ | કલમ : ૩ (૧૧) '' તે વ્યકિત છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રુપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે '' એ શબ્દોને બદલે | કલમ : ૫ (૩) મુજબ : તે વ્યકિતને ઓછામાં ઓછા એક મહિના—ની અને વધુમાં વધુ ૬ મહિનાની કેદની અને ઓછામાં ઓછા ૧૦૦ રુપિયા અને વધુમાં વધુ પાંચસો રુપિયા સુધીના દંડની પણ શિક્ષા—ને પાત્ર થશે. '' |
| ૧૨ | કલમ : ૪ (૨) '' જાહેર જનતાના અથવા જયાં જયાં સદરહુ બીજી વ્યકિતનો જ ધર્મ પાળનારી અથવા એ જ ધાર્મિક સંપ્રદાયની અથવા '' તેની કોઈ શાખાની '' શબ્દોને બદલે. | કલમ : ૬ (૧) મુજબ : '' તેની કોઈશાખાના '' એ શબ્દો મૂકવા. |
| ૧૩ | કલમ : ૪ (૨) ક્રમાંક: ૧૨ થી આગળ ચાલુ.... ઉપયોગ માટે કોઈ જાહેર રેસ્ટોરાં, હોટલ, ધર્મશાળા, સરાઈ અથવા મુસાફરખાનામાં રાખેલા વાસણો અને બીજી વસ્તુઓનો ...'' ઉપયોગ કરવા સંબંધી અથવા | કલમ : ૬ (૧) મુજબ આગળ ચાલુ '' એવી વ્યકિત તરીકે '' શબ્દો કમી કરવા. |
| ૧૪ | કલમ : ૪ (૩) કોઈ વ્યવસાય અથવા કોઈ કામકાજ વેપાર કે ધંધો.. એ શબ્દો પછી. | કલમ ૬ (૨) ખંડ (૩)માં '' વેપાર કે ધંધો '' અથવા '' કોઈપણ પ્રકારની નોકરી '' શબ્દો ઉમેર્યા. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૫ | કલમ : ૪ (૧૦) કોઈ સામાજિક અથવા ધાર્મિક રુઢિ પ્રથા અથવા વિધિ પાળવા અથવા "... ઉજવ.." સંબંધી, અથવા | કલમ : ૬ ૨ માં " કોઈપણ ધાર્મિક, સામાજિક અથવા સાંસ્કૃતિક સરઘસમાં ભાગ લેવા અથવા તે લઈ જવા " શબ્દો " "માં મુકવા. |
| ૧૬ | કલમ : ૪ (૧) ઘરેણાં અને સારાં કપડાંનો ઉપયોગ કરવા સબંધી કોઈ નિર્યોગ્યતાનો અમલ કરાવે, " તે વ્યકિત "......." ૭ મહિનાની કેદની અથવા પાંચસો રુપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે " એ શબ્દોને બદલે.... | કલમ ૬ (૪) અને કલમ : ૭ (૨) મુજબ " તે વ્યકિત, ઓછામાંઓછા એક મહિનાની અને વધુમાં વધુ ૭ મહિનાની કેદની અને ઓછામાંઓછા ૧૦૦ રુપિયા અને વધુમાં વધુ ૫૦૦ રુપિયા સુધીના દંડની પણ શિક્ષાને પાત્ર થશે " શબ્દો સમજવા. |
| ૧૭ | કલમ : ૪ (૧૧)ના અંતમાં | કલમ : ૬ (૫) થી સ્પષ્ટીકરણ : આ કલમના હેતુઓ માટે કોઈપણ નિર્યોગ્યતાના અમલમાં " અસ્પૃશ્યતા "ના કારણે કોઈ ભેદભાવ કરવાનો સમાવેશ થાય છે. |
| ૧૮ | કલમ : ૫ ખંડ (અ) મુજબ જે કોઈ વ્યકિત, " અસ્પૃશ્યતા " ને કારણે (અ) કોઈ હોસ્પિટલ | કલમ : ૭ (૧) થી માત્ર " તેની સાથે જોડાયેલું " શબ્દો કમી કરવામાં આવ્યા છે. |

| 1 | 2 | 3 |
|---|---|---|
| | દવાખાનુ દવાખાનું, શૈક્ષણિક સંસ્થા અથવા '' તેની સાથે જોડાયેલું '' કોઈ છાત્રાલય સામાન્ય જનતા અથવા તેના કોઈ વિભાગના ફાયદા માટે સ્થાપવામાં આવ્યું હોય, અથવા છાત્રાલયમાં કોઈ વ્યકિતને દાખલ કરવાની ના પાડે અથવા. | |
| ૧૯ | કલમ : ૬ મુજબ જે કોઈ વ્યકિત અસ્પૃશ્યતાને કારણે ધધાના સામાન્ય ક્રમમાં જે સમયે અને સ્થળે અને જે શરતોએ બીજી વ્યકિતઓને માલ વેચાતો હોય અથવા સેવા અપાતી હોય તે સમયે અને તેજ સ્થળ અને શરતોએ કોઈ વ્યકિતને માલ વેચવાની અથવા સેવા આપવાની ના પાડે.... સાથે | કલમ : ૮ - ૯ - (ક)થી તે વ્યકિત ઓછામાં ઓછા એક મહિનાની અને વધુમાં વધુ ૬ મહિનાની કેદની અને ઓછામાં ઓછા સો રુપિયા અને વધુમાં વધુ પાંચસો રુપિયા સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે. |
| ૨૦ | કલમ : ૭ (ક) મુજબ : મૌખિક કે લેખિત શબ્દો-થી અથવા ચેષ્ટાથી અથવા દેખી શકાય એવી | કલમ : ૯ (૧) (અ) થી કલમ ૭ (૧) (ક)ને અંતે '' અથવા '' ઉમેર્યું છે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | આકૃતિઓથી અથવા બીજી રીતે કોઈ વ્યકિતને અથવા કોઈ વર્ગની વ્યકિતઓને અથવા સામાન્ય રીતે લોકોને ગમે તે પ્રકારે '' અસ્પૃશ્યતા ''નુ આચરણ કરવા માટે ઉશ્કેરે અથવા પ્રોત્સાહન આપે. | |
| ૨૧ | કલમ : ૭ (૧)માં (ક) બાદ | કલમ : ૯ (૧) (બ) થી (ડ) દાખલ કર્યા છે.<br>(૩) (ડ) '' અસ્પૃશ્યતા ''નાં કારણો, અનુસૂચિત જાતિના કોઈ સભ્યનુ અપમાન કરે અથવા અપમાન કરાવવાનો પ્રયત્ન કરે ''નો ઉમેરો.<br>(૧) (બ) એવા કોઈ હકકનો અમલ કરવામાં કોઈ વ્યકિતને પજવે, ઈજા કરે, ત્રાસ આપે, અડચણ કરે, અથવા આચરણ કરાવે અથવા અડચણ કરાવવાની કોશિશ કરે અથવા કોઈ વ્યકિતએ એવા કોઈ હકકનો અમલ કર્યાને કારણે તેને પજવે, ઈજા કરે, ત્રાસ આપે અથવા તેનો બહિષ્કાર કરે અથવા |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| | | (૨) (ક) મૌખિક કે લેખિત શબ્દોથી અથવા ચેષ્ટાથી અથવા દેખી શકાય એવી આકૃતિઓથી અથવા બીજી રીતે કોઈ વ્યકિતને અથવા કોઈ વર્ગની વ્યકિતઓને અથવા સામાન્ય રીતે લોકોને ગમે તે પ્રકારે "અસ્પૃશ્યતા"નું આચરણ કરવા માટે ઉશ્કેરે અથવા પ્રોત્સાહન આપે. |
| ૨૨ | કલમ : ૭ (૧) ક થી સ્પષ્ટીકરણ | કલમ : ૯ (૧) ક થી સ્પષ્ટીકરણને સ્પષ્ટીકરણ – ૧ તરીકે ફરીથી નંબર<br>સ્પષ્ટીકરણ – ૧ :<br>(અ) બીજી કોઈ વ્યકિતને કોઈ મકાન અથવા જમીન ભાડે આપવાની ના પાડે અથવા તેને કોઈ મકાન અથવા જમીન વાપરવાની અથવા ભોગવટો કરવાની પરવાનગી આપવાની ના પાડે અથવા તેની સાથે વ્યવહાર રાખવાની તેના માટે મહેનતાણું લઈને કામ કરવાની, અથવા તેની સાથે ધંધો કરવાની અથવા તેને કોઈ રૂઢિગત સેવા આપવાની અથવા તેની પાસેથી તેની સેવા લેવાની ના પાડે અથવા ધંધાના સામાન્ય ક્રમમાં જે શરતે સદરહુ બાબતો સામાન્ય રીતે કરવામાં આવેલી હોય તે શરતે એવી કોઈ શરત કરવાની ના પાડે અથવા |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| | | (બ) બીજી કોઈ વ્યક્તિ સાથે સામાન્ય રીતે પોતે રાખવા જોઈએ તેવા સામાજિક, વ્યવસાયિક અથવા ધંધાકીય સંબંધોથી અળગી રહે, તે વ્યક્તિને એવી વ્યક્તિનો બહિષ્કાર કરે છે એમ ગણાશે. |
| | ૨૨-અ. કલમ ૭ (૧)માં ખંડ (ક)ના હેતુઓ માટે | કલમ : ૯ (૧) (ક) થી સ્પષ્ટીકરણ – ૨ દાખલ કરેલ છે.<br>સ્પષ્ટીકરણ : ૨ (૧) જો તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે '' અસ્પૃશ્યતા ''નો ઉપદેશ આપે અથવા કોઈપણ સ્વરુપે તેનુ આચરણ કરે તો, અથવા<br>(૨) જો તે ઐતિહાસિક તત્વજ્ઞાન અથવા ધાર્મિક કારણોએ અથવા જ્ઞાતિની પ્રથાની રુઢિગતોને કારણે અથવા બીજા કોઈ કારણે '' અસ્પૃશ્યતા ''ને કોઈપણ સ્વરુપે સમર્થન આપે તો,<br>તે વ્યક્તિ '' અસ્પૃશ્યતા ''નું આચરણ કરવા ઉશ્કેરે છે અથવા પ્રોત્સાહન આપે છે એમ ગણાશે. |
| | ૨૩. કલમ : ૭ (૧) (અ) મુજબ જે કોઈ વ્યક્તિ | કલમ : ૯ (૨) મુજબ :- જે કોઈ વ્યક્તિ, બંધારણની કલમ ૧૭ હેઠળ '' અસ્પૃશ્યતા ''ને કારણે પોતાને પ્રાપ્ત થયેલી પોતાના કોઈ હકક વાપરવા |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | માટે નુકશાન અથવા બદલા તરીકે તે વ્યકિત વિરુધ્ધ અથવા કોઈ વ્યકિતની મિલ્કત વિરુધ્ધ ગુનો કરે, તે વ્યકિત જ્યારે બે વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર હોય ત્યારે ઓછામાં ઓછા બે વર્ષની કેદની અને દંડની શિક્ષાને પણ પાત્ર થશે. |
| ૨૪. | કલમ : ૭ સ્પષ્ટીકરણ – ૨ (૨–૨) મુજબ '' એવી વ્યકિતને જ્ઞાતિ બહાર મૂકવામાં ભાગ લે, તે વ્યકિત ૬ મહિના સુધીની કેદની અથવા રુ.૫૦૦/ સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે. '' એ શબ્દોના બદલે | કલમ : ૯ (૩) થી '' તે વ્યકિત ઓછામાં ઓછા એક મહિનાની અને વધુમાં વધુ ૬ મહિનાની કેદની અને ઓછામાં ઓછા ૧૦૦/– રુપિયા અને વધુમાં વધુ ૫૦૦/– રુપિયા સુધી દંડની શિક્ષાને પાત્ર થશે. '' |
| ૨૫. | કલમ – ૭ – અ | કલમ : ૧૦ થી નવી કલમ : ૭ – અ દાખલ કરી છે.<br>કલમ : ૧૦ – અ અસ્પૃશ્યતાનુ આચરણ હોવાનું ગણાતું હોય ત્યારે ગેરકાયદેસર ફરજીયાત મજૂરી ( વેઠ ) |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | (૧) જે કોઈ વ્યકિતકોઈ વ્યકિતને '' અસ્પૃશ્યતા ''ના કારણે, ઝાડુ વાળવાની અથવા વળાવવાની અથવા કોઈ મૃત પ્રાણીને ખસેડવાની અથવા કોઈ પ્રાણીની ચામડી ઉતારવાની અથવા નસો (Umbilical Cord ) કાઢવાની અથવા તેવા જ પ્રકારનું બીજું કોઈ કામ કરવાની ફરજ પાડે તે વ્યકિત અસ્પૃશ્યતામાંથી ઉભી થતી નિર્યોગ્યતાનો અમલ કરાવે છે એમ ગણાશે.<br><br>(૨) જે કોઈ પેટા કલમ (૧) હેઠળ '' અસ્પૃશ્યતા ''માંથી ઉભી થતી નિર્યોગ્યતાનો અમલ કરાવતો હોવાનું ગણાય તે વ્યકિત ઓછામાં ઓછા ત્રણ મહિનાની અને વધુમાં વધુ છ મહિનાની કેદની અને ઓછામાં ઓછા રૂ. ૧૦૦/- અને વધુમાં વધુ રૂ.૫૦૦/- સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે.<br><br>સ્પષ્ટીકરણ :- આ કલમના હેતુઓ માટે '' ફરજ પાડવી ''માં સામાજિક અથવા આર્થિક બહિષ્કારની ધમકીનો સમાવેશ થાય છે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨૬ | કલમ : ૯ સરકારે આપેલી ગ્રાન્ટ પાછી ખેંચી લેવી અથવા મોકુફ કરવા બાબત. સરકાર પાસેથી જમીનની અથવા નાણાંની ગ્રાંટ મેળવતા કોઈ જાહેર ધર્મસ્થાનનો ..... શબ્દો બાદ | કલમ : ૧૧ થી વધુ " અથવા શૈક્ષણિક સંસ્થાનો અથવા છાત્રાલયનો મેનેજર અથવા ટ્રસ્ટી આ અધિનિયમ હેઠળ કોઈ ગુના માટે દોષિત ઠર્યો હોય અને એવા ગુના - સાબિતીનો હુકમ, અપીલ અથવા રીવીઝનમાં ફેરવવા કે રદ કરવામાં આવ્યો ન હોય ત્યારે સરકાર પોતાને લાગે કે કેસના સંજોગો જોતા એમ કરવું મુનાસીબ છે તો તે એવી ગ્રાંટ પૂરેપૂરી અથવા અંશત : મોકુફ કરવાનો અથવા પાછી ખેંચી લેવાનો આદેશ કરી શકશે. |
| ૨૭. | કલમ : ૧૦ માં સ્પષ્ટીકરણ દાખલ કર્યું. | કલમ : ૧૨ ગુનાનું દુષ્પ્રેરણ : સ્પષ્ટીકરણ. <br>સ્પષ્ટીકરણ : આ અધિનિયમ હેઠળ શિક્ષા પાત્ર કોઈ ગુનાની જે કોઈ સરકારી નોકર જાણીબુઝીને તપાસ ન કરે તે સરકારી નોકર આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનામાં સહાય કરે છે એમ ગણાશે. |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૨૮. | નવી કલમ : ૧૦ - અ દાખલ કરી છે. | કલમ - ૧૩<br>કલમ : ૧૦ - અ સામુહિક દંડ નાખવાની રાજ્ય સરકારની સત્તા<br>(૧) ઠરાવવામાં આવે તેવી રીતે તપાસ કર્યા પછી, જો રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે કોઈ વિસ્તારના રહેવાસીઓ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનામાં સંડોવાયા છે અથવા તે કરવામાં સહાય કરે છે અથવા તેવો ગુનો કરવામાં સંબંધિત વ્યક્તિઓને સંતાડે છે અથવા ગુનેગાર અથવા ગુનેગારોને શોધી કાઢવા અથવા પકડવાની તેમની સત્તામાં તમામ પ્રકારની મદદ કરવાની ના પાડે છે અથવા એવો ગુનો કરવાનો મહત્વનો પુરાવો દાબી દે છે તો રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, એવા રહેવાસીઓ ઉપર સામૂહિક દંડ નાખી શકશે અને જે રહેવાસીઓ સામૂહિક રીતે દંડ ભરવા માટે જવાબદાર હોય તેમની વચ્ચે એવા દંડ વહેંચી શકશે અને એવા સંબંધિત રહેવાસીઓ અંગેના રાજ્ય સરકારના નિર્ણય અનુસાર એવી વહેંચણી કરવામાં આવશે અને એવી વહેંચણી કરતી વખતે, રાજ્ય સરકાર, કોણે ભરવાના થતા એવા દંડનો ભાગ હિન્દુ અવિભકત કુટુંબમાં વહેંચી આપી શકશે. |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |

પરંતુ રહેવાસીઓમાં વહેંચી આપેલો દંડ, પેટા કલમ - ૩ હેઠળ તેણે કોઈ અરજી ફાઈલ કરી હોય તો તેનો નિકાલ કરવામાં ન આવે ત્યાં સુધી વસૂલ કરી શકશે નહીં.

(૨) પેટા કલમ (૧) હેઠળ કરેલ જાહેરનામું તે વિસ્તારમાં દાંડી પીટાવીને અથવા સંજોગોમાં સામુહિક દંડ નાખવાની ફરજ પડી હોય તે સંજોગોની સદરહુ વિસ્તારના રહેવાસીઓની જાણ માટે રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બીજી રીતે ઉદ્ઘોષિત કરવુ જોઈશે.

(૩) (અ) પેટા કલમ (૧) હેઠળ સામુહિક દંડ નાંખવાથી અથવા વહેંચણીના હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યકિતએ, ઠરાવેલી મુદતની અંદર, એવા દંડ-માંથી મુકિત આપવા માટે અથવા વહેંચણીનાં હુકમમાં ફેરફાર કરાવવા માટે રાજ્ય સરકાર અથવા આ અર્થે તે સરકાર નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી સમક્ષ અરજી કરવી જોઈશે.

પરંતુ એવી અરજી દાખલ કરવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| | | (બ) રાજ્ય સરકાર અથવા તેણે નિર્દિષ્ટ કરેલ સત્તાધિકારીએ અરજદારને સુનાવણીની વ્યાજબી તક આપ્યા પછી પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો જોઈશે. |
| | | પરંતુ આ કલમ હેઠળ મુકિત આપેલ અથવા ઘટાડેલ દંડની રકમ કોઈપણ વ્યકિત પાસેથી વસૂલ કરી શકાશે નહિ અને પેટા કલમ (૧) હેઠળ કોઈ વિસ્તારનાં રહેવાસી ઉપર નાખેલ કુલ દંડ, તેટલા પ્રમાણમાં ઘટાડવામાં આવ્યો છે એમ ગણાશે. |
| | | (૪) પેટા કલમ (૩)માં ગમે તે મજકૂર હોય તે છતાં રાજ્ય સરકાર આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાનો ભોગ બનેલી વ્યકિતઓને અથવા તેના અભિપ્રાય મુજબ પેટા કલમ-(૧)માં નિર્દિષ્ટ કરેલી વ્યકિતઓના વર્ગમાં આવતી ન હોય તેવી કોઈપણ વ્યકિતને પેટા કલમ(૧) હેઠળ નાખેલ સામુહિક દંડ અથવા તેના કોઈ ભાગ ભરવાની જવાબદારીઓમાંથી મુકિત આપી શકશે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | (૫) ( હિન્દુ અવિભકત કુટુંબ સહિતના ) કોઈપણ વ્યકિતએ આપવાના સામુહિક દંડનો ભાગ જાણે કે એવો ભાગ મેજિસ્ટ્રેટે નાખેલ દંડ હોય તેમ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩માં કોર્ટે નાખેલ દંડ વસુલ કરવા માટે જોગવાઈ કરેલી રીતે , વસુલ કરી શકાશે. |
| ૨૯. | કલમ : ૧૧ ફરીવાર ગુના સાબિતી માટે વધુ શિક્ષા કરવા બાબત. જો કોઈ વ્યકિત આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે અથવા એવા ગુનાના દુષ્પ્રેરણ માટે અગાઉ દોષિત ઠરી હોય અને એવા ગુના માટે અથવા તેના દુષ્પ્રેરણ માટે ફરી દોષિત ઠરે તે વ્યકિત..... | કલમ : ૧૪<br>(અ) બીજી વખતના ગુના માટે દોષિત ઠર્યે ઓછામાં ઓછા ૬ મહિના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને ઓછામાં ઓછા રૂ.૨૦૦/- અને વધુમાં વધુ રૂ.૫૦૦/- સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે. |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| | '' એવી ફરીવારની દરેક ગુના સાબિત થયે કેદ અને દંડ એ બંને શિક્ષાને પાત્ર થશે '' એ શબ્દોને બદલે | (બ) ત્રીજી વખતના ગુનાઓ માટે અથવા ત્રીજી વખતના ગુના પછીના કોઈપણ ગુના માટે દોષિત ઠર્યે, ઓછામાં ઓછી એક વર્ષ અને વધુમાં ૨ વર્ષ સુધીની કેદની અને ઓછામાં ઓછા રૂ.૫૦૦/- અને વધુમાં વધુ રૂ. ૧૦૦૦/- સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે.'' |
| ૩૦. | <u>કલમ : ૧૨ અમુક પ્રસંગ કોર્ટે માની લેવા બાબત.</u><br>આ અધિનિયમ હેઠળ ગુનો બનતો હોય એવું કૃત્ય ૩૦ બાદ.<br><br>નવી કલમ - ૧૪ અ | કલમ : ૧૫થી<br>'' સુવિધાન કલમ ૩૬૬ના ખંડ (૨૪)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની '' શબ્દો રદ કરવામાં આવ્યા છે.<br><br><u>કલમ : ૧૭ : પોલીસ અધિકારના અને સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેવા ગુનાઓ.</u><br><br>(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સ. ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર દરેક ગુનો પોલીસ અધિકારનો ગુનો ગણાશે અને ત્રણ મહિના કરતાં ઓછી મુદત માટેની કેદની શિક્ષા ગણાશે અને ત્રણ મહિના કરતાં ઓછી મુદત માટેની કેદની શિક્ષા કરવામાં આવી હોય તે સિવાય, પ્રથમ વર્ગના જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ અથવા |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | મેટ્રોપોલીટન વિસ્તારમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, સદરહુ અધિનિયમ-માં નિર્દિષ્ટ કરેલી કાર્યરીતિ અનુસાર એવા દરેક ગુનાની સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકશે. |
| | | (૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં કોઈ સરકારી કર્મચારી પોતાની સરકારી ફરજ બજાવતી વખતે અથવા બજાવાનું ધાર્યું હોય તે દરમિયાન આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાના દુષ્પ્રેરણનો ગુનો કર્યો હોવાનુ કહેવાતુ હોય ત્યારે, કોઈપણ કોર્ટથી. |
| | | (અ) સંઘના કામકાજ સબંધી નોકરીએ રાખેલી વ્યકિતની બાબતમાં કેન્દ્ર સરકારની અને |
| | | (બ) રાજયના કામકાજ સબંધી નોકરીએ રાખેલી વ્યકિતની બાબત રાજય સરકારની |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | અગાઉથી મંજૂરી લીધા સિવાય એવા દુષ્પ્રેરણના ગુનાની વિચારણા થઈ શકશે નહી. |
| | | કલમ : ૧૫ – અ : '' અસ્પૃશ્યતા ''ની નાબૂદીમાંથી પ્રાપ્ત થયેલા હકકોના સંબંધિત વ્યકિતએ લાભ લીધો છે તેવી ખાતરી કરવાની રાજ્ય સરકારની ફરજ બાબત. |
| | | (૧) કેન્દ્ર સરકાર, આ અર્થે કરે તેવા નિયમોને આધિન રહીને, રાજ્ય સરકાર '' અસ્પૃશ્યતા '' નાબૂદીમાંથી ઉત્પન્ન થતા હકો ''અસ્પૃશ્યતા'' માંથી ઉભી થતી નિર્યોગ્યતાને પાત્ર થયેલી વ્યકિતઓને મળ્યા છે અને તેણે તેનો લાભ લીધો છે તેની ખાતરી કરવા માટે જરુરી લાગે તેવા પગલાં લઈ શકશે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | (૨) ખાસ કરીને અને પેટા કલમ (૧)ની જોગવાઇઓની વ્યાખ્યાને બાધ આવ્યા સિવાય એવા પગલામાં; |
| | | ૧) '' અસ્પૃશ્યતા ''માંથી ઉભી થતી કોઇ નિર્યોગ્યતાને પાત્ર થયેલીવ્યક્તિઓને એવા હકકોનો પોતાની મેળે લાભ લઇ શકે તે માટે કાનૂની સહાય સહિતની સગવડો પૂરી પાડવાની જોગવાઇઓ. |
| | | ૨) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરવા માટેની ફરિયાદો દાખલ કરવા અથવા તેની દેખરેખ રાખવા માટે અધિકારીઓની નિમણૂંકનો. |
| | | ૩) આ અધિનિયમ હેઠળના ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે ખાસ કોર્ટો સ્થાપવાનો, |
| | | ૪) એવા પગલા સૂચિત કરતી વખતે અથવા તેનો અમલ કરતી વખતે રાજ્ય સરકારને મદદ કરવા માટે રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવા યોગ્ય સ્તરોએ સમિતિઓ સ્થાપવાનો. |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |

૫) આ અધિનિયમની જોગવાઈઓનો વધુ સારી રીતે અમલ કરવા માટે પગલાં સુચવવાની દ્રષ્ટિએ, આ અધિનિયમની જોગવાઈઓના કામકાજની નિયમિત સરવે કરવા માટેની જોગવાઈને,

૬) વ્યકિતઓ '' અસ્પૃશ્યતા ''માંથી ઉભી થતી કોઈ નિર્યોગ્યતા હેઠળ હોય ત્યારે વિસ્તાર મુકરર કરવાનો અને એવા વિસ્તારમાંથી એવી નિર્યોગ્યતા દૂર કરવાની ખાતરી થાય તેવાં પગલાં ભરવાનો સમાવેશ કરી શકાશે.

(૩) કેન્દ્ર સરકાર, પેટા કલમ (૧) હેઠળ રાજ્ય સરકારને તેવા પગલાં સામે અનુરૂપ હોય તેવા જરુરી પગલાં લેવા જોઈએ.

(૪) કેન્દ્ર સરકારે આ કલમની જોગવાઈઓ અનુસાર પોતે અને રાજ્ય સરકારોએ લીધેલા પગલા અંગેનો રિપોર્ટ દર વર્ષે સંસદના બંને ગૃહ સમક્ષ મૂકવો જોઈએ.

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૩૩ | નવી કલમ ૧૬–અ અને ૧૬–બ દાખલ કરી છે. | કલમ : ૧૬: આ ગુનેગાર પ્રોબેશન અધિનિયમ ૧૯૫૮, ૧૪ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓને લાગુ ન પાડવા બાબત.<br>આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુના માટે દોષિત ઠરી હોવાનું જણાય તેવી ૧૪ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓને ગુનેગાર પ્રોબેશન અધિનિયમ ૧૯૫૮ની જોગવાઈઓ લાગુ પડશે નહિં.<br>કલમ : ૧૬ : નિયમો કરવાની સત્તા :<br>૧) કેન્દ્ર સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડીને, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.<br>૨) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે કરેલ દરેક નિયમ તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ સંસદનુ સત્ર ચાલુ હોય તે દરમિયાન સંસદના દરેક ગૃહ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|

સમક્ષ એક જ સત્રમાં અથવા લાગલગાટ બે કે વધુ સત્રોમાં મળીને કુલ ૩૦ દિવસની મુદત સુધી મુકવો જોઈએ અને ઉપર જણાવેલ સત્ર અથવા લાગલગાટ સત્રોની તરત પછી આવતુ સત્ર પુરું થાય તે પહેલાં તે નિયમમાં કોઈ ફેરફાર કરવા બંને ગૃહો સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે નિયમ કરવો જોઈએ નહિં તો તે નિયમ ત્યાર પછી પ્રસંગ પ્રમાણે એવા ફેરફાર કરેલા સ્વરુપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિં, જેથી કરીને એવા કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઈપણ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિં.

અસ્પૃશ્યતા ( સંબંધી ગુનાઓ ) અધિનિયમ – ૧૯૫૫ના અમલીકરણ બાદ સમય જતાં પ્રતિતિ થવા લાગી છે કે આ અધિનિયમમાં કેટલીક કડીઓ ખૂટે છે જેને કારણે ઘણીવાર અસ્પૃશ્યતા કે અસ્પૃશ્યતાના કાર્યને મૂલવવાનું મુશ્કેલ હોય છે. ઉપરાંત સમય જતાં એવો પણ અનુભવ થવા લાગ્યો કે આ અધિનિયમમાં મહત્વની જોગવાઈઓ રાખવાનુ જરુરી છે. તેમ જ અસ્પૃશ્યતાના કલંકને નાબુદ કરવા માટે સરકાર તેમાં પણ ખાસ કરીને રાજ્ય સરકારને વધુ સત્તા આપવામાં આવે તો કડક પગલાં લઈ શકે. એ માટે આ અધિનિયમમાં ૧૯૭૬માં સુધારો કરવામાં આવ્યો.

આ સુધારાથી સૌ પ્રથમ તો અધિનિયમને નવું નામ નાગરિક હકકોનું સુંરક્ષણ કવા બાબત અધિનિયમ – ૧૯૫૫ અથવા નાગરિક હકક સુંરક્ષણ ધારો : ૧૯૫૫ આપવામાં આવ્યુ. વધુમાં મનોરંજન સ્થળની વ્યાખ્યા, દુકાન – વ્યાપારની વ્યાખ્યામાં સ્પષ્ટીકરણ દ્વારા વિસ્તૃત બનાવવામાં આવી. તેમજ અગાઉના અધિનિયમમાં ભંગ કરનારને થતી સજાની કલમને વધુ સ્પષ્ટ બનાવી જેમાં ઓછામાં ઓછી ૧ માસ અને વધુમાં વધુ ૬ માસની કેદ અને ઓછામાં ઓછા રુ. ૧૦૦ અને વધુમાં વધુ રુ.૫૦૦/–નાં દંડની જોગવાઈ કરવામાં આવી. અગાઉની અધિનિયમની કલમમાં કેદ અથવા દંડ અથવા બન્ને તેના બદલે સુધારેલા અધિનિયમમાં કેદ અને દંડ એમ બંનેની સજા ફરજિયાત બનાવી. અસ્પૃશ્યતા પાળનાર જ નહિ પણ અસ્પૃશ્યતાનો ઉપદેશ આપનાર અથવા પાળવા ઉશ્કેરણી કરનારને પણ ગુનાપાત્ર ઠરાવાયા, અસ્પૃશ્યતાના આડ હેઠળ કરાવાતી વેઠપ્રથા અથવા વેઠ કરાવનાર પણ આ અધિનિયમ હેઠળ ગુનેગાર ઠરે છે. '' અસ્પૃશ્યતા '' આચરનાર શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયોને મળવાપાત્ર સરકારી મદદ મોકૂફ રાખવાની કે તેમાં ઘટાડો કરવાની કે સંપૂર્ણ બંધ કરવા સુધીની રાજ્ય સરકારને સત્તા આપવામાં

આવી. કોઈ ખાસ વિસ્તારમાં, જરુરી પગલાંને અંતે પણ અસ્પૃશ્યતાના ગંભીર બનાવો અથવા બનાવોની પરંપરા જણાય ત્યારે આ પ્રથા તોડવા માટે રાજ્ય સરકારને સામુહિક દંડ નાખવા જેવા કડક પગલાં લેવાની સત્તા આપવામાં આવી છે. પોલીસ અધિકારી સહિત અન્ય સરકારી કર્મચારી જે અધિનિયમના ભંગની ફરીયાદના આધારે જરુરી પગલાં લેવામાં વિલંબ કરે અથવા પગલાં ન લેતો તેમને પણ આ પ્રથામાં સાથ આપનાર ગણી જવાની જોગવાઈ કરી છે. રાજ્ય સરકારને અન્ય સબંધિત નિયમો ઘડવાની સલાહ આપવામાં આવી છે અને છેવટે સૌથી મહત્વની જોગવાઈ તો એ છે કે ગુન્હેગાર ઠરેલ વ્યકિત ૧૮ વર્ષથી નીચેની હોય તો તેના અને સમાજના વિશાળ હિતમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮ મુજબ પ્રોબેશન ઉપર એટલેકે નિયુકત થયેલ અધિકારીની દેખરેખ હેઠળ રાખવામાં આવે છે પરંતુ આ અધિનિયમનો ભંગ કરનાર ગુનાપાત્ર ઠરે તો તેને પ્રોબેશન એકટ ૧૯૫૮નો લાભ આપવામાં આવતો નથી. એટલેગુનેગાર ઠરેલ વ્યકિતએ સજા ભોગવવાનુ ફરજિયાત છે. આ અધિનિયમના અમલીકરણમાં કેન્દ્ર સરકારને જરુર લાગે તેવા નિયમો સરકારી ગેઝેટમાં જાહેર કરીને અમલી બનાવી શકે છે અલબત્ત વિગતમાં જણાવ્યા મુજબના સમયમાં સંસદમાં રજુ કરવી જોઈએ.

અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) અધિનિયમ : ૧૯૫૫ અને ૧૯૭૬ સુધારા સાથેના અધિનિયમના અંતે પણ '' અસ્પૃશ્યતા '' કોને કહેવી ? અથવા અસ્પૃશ્યતાની વ્યાખ્યા સ્પષ્ટ અને વિસ્તૃત કરવામાં આવી નથી એ મોટી કરુણતા છે. આમ અસ્પૃશ્યતાના કલંકને ઓછામાં ઓછું કાયદાકીય માર્ગે દૂર કરવી હશે તો ઓછામાં ઓછું '' અસ્પૃશ્યતા ''-ની વ્યાખ્યા સ્પષ્ટ અને વિસ્તૃત રીતે રજુ કરવી જોઈએ. જેથી અમલીકરણ અધિકારીગણને અને કોર્ટને કેસ ચલાવવામાં સરળતા રહે. જો આ બાબત સ્પષ્ટ થાય તો આ અધિનિયમ

હેઠળના કેસો જે મોટી સંખ્યામાં નાસાબિત થાય છે તેની સંખ્યામાં ઓછામાં ઓછું ઘટાડો તો કરી શકાશે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પંચે પોતાના ૧૯૮૪માં રજૂ કરેલા છઠા અહેવાલમાં આ બાબતે નોંધ લીધી છે કે,

" કમનશીબે બંધારણમાં કે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫માં " અસ્પૃશ્યતા "ની વ્યાખ્યા કરવામાં આવી નથી. પરિણામે કેસો નોંધાય છે પરંતુ તેમાંના ઘણા મુખ્યત્વે (૧) " અસ્પૃશ્યતા " શબ્દનો સ્પષ્ટ અર્થ શું કરવો ? અને (૨) ખાસ કેસોમાં "અસ્પૃશ્યતા" નાબુદીમાંથી ઉભા થતા અધિકારનું ઉલ્લંઘન થાય છે કે કેમ? એમ શંકાને કારણે કેસો નિષ્ફળતામાં પરિણમે છે. "

આમ, અનુસુચિત જાતિ અનુસૂચિત જનજાતિ પંચે પણ આ બાબતની ગંભીરતાથી નોંધ લીધી છે અને આ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસો નિષ્ફળતામાં પરિણમવાના કારણો તરફ અંગુલીદર્શન કર્યું છે.

૯ : નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ના ઘનિષ્ટ અમલીકરણ માટે રાજ્ય સરકારોએ લીધેલાં પગલાં ઉપર દ્રષ્ટિપાત :-

અસ્પૃશ્યતા નિવારણ કાર્યક્રમ તેમજ ખાસ કરીને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫માં ૧૯૭૬ના સુધારાથી કાયદાકીય માર્ગે અસ્પૃશ્યતાની નિર્યોગ્યતાને નાબુદ કરવાની મુખ્ય જવાબદારી રાજ્ય સરકારને સોંપવામાં આવી છે. અને આ માટે લેવાપાત્ર પગલાંઓ અંગે પણ માર્ગદર્શન આપ્યુ છે. આ દિશામાં લેવાયેલા પગલાં-

માં રાજ્ય સરકારોની અસ્પૃશ્યતા નિવારણ માટેની નિષ્ઠા અને કૃતનિશ્ચયતાનું પ્રતિબિંબ જોવા મળે છે.

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ પંચ દ્વારા રજૂ કરાયેલા છઠા અહેવાલમાં નોંધ્યા મુજબ :

(૧) અસ્પૃશ્યતા નિવારણ માટે મફત કાનુની સહાય આપવાનું તમામ રાજ્ય સરકારે સ્વીકાર્યું છે. પરંતુ ફોજદારી ગુન્હામાં સરકારી વકીલ હોવાને કારણે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળનાં ગુન્હાઓ પણ ફોજદારી ગુન્હા હોવાને કારણે મફત કાનુની સહાય-ની મદદનો ખૂબ ઓછો લાભ લેવાય છે.

(૨) ના.હ.સં.અ. ૧૯૫૫ની કલમ ૧૫ એ (૨) મુજબ રાજ્યો-એ ' પોલીસ સેલ ' સ્થાપવા જોઈએ. તમામ રાજ્ય સરકારો-એ પોલીસ સેલની રચના કરી છે. પરંતુ આ સેલ આ અધિનિ-યમહેઠળના ગુનાઓ નોંધવામાં ખરેખર આવે છે ? અલબત્ત આ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસોની તપાસમાં જરૂરી કામગીરી બજાવે છે. હિમાચલ પ્રદેશ સરકારે તો આ અધિનિયમના કેસોની તપાસમાં દોરવણી માટે જિલ્લા મેજીસ્ટ્રેટને જવાબદાર ગણ્યા છે.

(૨) ના.હ.સં.અધિનિયમ : ૧૯૫૫ની કલમ ૧૫ એ (૨) (૪) મુજબ રાજ્ય સરકારે યોગ્ય સ્તરની અમલીકરણ સમિતિ રચવી જોઈએ. આવી સમિતિ આંધ્ર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, હરિયાણા, હિમાચલ પ્રદેશ, તામીલનાડુ, ત્રિપુરા, પોંડીચેરી, પ.બંગાળ, દિલ્હી, દીવ-દમણ અને ગોવામાં રચાઈ છે.

(૩) આ અધિનિયમમાં અસરકારક અમલીકરણ માટે સર્વેક્ષણ કરવાનું સૂચવવામાં આવ્યું છે. આ દિશામાં કેટલાક રાજ્યો તરફથી આ કામગીરી કરાઈ છે.

**૧૦ : નાગરિક હકક સંરક્ષણ ધારો : ૧૯૫૫ના**

**અમલીકરણ માટેનું વહીવટી માળખું : ગુજરાતનાં સંદર્ભમાં :**

બંધારણની કલમ - ૧૭ દ્વારા કોઈપણ પ્રકારે પળાતી અસ્પૃશ્યતાને નિર્યોગ્ય ગણવામાં આવી છે. સમાજમાં અસ્પૃશ્યતાની સદીઓ જુની પ્રથા દૂર કરવા માટેના જે જુદા જુદા અભિગમો છે તેમાં કાયદા દ્વારા અસ્પૃશ્યતા દૂર કરવાનો અભિગમ સ્વીકારાયો છે. દેશમાં અસ્પૃશ્યતાને નિર્યોગ્ય ઠરાવતા જુદા જુદા ૨૧ પ્રાદેશિક કાયદાઓના સ્થાને સૌ પ્રથમવાર ૧૯૫૫માં અસ્પૃશ્યતા (સબંધીત ગુનાઓ) અધિનિયમ અમલી બનાવાયો હતો. ત્યારબાદ ૧૯૭૬માં સુધારેલો નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ અમલી બનાવાયો છે.

રાજ્ય સરકારે રાજ્યમાંથી અસ્પૃશ્યતાનુ કલંક દૂર કરવા કૃતનિશ્ચિત છે. તેથી અન્ય સબંધિત પગલાંઓ સાથે સાથે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ જે અસ્પૃશ્યતા નિવારણનું મહત્વનું સાધન છે તેનો અમલ વ્યવસ્થિત થાય એ માટે કેટલાંક મહત્વનાં પગલાં લીધા છે તેની ઉપર દ્રષ્ટિપાત કરીએ એ અભ્યાસના હેતુ સાથે સુસંગત રહેશે.

**૧ : નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ના અમલ માટે રાજ્ય સ્તરની ઉચ્ચ કક્ષાની સમિતિ :**

આ અધિનિયમની વિગતવાર ચર્ચામાં અગાઉ જોયું છે કે આ અધિનિયમના અમલીકરણમાં રાજ્ય સરકારને મોટી જવાબદારી સોંપાઈ છે. આના અનુસંધાનમાં આ અધિનિયમનો ધનિષ્ટ અમલ થાય અને આ અધિનિયમના અમલીકરણ ઉપર દેખરેખ રહે, સરકારી વિભાગો અને

સંસ્થાઓ વચ્ચે સુસંકલન જળવાય એ બાબતને ધ્યાનમાં રાખી-ને રાજ્યના મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક ઉચ્ચ સ્તરની સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિમાં મુખ્યમંત્રીશ્રી અધ્યક્ષ ઉપરાંત સમાજ કલ્યાણ, ગૃહ, શિક્ષણ જેવા ખાતાઓના પ્રધાનો, ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે.

આ સમિતિની બેઠક સમયાંતરે મળે છે અને તેમાં અધિનિયમનાં અમલીકરણ સબંધી કામગીરીની વિચારણા કરવામાં આવે છે અને જરુરી વહીવટી નિર્ણયો લેવામાં આવે છે. જુદા જુદા ખાતાઓ – સંસ્થાઓ પાસેથી જરુરી માહિતી મેળવવામાં આવે છે વિગેરે.

**૨ : નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ના અમલ માટેની ઉચ્ચ સ્તરની પેટા સમિતિ :**

રાજ્ય સ્તરે મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણો અને સૂચનો સબંધી અનુવર્તી કાર્યવાહી ( Follow up ) ચાલે તે જોવા માટે રાજ્યના સમાજ કલ્યાણ ખાતાના મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિની પેટા – સમિતિની નિમણૂક કરવામાં આવી છે. આ સમિતિમાં અધ્યક્ષ ઉપરાંત,

(૨) ગૃહ સચિવશ્રી, : સભ્ય.
(૩) શિક્ષણ અને મજૂર વિભાગના સચિવશ્રી, : સભ્ય.
(૪) પોલીસ મહાનિર્દેશક, : સભ્ય.
(૫) વિભાગીય નિયામક, પછાત વર્ગ કલ્યાણ, ભારત સરકાર, અમદાવાદ: સભ્ય.
(૬) સમાજ કલ્યાણ ખાતાના નિયામકશ્રી: સભ્ય સચિવ.

## ૩ : જિલ્લા ~~તકેદારી~~ એક સમિતિ :

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ની જિલ્લામાં અસરકારક કામગીરી ઉપરાંત અનુસૂચિત જાતિ ઉપરના અત્યાચારોના બનાવો માટે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધિકારીને અંગત રીતે જવાબદાર હોવાનું પણ સ્વીકારાયું છે. આ સબંધી તકેદારી રાખવા માટે આ સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિમાં,

સરકારી સભ્યો,

(૧) જિલ્લા કલેકટર : અધ્યક્ષ.

(૨) જિલ્લા વિકાસ અધિકારી : સભ્ય.

(૩) જિલ્લા પોલીસ અધિક્ષક : સભ્ય.

(૪) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી: સભ્ય સચિવ.
વર્ગ - ૧.

બિન સરકારી સભ્યો,

(૫) જિલ્લામાં અનુસૂચિત જાતિના કલ્યાણ અંગે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાના ૨ પ્રતિનિધિ અથવા અનુસૂચિત જાતિના કલ્યાણમાં રસ લેતાં ૨ પ્રતિનિધિઓ. : સભ્ય

## ૪ : તાલુકા તકેદારી સમિતિ :

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫નો તાલુકામાં અસરકારક અમલ થાય એ માટે તાલુકા સ્તરની સમિતિની રચના કરવામાં આવી છે, આ સમિતિમાં

(૧) મામલતદાર : અધ્યક્ષ.

(૨) તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ. : સભ્ય

(૩) તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિમાં અનુસૂચિત જાતિના તમામ સભ્યો. જે તાલુકાની સામાજિક ન્યાય સમિતિમાં અનુસૂચિત જાતિનાં સભ્યો નહિં હોય ત્યાં જિલ્લા કલેક્ટર-૨ પ્રતિનિધિ સભ્યો તરીકે નીમશે. : સભ્ય

(૪) તાલુકા વિકાસ અધિકારી. : સભ્ય

(૫) પોલીસ પ્રોસીકયુટર. : સભ્ય

(૬) પોલીસ સબ-ઈન્સ્પેકટર. : સભ્ય

**૫ : સામાજિક ન્યાય સમિતિઓ :**

ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે અસ્પૃશ્યતા નિવારણની તેમજ સામાજિક અસમાનતાકુ દૂર કરવાની કામગીરી થાય એ માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૩૧ (૩) (૨) હેઠળ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે સામાજિક ન્યાય સમિતિની રચના કરવામાં આવે છે.

**૬ : રાજ્ય હરિજન સલાહકાર બોર્ડ :**

અનુસૂચિત જાતિના લોકોની જરુરીયાતોનો અંદાજ કાઢવા તેમના કલ્યાણ અને વિકાસ માટેની યોજનાઓના આયોજનમાં સૂચનો કરવા તેમજ મંજૂર કરાયેલી યોજનાઓનું પુનઃઅવલોકન કરવા માટે રાજ્ય હરિજન કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

## ૭ : નાગરિક હક્ક સંરક્ષણ : ( પોલીસ એકમ )

નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ – ૧૯૫૫ના અસરકારક અમલ તેમજ અનુસૂચિત જાતિના લોકો ઉપર અત્યાચારના બનાવ બને ત્યારે તાત્કાલિક રક્ષણ આપવા માટે રાજ્યમાં ત્રણ પોલીસ વિભાગો અનુક્રમે (૧) ગાંધીનગર, (૨) રાજકોટ અને (૩) વડોદરા ~~પાડવામાં~~ આવ્યા છે. પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી આ વિભાગ સંભાળે છે. તેમના તાબામાં આ અધિનિયમના અમલ ઉપરાંત અત્યાચાર, કનડગત કે સામાજિક બહિષ્કાર જેવા બનાવોનાં સમયે તાત્કાલિક રક્ષણ પુરતું પાડી બનાવની વિગતવાર માહિતી રાજ્ય સરકારને પહોંચાડવાની કામગીરી હોય છે.

અલબત્ત અમારા ક્ષેત્રકાર્ય સમયે જાણવા મળ્યું હતું કે સરકારે આ પોલીસ સેલનું વિસર્જન કર્યું છે અથવા સ્થગિત કર્યાં છે.

## ૮ : ખાસ એકમ : સમાજ કલ્યાણ ખાતું : ગાંધીનગર.

(૧) નાગરિક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ના અસરકારક અમલની જવાબદારી રાજ્ય સરકારની બનતાં રાજ્યમાં અમલીકરણની કામગીરી પોલીસ ઉપરાંત સમાજ કલ્યાણ ખાતાની રહે છે. નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ – ૧૯૫૫માં રાજ્ય સરકારને આ અધિનિયમના અમલ માટે ખાસ અધિકારી નીમવાની સત્તા રહે સમાજ કલ્યાણ ખાતામાં ખાસ એકમ સ્થાપવામાં આવ્યું છે. નાયબ નિયામક કક્ષાના અધિકારીની રાહબરી હેઠળ આ એકમમાં સંશોધન, કાયદા અને વહીવટી કામગીરી બજાવતાં ૧૭ કર્મચારીઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે.

(૨) નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ના અસરકારક અમલ માટે પોલીસ સેલની જેમ જ સમાજ કલ્યાણ ખાતા દ્વારા પણ ત્રણ તકેદારી એકમો અનુક્રમે રાજકોટ, અમદાવાદ અને વડોદરા ખાતે સ્થાપવામાં આવ્યા છે. તકેદારી વિભાગમાં વર્ગ-૧ કક્ષાના વિભાગીય તકેદારી અધિકારી પોતાની તાબામાં અનુસૂચિત જાતિના લોકો ઉપર અત્યાચાર વગેરે બનાવો બને ત્યારે આ અધિકારી ત્યાં પહોંચી જઈ જરુરી કાર્યવાહી કરાવવાની તેમજ સરકારી નાણાંકીય મદદ વગેરે આપે છે.

(૩) ગ્રામ્ય વિસ્તારોમાં લોક શિક્ષણ દ્વારા અસ્પૃશ્યતા નિવારણનું કાર્યપ્રચાર થાય તે માટે ત્રણ ક્ષેત્રીય-પ્રચાર વાહનો સાધન સજ્જ કરવામાં આવ્યા છે. જે પ્રચારનું કાર્ય કરે છે.

(૪) અનુસૂચિત જાતિની વધુ વસતિવાળા તાલુકાના ગામો-માં લોકશિક્ષણ અને અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય સઘન રીતે થાય તે માટે રાજયમાં ૧૮ અસ્પૃશ્યતા નિવારણ ઘટકો સ્થાપવામાં આવ્યા છે. આ ઘટકોમાં (૧) ધોળકા : અમદાવાદ જિ. (૨) વિજાપુર : મહેસાણા જિ. (૩) ઈડર : સાબરકાંઠા જિ. (૪) વડગામ : બનાસકાંઠા જિ. (૫) ગાંધીનગર : ગાંધીનગર જિ. (૬) મુળી : સુરેન્દ્રનગર જિ. (૭) વડોદરા : વડોદરા જિ. (૮) કપડવંજ : ખેડા જિ. (૯) ગોધરા : પંચમહાલ જિ. (૧૦) ભરુચ : ભરુચ જિ. (૧૧) ચોર્યાસી : સુરત જિ. (૧૨) નવસારી : વલસાડ જિ. (૧૩) રાજકોટ : રાજકોટ જિ. (૧૪) તળાજા : ભાવનગર જિ. (૧૫) વેરાવળ : જુનાગઢ જિ. (૧૬) જામનગર : જામનગર જિ. (૧૭) અંજાર : કચ્છ જિ અને રાજુલા : અમરેલી જિ.નો સમાવેશ થાય છે.

## ૭ : સાધુ સંત સંમેલન :

માનવ વિચારોમાં પરિવર્તન લાવવામાં આવે અને એ રીતે અસ્પૃશ્યતા દૂર થાય તે માટે માનવીય વિચારોનો પ્રચાર કરવા માટે સાધુ-સંતોના રાજ્ય અને જિલ્લા સ્તરનાં સંમેલનો યોજવામાં આવે છે.

## ૮ : ટીન-પ્લેટ યોજના :

ગ્રામના અનુસૂચિત જાતિના લોકોને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ની જાણ થાય, તેની મુખ્ય કલમો જાણે તે માટે આ અધિનિયમની મુખ્ય કલમો લખેલું પતરાનું બોર્ડ દરેક ગ્રામ પંચાયતની કચેરીએ મુકવાનું ફરજિયાત બનાવાયું છે.

## ૯ : પ્રચાર સાહિત્ય :

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમની ખાસ જોગવાઈઓનો બહોળો પ્રચાર થાય એ માટે પોસ્ટરો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

## ૧૦ : અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો ઉપર થતાં અત્યાચારોના કિસ્સામાં નાણાંકીય સહાય આપવાની યોજના :

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો ઉપર થતાં અત્યાચારો, ખૂન, આગ, સામાજિક બહિષ્કાર જેવા પ્રસંગોએ નાણાંકીય સહાય આપવાની યોજના ચાલે છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નુકશાનીનો પ્રકાર. | નાણાંકીય સહાય(રૂ.) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મૃત્યુ : કુટુંબના મૃત્યુ પામેલ કમાઉ કે બિનકમાઉ વ્યકિત માટે. | ૨૦,૦૦૦/- |
| ૨. | કાયમી કામ કરવાની અશકિત. | ૧૦,૦૦૦/- |
| ૩. | કામચલાઉ કામ કરવાની અશકિત. | ૨,૦૦૦/- |
| ૪. | ગંભીર પ્રકારની ઇજા. | ૧,૦૦૦/- |
| ૫. | બળાત્કાર. | ૫,૦૦૦/- |
| ૬. | મકાનને નુકશાન. | ૧૫,૦૦૦/- સુધી |
| ૭. | સ્થાવર મિલ્કતને નુકશાન. | ૨,૦૦૦/- |
| ૮. | કમાણી કરી આપતી મિલ્કત જેવી કે ઢોર, હોડી, વાહન વગેરેને નુકશાન. ( રીપ્લેસમેન્ટનું ખરેખર ખર્ચ ન અપાય તે દરમિયાન ) | ૨,૦૦૦/- |
| ૯. | જંગમ મિલ્કત. ( અનાજ, કપડાં અને બીજા વપરાશ નાં સાધનો ) | ૨,૦૦૦/- |
| ૧૦. | સિંચાઇનો / પીવાના પાણીનો કૂવો, ટયુબવેલ, ઇલેકટ્રીક મોટર, ફળાઉ ઝાડ વગેરે. ( તાત્કાલિક બાકી ખરેખર નુકશાન નાં પ્રમાણમાં ) | ૫૦૦/- |

૧૧ : અનુસૂચિત જાતિના લોકોના સામાજિક બહિષ્કાર તથા હિજરતના કિસ્સાઓમાં નાણાંકીય સહાય :

અનુસૂચિત જાતિના લોકો સામાજિક કારણોને

લીધે, માનવસર્જિત આફતો કે તેમના સામાજિક બહિષ્કાર રોજીરોટી બંધ કરવી, મજુરીએ ન બોલાવવા વગેરે જેવા પ્રસંગોએ તેમના જિવન નિર્વાહ માટે તાત્કાલિક નાણાંકીય સહાય આપવામાં આવે છે. ભોગ બનનાર કુટુંબના તમામ સભ્યોને દૈનિક રૂ.૪/- લેખે વધુમાં વધુ ૬ માસ સુધી આ સહાય આપવાની જોગવાઈ છે.

૧૨ : કાનુની સહાય :

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને અત્યાચારના કેસોમાં ઝડપી અને અસરકારક રીતે થાય તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ વકીલોની પેનલો બનાવવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના ચાલે છે.

૧૩ : ઝાડુવાળાની પુન : સ્થાપના :

ભંગી લોકો ગંદા વ્યવસાયમાં રોકાયેલા હોવાને કારણે અસ્પૃશ્યતાનો ભોગ બને છે. તેમને અન્ય વ્યવસાય તરફ વાળવા માટે મકાન બાંધકામ માટે રૂ.૪૦૦૦/- અને ધંધા માટે રૂ.૨૦૦૦/- મળી કુલ રૂ.૬૦૦૦/-ની સુધીની સહાય આપવામાં આવે છે. મકાન બાંધકામની સહાયમાં રૂ.૩૦૦૦/- કેન્દ્ર પુરસ્કૃત યોજના અને રૂ. ૧૦૦૦/- રાજ્યની યોજનામાંથી આપવામાં આવે છે.

૧૪ : સર્વેક્ષણ :

સમાજ કલ્યાણ ખાતાના સંશોધન વિભાગના કર્મચારીઓ ગામોની મુલાકાત લઈ અસ્પૃશ્યતાની વિગતો એકઠી કરી અને આ માહિતી રાજ્ય જિલ્લા કક્ષાના અધિકારી

ને અસ્પૃશ્યતાના પ્રશ્નો અંગે યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

૧૫ : પ્રાયોગિક કેન્દ્ર : (૫)

અસ્પૃશ્યતા નિવારણના પ્રચારાર્થે અને અનુસૂચિત જાતિ અને ગામના લોકોના ભેગા કરવાના પ્રયોગો કરવામાં આવે છે અને સમજાવટથી સુમેળતાભર્યું વાતાવરણ જળવાય રહે તે માટે પ્રાયોગિક કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યા છે.

૧૬ : નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫

હેઠળ નોંધાતા કેસો.

ભારતમાં સામાજિક સંરચનાંનુ નિરીક્ષણ કરીએ તો જે જુદી જુદી બાબત તરી આવે છે તેમાં સમાજની અમુક વ્યકિતઓ, જુથો કે સમુદાયો સુધ્ધાં સામાજિક, નૈતિક, ધાર્મિક કે એવા કોઈપણ ક્ષેત્રમાં નિયત કરેલાં નિયમો કે રુઢિનું ઉલ્લંઘન કરે ત્યારે મોટાભાગે જ્ઞાતિપંચ અથવા ગામ પંચ જેવી સંસ્થા ઉલ્લંઘન કરનારને દંડ,(કેટલીકવાર જેમકે, ખારવા જ્ઞાતિ પંચ જેવા શારીરિક માર)અથવા ગંભીર બાબતમાં જ્ઞાતિ / ગામથી બહિષ્કાર કરી તેમની સાથેના તમામ સામાજિક-આર્થિક વ્યવહાર તોડી નાખવા જેવી શિક્ષા કરે છે. આમ પરંપરાથી ચાલી આવતી જ્ઞાતિ / ગામ પંચની પ્રથાનું ભારે પ્રભુત્વ આજના સમયે પણ જોવા મળે છે. વાઘરી સહિત અન્ય જ્ઞાતિ પંચના નિર્ણયને કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવે છે. આમ કાયદાના ઉલ્લંઘનની સજા સ્થાનિક સ્તરે થાય છે. આ પ્રથાના ભારે પ્રભાવની

આ અસ્પૃશ્યતાના પ્રશ્નો અંગે યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

૧૫ : પ્રાયોગિક કેન્દ્ર : (૫)

અસ્પૃશ્યતા નિવારણના પ્રચારાર્થે અને અનુસૂચિત જાતિ અને ગામના લોકોના ભેગા કરવાના પ્રયોગો કરવામાં આવે છે અને સમજાવટથી સુમેળતાભર્યું વાતાવરણ જળવાય રહે તે માટે પ્રાયોગિક કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યા છે.

૧૬ : નાગરિક હકક સુરક્ષાણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ નોંધાતા કેસો.

ભારતમાં સામાજિક સંરચનાનુ નિરીક્ષણ કરીએ તો જે જુદી જુદી બાબત તરી આવે છે તેમાં સમાજની અમુક વ્યકિતઓ, જુથો કે સમુદાયો સુધ્ધા/સામાજિક, નૈતિક, ધાર્મિક કે એવા કોઇપણ ક્ષેત્રમાં નિયત કરેલાં નિયમો કે રુઢિનું ઉલ્લંઘન કરે ત્યારે મોટાભાગે જ્ઞાતિપંચ અથવા ગામ પંચ જેવી સંસ્થા ઉલ્લંઘન કરનારને દંડ,(કેટલીકવાર જેમકે, ખારવા જ્ઞાતિ પંચ જેવા શારીરિક માર)અથવા ગંભીર બાબતમાં જ્ઞાતિ / ગામથી બહિષ્કાર કરી તેમની સાથેના તમામ સામાજિક-આર્થિક વ્યવહાર તોડી નાખવા જેવી શિક્ષા કરે છે. આમ પરંપરાથી ચાલી આવતી જ્ઞાતિ / ગામ પંચની પ્રથાનું ભારે પ્રભુત્વ આજના સમયે પણ જોવા મળે છે. વાઘરી સહિત અન્ય જ્ઞાતિ પંચના નિર્ણયને કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવે છે. આમ કાયદાના ઉલ્લંઘનની સજા સ્થાનિક સ્તરે થાય છે. આ પ્રથાના ભારે પ્રભાવની

અસર એટલી તો ઉંડી છે કે આજે પણ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં જ્યારે ગુનો બને છે, ત્યારે એ ખૂબ ગંભીર ગુનો ન હોય તો, જુદા જુદા દબાણ જુથો દ્વારા દબાવી દેવાનું એટલેકે આ ગુનાની પોલીસમાં ફરિયાદ ન નોંધાય એ પ્રમાણેનું વલણ જોવા મળે છે. ખાસ કરીને બાળલગ્ન, દારુબંધી, દહેજ, બળાત્કાર જેવા સામાજિક કાયદાઓ અંગેના મોટી સંખ્યામાં આ ગુના પોલીસ સ્ટેશનોમાં નોંધાતા નથી. અથવા જ્ઞાતિપંચો, જ્ઞાતિ આગેવાનો, ગામના આગેવાનો, રાજકીયકાર્યકરો અને કેટલીકવાર પોલીસ સુધ્ધાં આ કેસો ન નોંધાવી સમાધાન કરી દેવાની પ્રવૃત્તિમાં સામેલ થાય છે. તેથી ઓછામાં ઓછું સામાજિક કાયદા અંગેના જેટલા ગુના નોંધાય છે તેનાથી મોટી સંખ્યામાં ગુનાઓ નોંધાવાતા નથી અને તેથી જ કેસોના આંકડા અને આ સમાજમાં બનતા ગુનાના પ્રમાણ વચ્ચે ક્યારેય સુમેળ જોવા મળતો નથી.

## કોઠો – ૨: ૧.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૧૯૭૯ અને ૧૯૮૦નાં વર્ષમાં નોંધાયેલા કેસોનું તુલનાત્મક ચિત્ર દર્શાવતો કોઠો.

| ક્રમ. | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ. | ૧૯૭૯ | ૧૯૮૦ | ૧૯૭૯ના વર્ષની સરખામણીમાં વધારો/ઘટાડાનાં % |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | આંધ્રપ્રદેશ | ૧૪૪ | ૭૩A | (–)૪૬.૩૦ |
| ૨. | ગુજરાત | ૫૦૬ | ૩૭૦ | (–)૩૯.૩૫ |
| ૩. | હરિયાણા | ૩ | ૧ | (–)૬૬.૬૬ |
| ૪. | કર્ણાટક | ૫૫૦ | ૨૩૩ | (–)૫૭.૬૩ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૫. | રાજસ્થાન | ૧૩૬ | ૧૨૪ | (–)૮.૮૨ |
| ૬. | ઉત્તર પ્રદેશ | ૨૫૧ | ૯૯△ X | (–)૬૦.૫૫ |
| ૭. | દિલ્હી | ૧૦ | ૪ | (–)૬૦.૦૦ |
| ૮. | ગોવા, દમણ અને દીવ | ૩ | – | – |
| ૯. | પોન્ડીચેરી | ૩૨ | ૨૧ | (–)૩૪.૩૭ |
| ૧૦. | ચંદીગઢ | ૧ | ૧ | – |
| | કુલ. | ૧૬૩૬ | ૮૭૩ | (–) ૪૬.૭૩ |

<u>સંદર્ભ</u> : કમિશ્નર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો ૨૭મો અહેવાલ પા.નં.૨૪.

સંસદ અને વિધાનસભાઓમાં ચર્ચા, સામયિકો અને સમાચાર પત્રોમાં આવતા બનાવો, સરકારી સમિતિઓના અહેવાલો અને છેવટે કમિશ્નર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અહેવાલો સમાજના ગરીબ અને દલીત વર્ગો ઉપર ખાસ કરીને અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારના ગંભીર બનાવો ઠીક ઠીક સંખ્યામાં બની રહ્યા હોવાનું જાહેર કરે છે ત્યારે ઉપર્યુકત કોઠામાં ૧૯૭૯ થી ૧૯૮૦ના વર્ષમાં નોંધાયેલા કેસો તપાસીએ તો આ તમામ રાજ્યમાં ઓછામાં ઓછા ૩૪.૩૭ % થી માંડી ૬૬.૬૬ % કેસોનો ઘટાડો સૂચવે છે. આમ એવું સ્પષ્ટપણે ફલિત થાય છે કે ૧૯૭૯ થી ૧૯૮૦નાં વર્ષમાં કોઈ મહત્વની ઘટના બની નથી જેથી કરીને આટલું મોટું અંતર જોવા મળે. આ બાબતમાં વિગતવાર તપાસ થાય તો પરિસ્થિતિ સરળ બને.

સમજૂતી : △ : જુન – ૧૯૮૦ સુધીમાં નોંધાયેલ કેસો.

○ : સપ્ટેમ્બર : ૧૯૮૦ સુધીમાં નોંધાયેલા કેસો.

## કોઠો : ૨ - ૨.

નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૧૯૭૮-૭૯ અને ૮૦માં નોંધાયેલા કેસોની વિગત દર્શાવતો કોઠો.

| ક્રમ. | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ. | ૧૯૭૮ | ૧૯૭૯ | ૧૯૮૦ |
|---|---|---|---|---|
| ૧ | આંધ્ર પ્રદેશ | ૧૫૧ | ૧૪૪ | ૭૩ X |
| ૨ | બિહાર | ૫૧ | ૩૬ | અ.પ્રા |
| ૩ | ગુજરાત | ૭૧૬ | ૫૦૬ | ૩૧૭ o |
| ૪ | હરિયાણા | ૪ | ૩ | ૧ |
| ૫ | હિમાચલ પ્રદેશ | ૧૪ | ૧૮ | અ.પ્રા |
| ૬ | કેરાલા | ૪૯ | ૪૬ | અ.પ્રા |
| ૭ | કર્ણાટક | ૪૨૬ | ૫૫૦ | ૨૩૩ X |
| ૮ | મહારાષ્ટ્ર | ૧૨૮૩ | ૧૬૦૪ | અ.પ્રા |
| ૯ | ઓરિસ્સા | ૧૦૬ | ૧૫૧ | અ.પ્રા |
| ૧૦ | પંજાબ | ૫ | - | અ.પ્રા |
| ૧૧ | રાજસ્થાન | ૧૬૮ | ૧૩૬ | ૧૨૪ |
| ૧૨ | તામીલનાડુ | ૫૪૭ | ૬૦૩ | અ.પ્રા |
| ૧૩ | ઉત્તર પ્રદેશ | ૨૮૭ | ૨૫૧ | ૯૯ |
| ૧૪ | દીલ્હી | ૧૫ | ૧૦ | ૪ |
| ૧૫ | ગોવા, દમણ અને દીવ | ૨ | ૩ | અ.પ્રા |
| ૧૬ | મધ્ય પ્રદેશ | ૩૯૮ | ૩૦૭ | અ.પ્રા |
| ૧૭ | પોંડીચેરી. | ૩૪ | ૩૨ | ૨૧ |
| ૧૮ | ચંદીગઢ | - | ૧ | ૧ |

સંદર્ભ :- કમિશનર ફોર શીડયુલ કાસ્ટ એન્ડ શીડયુલ ટ્રાઇબ્સ, ૨૭મો અહેવાલ ભાગ-૧ ૧૯૭૯-૮૧ પાન નં. ૨૧૧,૨૧૨

નોંધ : ૧૯૮૦ના વર્ષમાં X = જુન-૮૦ અને o = સપ્ટે-૮૦ સુધીના કેસો. અપ્રા = અપ્રાપ્ય

કોઠો : ૨:૩

ગુજરાત રાજ્યમાં
નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોની જિલ્લાવાર અને વર્ષવાર માહિતી દર્શાવતું પત્રક.

| ક્રમ. | જિલ્લો. | ૧૯૭૮ | ૧૯૭૯ | ૧૯૮૦ | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ | ૧૯૮૭ | વિશેષ નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧) | વડોદરા | ૩૦ | ૧૬ | ૩૬ | ૩૦ | ૨૯ | ૮ | ૧૦ | ૧૦ | ૫ | – | |
| ૨) | પંચમહાલ | ૮ | ૫ | ૧૧ | ૧૨ | ૧૨ | ૧૦ | ૧૧ | ૫ | ૧૦ | – | |
| ૩) | ભરુચ | ૩૪ | ૧૭ | ૨૦ | ૨૦ | ૨૩ | ૧૦ | ૧૨ | ૫ | ૧૧ | – | |
| ૪) | સુરત | ૨૭ | ૨૦ | ૨૨ | ૧૩ | ૨૦ | ૧૪ | ૧૫ | ૮ | ૮ | – | |
| ૫) | વલસાડ | ૪ | ૫ | ૫ | ૩ | ૫ | ૧ | ૩ | ૨ | – | – | |
| ૬) | અમદાવાદ | ૧૦ | ૭૨ | ૫૮ | – | – | ૪૪ | ૪૫ | ૯ | ૨૫ | ૫ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા |
| ૭) | ખેડા | ૫૪ | ૨૫ | ૪૨ | ૨૭ | ૩૧ | ૧૨૬ | ૩૭ | ૨૭ | ૨૩ | – | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮) | સાબરકાંઠા | ૩૭ | ૧૬ | ૧૩ | ૧૨ | ૧૭ | ૧૨ | ૮ | ૧૪ | ૭ | – | |
| ૯) | બનાસકાંઠા | ૬૯ | ૪૯ | ૫૧ | ૧૯ | ૧૬ | ૨ | ૧૮ | ૧૧ | ૫ | – | |
| ૧૦) | મહેસાણા | ૬૧ | ૬૦ | ૩૮ | ૧૨ | ૪૨ | ૩૬ | ૩૨ | ૧૬ | ૧૪ | – | |
| ૧૧) | અમરેલી | ૩૩ | ૪૪ | ૨૧ | ૧૬ | ૧૩ | ૭ | ૩ | ૬ | ૯ | – | |
| ૧૨) | ભાવનગર | ૧૫ | ૧૭ | ૨ | ૩ | ૩ | ૬ | ૩ | ૫ | ૧૧ | – | |
| ૧૩) | જામનગર | ૧૭ | ૬ | ૩ | ૫ | ૧૨ | ૭ | ૭ | ૪ | ૭ | – | |
| ૧૪) | જુનાગઢ | ૫૨ | ૪૨ | ૧૭ | ૮ | ૧૮ | ૧૬ | ૭ | ૬ | ૧૩ | – | |
| ૧૫) | કચ્છ | ૩૯ | ૩૧ | ૨૩ | ૨૨ | ૧૯ | ૧૦ | ૧૭ | ૧૯ | ૧૪ | – | |
| ૧૬) | રાજકોટ | ૪૮ | ૮૭ | ૧૫ | ૨૨ | ૨૭ | ૧૭ | ૨૭ | ૯ | ૭ | – | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭) | સુરેન્દ્રનગર | ૪૨ | ૨૪ | ૨૫ | ૨૮ | ૪ | ૧૬ | ૮ | ૯ | ૧૩ | - | |
| ૧૮) | ગાંધીનગર | - | - | - | - | - | - | - | - | - | - | ક્રમાંક : ૬ મુજબ. |
| ૧૯) | ડાંગ | - | - | - | - | - | - | - | - | - | - | |
| ૨૦) | પ. રેલ્વે, વડોદરા. | ૨૫ | ૧૦ | ૬ | - | - | - | ૩ | ૫ | ૧ | - | પ. રેલ્વેના વડોદરા વિભાગને અલગ પોલીસ જિલ્લો ગણાયો છે. |
| | કુલ | ૭૧૬ | ૫૦૬ | ૪૦૮ | ૨૮૧ | ૩૪૭ | ૩૦૬ | ૨૭૧ | ૧૬૯ | ૧૮૩ | ૧૪૦ | ૮૭ના વર્ષમાં ઓક્ટોબર-સુધીના કેસો છે. |

## કોઠો : ૨:૪

મહેસાણા જિલ્લા ( પાટણ પોલીસ જિલ્લા સહિત ) માં પોલીસ સ્ટેશનોમાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોનું વર્ષવાર વર્ગીકરણ દર્શાવતો

કોઠો ૨:૭

....

| ક્રમ. | પોલીસ સ્ટેશન. | ૧૯૮૦ | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ | ૧૯૮૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પાટણ તાલુકા : | અ.પ્રા | અ.પ્રા | ૬ | ૧ | ૨ | – | – | ૧ |
| ૨. | વાગડોદ : | અ.પ્રા | અ.પ્રા | – | – | ૪ | – | ૧ | ૪ |
| ૩. | સિધ્ધપુર સીટી : | ૨ | ૧ | ૩ | ૧ | ~~૪૮~~ | ૧ | ૧ | – |
| ૪. | કડી : | અ.પ્રા | ૧ | ૪ | ૨ | ૧ | ૩ | ૪ | – |
| ૫. | કલોલ : | ૩ | – | ૨ | ૧ | ૩ | ૧ | – | – |
| ૬. | કાકોશી : | અ.પ્રા | અ.પ્ર | ૨ | ૩ | ૩ | – | – | – |
| ૭. | વિજાપુર : | અ.પ્રા | ૨ | ૨ | ૨ | ૨ | – | ૧ | – |

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ જુદા જુદા રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૯૭૮-૭૯ અને ૮૦ના વર્ષમાં નોંધાયેલા કેસો, ૧૯૭૯ થી ૧૯૮૭ સુધી ગુજરાત રાજ્યમાં નોંધાયેલા કેસો, તેમજ મહેસાણા જિલ્લાના મુલાકાત લીધેલા અને માહિતી મળી શકી છે એવા કેટલાક પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા કેસોના આંકડા જોતાં ઘણી બાબતો ફલિત થાય છે.

રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ અધિનિયમ હેઠળ ૧૯૭૮-૭૯ના વર્ષમાં નોંધાયેલા કેસોની સંખ્યામાં રહેલ અંતરની બાબતમાં ટૂંકમાં ચર્ચા આ પહેલાં કરી જ છે.

ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં ૧૯૭૯થી ૧૯૮૭ દરમિયાન આ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસોના આંકડા જોતાં જે બાબતો જોવામળે છે. તેમાં વર્ષવાર કુલ સંખ્યા જોઈએ તો ૧૯૭૯ના વર્ષથી, માત્ર ૧૯૮૨ અને ૧૯૮૩ના વર્ષો ને બાદ કરતાં, નોંધાયેલા કેસોની સંખ્યામાં ઘટાડાનું વલણ જોવા મળે છે. ત્યારે બીજી તરફ ગુજરાતમાં અનુસૂચિત-જાતિ સહિત અન્ય કચડાયેલા વર્ગો ઉપર અત્યાચારો જેવા ગંભીર કહી શકાય તેવા બનાવોની સંખ્યા વધી રહી છે. સમાચારપત્રોના હેવાલો, સામયિકોના હેવાલો, જુદીજુદી સરકારી - બિનસરકારી સમિતિઓ સુધ્ધાં આ હકીકત સ્વીકારે છે. તાજેતરના વર્ષોમાં જેતલપુર ગામમાં હરિજનને જીવતા બાળી નાખવાનો બનાવ, રણમાલપુરામાં પાણીના ઝઘડામાં ૨ હરિજનના ખૂન, ગોલાણામાં ૪ હરિજનોની નિર્મમ હત્યા જેવા કેટલાય બનાવો બન્યા છે.

અસ્પૃશ્યતા નિવારણ અને ખાસ કરીને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ (૧૯૫૫)ના ઘનિષ્ટ અમલીકરણ માટે રચાયેલા ખાસ એકમ દ્વારા ગુજરાતમાં અનુસૂચિત જાતિના લોકો

અત્યાચારના જે બનાવો નોંધાયા હતા તેની ઉપર દ્રષ્ટિપાત કરવાથી ગુજરાતમાં અનુસૂચિત જાતિના લોકો પ્રત્યેના સમાજના વલણો જાણવાંમાં મદદ મળી રહેશે.

સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્યના અહેવાલ મુજબ ૧૯૮૦-૮૧ના વર્ષથી માંડીને ઓકટોબર-૧૯૮૭ દરમિયાન અનુસૂચિત જાતિના ૯૩ વ્યકિતઓનાં ખૂન થયા છે, ૧૬૬ વ્યકિતઓ ઉપર એવા પ્રકારથી હુમલા થયા છે કે જેઓ ભવિષ્યમાં કામ કરી શકે નહિં, ૧૦૬૯ વ્યકિતઓ ઉપર હુમલો કરવામાં આવ્યો તેઓને કામચલાઉ સમય સુધી કામ કરવાની એટલેકે આજીવિકા મેળવવા અશકત હતા, ૧૨૦ વ્યકિતઓને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડવામાં આવી હતી, તેમજ ૬૬૩૯ વ્યકિતઓનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો હતો. આ પ્રમાણેના આંકડાઓ કે જે પોલીસ દફતરે નોંધાયેલા જ છે, અને ગાંધીજીનું ગૌરવ માનતા અને દેશમાં અગ્રણી ગણાતાં રાજયમાં આ પરિસ્થિતિ છે તો બિહાર, ઉત્તર પ્રદેશ, જેવા રાજ્યો કે જયાં જમીનદારી પ્રથાનુ વર્ચસ્વ અને સામાજિક રુઢિ ચુસ્તતા જળવાઈ રહેલા છે ત્યાંની સ્થિતિ કેવી હશે? આ ઉપરાંત ચાલુ દશકામાં ગુજરાતમાં અનામત પ્રથા અને રોષ્ટર પધ્ધતિના ઓઠા હેઠળ જે બે પ્રચંડ આંદોલનો અનુક્રમે ૧૯૮૧ અને ૧૯૮૫માં થયા હતા. આ સમયગાળામાં અનુસૂચિત જાતિઓ ઉપર નાના-મોટા હુમલા, સતામણી જેવા પ્રકારનાં બનાવોનો અંદાજ કાઢવો પણ મુશ્કેલ છે.

આમ બનાવોના ટૂકમાં વિહંગાવલોકનના આધારે પણ કહી શકાય કે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ઘણા બનાવો બન્યા હશે જે કયારેય પોલીસ સ્ટેશન સુધી આવી શકયા નથી.

## ૧૨ : નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોનો નિકાલ :

ભારતમાં ખાસ કરીને સામાજિક કાયદાઓની બાબતમાં ભારે દુર્લક્ષ્ય સેવવામાં આવે છે. માત્ર નિરક્ષર કે સામાન્ય શિક્ષિત જ નહિ પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યકિતઓ પણ આ કાયદાઓ અંગે અધુરૂં અથવા નહિંવત જ્ઞાન ધરાવે છે. સામાજિક કાયદાના ભંગ સમયે સમાજ તરફથી તેની ફરિયાદ નોંધાવવામાં અને પોલીસ ખાતા તરફથી અન્ય ફોજદારી ગુન્હાઓની તપાસ વખતે રખાતી ચોકસાઈની સરખામણીમાં આ કેસો પ્રત્યે ઘણું ઓછું ધ્યાન અપાય છે એટલું જ નહિં પણ આવા બનાવોનું સમાધાન કરીલેવામાં આવે છે. પોલીસ સ્ટેશનોમાં સામાજિક કાયદાઓ વિરુધ્ધ નોંધાતા કેસો કરતાં મોટી સંખ્યામાં કેસો નોંધાતા નથી એવું અનેક સમાચાર પત્રો, સામયિકોના વૃતાંતોમાં જોવા મળે છે.

" અસ્પૃશ્યતા " એ સામાજિક કલંક હોવાથી તેને દૂર કરવા અમલી બનાવાયેલ નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળના ગુનાઓ કોગ્નીઝેબલ ગુના ગણાય છે.

સામાજિક કાયદાઓ બાબતમાં બીજી મહત્વની બાબત એ છે કે આ કાયદા હેઠળના ગુનાની ત્વરિત અને પૂરતી તપાસ થતી નથી અને આ કેસો કોર્ટમાં પૂરવાર થઈ શકતા ન હોવાને કારણે ગુનેગારને સજા ન થતાં નિર્દોષ છુટી જાય છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું પંચ પોતાના સાતમા અહેવાલમાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫નાં અમલ બાબત એવી નોંધ લે છે કે,

" પંચ નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ નોંધાતા કેસો બાબત જ નહિં પરંતુ કોર્ટમાં મોટી સંખ્યામાં કેસો સાબિત થતા નથી અથવા કાઢી નાખવામાં આવે છે આ બાબત પ્રત્યે ચિંતા સેવે છે. "

પંચ વધુમાં એવું નોંધે છે કે સાબિત ન થતાં કે કાઢી નાખવામાં આવતા કેસો મોટા ભાગે અસ્પૃશ્યતાને કારણે કરતાં અપમાન અથવા અપમાનના પ્રયાસને લગતા હોય છે.

દેશમાં એવું ચિત્ર જોવા મળે છે કે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ જેવા અન્ય સામાજિક કાયદાઓ તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડ હેઠળના ગુનાઓની બાબતમાં પણ જે બનાવો બને છે તેમાંના ઘણી ઓછી સંખ્યામાં નોંધાય છે. જે નોંધાય છે તેમાંના ઘણી ઓછા કેસોની પૂરતી તપાસ કરી જરુરી પુરાવાઓના આધાર સાથે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે છે. અને છેવટે કોર્ટમાં જુના કેસોના ભરાવાને જેવા અન્ય કારણોને લઈને અને હવે તો કોર્ટમાં પણ વકીલોની હડતાલ જેવા કારણોને લઈને કેસની સુનાવણી શરુ થવામાં ઘણો લાંબો સમય જાય છે. અને સુનાવણી બાદ પણ જુદા જુદા કારણોસર તારીખ પાડવામાં આવે છે. છેવટે ફરિયાદી કંટાળીને કાં તો સમાધાન કરી લે છે કાં તો કોર્ટમાં હાજર રહેવાનું ટાળતા કેસ કાઢી નાખવામાં આવે છે.

## કોઠો : ૨ : ૫.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ દેશમાં નોંધાયેલા અને સુનાવણી માટે બાકી રહેલા કેસોની સંખ્યા દર્શાવતો કોઠો.

| ક્રમ. ૧ | વર્ષ. ૨ | સુનાવણી માટે બાકી રહેલા કેસો. ૩ | વિશેષ નોંધ. ૪ |
|---|---|---|---|
| ૧ | ૧૯૮૦ | ૪૯૯૬૦ | ૦ મી ભૂલ સુધારી છે. |
| ૨ | ૧૯૮૧ | ૪૫૭૪ X | X અનુક્રમે જમ્મુ - કાશ્મીર અને મધ્યપ્રદેશ રાજયમાં નિકાલ થયેલા કેસોની માહિતી અભાવે આંકડામાં ફેર રહે છે. |
| ૩ | ૧૯૮૨ | ૪૫૪૫ X | |
| ૪ | ૧૯૮૩ | ૭૨૯૯ | |

કોઠામાં દર્શાવેલા આંકડા આ હકીકતને પુષ્ઠિ આપે છે.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસો નિકાલ થયા વિના લાંબા સમય સુધી કોર્ટમાં પડી રહેવાને કારણે કેસને ખૂબ માઠી અસર થાય છે. ાસૌ પ્રથમ તો ઘણા કેસોની બાબતમાં કે જયાં સામાજિક ટેકો સાંપડતો નથી અથવા તો સમાજ પોતે ફરિયાદી વિરુધ્ધ થાય છે ત્યારે કેસ સાચો હોવા છતાં ફરિયાદીનું મનોબળ ટકાવી રાખવાનુ શકય જ રહેતુ નથી. આગળ નિષ્ફળ જતાં કેસો અંગેની ચર્ચા કરવાના છે. પરંતુ આ પરિણામ માટે પણ આ કારણ ઘણે અંશે સીધી યા આડકતરી રીતે જવાબદાર બને છે.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ના અમલીકરણનું ચેતવણીરુપ પાસું એ છે કે આ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસો કોર્ટમાં ટકી શકતા નથી તેથી કોર્ટ દ્વારા ના સાબિત કરવામાં આવે છે. અથવા તો કારણોસર આ કેસ કાઢી નાખવામાં આવે છે. કોર્ટ દ્વારા આ અધિનિયમ હેઠળ ના સાબિત થતા કેસોના ચિત્ર ઉપર દૃષ્ટિપાત કરીએ.

**કોઠો : ૨ : ૬.**

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ વર્ષાવાર નોંધાયેલા કેસોના ચુકાદાની સ્થિતિ દર્શાવતો કોઠો.

| ક્રમ. | વર્ષ. | ના સાબિત. | સજા થયેલ | કુલ કેસો. |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૦ | ૨૮૬૬ (૬૯.૩૪) | ૧૨૬૭ (૩૦.૬૬) | ૪૧૩૩ (૧૦૦.૦૦) |
| ૨ | ૧૯૮૧ | ૨૦૮૫ (૮૨.૫૪) | ૪૪૧ (૧૭.૪૬) | ૨૫૨૬ (૧૦૦.૦૦) |
| ૩. | ૧૯૮૨ | ૧૬૩૩ (૮૯.૧૪) | ૧૯૯ (૧૦.૮૬) | ૧૮૩૨ (૧૦૦.૦૦) |
| ૪. | ૧૯૮૩ | ૧૭૦૭ (૮૭.૫૪) | ૨૪૩ (૧૨.૪૬) | ૧૯૫૦ (૧૦૦.૦૦) |

કોઠો : ૨ : ૭

નાગરિક હક્ક સુંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ ગુજરાત રાજ્યમાં ૧૯૭૮ થી ૧૯૮૬ દરમિયાન નોંધાયેલા કેસોની સંખ્યા તેમજ હાલની સ્થિતિ દર્શાવતો કોઠો.

| ક્રમ | વર્ષ. | નોંધાયેલા કેસોની સંખ્યા. | દાખલ કરાયેલા કેસો. | સાબિત થયેલા કેસો. | નાસાબિત થયેલા કેસો. | સમાધાન થયેલા કેસો. | પાછા ખેંચી લીધેલા કેસો. | સુનાવણી માટે બાકી રહેલા કેસો. | તપાસ હેઠળ બાકી રહેલા કેસો. | સનદી ટેકટેડ કલાસ 'અ' | બી, એ ક (ખોટી ફરીયાદ ના) કેસો. | સીએક કેસો | એનસી કેસો. | બંધ કેસો. | તબદીલ થયેલા કેસો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | ૧૯૭૮ | ૭૧૬ | ૬૧૧ | ૨૨ | ૧૦૪ | ૬ | ૪૭૯ | ૪૨ | – | ૩ | ૩૩ | ૧૦ | ૧૫ | ૧ | ૧ |
| ૨ | ૧૯૭૯ | ૫૦૬ | ૪૩૯ | ૧૧ | ૧૦૯ | – | – | ૩૧૯ | ૧૨ | ૨ | ૩૨ | ૮ | ૧૩ | – | – |
| ૩ | ૧૯૮૦ | ૪૦૮ | ૩૨૭ | ૫ | ૯૪ | ૭ | – | ૨૩૯ | ૨૩ | ૧ | ૨૭ | ૧૦ | ૪ | – | – |
| ૪ | ૧૯૮૧ | ૨૮૧ | ૨૩૫ | ૪ | ૨૭ | ૨ | – | ૨૦૫ | ૨૮ | – | ૧૪ | ૨ | ૪ | – | – |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧૯૮૨ | ૩૪૭ | ૨૯૭ | ૫૩ | ૫૩ | ૫ | – | ૨૩૭ | ૨૧ | ૩ | ૧૪ | ૬ | ૬ | – | – |
| ૬ | ૧૯૮૩ | ૩૦૬ | ૨૬૫ | ૪ | ૪૬ | – | – | ૨૧૫ | ૧૧ | ૧ | ૧૯ | ૩ | ૭ | – | – |
| ૭ | ૧૯૮૪ | ૨૭૧ | ૨૩૭ | ૭ | ૯૦ | – | – | ૧૪૦ | ૧૧ | – | ૧૬ | ૧ | ૬ | – | – |
| ૮ | ૧૯૮૫ | ૧૬૯ | ૧૪૫ | ૧ | ૧૫ | – | – | ૧૨૯ | ૧૨ | – | ૫ | ૧ | ૬ | – | – |
| ૯ | ૧૯૮૬ | ૧૮૩ | ૧૦૦ | ૧ | ૧૨ | – | – | ૧૫૭ | ૪ | – | ૬ | ૧ | ૨ | – | – |

સંદર્ભ : આઈ.જી.પી. કચેરી દ્વારા અપાયેલ માહિતી.

ઉપર્યુક્ત બન્ને કોઠાઓમાં બતાવેલા આંકડાઓને ઝીણવટ-પૂર્વક જોવામાં આવે તો પ્રથમ સમગ્ર દેશમાં ૧૯૮૦ના વર્ષમાં ૬૯.૩૪ % કેસો ના સાબિત થયા હતા. પરંતુ ત્યારબાદના વર્ષોમાં ના સાબિત થયેલા કેસોનું પૃથ્થકરણ કરીએ તો ૧૯૮૨-નાં વર્ષમાં તો લગભગ ૯૦ % કેસો ના સાબિત જાહેર થયા છે અને અનુક્રમે ૧૯૮૧ અને ૧૯૮૩ના વર્ષમાં ૮૨.૫૪ અને ૭૭.૫૪ % કેસો ના સાબિત થયા છે. આ બાબત ઘણી ગંભીર અને સૂચક છે. અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ ) ૧૯૫૫ના અધિનિયમમાં કેસોના સાબિત થતા હોવાનાકારણે તેમાં સુધારા કરવા શ્રી ઈલીયા પેરુમલ સમિતિ નીમી હતી. અને આ સમિતિ સહિત અન્ય સમિતિઓ વગેરેના સુચનોના આધારે તેમાં મહત્વ-ની કલમો ઉમેરીને અદ્યતન બનાવી નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ના નામે બહાર પાડયો હતો. ત્યારબાદ પણ આ જ કરુણાજનક સ્થિતિમાં ફેરફાર પડયો નથી એની સ્પષ્ટ પ્રતિતિ થાય છે.

આ અધિનિયમના અમલીકરણ બાબતમાં અથવા તો કેસો ના સાબિત થતા હોવાનું અથવા તો આ કેસોનું છેવટનુ પરિણામ શું આવે છે તે દર્શાવતા આંકડા જોઈએ તો પણ એ બાબત સ્પષ્ટ થાય છે કે ગુજરાત જેવા જાગૃત રાજ્ય તરીકે નામના મેળવેલા રાજ્યમાં પણ આવી કરુણતા જોવા મળતી હોય તો એનાથી બીજી કરુણતા કઈ હોઈ શકે ? સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ અને અન્ય લઘુમતીઓને પંપાળે છે અથવા તેમના હિતોની રક્ષા કરે છે એવા ફેલાવાતા પ્રચાર-નો આ આંકડા જોતાં અંત આવવો જોઈએ.

પરંતુ સંશોધનની દ્રષ્ટિએ મહત્વની બાબત એ છે કે આ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસો ખૂબ ઉંચા ટકામાં સાબિત

થતા નથી તો આ માટેના કયા કયા કારણો જવાબદાર હોઈ શકે ? જો આ કારણોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો જ અધિનિયમમાં રહેલી ખામીઓ સુધારી શકાય અને છટકબારીઓ દૂર કરી શકાય.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળના કેસો મોટા પ્રમાણમાં ના સાબિત થવાના કારણોની વિગતવાર માહિતી રાષ્ટ્ર સ્તરે ખૂબ ઓછી મળે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પંચ દ્વારા રાજયોને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ ના સાબિત થતા કેસોના મહત્વના કારણો જણાવવા કહેવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં અનુક્રમે કર્ણાટક અને તામીલનાડુ રાજયોએ કારણો જણાવ્યા હતા તે મુજબ

કર્ણાટક :

(૧) સાક્ષીઓ ફરી જવા.
(૨) શકિતશાળી અને લાગવગ ધરાવનાર આરોપી દ્વારા સાક્ષીઓને પોતા તરફી કરી ફોડી નાખવા.
(3) ફરિયાદી પોતે જ બીક અથવા લાલચનો ભોગ બની કેસ ચલાવવા માગતા નથી.

તામીલનાડુ :

(૧) નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫માં આરોપીને કેદની સજા ફરજિયાત હોવાના કારણે આરોપી પોતે જ ફરિયાદી સાથે સમાધાન કરી લે છે અને છેવટે કોર્ટમાં સુનાવણી દરમિયાન ફરિયાદી પોતે જ ફરી જાય છે અને કેસ ચલાવવામાં સહકાર આપતા નથી.

(૨) મોટાભાગના અનુસૂચિત જાતિના લોકો બિન અનુસૂચિત જાતિના લોકોને ત્યાં કામ કરે છે. તેથી તેઓ કેસ ન ચલાવવા માટે ફરિયાદી ઉપર દબાણ લાવે છે.

(૩) કેસનો નિકાલ થવામાં વિલંબ.

કોઠો : ૨ : ૮

ગુજરાત રાજ્ય પોલીસ સંશોધન કેન્દ્રના ઉપક્રમે અસ્પૃશ્યતા (ગુના) અધિનિયમ : ૧૯૫૫ અને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળ રાજ્યમાં ૧૯૭૬- ૧૯૭૭ અને ૧૯૭૮ના વર્ષોમાં નોંધાયેલા અને કોર્ટમાં 'ના સાબિત' થયેલા એવા ૨૮૧ ચુકાદાઓના મુખ્ય કારણો.

| ક્રમ. ના સાબિત થવાના મુખ્ય કારણો. | ના સાબિત થવાની ટકાવારી. | | |
|---|---|---|---|
| | ૧૯૭૬ | ૧૯૭૭ | ૧૯૭૮ |
| ૧ ફરિયાદી ફરી જવા | ૫.૦૮ | ૮.૨૭ | ૨૬.૯૭ |
| ૨ સાક્ષીઓ ફરી જવા | ૧૩.૫૬ | ૧૪.૨૯ | ૨૬.૯૭ |
| ૩ પુરાવામાં વિરોધાભાસ. | ૫.૦૮ | ૬.૦૭ | ૧.૧૨ |
| ૪ અતિશયોકિતભરી ફરિયાદ. | ૧૬.૯૫ | ૧૧.૨૮ | ૧૫.૭૩ |
| ૫ 'ઢેડા' શબ્દ પ્રયોગ ગુન્હો બનતો નથી. | ૧૦.૧૯ | ૧૧.૨૮ | ૬.૭૪ |
| ૬ દુશ્મનાવટ અને ઉશ્કેરણી. | ૧.૬૯ | ૨.૨૬ | ૧.૧૨ |
| ૭ સાક્ષીઓના હિતો. | ૮.૪૭ | ૬.૦૨ | ૮.૯૯ |
| ૮ ફરિયાદ નોંધાવામાં વિલંબ. | ૮.૪૭ | ૨.૨૬ | ૧.૧૨ |
| ૯ સ્પષ્ટ અથવા અપુરતા પુરાવા. | ૧૦.૧૭ | ૧૨.૭૮ | ૭.૮૭ |
| ૧૦.સમાધાનને કારણે 'ના સાબિત' | ૨૦.૩૪ | ૨૧.૮૦ | - |

સંદર્ભ :- કમિશ્નર, શેડ્યુલ કાસ્ટ અને શીડયુલ ટ્રાઇબ્સનો ૨૭મો અહેવાલ - ૧૯૭૯ થી ૮૧, ભાગ - ૧ પાન નં. ૨૨૭.

ઉપર્યુકત કર્ણાટક અને તામીલનાડુ રાજ્યોના તારણો તેમજ કોઠામાં દર્શાવ્યા મુજબ ગુજરાત રાજ્યમાં કેસો નિષ્ફળ જવાના જે કારણો આપવામાં આવ્યા છે એની વિગતવાર ચર્ચા કરીએ એ ઉપયોગી બની રહેશે.

**(૧) ફરિયાદી ફરી જવા :-**

આ અધિનિયમ હેઠળના કેસોના નિકાલમાં ફરીયાદી ફરી જવાની ટકાવારી ઘણી ઉંચી છે. ફરિયાદી ફરી જવાના કારણથી પ્રથમ દ્રષ્ટિએ એવી છાપ ઉભી થાય કે કેસ ખોટો હોવાને કારણે ફરી જાય છે. પરંતુ આ કારણમાં કેટલાક ટકા વજુદ હોય તો પણ બીજા કારણો પણ જવાબદાર હોય છે. એવું ક્ષેત્રકાર્ય દરમિયાન આ અભ્યાસ માટે પસંદ કરાયેલા અને અન્ય કુટુંબોની મુલાકાત અને આગેવાનો, પોલીસ અધિકારીઓ સાથેની ચર્ચા આધારે કહી શકાય. ફરિયાદી ફરી જવા માટે કોર્ટમાં જે ભારે વિલંબ થાય છે તેનાથી કંટાળીને આખરે આ કેસમાંથી છૂટવા માટે ફરી જતાં હોય છે. એવું પણ ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું છે.

સામાન્ય રીતે જયાં બિનઅનુસૂચિત જાતિનું ભારે વર્ચસ્વ, સત્તા અને 'પહોંચ' હોય ત્યાં અનુસૂચિત જાતિના લોકોનું ગમે તેટલું શોષણ થાય અને આ અધિનિયમનો છડેચોક ભંગ કરે એવા વાતાવરણ વચ્ચે ખૂબ ઓછા ફરિયાદી બહાર આવે છે. અને આ ફરિયાદ નોંધાવતા પહેલાં પણ આ વ્યકિતને ભારે યાતના અને માનસિક તનાવમાંથી પસાર થવું પડે છે. વળી ફરિયાદી નોંધાયા બાદ જુદા જુદા સ્તરેથી આ ફરિયાદ પાછી ખેંચી લેવાના તમામ માર્ગો અજમાવવામાં આવે છે. ઘણીવાર તો આ ફરિયાદી સાથે જ નહિં પરંતુ તેમના કુટુંબના અન્ય સભ્યો, સગાંઓ તેમજ

તેમજ તેમની પેટા-જાતિના લોકો સહિત અન્ય પેટા જ્ઞાતિઓના લોકોએ જાત જાતની તરકીબો અપનાવી ફરિયાદીને હેરાન પરેશાન કરવામાં આવતાં છેવટે ફરિયાદીના પોતાના લોકો જ આ કેસનો નિકાલ કરી દેવા તમામ પ્રકારનું દબાણ લાવે છે. અને બીજી તરફ કોર્ટમાં લાંબા સમય સુધી કેસનો નિકાલ ન થતાં શકિતશાળી ફરિયાદી પણ આમાંથી છૂટવા કાં તો સમાધાનનો માર્ગ અપનાવે છે અથવા સુનાવણીમાં ફરી જાય છે. જેથી કેસનો નિકાલ થઈ જાય.

મહેસાણા જિલ્લાના ક્ષેત્રકાર્ય દરમિયાન ખોલવાડા ગામના કેસમાં પણ આવુ જ બન્યું હતુ. અલબત્ત આ કિસ્સા માટે તો આગળ આર્થિક કારણો પણ જવાબદાર હોવાથી યોગ્ય સ્થળે તેની ચર્ચા વણી લઈશું જ. આ કેસમાં ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા તેમના મોટાભાઈ અને કુટુંબના બીજા સભ્યો વગેરે તરફથી કૌટુંબિક ભારે દબાણ લાવવામાં આવ્યુ હતુ અને છેવટે તેમણે આરોપી સાથે આગેવાનોની હાજરીમાં સમાધાન કરી ફરિયાદ પાછી ખેંચી લેવાનું નકકી કર્યું. છેવટે એકવાર ફરિયાદ નોંધાતા અને તે પાછી ખેંચી લેવા માટે તેમણે આ ફરિયાદ ખોટી રીતે કરી હોવાનુ નિવેદન આપવું પડયું હતું. છેવટે પોલીસના ગુન્હા રજિસ્ટરમાં ' ખોટી ફરિયાદ ' તરીકે નોંધ કરાઈ હતી. અને આનો આ રીતે પણ નિકાલ કરવામાં શું શું બન્યું હશે એ જાણવું તો શકય જ નથી.

(૨) સાક્ષી ફરી જવા :-

આ અધિનિયમમાં પણ ફરિયાદીની જેમ સાક્ષીઓ ફરી જવા એ પણ મહત્વનું કારણ છે. પોલીસ અધિકારીઓની એક ફરિયાદ અથવા કોઈ કેસ સબળ રીતે રજુ કરવામાં જે તકલીફો

પડે છે તેમા કેસના સાક્ષીઓ મળતા નથી તેમજ પંચનામામાં સાક્ષી વગેરે સહી કરવા પણ તૈયાર હોતા નથી. તેથી છેવટે અનિર્ણાયિક વ્યક્તિઓને સાક્ષીઓ રાખવા પડે છે. જે કોર્ટમાં ફરી જતાં કેસ સાબિત થતો નથી અને આરોપી નિર્દોશ છૂટી જાય છે. આ અધિનિયમ હેઠળના કેસોમાં પણ આ પ્રમાણે બનતું હોય છે.

પાટણ પોલીસ જિલ્લાના હરિજન સેલમાં અગાઉ લાંબી ફરજ બજાવનાર અધિકારી સાથે કેસો નિષ્ફળ જવા અંગે ચર્ચા કરી હતી ત્યારે તેમણે સ્પષ્ટ પણે જવાબ આપ્યો હતો કે કેસ તૈયાર કરવામાં સાક્ષીઓ તૈયાર થતા નથી તેથી જેમને તૈયાર કરવા પડે છે તે કોર્ટમાં ફરી જાય છે. તેમણે વધુમાં એવું પણ જણાવ્યુ હતું કે ખુદ હરિજન સેલ દ્વારા કરાયેલા ' ટ્રેપ કેસો 'માં સાક્ષીઓ ફરી જતાં કેસો સાબિત થઈ શકયા નથી અને આરોપીઓ નિર્દોશ છૂટી જાય છે. કેટલાક કિસ્સાઓ ખાસ કરીને આવા ' ટ્રેપ કેસો 'ના કિસ્સામાં જે તે હોટલના માલિક સાક્ષીને થોડા પૈસા આપીને ફોડી દે છે. અંતે કોર્ટમાં તેઓ ફરી જતા કેસ નિષ્ફળ જાય છે. કોર્ટમાં દાર્શનિક પુરાવા હોવા ખૂબ જરૂરી હોય છે. તે સિવાયના કેસ, સાચા હોય તો પણ સરળતાથી નિષ્ફળ જાય છે.

## (૩) પુરાવામાં વિરોધાભાસ :

આ અંગે શું બનતું હશે એની ઊંડાણ વિગતો ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળી નહોતી. પરંતુ મહેસાણા જિલ્લામાં એક ઉચ્ચ પોલીસ અધિકારીએ કેસો ના સાબિત થવાના કારણોની ચર્ચા કરતાં જણાવ્યુ હતું કે એક કેસમાં જેમાં ફરિયાદીને માર મારવામા આવ્યો હતો તેમજ તેની સામે

અપમાનજનક શબ્દો કહી તિરસ્કાર કરવામાં આવ્યો હતો. કોર્ટમાં ફરીયાદીને પુછવામાં આવ્યું હતુ કે આરોપીએ તેમને માર્યા હતા ? ફરિયાદીએ 'હા' કહેતાં એવી દલીલ કરાઈ કે ફરિયાદીને આરોપીએ મારતાં તેના હાથ વગેરે ફરિયાદી-ના અંગ સાથે અડયા જ હોય તો અસ્પૃશ્યતા કયાં રહી કહેવાય ? અને આમ કેસ ના સાબિત કરવામાં આવ્યો.

પોલીસમાં જયારે આ અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાય છે ત્યારે અંતે ફરિયાદીને ' સાલા ઢેડા ' શબ્દ કહી તિરસ્કાર કર્યો હતો. એવી નોંધ એફ.આઈ.આર.માં કરવામાં આવે છે અને કોર્ટમાં રજુઆત વખતે આરોપી ગુસ્સે થઈ ગયા અને શબ્દો બોલ્યા હતા. તેથી કોર્ટમાં બચાવ પક્ષના વકીલ દલીલ કરે છે કે ફરિયાદીનો માત્ર તિરસ્કાર કરવા માટે જ આ શબ્દો બોલ્યા હોવાનુ સાબિત થતું નથી. આમ વિરોધાભાસી પુરાવામાં કેસ આરોપીને નિર્દોશ જાહેર કરે છે. કોર્ટના નિર્ણયમાં

## ૪ ) અતિશયોકિત ભરી ફરિયાદ :

જયારે ફરિયાદ નોંધાવામાં આવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ તેની વ્યવસ્થિત રીતે રજુઆત ન થાય. પરંતુ ફરિયાદ નોંધનારે આ બાબતને વ્યવસ્થિત નોંધ કરવી જોઈએ. અલબત્ત પોલીસ અધિકારીઓએ આ બાબતમાં એવું જણાવ્યું હતું કે આ અધિનિયમના કેસોમાં તેમની ઉપર ઘણી-વાર બહારનું દબાણ લાવવામાં આવે છે. અને કેસ 'મજબૂત' બનાવવાનું કારણ આગળ ધરી, વધુ કલમો લગાડવા અસંગત બાબતો પણ ઉમેરી દેવામાં આવતાં કોર્ટમાં તેમની તર્કસંગતા જળવાઈ રહેતી નથી. છેવટે કોર્ટમાં કેસ ટકી શકતો નથી.

### (૫) ' ઢેડા ' શબ્દ પ્રયોગ ગુન્હો બનતો નથી :

અગાઉ ચર્ચામાં વારંવાર જોયું છે કે કેસો નિષ્ફળ જવા માટેનું મહત્વનું કારણ ' અસ્પૃશ્યતા' ની વ્યાખ્યાનો અભાવ, પણ છે. સ્પષ્ટ વ્યાખ્યાના અભાવે ' અસ્પૃશ્યતા 'નુ અર્થઘટન જુદી જુદી જગ્યાએ અલગ અલગ થાય છે. જે કેસને નિષ્ફળ સાબિત કરવામાં સહાયભૂત થાય છે. મહેસાણા જિલ્લામાં ૧૯૮૪ના વર્ષમાં નોંધાયેલા કેસોની વિગતોના પરિશિષ્ટમાં જોતાં જોઈ શકાય છે કે ' ટ્રેપ કેસ ' સિવાયના કેસોમાં ' સાલા ઢેડા ' કહી તિરસ્કાર કર્યો, એવા શબ્દો ફરિયાદીને લગાડવામાં આવ્યા હતા

### (૬) દુશ્મનાવટ અને ઉશ્કેરણી :

મહેસાણા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતુ કે કાયદાનો જેમ ઉપયોગ થાય છે તેમ તેનો દૂરઉપયોગ પણ થાય છે. અને આ અધિનિયમના કેસોમાં આ પ્રમાણ જોવા મળે જ છે. ખોલવાડા ગામના કેસમાં બાબતમાં તપાસીએ તો મૂળ કારણ ફરિયાદીની જમીન આરોપીને વેચવા બાબત-માં જે મનદુઃખ ઉભુ થયુ હતું. તેમાં અન્ય લોકોની ચઢવણીનો ભોગ બની ઉશ્કેરાટમાં આવી ફરિયાદ નોંધાવી. પાછળથી ફરિયાદી ઉપર દબાણ આવતાં અને સમાધાન થતાં ફરિયાદ પાછી ખેંચવાની વિધી કરવી પડી હતી.

આ જ વ્યકિત સામે ગણેશપુરા ગામના ભાઈઓ જે કેસ કર્યો હતો તેના મૂળમાં આરોપી અને તેમની જ્ઞાતિના બીજી વ્યકિત ગ્રામ પંચાયતની ચુંટણીમાં ઉભા હતા. આરોપી ચુંટાયા અને તેમના હરિફ હારી જતાં તેમનુ અંગત વેર લેવા

જે માટે ફરિયાદીને ઉશ્કેરણી વગેરે કરી એકવાર ફરિયાદ નોંધાવડાવી. આમ અનુસૂચિત જ્ઞાતિના લોકોના પોતાના અંગત કારણો તેમજ વર્ચસ્વિકૃત જ્ઞાતિના લોકોના દબાણમાં આવીને તેમના પક્ષામાં રહી તેમના હિતો સાચવી રાખવા ફરિયાદી તરીકે બહાર આવવું પડે છે. અને આવા કેસોમાં પણ સુનાવણી થતાપહેલાં તો સમાધાન થઈ જાય છે અથવા સમાધાન કરી દેવું પડે છે. અને આમ કેસનો અંત આવી જાયછે.

(૭) સાક્ષીઓના હિતો :

સાક્ષીઓ ઓછામાંઓછું પોતાને 'કેસ'ને કઠતા વાતાવરણમાંથી છૂટવા અથવા ભવિષ્યમાં પડનાર શકય આફતમાંથી છૂટવા જેવા હિતો સાચવવા સાક્ષીઓ સુનાવણી વખતે ફરી જઈ તેમાંથી મુકિત મેળવી લે છે.

(૮) ફરિયાદ નોંધવામાં વિલંબ :

અલબત્ત અમારા ક્ષેત્રકાર્ય દરમિયાન ફરિયાદ નોંધાવામાં વિલંબ થયાના અથવા વિલંબને કારણે ફરિયાદ ન નોંધાયાના કેસો જાણવા મળ્યા નથી.

(૯) સ્પષ્ટ અને અપૂરતા પુરાવા :

કોર્ટમાં સ્પષ્ટ અને પૂરતા દાર્શનિક પુરાવા હોય તો જ કેસ સાબિત થઈ શકે છે.

(૧૦) 'સમાધાન'ને કારણે ના સાબિત :

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫માં કોર્ટમાં

સમાધાન કરવાની જોગવાઈ નથી. પરંતુ ફરિયાદી અને આરોપીઓ વચ્ચે આપસમાં અથવા તેમના સગાંઓ / નેતાઓ / જ્ઞાતિ પંચો જેવા દબાણ જુથો દ્વારા આ કેસોના સમાધાન થઈ જતા હોય છે અને આ સમાધાનમાં એવો પણ મુદ્દો રાખવામાં આવતો હશે કે ફરિયાદીએ અને સાક્ષીએ કોર્ટમાં ફરી જવું ~~અને~~ જેથી કેસ ' ના સાબિત ' જાહેર થાય છે.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ના અમલીકરણની વિગતવાર ચર્ચાના અંતે એ નોંધવું જોઈએ કે '' અસ્પૃશ્યતા ''ને બંધારણની કલમ : ૧૭થી નાબુદ કરવામાં આવી છે. તેમજ સદીઓથી ચાલી આવતા આ સામાજિક કલંકને દૂર કરવા જરુરી કાયદા ઘડવાની સંસદ-ને અપાયેલી સત્તાના સંદર્ભમાં અસ્પૃશ્યતા ( સબંધી ગુનાઓ) ૧૯૫૫ અધિનિયમ અમલી બનાવાયો. અને તેમાં નડતી મુશ્કેલીઓ અને અનુભવોના આધારે આ અધિનિયમને અદ્યતન બનાવવાના હેતુથી શ્રી ઇલા પેરુમલ સમિતિ નિમાઈ હતી અને આ સમિતિ તેમજ બીજી સમિતિઓ અને કમિશનર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ભલામણને ધ્યાનમાં લઈને આ અધિનિયમને અદ્યતન બનાવાયો હતો. તેમાં ઘણી મહત્વની કલમો નવી દાખલ કરાઈ હતી. તેમ છતાં તેના પરિણામો તરફ દ્રષ્ટિપાત કરીએ તો કરુણ ચિત્ર પ્રગટ થાય છે. ૮૯ % સુધીના કેસો ' ના સાબિત ' થાય એનો અર્થ એ કે અધિનિયમમાં હજુ પણ ધરખમ સુધારા કરવાની શકયતા રહેલી છે. તેમ જ 'ના સાબિત' થતાં કેસોના પણ ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે એ જરુરી છે. આ અધિ-નિયમ હેઠળ થતા કેસો ' ના સાબિત ' થવાની ટકાવારી

માં નોંધપાત્ર ઘટાડો કરવામાં નહિં આવે તો શકય છે કે બનાવોની સંખ્યામાં વધારો થશે તો પણ આજે અનેક મર્યાદાઓ અને હિતોના જોખમે ફરિયાદ કરવા આગળ આવનારમાં વ્યક્તિઓમાં નિરાશા આવી જશે. અને અંતે સમાજ સરકારની નિષ્ઠામાં અવિશ્વાસ વધશે જેની માઠી અસર વિકાસ કાર્યક્રમોને જ નહિં પણ સમગ્ર સમાજને થશે. એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. અસ્પૃશ્યતા અંગેના કાયદાઓ અંગેની આટલી વિગતો જોયા બાદ હવે પ્રકરણ - ૩માં આપણે અસ્પૃશ્યતાને સંલગ્ન કેટલીક બાબતો જેવી કે શિક્ષણ, આર્થિક સ્થિતિ, વસ્તી અને વિસ્તારની અન્યોન્ય અનુકૂળ અને પ્રતિકૂળ અસરો.

પ્રકરણ - ૩

XXXXXXXX

## અસ્પૃશ્યતા અને શિક્ષણ, આર્થિક સ્થિતિ, વસ્તી અને વિસ્તાર તથા રાજકીયકરણની પરસ્પર

## અનુકૂળ - પ્રતિકુળ અસર.

ભારતમાં સાંસ્કૃતિક, ધાર્મિક અને ભાષાકીય વિવિધતા ની સાથે સાથે સામાજિક સ્તરીકરણનું આગવું સ્વરૂપ વિકસ્યું છે તે છે જાતિ વ્યવસ્થા. આ જાતિ વ્યવસ્થામાં પણ ખાસ અર્થવાળી વ્યવસ્થા હયાત છે તેને સામાજિક જુથો તરીકે વર્ણવવામાં આવે છે. આવું એક સામાજિક જુથ કે જેની પાસે આવકનાં સ્ત્રોત તથા સોદાશકિતના અભાવને લઈ તેનું વિશાળ ફલક ઉપર શોષણ થાય છે. તે ''અસ્પૃશ્યો '' તરીકે ઓળખાય છે. જયારે અન્ય જૂથ કે જે આર્થિક સ્ત્રોતો ઉપર કબજો જમાવીને બેઠું છે તથા રાજકીય સત્તાનો પૂરજોશમાં ઉપયોગ કરી વિશેષ અધિકારી ભોગવે છે તે ઉચ્ચ જાતિઓ ( Upper castes ) તરીકે ઓળખાય છે. આ બે જુથોમાંથી બચેલાઓને બહારની સામાજિક જાતિઓ ( Social outcastes ) તરીકે ઓળખવામાં આવે છે.

અસ્પૃશ્યો સમયે સમયે જુદા જુદા નામથી ઓળખાયા છેલ્લે તેઓ અનુસૂચિત જાતિઓ તરીકે ભારતનાં બંધારણમાં ઉલ્લેખાયા તે અંગેના ઈતિહાસમાં ન પડતાં હવે પછીના લખાણમાં તેમને અનુસૂચિત જાતિઓ તરીકે જ ઉલ્લેખ થશે. અનુસૂચિત જાતિનાં

લોકોને વિવિધ વર્ગોના લોકો જુદા જુદા સંદર્ભમાં કલ્પે છે એટલું જ નહિ જુદા જુદા સંદર્ભમાં ઉપભોગે પણ છે. જેમ કે ગામડાના જમીનદાર, ગીરાસદાર અથવા શહેરનાં કોન્ટ્રાકટરોનાં મતે અનુસુચિત જાતિના લોકો સસ્તાં મજુરો છે. મતલબનાં મલીદા ખાનારા રાજકારણીઓના મતે તેઓ સલામત મત બેંક છે. અને રૂઢી ચુસ્ત હિંદુઓના મતે તેઓ અપવિત્ર દુષણ છે. જ્યારે મહત્વાકાંક્ષી સમાજ સુધારકો અને ધર્માંધ ધર્મ પ્રચારકો માટે પ્રયોગ માટેનું અને ધર્મપરિવર્તન માટેનું વિશાળ ક્ષેત્ર છે.

ઉપર દર્શાવેલ બધા જ અનુસૂચિત જાતિઓની અસમર્થતા તથા પરાવલંબનનો લાભ ઉઠાવે છે. અનુસૂચિત જાતિઓની મોટામાં મોટી જો કોઈ સામાજિક અસમર્થતા હોય તો તે છે અસ્પૃશ્યતા. ઉપર દર્શાવેલ હકિકત પરથી કેટલાક વિશીષ્ટ પાસાઓ જેવા કે શિક્ષણ, સંપત્તિ, વસ્તી, વિસ્તાર અને રાજકારણ સ્પષ્ટ તરી આવે છે. તેનો સીધો યા આડકતરી રીતે અસ્પૃશ્યતા સાથે સંબંધ રહેલો છે. આટલી પૂર્વભૂમિકા સાથે હવે તે દરેક પાસાની અસ્પૃશ્યતા સાથે હકારાત્મક અને નકારાત્મક પરસ્પર શું અસર છે તેને મુલવવાનો પ્રયાસ કરીશું.

શિક્ષણ :-

શિક્ષણ એ પરિવર્તનનો પ્રેરણાદૂત છે એમ કહીએ તો તેમાં તસુભાર પણ અતિશયોકિત નથી કારણકે ભારતના નાગરિકો માટે તો એ અનુભવજન્ય બાબત છે. ભારતમાં પ્રવર્તમાન અસ્પૃશ્યતા સામે જેણે જેણે પ્રયત્નો કર્યાં છે તેઓએ શિક્ષણને

પ્રાધાન્ય આપ્યુ જ છે. ૧૭૮૦થી ૧૮૮૦નાં સમયગાળા દરમ્યાન ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારકોનો ખૂબ જ પ્રભાવ હતો. તેમણે જાતિપ્રથા પર કઠોર પ્રહારો કરી અસ્પૃશ્યોને શિક્ષણ પ્રતિ આકર્ષવાના પ્રયત્નો કર્યા હતા. રાજા રામમોહનરાયે પણ બ્રમ્હોસમાજમાં નાતજાતના ભેદભાવ વિના અસ્પૃશ્યોને પ્રવેશ આપી એઓમાં જાગૃતિ આણવાના પ્રયાસો કર્યા હતા. તેવી જ રીતે દયાનંદ સરસ્વતીનો ફાળો પણ નોંધપાત્ર છે. ૧૯૦૩ માં વી.આર.સી-દે દ્વારા દલિત વર્ગ મીશન સમાજની સ્થાપના કરી હતી. તેમાં વિશેષત: અસ્પૃશ્યોને શિક્ષણ આપવા ઉપર ભાર આપવામાં આવ્યો હતો. ગાંધીજીએ પણ હરિજનો માટે શિક્ષણ અતિ મહત્વનું ગણાવ્યું હતું. સયાજીરાવ ગાયકવાડને કેમ ભુલી શકાય. તેમણે અંત્યજોનાં શિક્ષણ માટે અભૂતપૂર્વ કામ કર્યું હતુ તેના પરિપાકરુપે દલિત સમાજને ડો.ભીમરાવ આંબેડકર જેવા મહામાનવ મળ્યા. તેઓએ પણ '' પીપલ્સ એજ્યુકેશન સોસાયટી '' નામની શૈક્ષણિક સંસ્થા સ્થાપી તેના મારફતે ઠેરઠેર શૈક્ષણિક સંસ્થાઓ શરુ કરી હતી. તેમાં કોલેજો અને પોલીટેકનીકોનો પણ સમાવેશ થતો હતો.

શિક્ષણ એ પરિવર્તનનો પ્રેરણાદૂત છે. સાથે સાથે શિક્ષણ એ સામાજિક સુધારણા માટેનું પણ અસરકારક સાધન છે. સમાજ એ વ્યકિતઓનો બનેલો છે. વ્યકિતનાં વર્તનને બદલવા માટે જો કોઇ અસરકારક પરિબળ હોય તો તે શિક્ષણ છે સાથે સાથે વ્યકિતનું વલણ તેનાં વર્તનને મકકમ રીતે દ્રષ્ટિભૂત કરે છે. આમ વ્યકિતના વર્તન અને વલણ બન્ને ખૂબ જ સંજાયેલા છે તેના ઉપર શિક્ષણ ધારી અસર ઉપજાવી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો શિક્ષણની પ્રક્રિયા વ્યકિતને સારુ અને નરસું, હિત-અહિત, સાચું અને ખોટું, યોગ્ય અને અયોગ્ય, વ્યાજબી અને ગેરવ્યાજબી તરફ વિચારવાને સમર્થ બનાવે છે.

સાથે સાથે શિક્ષણની બીજી સિધ્ધિ એ છે કે તે સામાજિક ગતિશિલતા સાથે સંકળાયેલી છે. સમાજની પ્રણાલિકાઓ અને રુઢિઓમાંથી કઈ પોતાને ઉપકારક અને હાનિકારક છે તે નકિક કરે છે. તે અંગે વિચારે છે અને પછી તેને અમલમાં મુકે છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી જોઈએ તો વ્યકિત દરેક શિક્ષણ પ્રક્રિયામાં સહભાગી બને તો તેનામાં સામાજિક ચેતના ઉદ્દભવે છે. તેનાથી વર્ટિકલ કે હોરીઝેન્ટલ પરિવર્તન પણ આવે. ઉપર જણાવ્યુ તેમ વ્યકિતનું માનસ રુઢિચુસ્તતા છોડીને વિકાસવાદી, પ્રગતિશીલ બને છે. દા.ત. અનુસૂચિત જાતિનાં લોકો ગંદા વ્યવસાયમાં રોકાયેલા છે. જો તેઓની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધરે તો તેઓ તેમનાં પરંપરાગત વ્યવસાય ત્યજીને તેઓ જે અન્ય વ્યવસાય કરવાને સમર્થ હોય ત્યાં ગોઠવાઈ જાય છે. પરંતુ તે શિક્ષણ અને વ્યવસાય સંબંધી તાલીમ મેળવ્યા સિવાય શકય નથી. આમ સમાજમાં પ્રવર્તતા ઉંચનીચનાં ખ્યાલો, જાતિભેદો, ધર્મભેદો અને અસ્પૃશ્યતા જેવા દુષણોને દૂર કરવાનું એકમાત્ર સાધન શિક્ષણ છે. અસ્પૃશ્યો સદીઓથી અશિક્ષિત હોવાથી બધી જ રીતે અત્યંત પછાત રહયા છે. ભારતમાં વૈદિક કાળમાં શુદ્રોને શિક્ષણનો અધિકાર નહતો. શ્રુતિ અને સ્મૃતિકાળમાં જ્ઞાતિબંધનો વધુ જડ બન્યા અને જન્મનાં આધારે જ્ઞાતિ નિશ્ચિત થવા લાગી. જેમાં અસ્પૃશ્યતાએ વધુ દ્રઢ સ્વરુપ ધારણ કર્યુ.

અસ્પૃશ્યોને શિક્ષણ મળે તેવા પ્રયત્નો જોઈએ તો પાદરીઓએ પછાત વિસ્તારોમાં મિશનરી સંસ્થાઓ સ્થાપી શાળાઓ શરુ કરી જેમાં અસ્પૃશ્યોને પ્રવેશ આપવામાં આવ્યા. રાજા રામમોહનરાયે બ્રમ્હોસમાજ ધ્વારા તથા દયાનંદ સરસ્વતીનો ફાળો અસ્પૃશ્યોમાં જાગૃતિ લાવવા માટે નોંધપાત્ર છે.

૧૮૫૬માં મહારાષ્ટ્રમાં ધારવાડ જિલ્લાની એક સરકારી શાળામાં એક મહાર બાળકને પ્રવેશ ન આપતા ગવર્નર ઈન કાઉન્સિલે અસ્પૃશ્યોને શાળામાં પ્રવેશ આપવા દરમ્યાનગીરી

કરી તેઓ માટે સરકારી શાળામાં પ્રવેશ માટે પ્રબંધ કર્યો હતો. ૧૮૭૩માં જ્યોતિબા ફુલેએ અસ્પૃશ્ય બાળકો માટે જુદી શાળા શરુ કરી હતી. આ ઉપરાંત ગોખલે, વિ.કે.શીંદે, ઠક્કરબાપાનો અનુસૂચિત જાતિઓમાં શિક્ષણ વધારવા માટેનો ફાળો નોંધપાત્ર છે.

ડો.ભીમરાવ આંબેડકરે '' પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'' અને શ્રી ભાઉરાવ પાટીલે '' રૈયત શિક્ષણ સંઘ ''ની સ્થાપના દ્વારા અસ્પૃશ્યો માટે શિક્ષણ વ્યવસ્થા ઉભી કરી હતી. પૂ.ગાંધીજીએ '' હરિજન સેવક સંઘ '' ની સ્થાપના કરી હતી. તેના દ્વારા અસ્પૃશ્યો માટે આગવી શાળાઓ અને છાત્રાલયો શરુ થયા હતા. વડોદરાના મહારાજાશ્રી સયાજીરાવે ઈ.સ. ૧૮૮૩માં અસ્પૃશ્ય શાળાઓ શરુ કરી હતી.

સ્વાતંત્ર્તા બાદ બંધારણની કલમ-૪૬થી શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણના વિકાસ માટે ખાસ જોગવાઈ કરવાની રાજ્ય સરકારોને સત્તા આપવામાં આવી છે. તે અનુસાર આપણા દેશમાં અનુસૂચિત જાતિઓમાં શિક્ષણના પ્રચાર પ્રસાર નાં પ્રયત્નો થઈ રહયા છે.

આપણો દેશ આઝાદ થયાને સાડા ત્રણ દાયકા બાદની અનુસૂચિત જાતિની શિક્ષણ અંગેની સ્થિતિ દર્શાવતા પ્રા. રામલાલ પરીખ લખે છે કે '' શિક્ષણની દ્રષ્ટિએ જોઈએ તો અનુસૂચિત જાતિમાં સાક્ષરતાની ટકાવારીનો દર સમગ્ર દેશના ૩૩ ટકાની સામે ૧૪ ટકા છે. ગુજરાતમાં તે ૨૩.૪૬ ટકા છે. સમગ્ર દેશમાં મહિલાઓની ૨૨ ટકાની સાક્ષરતાની

સામે ૬.૪ ટકા સ્ત્રીઓ જ ભણેલી છે. આમ અનુસૂચિત જાતિમાં માત્ર ૨૨ પુરુષો અને સવા ૭ ટકા સ્ત્રીઓ ભણેલી છે. જે સમાજનાં સ્ત્રી વર્ગમાં ૯૪ ટકા નિરક્ષરતા પ્રવર્તતી હોય ત્યાં અસ્પૃશ્યતા નાબુદી કેવી રીતે સિધ્ધ થાય ?"

તેમ છતાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા અનુસૂચિત જાતિનાં શિક્ષણ વધારવાનાં પ્રયત્નો ફળદાયી નીવડયા છે તેને કોઈ નકારીશકે તેમ નથી. પરંતુ જ્યાં સુધી અસ્પૃશ્યતાને લાગુ પડે છે ત્યાં સુધી શિક્ષણનો તેની સાથે શું સંબંધ છે તે આપણે અભ્યાસમાં આવરેલા ~~૧૯૫૫માં નાગરિક હક્ક સુરક્ષણ અધિનિયમ~~ ૧૯૫૫નાં નાગરિક હકક સુરક્ષણ અધિનિયમ હેઠળ નોંધાયેલ કિસ્સાઓ પરથી જોઈએ.

(૧) શિક્ષણથી અગાઉ આપણે જોયુ તેમ વ્યકિત સારા-નરસાં, તથા લાભ-ગેરલાભને સમજી શકે છે. તેવી જ રીતે દિનપ્રતિદિન અનુસૂચિત જાતિમાં શિક્ષણનો ફેલાવો થતો જાય છે તેમ તેમ તેઓને જયાં જયાં હડધૂત કરવામાં આવતા હતા. તેઓનું જયાં જયાં શોષણ કરવામાં આવતું હતું તે સમજવા લાગ્યા, એટલું જ નહીં પરંતુ શિક્ષિત અનુસૂચિત જાતિના લોકો તેનો વિરોધ કરવા લાગ્યા. આથી પહેલાં જ્યારે અનુસૂચિત જાતિનાં લોકો અભણ, અજ્ઞાન હતા ત્યારે જેમ શોષાતા દબાતા રહેતા હતા. અસ્પૃશ્યતાના અમાનવીય વ્યવહારને સ્વભાવગત સહન કરી લેતા હતા ત્યારે સવર્ણ સમાજની તેનાં ઉપર રહેમ નજર રહેતી હતી. જ્યારે શિક્ષિત અસ્પૃશ્યો તેનો વિરોધ કરવા લાગ્યા ~~છે~~ ત્યારે ગામડામાં અનુ.જાતિના લોકો પ્રત્યે સવર્ણ સમાજનો વ્યવહાર બદલાયો નથી પરંતુ તેની પધ્ધતિમાં થોડો ફેરફાર આવ્યા છે.

ગામડામાં પહેલા સવર્ણ સમાજના લોકો અનુસૂચિતજાતિનાં લોકોને ઉઘાડે છોગ ' ઢેડ ' કહીને સંબોધતા હતા. હવે ' હરિજનો ' કહે છે. જો કે હરિજન એ ' ઢેડ ' શબ્દનો પર્યાય શબ્દ જ બની ગયો છે તે નોંધાવું રહ્યું.

આમ ઉપલક વ્યવહારમાં ફેરફારની સાથે અનુસૂચિત જાતિમાં શિક્ષણનાં પ્રચાર પ્રસાર સાથે અનુ.જાતિનાં શિક્ષિતોને કેટલીક વિશિષ્ટ અસ્પૃશ્યતાનો શિકાર બનવું પડયું છે. એટલે જ ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતામાં શ્રી આઈ.પી.દેસાઈ લખે છે કે '' અસ્પૃશ્યતા બાબતમાં સવર્ણોની માન્યતાઓ અને વલણોમાં ફેરફાર થાય તે પહેલા વર્તનમાં ફેરફાર થયો છે. પરંતુ આ તારણને પણ વધુ સંશોધન દ્વારા સમર્થનની જરૂર છે. '' ટૂંકમાં ફકત સવર્ણ સમાજમાં અસ્પૃશ્યતા બાબતમાં તેઓનાવર્તનમાં પરિવર્તન આવ્યું છે. પરંતુ તેમના વલણમાં કોઈ ફેરફાર થયો નથી. ડો. દેસાઈ તેમના એક લેખમાં ઉદાહરણ ટાંકે છે કે, '' તબીબી વિદ્યાશાખામાં એક એવો દાખલો પણ નોંધાયેલો છે જેમાં એક વિદ્યાર્થીને અગાઉની પરીક્ષાઓમાં ઘણા સારા માર્ક મળતા હતા તે એમ.બી.બી.એસ.ની પહેલા વર્ષની પરીક્ષામાં નાપાસ થયો પરંતુ પાછળથી સવર્ણની અટક ધારણ કરતાં તે સહેલાઈથી પાસ થઈ ગયો. '' આગળ જતાં છેલ્લા વર્ષની પરીક્ષામાં સર્જરી વિષયમાં એ પ્રથમ નંબરે આવ્યો. આવી રીતે અન્ય વિદ્યાશાખાઓમાં તેજસ્વી અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને શોષાવું પડયાના દાખલા છે. આને આપણે શિક્ષણ મેળવવામાં નડતી અથવા તો શિક્ષિતોને નડતી અસ્પૃશ્યતા ન કહી શકીએ ?

તે ઉપરાંત અસ્પૃશ્યતા નિવારણ માટે ફકત શિક્ષણ જ એક માત્ર ઉપાય હોત તો બૃહદ સમાજ તો વધુ શિક્ષિત છે. પરંતુ તે શિક્ષણ, અસ્પૃશ્યતા નિવારણમાં વધુ અસરકારક નીવડયું નથી.

પરંતુ એક ડગલું આગળ જઈ એમ કહી શકાય કે સવર્ણ શિક્ષિતોએ તો મનમાં પૂર્વગ્રહોના ઝુંપડા વાળીને અસ્પૃશ્યતાને પોષી છે. અનામત વિરોધી આંદોલન બાદ નીચી પાયરી ઉપર કામ કરતાં અનુસૂચિત જાતિના કર્મચારીઓ ખાનગી અહેવાલોમાં પૂર્વગ્રહિત ચેડા વધુ પ્રમાણમાં થયાનું કહેવાય છે.

ગ્રામ્ય સમાજમાં અસ્પૃશ્યતા બાબતમાં એક બાબત એ પણ જોવા મળે છે કે ગામડામાં કોઈ અજાણ્યા અનુસૂચિત જાતિનાં કર્મચારી આવે ત્યારે ગામના લોકો જાણતા હોય કે આ કર્મચારી અસ્પૃશ્ય છે તેમ છતાં અનુસૂચિત જાતિના શિક્ષિત સાથે સવર્ણો વ્યવહાર કરે છે. તેમાં અસ્પૃશ્યતાની હાજરીમુ હોયને હોય જ છે.

આથી વિપરીત હકીકત ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાનાં દનાદરા ગામે જોવા મળી. ક્ષેત્રકાર્ય દરમ્યાન પ્રાથમિક શાળામાં મધ્યાન્હ ભોજન યોજનામાં અનુસુચિત જાતિના બાળકો પ્રત્યે કયાંય અસ્પૃશ્યા જોવા મળે છે ? તે અંગેની વિગતો મેળવવાની હતી. પ્રથમ સવાલે શાળામાં અસ્પૃશ્યતા જેવુ રખાતુ હોય તો પણ જવાબ તો આ જ મળે કે, " સાહેબ, અમારે અહિં તો એવો કોઈ જ ભેદભાવ નથી. હરિજનના છોકરા - છોકરીઓ બધા સાથે જ બેસે છે. હરિજન મહોલ્લામાં શ્રી મગનભાઈ ગણેશભાઈને ઘેર જઈ માહિતી લઈ પાછો વળ્યો ત્યારે શાળામાં રીશેષ પડી હતી. હું શાળાના ઓરડામાં જઈને બેઠો રીશેષ હોવાથી કેટલાક બાળકો ઓરડામાં ન આવ્યા પણ બારી આગળ આવીને ઉભા રહયા. મેં તેમની સાથે વાતો શરુ કરી કયું ભણો છો ? ઠાકોર છો ? નામ શું ? વિગેરે પછી મેં પુછ્યું કે શાળામાં તમે જમવા બેસો છો ત્યારે હરિજનના છોકરા તમારી સાથે બેસે છે ? પરંતુ છોકરા કાંઈ બોલ્યા નહી.

મને સમજાયુ કે છોકરા સવાલ સમજી શકયા નથી. પછી મેં ફરીવાર પુછયુ કે તમને શાળામાં ખાવાનુ આપે છે ત્યારે ' ઢેડ 'નાં છોકરા તમારી જોડે બેસે છે ? તો એક છોકરો કહે 'ના' સાહેબ એ બીચારાને અમારાથી આઘા બેસાડે છે. આ વાત પત્યા પછી થોડીવાર પછી રીશેષ પુરી થઈ ધીરે ધીરે શિક્ષકો શાળામાં આવ્યા. શાળાના આચાર્ય ત્યાંના જાગીરદાર મુસ્લીમ છે. તે ગેરહાજર હોવાથી અનુસૂચિત જાતિના શિક્ષક ચાર્જમાં હતા. તેમની સાથે વાત શરુ કરી પછી મધ્યાહન ભોજનવાળી મુદ્દાની વાત ઉપર આવ્યો તો જવાબ મળ્યો કે ; '' સાહેબ, અહિં તો એવુ કાઈ નથી, બધાં જ છોકરાઓ સાથે બેસીને જમે છે ? '' પછી મેં કહયુ કે વાત બીલ્કુલ સાચી નથી મને મળેલી માહિતી અનુસાર અનુસૂચિત જાતિનાં બાળકોને અલગ બેસાડવામાં આવે છે. તો તે શિક્ષકભાઈ ભોંઠા પડયા હતા. પછી કહે સાહેબ અહિં ગામડામાં તો અમુક પ્રકારે તો રહેવાનુ જ ?

ત્યારે આપણને સવાલ થાય છે કે આ શિક્ષિત શિક્ષક અને વળી શિક્ષક તે પણ અનુસૂચિત જાતિનાં જ તે જાણે છે કે આ રીતે અનુસૂચિત જાતિનાં બાળકોને અલગ બેસાડવા તે ગુન્હો છે. તેમ ન બને તે માટે પ્રયાસ કરવો બાજુ રહયું પરંતુ કોઈ બહારથી આવીને પુછે ત્યારે પણ સાચી વાત ન કરવી ? આને આપણે શું કહીશું ?

આ સ્થિતિ જોઈ સવાલ થાય કે, '' શું શિક્ષણ અસ્પૃશ્યોની અસ્પૃશ્યતા નિવારણ કરવામાં સફળ નીવડયું છે ? કહેવાનુ તાત્પર્ય એટલુ જ છે કે પાતાના કેટલાંક સ્વહિતને કારણે અનુસૂચિત જાતિનાં શિક્ષિત લોકો પણ અસ્પૃશ્યતાને પોષાતા હોય છે.

શિક્ષણને લગતી આવી જ એક બીજી વાત જોઈએ. ૧૯૭૭માં નવેમ્બર મહિનાની ૮ તારીખના ટાઇમ્સ ઓફ ઈન્ડિયા, મુંબઈમાં તે વખતના રાજ્યપાલશ્રી શ્રીમન્નારાયણ ૬ઠી નવેમ્બરે અમદાવાદમાં એક સંમેલનમાં કહી હતી, '' જામનગરમાં એક હિંદુ, સ્ત્રી, કે જેનું ઓપરેશન કરવાનું હતુ તેને ખ્યાલ આવ્યો કે તેનું ઓપરેશન હરિજન ડોકટરના હાથે થવાનું છે ત્યારે તે સ્ત્રીને ઓપરેશન થીયેટરમાં લાવવામાં આવી હતી તેણે મોતને સ્વીકાર્યું હતુ પરંતુ હરિજન ડોકટરનાં હાથે ઓપરેશન ન કરાવ્યું. ''

આ કિસ્સો શું બતાવે છે ? ફકત અનુસૂચિત જાતિનાં લોકો શિક્ષિત બનવાથી જ અસ્પૃશ્યતા દૂર થઈ જશે ? તે માટે તો જાતિવાદી અને રુઢિચુસ્ત જાતિ વ્યવસ્થાના પાયા હચમચાવવા પડશે. તે માટે લોકમાનસને ફરીથી ઘડવું પડશે.

અનામત બેઠકોની પ્રથા એ છેલ્લાં ચાર પાંચ વર્ષોમાં ખાસ કરીને ગુજરાતમાં સવર્ણોનાં મનમાં અનુસૂચિત જાતિનાં લોકો પ્રત્યે અણગમાની લાગણી સર્જી છે. આઝાદી પહેલા શિક્ષિત અને જાગૃત વર્ગ એમ માનતો થયો હતો કે અસ્પૃશ્યતા દૂર કરવી એ એમની ફરજ છે. પરંતુ હવે તો અસ્પૃશ્યતા નિવારણનું કામ સરકારનુ છે તેમ માની તેઓ નિષ્ક્રિય બન્યા છે. નવાઈની વાત તો એ છે કે ખુદ ગાંધી વિચારસરણી વાળી સંસ્થાઓ અને કાર્યકરો પણ અસ્પૃશ્યતા નિવારણ બાબતે પહેલા જેટલા સક્રિય રહયા નથી.

શિક્ષણનો ફેલાવો થતા અનુસૂચિત જાતિનાં લોકો અને સવર્ણો વચ્ચેના સામાજિક સંબંધો ઘનિષ્ઠ બનવા જોઈતા હતા તેને બદલે પહેલા કરતાં વધુ તંગ બન્યા છે.

આગળ દર્શાવેલ ઉદાહરણો દ્વારા એમ કહેવાનું તાત્પર્ય

નથી કે શિક્ષણ એ પરિવર્તનના પ્રેરક બળ તરીકે નિષ્ફળ નીવડયું છે. પરંતુ શિક્ષણ દ્વારા અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં કયાં કયાં, કેવા કેવા અંતરાયો આવે છે ? અને તે શાને લઈને આવે છે ? એ દર્શાવવાનો આશય છે.

અનુસુચિત જાતિમાં હજુ શિક્ષણની આવશ્યકતા અંગે જેટલી સભાનતા કેળવાવી જોઈએ તેટલી કેળવાઈ નથી. વળી ગરીબાઈને કારણે તેઓ શિક્ષણ સાથેના અનુષાંગિક વધારાનો ખર્ચ પણ કરી શકે તેમ નથી. તથા છોકરા છોકરી કમાવા જેટલા થાય અને તે ભણવા જાય એનાથી મજુરી કરીને તેઓ આવકમાં વધારો કરે તે ગુમાવવું પણ તેમને પરવડતું નથી. તથા બેકારીના યુગમાં નોકરી મેળવવાની તીવ્ર હરીફાઈને લઈ બધાને સરકારી નોકરી મળતી નથી તથા અસ્પૃશ્યતા જેવા દુષણોને લઈ ખાનગી પેઢીઓમાં કામ મળતું ન હોવાથી અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણ પ્રત્યે અરુચિ પેદા થવા લાગી છે. કારણ ભણેલા યુવાનો પરંપરાગત વ્યવસાય કે મજૂરી કરતાં નથી અને નોકરી મળતી નથી તેથી શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધવાને બદલે અણગમો પેદા થાય છે. અનુસૂચિત જાતિના સમાજમાં અમુક ભણેલો યુવાન બેકાર રહે છે તો તે સમાજમાં પણ ટીકાને પાત્ર બને છે.

તેમ છતાં એ બાબત ભૂલવી જોઈએ કે અનુસૂચિત જાતિના લોકોને વિકાસની તકો પૂરી પાડવાની સરકારની યોજનાઓ તથા કાર્યક્રમોને શિક્ષણના ક્ષેત્રે એકંદરે સફળતા મળી છે. આઝાદી બાદ અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેતો દર દાયકા એ અનુસૂચિત જાતિનાં સાક્ષરતાના પ્રમાણમાં થઈ રહેલ વધારો જ સૂચવે છે. એ પણ હકીકત છે કે શિક્ષણ ક્ષેત્રે ઓછામાં ઓછી

અસ્પૃશ્યતા પળાય છે. તેમ છતાં આજના શિક્ષિતો અસ્પૃશ્યતા નિવારણનુ કામ કેવી રીતે કરે છે. તે અંગે અન્ય અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યો હતો તે આ પ્રમાણે છે.
" અમદાવાદ જિલ્લાનાં વિરમગામ તાલુકાનું દેત્રોજ ગામ છે, અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ આ ગામના છે. જાણવા મળ્યા પ્રમાણે. આ ગામમાં એક મંદિર છે ત્યાં કોઈ હરિજન અમલદાર આવે તો તેને રાખવામાં આવે છે તથા જ્યારે અસ્પૃશ્યતા નિવારણ અંગેનો કાર્યક્રમ હોય કે કોઈ ફરિયાદ સંબંધી તપાસ હોય ત્યારે એક મંદિર અલગ રાખેલુ છે. ત્યાં તે ગામના હરિજનોને પ્રવેશ કરવા દેવામાં આવે છે. આમ, અસ્પૃશ્યતા નિવારણ માટે અલગ મંદિર જ રાખવામાં આવ્યું છે. ગામના અન્ય મંદિરોમાં અનુસૂચિત જાતિના લોકોને પ્રવેશ આપવામાં આવતો નથી. અત્યાર સુધી એમ જ સાંભળવા મળતું હતુ કે અનુસૂચિત જાતિના લોકો માટે પાણીના નળ અલગ હોટલમાં કપરકાબી અલગ હોય તો મંદિરો પણ અલગ રાખતા હોય છે. " આમ કેટલીક વલણગત અસ્પૃશ્યતાનો પણ ઉદભવ થયો છે. જો કે શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું પ્રેરક બળ છે એ રીતે પણ શિક્ષણના વિકાસનુ મૂલ્ય વધે છે. શિક્ષણ આર્થિક વિકાસ અને રાજકીય સત્તાનો અસરકારક ઉપયોગ કરવાનુ એક માત્ર સાધન છે. તેથી શિક્ષણ દ્વારા આવી રહેલ પરિવર્તન અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં કેટલા ક વમળો ઉભા કરશે. તે કેવા હશે તે સમય જ બતાવશે.

ડૉ.આઈ.પી.દેસાઈ " સામાજિક પરિવર્તનના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતનુ અનામત આંદોલન " નામના લેખમાં એક અવલોકન એવું

મૂકયુ છે કે '' હરિજનો સામે હુમલો કરવામાં સૌથી વધુ ક્રૂર બનવામાં ખેડા, અમદાવાદ અને મહેસાણાના જમીનદાર પાટીદારો હતા. આજ જીલ્લાઓમાં શિક્ષિત હરિજનોનું પ્રમાણ સૌથી વધુ છે. '' અને છેલ્લે એક નજર ૧૯૮૪ની સાલમાં ખેડા, મહેસાણા અને રાજકોટ જિલ્લામાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ – ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસો માંથી અભ્યાસમાં આવરી લેવાયેલ ૫૯ કેસોનાં ફરિયાદીઓના શિક્ષણ તરફ.

કેસો કરનારમાં સૌથી વધુ એટલે કે ૨૨ (૩૭.૨૮ ટકા.) એવા હતા કે જેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. જયારે ૧૫ (૨૫.૪૨ ટકા) એવા હતા કે જેમણે માધ્યમિક શિક્ષણ મેળવ્યુ હતું. જયારે ૪ ( ૬.૭૭ ટકા ) ફરિયાદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલું હતું જયારે ૧૮ ( ૩૦.૫૦ ) ફરિયાદીઓ અભણ હતા. આમ ફરિયાદીમાં ૬૯.૫૦ ટકા શિક્ષિત અને ૩૦.૫૦ ટકા અભણ હતા.

ઉપરની બાબત દશાવે છે કે ફરિયાદી મોટા ભાગે શિક્ષિત જ હતા. જયારે ૩૦.૫૦ ટકા અભણ હતા. આ એ દશાવે છે કે ભલે અભણ હોય પરંતુ અન્યાય પ્રતયે અવાજ ઉઠાવવાની હિંમત અનુસૂચિત જાતિનાં લોકોમાં આવી છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન સવર્ણોની પણ મુલાકાત લીધી હતી. તેઓનો રોષ એ હતો કે, '' અમારાથી તો હરિજનોનું નામ જ ન લેવાય, કાંઈ ન કર્યું હોય અને જઈને ફરિયાદ કરી દે, અને એમનું તો બધાય સાંભળે છે, સરકાર એમની, કાયદાય એમના. '' શકય છે કે કોઈક જગ્યાએ અનુસૂચિત જાતિના લોકો દ્વારા અન્ય અદાવત કે વેરનો બદલો વાળવા પણ અસ્પૃશ્યતાનાં કેસો

થતા હશે પરંતુ તેનુ પ્રમાણ નજીવુ હશે તેવું પ્રસ્તુત અભ્યાસનાં ક્ષેત્રકાર્ય પરથી લાગે છે.

અસ્પૃશ્યતા અને અસ્પૃશ્યોની આર્થિક સ્થિતિ :

અનુસૂચિત જાતિઓ ફકત સામાજિક રીતે જ અસમર્થ નથી પરતુ આર્થિક રીતે પણ અસમર્થ છે. સામાજિક પછાતપણાને લઈ તેઓ આર્થિક પછાતતા પણ ભોગવે છે. અસ્પૃશ્યતાને લઈ તેઓ મર્યાદિત વેઠ વ્યવસાય જ કરે છે તેમ કહયા વિના એમ કહેવું જોઈએ કે તેઓ માટે અન્ય વ્યવસાય કરવા પર પ્રતિબંધ હોઈ તેઓ પાસે વેઠ વ્યવસાય જ કરાવવામાં આવે છે. તેમાં સફાઈ તથા ચર્મકામ જેવા ગંદા અને નિસહાય ખેતમજૂરી જેવા વ્યવસાયોનો સમાવેશ થાય છે. તેમાં માંડ તેઓ પેટપુરતો રોટલો રળે છે. જયારે પરિશ્રમમાંથી નીપજતી મલાઈ જમીનદારો લઈ જાય છે. ટૂંકમાં અસ્પૃશ્યતા નિવારણમાં સૌથી મોટું બાધક પરિબળ જો કોઈ હોય તો તે છે અસ્પૃશ્યોની દારુણ ગરીબી. તેથી તેઓને આર્થિક રીતે સધ્ધર કરવા માટેના અસરકારક ઉપકરણો હાથ ધરવા જોઈશે. ઘણાં આર્થિક રીતે સધ્ધર અનુસૂચિત જાતિના કુટુંબો સાથે સવર્ણ સમાજના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે. અત્રે એ યાદ રાખવું રહયું કે આર્થિક રીતે સધ્ધર અનુસૂચિત જાતિનાં કુટુંબોને સાંગોપાંગ સ્વીકારી લીધા નથી. પરંતુ પહેલાંની જે હડધૂતતા હતી તેની તીવ્રતામાં ઘટાડો થયો છે. તેને અવગણી શકાય તેમ નથી.

ગુજરાતમાં અનુસૂચિત જાતિઓની ૧૯૮૧ની વસ્તીનાં વ્યવસાય વાર ટકાવારી જોઈએ તો કુલ વસ્તીનાં ૫.૦૨ ટકા ખેડૂતો, ૧૨. ૯૫ ટકા ખેતમજૂરો, ઘરગથ્થું તથા અન્ય સેવા અને મરામતમાં

રોકાયેલ મજુરોના ૧.૬૫ ટકા, બીજા કામદારો ૧૧.૮૦ ટકા, સીમાંત કામદારો, ૪.૬૩ ટકા અને ૬૩.૯૫ ટકા બિન કામદારો છે.

ભારતનાં રાજ્યબંધારણમાં પણ અનુસૂચિત જાતિનાં વિકાસ માટે ખાસ ધ્યાન આપવાનુ સ્વીકારાયું છે. તેના લીધે કેટલીક યોજનાઓ અને સુધારાઓ અમલમાં આવ્યા છે. તેમ છતાં દેશનાં ઘણાં વિસ્તારોમાં તેમને જમીનની માલિકીથી વંચિત રાખવામાં આવ્યા છે. જ્યાં અનુસૂચિત જાતિના લોકો જમીનની માલિકી ધરાવે છે. ત્યાં પણ તેમની પાસે મોટે ભાગે અલ્પ જમીન છે. તેથી મુખ્ય વ્યવસાયમાં તેમના ભાગે માત્ર સસ્તી મજૂરીનુ જ કામ આવે છે.

આધુનિક પ્રવૃત્તિઓ જેવી કે કારખાનાં, વ્યાપાર, શિક્ષણ વગેરેમાં ખાનગી ક્ષેત્રે અનુસૂચિત જાતિનાં લોકોને શારીરિક શ્રમનાં કામ માટે જ પસંદ કરવામાં આવે છે. પરતુ તેમાં જેને White Colour job કહેવામાં આવે છે તેમાં ખાનગી ક્ષેત્રમાં અનુસૂચિત જાતિનો માણસ શોધ્યો પણ જડતો નથી તે હકીકત છે. આમ દેશનાં અર્થતંત્રનાં ખાનગી આધુનિક ક્ષેત્રમાં અનુસૂચિત જાતિનાં લોકો પ્રત્યે આવડો મોટો ભેદભાવ દાયકાઓથી ચાલ્યો આવે છે અને ચાલે છે. આ તો ખરું જ તે ઉપરાંત અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓ જ્ઞાતિવાદ, પ્રદેશવાદ, સગાવાદ તથા ગરીબાઈનો સામનો કરવાનો આને લઈને તેઓ અભ્યાસ કાં તો પૂરો કરી શકતા નથી અથવા તો પૂરતી વ્યવસ્થા ન મેળવી શકતા હોવાથી તેની સીધી અસર તેમનાં પરિણામ ઉપર થાય છે તે બધી જ બાબતો ઉપરાંત અસ્પૃશ્યતામાંથી ઉદ્ભવતા તીવ્ર ભેદભાવો સામે ટક્કર લેવી પડે છે. આવા ભેદભાવ

દેશની અન્ય જાતિઓને ભાગ્યે જ ભોગવવા પડે છે. આટલી વિગતો જોયા બાદ હવે પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયેલા કિસ્સાઓને ધ્યાનમાં રાખી અનુસૂચિત જાતિઓની આર્થિક સ્થિતિ અને અસ્પૃશ્યતાને મુલવવાનો પ્રયત્ન કરીશું.

પ્રસ્તુત અભ્યાસમાં તપાસેલા ખેડા, મહેસાણા, અને રાજકોટ જિલ્લામાં ૧૯૮૪માં નોંધાયેલ કેસોમાંથી ૬૦ કેસો તપાસ્યા હતા જેમાં કેટલાક કેસોમાં અનુસૂચિત જાતિઓને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લઈને તો શોષાવુ પડે જ છે. પરંતુ તેઓની આર્થિક સ્થિતિ સુધરતા પણ અસ્પૃશ્યતાનો ભોગ તો બને જ છે. કેટલીક જગ્યાએ એનાથી વિપરીત સ્થિતિ છે જેમ કે અનુસૂચિત જાતિઓની આર્થિક સ્થિતિ સુધરતા તેઓનો દરજ્જો સુધર્યો છે. અસ્પૃશ્યતા ઉપલક વ્યવહારમાં ઘટી છે.

વાત છે મહેસાણા જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ખોલવાડા ગામની. આપણે જાણીએ છીએ તેમ હરિજનો પાસે જમીન હોતી નથી અને હોય તો થોડી ઘણી હોય છે. મોટેભાગે તેઓ અન્યોની જમીન ભાગે ખેડતા હોય છે. ખોલવાડા ગામના પૂજાભાઈ ગોવાભાઈ તે જ ગામના જોઈતારામ પટેલને ત્યાં ખેતમજૂરી કરતા હતા. તેમની જમીન ખેડતા હતા. પૂજાભાઈને પૈસાની જરૂર પડતાં જોઈતારામને ત્યાં પોતાની જમીન ગીરવે મૂકી હતી. થોડા વર્ષો બાદ પૂંજાભાઈ એ તે જમીન વેચવાનું નકકી કર્યું. તેમને જોઈતારામ કરતાં વધુ પૈસા આપનાર બીજી વ્યકિત તૈયાર હતી પરંતુ જોઈતારામ એટલા પૈસા આપવા તૈયાર નહતા. તેઓએ તેથી ઓછી કિંમતમાં જમીન લેવા માંગતા હતા. પરંતુ પુંજાભાઈએ તેથી વધુ પૈસાની માંગણી કરતાં પુંજાભાઈને ધમકાવી અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપી હતી.

આવા તો અનેક કિસ્સાઓ ગામડામાં બને છે પરંતુ અનુસૂચિત જાતિના લોકો ફરિયાદ કરતાં નથી અને સહન કરી લે છે. આ કિસ્સાને આપણે જમીન હસ્તાંતરણ ( Land Alienation ) ન ગણાવી શકીએ ? અનુસૂચિત જાતિના લોકોને આકસ્મિક કે સામાજિક ખર્ચ આવે ત્યારે તેમની પાસે મૂડી હોતી નથી ત્યારે તેમની પાસે થોડીઘણી જમીન હોય છે તેને જમીનદારો કે મૂડી પતિઓને ત્યાં પાછળથી છોડાવવાની હેમથી ગીરવે મૂકે છે. પરંતુ વ્યાજનુંય વ્યાજ ગણી મૂડીવાદીઓ, જમીનદારો તે જમીન ફરીથી અનુસૂચિત જાતિઓનાં લોકોને હવાલે થવા દેતા નથી.

અનુસૂચિત જાતિના લોકો સામાજિક રીતે પછાત તથા દબાયેલા અને વ્યવસાયની રીતે સીધા સવર્ણો પર પરાવલંબી હોવાથી સવર્ણો ધારે તેમ તેમને દબાવી શકે છે. આ જગ્યાએ જો બીજી કોઈ જ્ઞાતિના લોકો ભલે આર્થિક રીતે ગરીબ હોય તો પણ તેને અનુસૂચિત જાતિના લોકોની જેમ દબાવી તતડાવી શકતા નથી.

શ્રી પૂંજાભાઈએ આ બાબતે ફરિયાદ કરતાં કોર્ટમાં તે ખોટી ફરિયાદ તરીકે સાબિત થઈ તેનું જજમેન્ટ ન મળ્યું હોવાથી તે કેસ કેમ ખોટી ફરિયાદ તરીકે સાબિત થયો તે દર્શાવી શકતા નથી પરંતુ એક વાત ખૂબ પ્રચલિત બની છે કે '' પૈસો હોય તો આજના જમાનામાં શું નથી થઈ શકતું !''

કેસો શા માટે સાબિત નથી થતાં તે અંગે આગળના પ્રકરણમાં વિગતે વાત આવી જતી હોવાથી અત્રે તેનું પુનરાવર્તન ટાળ્યું છે.

બીજો એક કિસ્સો છે. રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના સોડવદર ગામનો. આ કિસ્સો ખૂબ જ આશ્ચર્ય પમાડે

તેવો છે. સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો દ્વારા અનુસૂચિત જાતિના લોકોનો આર્થિક વિકાસ થાય અને તેઓ ગરીબી રેખાથી ઉપર આવી શકે તે માટેનાં પ્રયાસો થાય છે. આવો પ્રયાસ સહકારી ક્ષેત્ર દ્વારા પણ થાય છે. સહકારી મંડળીઓ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ ધિરાણ કરવામાં આવે છે. આવી યોજનાનો લાભ ( સબસીડી સહિત ) હરિજનોનાં નામે ગામના સવર્ણ આગેવાનો લે છે તેવુ જાણવા મળ્યું છે.

કિસ્સાની વિગત એવી છે કે સોડવદર ગામમાં શ્રી બધા પૂજા હરિજન પટેલ જયંતિ ડાહયાભાઈ કે જેઓ તે ગામની વિવિધ સહકારી મંડળીના પ્રમુખ છે. તેમની જમીન ખેડતા હતાં. એક દિવસ બન્યુ એવુ કે બધાભાઈને કોઈ કામસર જયંતિભાઈને ઘેર ~~કોઈ કામસર~~ જવાનુ થયુ જયંતિભાઈના ઘેરથી સમાચાર મળ્યા કે તેઓ પંચાયત બાજુ કે મંડળીની ઓફિસ બાજુ ગયા છે. તેથી બધાભાઈ મંડળીની ઓફિસે ગયા તે જ વખતે સહકારી મંડળીમાં ઓડિટર આવેલા, બધાભાઈને જોઈને ઓડિટરે તેમનું નામ પુછ્યુ પછી કહ્યુ કે તમારે નામે ૧૫૦૦૦/- રુ.ની લોન બોલે છે વગેરે બધાભાઈ આ સાંભળીને અવાક થઈ ગયા ત્યાં જ પટેલ આવ્યા અને ૧૫૦૦૦/- રુ.ની વાત સાંભળી જીવ અધ્ધર થઈ ગયેલ. બધાભાઈએ તુરત જ પુછ્યું કે પટેલ મેં કોઈ દિવસ ૧૫ પૈસા પણ લીધા નથી ને આ ૧૫૦૦૦/- રુ. મારે નામે શાના નીકળે છે ? તે વાતમાં ઉગ્ર બોલાચાલી થઈને મારામારી થઈ તેમાં બધાભાઈને માર પડયો હતો. તેમના નાનાભાઈને પણ માર મારવામાં આવ્યો હતો. ઉપરાંત ફરિયાદી શ્રી બધાભાઈને જ પોલીસ પકડી ગઈ હતી. વાસ્તવ માં શ્રી જયંતિભાઈએ જ બધાભાઈના નામે લોન લીધી હતી. બધાભાઈ હરિજનને પટેલ જયારે કહે કે અહીં અંગૂઠો કર, એટલે બધો બીચારો

કહે ત્યાં પૂછ્યા વગર જેટલા જોઈએ તેટલા અંગૂઠા કરી આપે.

વાત આટલેથી જ ન અટકી જયંતિ પટેલે બધાભાઈને મારી નાખવાની ધમકી આપી. બીકના માર્યા બધાભાઈ ગામ છોડી પોતાની સાસરીમાં રહેવા જતા રહયા હતા. વિશેષમાં એમ પણ જાણવા મળ્યું હતું કે બધાભાઈના આગળના વર્ષોનાં ભાગના લેવાની નીકળતી રકમનો પણ હિસાબ કર્યો નથી તે પણ આશરે ૩૦ થી ૩૫ હજાર જેટલાનો થાય છે. આ જ લગી એવા કિસ્સા બનતાં હતા કે જેમાં હરિજનોની જમીન લઈ લેવામાં આવતી હતી. હવે તો હરિજનોનાં નામે લોનો પણ બીનહરિજનો અને તે પણ મંડળીના પ્રમુખો લઈ લેવા લાગ્યા છે. આવું બનતુ હોય ત્યાં સરકારનાં ખૂબ જ ઉદ્દાત હેતુઓ વાળી યોજનાઓ જે ગરીબોની ગરીબીની ચુંગાલીયતમાંથી છોડાવવામાટે અમલી બનાવી છે તે કયાંથી પાર પડે ?

ખેડા જિલ્લામાં અનુસૂચિત જાતિનાં લોકો પર અત્યાચારનું પ્રમાણ વિશેષ છે. તે અવારનવાર આ જિલ્લામાં અનુસુચિત જાતિનાં લોકો ઉપર થતાં ઘાતકી અત્યાચારો જ બતાવે છે. ૧૯૮૪માં ખેડા જિલ્લામાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ કુલ ૩૭ કેસો નોંધાયા હતા તેમાંના ૨૭ કેસો પ્રસ્તુત અભ્યાસ માટે આવરી લેવામાં આવ્યા હતા. તેમાં કેટલાક કેસો એવા છે કે જેમાં અનુસૂચિત જાતિના લોકોની સામાજિક પછાતતા તો ખરી જ પરંતુ ગરીબીને લઈને પણ શોષણ થતું હોય તેવુ લાગે છે.

૧૯૮૮માં જ ખેડા જિલ્લાનાં કપડવંજ તાલુકાનાં તેલનાર ગામે ગામની વર્ચસ્વ ધરાવતી પટેલ કોમનાં જમીનદારે તેમની જમીન ખેડતા

વણકરની પત્ની પર ગરીબીનો લાભ ઉઠાવી બળાત્કાર ગુજાર્યો હતો. તેના પતિ અને પત્નીએ તે બાબતમાં ગામ આગેવાનો સમક્ષ રજુઆત કરતાં એ પટેલે વણકર શ્રી ખનાભાઈને ધારીયાનો ધા મારી રહેંસી નાખ્યા હતા અને તેની પત્નીને પણ ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ તો ફકત પ્રકાશમાં આવેલા જ કિસ્સાઓ છે. બાકી પ્રકાશમાં નહીં આવતા એવાં ઘણા કિસ્સાઓ ગુજરાતનાં ગામડાઓમાં બને છે જેમાં હરિજનોની ગરીબીનો લાભ ઉઠાવી તેમનું શારીરિક, માનસિક અને આર્થિક શોષણ સવર્ણ સમાજ ધ્વારા થાય છે.

આ ઉપરાંત એક કિસ્સામાં અનુસૂચિત જાતિનાં લોકોની આર્થિક સ્થિતિ સારી હોવાથી સવર્ણ સમાજના લોકો તેમનાં પ્રત્યેનાં અસ્પૃશ્યતાનો વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે. તે છે માતર તાલુકાનું ચિત્રાસર ગામ. આ ગામનાં વણકરો આર્થિકરીતે સધ્ધર છે. તેઓ જમીન ધરાવે છે. અન્ય સવર્ણ લોકો તેઓનાં ખેતરમાં મજૂરી માટે આવે છે. આ ગામમાં બધા એક જ કુવાથી પાણી ભરે છે. આવતા જતા સ્પર્શ થાય તો પણ તેની નોંધ લેવાતી નથી તેમજ દૂધની ડેરીમાં પણ તેઓનું દૂધ પણ લેવામાં આવે છે ત્યાં અલગ લાઈન કરાવતા નથી તથા ગામની સંયુકત બાબતમાં તેઓનો મત લેવામાં આવે છે. ગ્રામપંચાયતમાં આ જાતિના સભ્યનાં જણાવ્યા મુજબ કોઈપણ જાતની અસ્પૃશ્યતા વ્યવહારમાં નથી પરંતુ સવર્ણો વણકરો સાથે જેટલો છૂટથી વ્યવહાર કરે છે. એટલો છૂટથી વ્યવહાર ભંગીભાઈઓ સાથે કરતા નથી જો કે ભંગીભાઈઓ આર્થિક રીતે ખૂબ જ કંગાળ છે.

અભ્યાસ ક્ષેત્ર બહારનાં ગ્રામ્ય વિસ્તારમાં ઘણી જગ્યાએ એ બાબત જોવા મળે છે કે જે અનુસૂચિત જાતિના કુટુંબો શિક્ષિત છે અને જેઓએ ગંદા વ્યવસાય અને માંસ વિગેરેનું સેવન ત્યજી નાના મોટા સ્વતંત્ર વ્યવસાયમાં જોતરાયા છે એટલેકે સ્વતંત્ર વ્યવસાય કરવા લાગ્યા છે. તેવા કુટુંબો સાથે સવર્ણ સમાજના લોકો તેમાં પણ ખાસ કરીને ગ્રામ્ય સવર્ણ સમાજનાં યુવાન શિક્ષિતોનું વલણ અને વ્યવહાર અસ્પૃશ્યતાવાળો ઓછો જોવા મળે છે. એની સાથે એ બાબતનો પણ ઉલ્લેખ કરવો અસ્થાને નહીં ગણાય કે જે ગામોમાં હરિજનોએ ગંદા વ્યવસાય ત્યજયા છે ત્યાં સવર્ણોની અનુસૂચિત જાતિનાં લોકો પ્રત્યેની અસ્પૃશ્યતાની સૂગમાં ઘટાડો નોંધાયેલો જોવા મળે છે.

અનુસૂચિત જાતિનાં લોકોની આર્થિક સ્થિતિ સુધરવાથી અસ્પૃશ્યતાનો અંત આવી જશે તેવી ભવિષ્યવાણી કરવાનો કોઈ જ ઉદ્દેશ નથી અને એ સાચી વાત પણ નથી કારણકે અસ્પૃશ્યતા નિવારણનાં પરિસંવાદમાં ઘણી વાતો અને ઉદાહરણો સાંભળ્યા છે. લોકલાજે, શિક્ષણને લઈ, સામાજિક પ્રતિભાને લઈ કેટલાક સવર્ણો આર્થિક રીતે સધ્ધર અને સામાજિક મોભો કે પ્રતિષ્ઠા ધરાવનાર અનુસૂચિત જાતિની વ્યકિત સાથે ચા-પાણીનો વ્યવહાર કરે છે. પરંતુ તેઓ માટેના ચાપાણીનાં કપ રકાબી પણ અલગ રાખે છે. તેવી જ રીતે આપણા દેશનાં એક વિખ્યાત દલિત નેતા જાણીતા મંદિરમાં દર્શને ગયા હતા તેઓ દર્શન કરી નીકળ્યા કે તુરત જ મંદિરને શાસ્ત્રોકત વિધિથી પવિત્ર કરવામાં આવ્યું હોવાનું પણ સાંભળ્યું હતું. એટલે અનુસૂચિત જાતિના લોકો આર્થિક રીતે સધ્ધર થાય એટલે તેમના પ્રત્યેની અસ્પૃશ્યતા દૂર થઈ જશે તેમ માનવાને કોઈ જ કારણ નથી પરંતુ આપણે સાથે સાથે એ

વાત પણ અવગણી શકીએ તેમ નથી કે અનુસૂચિત જાતિના લોકો આર્થિક રીતે સધ્ધર હશે તો તેઓની ગરીબીને લઈને એમની મજબુરી નો લાભ ઉઠાવી જે અસ્પૃશ્યતા રાખવામાં આવે છે તે તો ઘટશે સાથે સાથે અનુસૂચિત જાતિના લોકો આર્થિક રીતે સધ્ધર હશે તો તેઓનામાં અસ્પૃશ્યતાનો સામનો કરવાનુ એક પ્રકારનુ આત્મબળ પણ પેદા થશે.

ટૂંકમાં અસ્પૃશ્યતા નિવારણના જે વિવિધ ઉપાયો છે. તેમને સાંભળીને જો આ બહુમુખી ઝેરી નાગરુપી અસ્પૃશ્યતાને નાથવાનો પ્રયત્ન થાય તો જ તે નાથનય. તે માટે પણ વિવિધ ઉપાયોમાંના એક ઉપાય તરીકે અનુસૂચિત જાતિના લોકોની આર્થિક સ્થિતિ સુધારવી આવશ્યક ગણાય.

જાણીતા અર્થશાસ્ત્રી શ્રી ગુન્નાર મિડૉલ તેમના પુસ્તક - એશિયન ડ્રામા - વોલ્યુમ -૨, ૧૯૬૮માં લખે છે કે, '' Economic inequality is typically the outcome of social inequality, and the resorse is also true. The political and ideological developments in India need to be viewed in the light of the contry's ecomomic and social condition. The inequlities have been solidified by the rigid social stratification of which the institution of caste is the most significant manifestation."

સ્વતંત્રતા બાદના આયોજનના ભાગરૂપની હાલ સાતમી પંચવર્ષીય યોજના ચાલે છે તેનો અનુભવ દર્શાવીએ તો ગરીબો વધુ ગરીબ બની રહયા છે અને અમીરો વધુ ને વધુ અમીર બની રહયા છે. ત્યારે આપણા દેશમાં ખાસ કરીને સામાજિક અને આર્થિક પછાતવર્ગના લોકો પર થતા દમનના સમાચારો વાંચીએ છીએ ત્યારે સવાલ થાય છે કે શું ૪૦ વર્ષનું સ્વતંત્ર ભારત આ સમાજને સામાજિક અને આર્થિક ન્યાય આપી શક્યું છે ?

તા. ૨૭ માર્ચ-૮૮નાં રોજ સમાચાર પત્ર સંદેશમાં સમાચાર હતાં કે " ધોળકા તાલુકાના વાલ્જોરા ગામના શ્રી હીરાભાઈ વસ્તાભાઈ હરિજનના ખેતરમાં અંદાજે રૂ.૩૫ હજારના ઘાસનાં પૂળા તા. ૧૯મીને વહેલી સવારે સરંઢી ગામના માથાભારે ભરવાડો એ આગ ચાંપીને સળગાવી દીધા હતા. "

જગજીવનરામે સાચે જ કહયું છે કે " without the economic democracy the aim of establishing Socialism cannot be fulfilled . India is a vast country, famous for Rich Traditions, Toleration and social Transformation but her greatness is stiffled because of vested interests, who are exploiting the resource less people in the name of religion and caste."

અનુસૂચિત જાતિની આર્થિક સ્થિતિનો સચોટ ખ્યાલ આપતાં

---

P. 266. Rise or awabening of depress classes in India.

J.R. Kamble.

M.N.Srinivas' તેમના પુસ્તક 'Castes in Modern India, Asia, 1962 માં નોંધ્યું છે કે "While the leaders of the dominant castes are sensitive to economic and political opportunities they are socially conservative. They do not, for instance, like the condition of Harijans to improve. They have a vested interest in keeping Harijans poor and ignorant. At the present time, Harijans are their most important source of agriculture laboure and if they became educated and consious of their rights, they will be a threat to the position of the dominant castes. They have been beaten up and their huts burned down and in addition they have been subjected to economic boy cott. Harijans are among the poorest of our agricultural servants of the land-owning castes. The conditions under which agricultural labourers work are reminiseent of serfodom. I have seen the boys of 10-16 years of age to do all kinds of work from 5.a.m. to 10. p.M. in return of annual cash wages of Rs.50, to Suits of clothing and two meals a day...

It is true that agreat deal has been done for Harijans since the achievement of independence, but the fact that in the villages they are ecomomically dependent on the higher Castes is coming in the way of their speedy emancipation."

પરંતુ કેવળ આર્થિક પ્રશ્ન હલ થતાં આપોઆપ સામાજિક પ્રશ્ન હલ થઈ જશે તેવો ખ્યાલ સાચો નથી તેમ જણાવતા શ્રી ઈશ્વરભાઈ પેટલીકર નોંધે છે કે, '' જે હરિજનો શિક્ષિત છે અને આર્થિક રીતે દુ:ખી નથી, બલ્કે ઉંચા હોદ્દા ઉપર હોવાથી અમુક સુખી ગણાતા સવર્ણ જેવી રહેણીકરણી હોય છે, એમને તેમનાં કામકાજમાં અસ્પૃશ્યતા સહેવી પડતી નથી. છતાં એવા વર્ગને પણ અમદાવાદ જેવા મોટા શહેરમાં સવર્ણોનાં લત્તામાં ભાડે ઘર મળતુ નથી. તેમના કુટુંબ સાથે બીજાઓ સહજ રીતે ભળતા નથી. ''

આવી જ વાત એક માજી સંસદસભ્ય કે જેઓનો અમદાવાદમાં નદીપારના અતિઆધુનિક અને વિકસિત વિસ્તારમાં સવર્ણોનાં નગરમાં બંગલો છે. પરંતુ કામવાળો કે કામવાળી આવે બે કે ત્રણ દિવસ કામ કરે અને ખબર પડે કે આ તો હરિજન છે એટલે એક યા બીજુ બહાનુ કાઢી કામ કરવા આવતા બંધ થઈ જાય છે.

તેનો અર્થ એમ પણ નથી કે આર્થિક કાર્યક્રમને મહત્વ આપવું જોઈએ નહીં પરંતુ આર્થિક તેમજ સામાજિક બંને પાસાને સાંકળી અસ્પૃશ્યતા નિવારણ માટે આંદોલન કરવાની જરુર છે. ઉપરાંત હકકો પ્રાપ્ત કરવાની જાગૃતિ વિશેષ કરીને અનુસૂચિત જાતિનાં લોકોએ તો રાખવી જ પડશે તો જ અસ્પૃશ્યતાની જીવાદોરી ટુંકાવવામાં જલદી સફળતા મળશે.

## વસ્તી વિસ્તાર અને અસ્પૃશ્યતા :

અસ્પૃશ્યતાનો સંબંધ અનેકવિધ પાસાઓ સાથે બંધાયેલો જોવા મળે છે. તેમાંનુ એક બળવત્તર પાસુ એ વસ્તી છે.પછી વસ્તી અસ્પૃશ્યોની પણ ખરી અને બિનઅસ્પૃશ્યોની પણ ખરી તેની સાથે સાથે વિસ્તાર પણ એટલો ગાઢ રીતે સંકળાયેલો છે. પછી તે આપણાં દેશનું બિહાર રાજ્ય પણ હોય અને હિમાચલ પ્રદેશ પણ હોય. એવી જ રીતે ગુજરાતમાં સજ્જડ રીતે પળાતી અસ્પૃશ્યતાવાળો કાઠિયાવાડનો ગ્રામપ્રદેશ પણ હોય અને અસ્પૃશ્યતાની તીવ્રતા ઓછી છે એવો શહેરી વિસ્તાર પણ હોય.

પ્રસ્તુત અભ્યાસ ૧૯૮૪માં ગુજરાતના ખેડા, મહેસાણા અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ કેસોને ધ્યાનમાં રાખી કરાયો છે તેથી તે સંદર્ભની વાત પણ ૧૯૮૪નાં આંકડા દર્શાવીને કરવી જોઈએ પરંતુ ૧૯૮૪નાં રાજ્યકક્ષાનાં આંકડા ઉપલબ્ધ નહીં હોવાથી અત્રે ૧૯૮૩નાં ઉપલબ્ધ આંકડાનો ઉપયોગ કર્યો છે.

૧૯૮૩માં સમગ્ર દેશમાં પી.સી.આર.એક્ટ ૧૯૫૫ હેઠળ કુલ ૩૯૬૫ કેસો નોંધાયા હતા તેમાં સૌથી વધુ તામીલનાડુમાં નોંધાયા હતા તેની સાથે સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાં પણ નોંધપાત્ર સંખ્યામાં કેસો નોંધાયા છે. તેવી જ રીતે કેટલાક રાજ્યો જેવા કે પંજાબ, ચંદીગઢમાં એક પણ કેસ નોંધાયો નથી જ્યારે હરિયાણા, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં ખૂબ જ નહીંવત સંખ્યામાં પીસીઆર એક્ટ ૧૯૫૫ હેઠળ કેસો નોંધાયા છે. તેની સાથે સાથે જે જે રાજ્યોમાં વિશેષ પ્રમાણમાં કેસો નોંધાયા છે ત્યાં અનુસૂચિત

જાતિની વસ્તીનુ સુંધાણ જોઇએ તો.

પી.સી.આર.એકટ - ૧૯૫૫ હેઠળ ૧૯૮૩માં સૌથી વધુ કેસોતામીલનાડુમાં નોંધાયા હતા. તામીલનાડુમાં અનુસૂચિત જાતિની વસ્તી ત્યાંની કુલ વસ્તીના ૧૮.૩૫ ટકા છે. એવી જ રીતે મધ્ય પ્રદેશમાં પણ અનુસુચિત જાતિની વસ્તીને વિશેષ કનડગત છે. ત્યાં પણ અનુસૂચિત જાતિની વસ્તી તેની કુલ વસ્તીના ૧૪.૧૦ ટકા છે. બિહારમાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીના ૧૪.૫૧ ટકા છે.

એવી જ રીતે નોંધવા જેવી અગત્યની વાત એ છે કે હિમાચલ પ્રદેશ કે જયાં કુલ વસ્તીના ૨૪.૬૨ ટકા વસ્તી અનુસૂચિત જાતિની છે તથા પંજાબમાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીનાં ૨૬.૮૭ ટકા છે. ત્યાં પી.સી.આર.એકટ ૧૯૫૫ હેઠળ જુજ કેસો નોંધાયેલા છે.

આમ વસ્તીના પ્રમાણ સાથે પી.સી.આર.એકટ - ૧૯૫૫નાં આ નોંધાયેલા કેસોનો સુંબંધ વિપરીત જોવા મળે છે. જે રાજયોમાં અનુસૂચિત જાતિની વસ્તી પ્રમાણમાં વિશેષ છે ત્યાં પી.સી.આર. એકટ ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોનું પ્રમાણ ખૂબ જ નહીંવત છે. તેવી જ રીતે કેટલાક રાજયોજેવા કે પશ્ચિમ બંગાળા કે જયાં રાજયની કુલ વસ્તીના ૨૧.૯૯ ટકા વસ્તી અનુસૂચિત જાતિની હોવા છતા ત્યા પી.સી.આર.એકટ ૧૯૫૫ હેઠળના કેસો= ૧૯૮૩ માં નોંધાયા નથી.

આમ વિવિધ વિરોધાભાસી સ્થિતિ વસ્તી અને અનુસૂચિત જાતિની વસ્તી તથા પી.સી.આર.એકટ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોમાં જોવા મળે છે. જેમ કે,

(૧) જયાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ છે ત્યાં પી.સી.આર. એકટ - ૧૯૫૫ હેઠળના વધુ કેસો નોંધપાત્ર છે. તેવી જ રીતે

(૨) જયાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ છે તેમ છતાં ત્યા પી.સી.આર.એકટ - ૧૯૫૫ હેઠળના કેસો ઓછા નોંધાયા છે.

(૩) જયાં અનુસૂચિત જાતિની વસ્તી ઓછી છે. ત્યા પ્રમાણમાં ઓછા કેસો નોંધાયા છે.

(૪) પરંતુ જે રાજયમાં તેની કુલ વસ્તીનાં ૧૮ થી ૨૦ ટકા અનુ.જાતિની વસ્તી છે ત્યાં વધુ કેસો ૧૯૮૩માં નોંધાયેલા જોવા મળ્યા છે.

રાજય સ્તરની આગલી પૂર્વભૂમિકા સાથે હવે આપણે ગુજરાતમાં આવીએ.

૧૯૮૪મા નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોની સંખ્યા જોઈએ તો અમદાવાદ અને ગાંધીનગર બંને જિલ્લા મળી ૪૫ કિસ્સાઓ, ખેડા જિલ્લામાં ૩૭ મહેસાણામાં ૩૨ અને રાજકોટમાં ૨૭ કિસ્સા નોંધાયા હતા.

આજ જિલ્લાઓમાં અનુસૂચિત જાતિની વસ્તી જોઈએ તો અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીનાં ૧૧.૨૭ ટકા અને ગાંધીનગરમાં કુલ વસ્તીના ૭.૩૩ ટકા છે. ખેડા જિલ્લામાં કુલ વસ્તીનાં ૫.૮૭ ટકા, મહેસાણામાં ૮.૭૫ ટકા અને રાજકોટમાં ૬.૫૫ ટકા છે. જે તે જિલ્લાની કુલ વસ્તીનાં પ્રમાણમાં અનુસૂચિત જાતિની વસ્તી સુરેન્દ્રનગર, કચ્છ, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં વધુ જોવા મળે છે.

આમ જેમ જુદા જુદા રાજ્યોમાં પણ અનુસૂચિત જાતિની વસ્તી અને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોનું એકસરખું સ્રધાણ જોવા મળતું નથી ઉપરની વિગતો માંથી કેટલીક નીચે પ્રમાણેની સ્થિતિ જોઈ શકાય છે.

(૧) ગુજરાતમાં જે તે જિલ્લાની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ છે તેવા અમદાવાદ જિલ્લામાં ૧૧.૨૭ ટકા છે અને ત્યાં જ ૧૯૮૪માં પી.સી.આર.એકટ - ૧૯૫૫ હેઠળ સૌથી વધુ ૪૫ કેસો નોંધાયા છે.

(૨) ખેડા જિલ્લો એવો છે કે જ્યાં તે જ જિલ્લાની કુલ વસ્તીનાં ૫.૮૭ ટકા જ વસ્તી છે. છતાં ખેડા જિલ્લામાં ૧૯૮૪માં પીસી.આર.એકટ ૧૯૫૫ હેઠળ ૩૭ કેસો નોંધાયા છે.

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી તે જિલ્લાનાં ૧૦.૮૭ ટકા છે તે જ જિલ્લામાં ૧૯૮૪માં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ફકત ૮ કેસો જ નોંધાયા છે.

(૪) રાજકોટ જિલ્લામાંની કુલ વસ્તીનાં ૬.૫૫ ટકા વસ્તી અનુસૂચિત જાતિની છે છતાં અહીં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ધ્યાન ખેંચે તેટલી સંખ્યામાં એટલે કે - ૨૭ કેસો નોધાયા છે.

આ ઉપરથી કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે જેમ કે,

(૧) અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ છે ત્યાં પી.સી.આર.એકટ - ૧૯૮૪માં વધુ કેસો નોંધાયા છે.

(૨) ખેડા જિલ્લામાં કુલ વસ્તીની સરખામણીએ અનુસૂચિત જાતિની વસ્તી ઓછી છે ત્યાં ૧૯૮૪માં પી.સી.આર.એક્ટ - ૧૯૫૫ હેઠળ નોંધપાત્ર સંખ્યામાં કિસ્સાઓ નોંધાયા છે. તેવું જ રાજકોટ જિલ્લામાં પણ બનવા પામ્યું છે.

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ વસ્તીની સરખામણીમાં અનુસૂચિત જાતિની વસ્તી અન્ય જિલ્લાની સરખામણીમાં વધુ છે તેમ છતાં ત્યાં પી.સી.આર.એક્ટ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોની સંખ્યા અલ્પ છે. જ્યારે અન્ય જિલ્લા કે જ્યાં અનુસૂચિત જાતિની વસ્તી સુરેન્દ્રનગર જિલ્લા જેટલી છે તેમ છતાં ત્યાં પી.સી.આર.એક્ટ - ૧૯૫૫ હેઠળ વધુ કેસો નોંધાયા છે.

આ સ્થિતિમાં કોઈ વિશિષ્ટ સિધ્ધાંત તારવી શકાય નહીં.

૧૯૭૮ થી ૧૯૮૬ સુધી ગુજરાતમાં જિલ્લાવાર નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોને તેની સંખ્યા પ્રમાણે ૧ થી ૧૦ નંબરમાં કયા કયા જિલ્લા આવે છે. તે જોઈએ તેમાં સંખ્યા પ્રમાણે જોઈએ ૧૯૭૮ થી ૧૯૮૬ સુધીનાં ગાળામાં સૌથી વધુ એટલે કે ૧૨૬ કેસો ખેડા જિલ્લામાં નોંધાયા હતા. જ્યારે અમદાવાદ જિલ્લો આ નવ વર્ષમાં ત્રણ વાર પ્રથમ નંબરે રહયો છે જ્યારે બનાસકાંઠા, રાજકોટ, વડોદરા અને મહેસાણા જિલ્લામાં એક એક વર્ષમાં સૌથી વિશેષ કેસો નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ હેઠળ નોંધાયા છે. વધુ વિગત માટે પ્રસ્તુત પત્રક પરિશિષ્ટમાં મૂકવામાં આવ્યું છે.

અત્રે જે વિશ્લેષણ કરવામાં આવ્યું છે તે ફક્ત નોંધાયેલા કેસોને આધારે જ કરવામાં આવ્યું છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં રોજબરોજ હરિજનો સાથેના વ્યવહારથી ઉભા થતાં મારઝૂડના કિસ્સાઓ કાં તો અમુક જાતિના પ્રભુત્વના જોરે તથા શેહ શરમથી કાં તો વ્યવસાયિક પરાવલંબનની મજબૂરીથી કે પૈસાના જોરે દાબી દેવામાં આવે છે. તેને અત્રે ગણત્રીમાં લેવામાં આવ્યા નથી.

એ બાબત પણ નોંધપાત્ર છે કે ૧૯૭૮ થી ૧૯૮૬ સુધીમાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ સૌથી વધુ કેસો નોંધાયેલા છે તેવા જિલ્લામાં અમદાવાદ ત્રણ વાર પ્રથમ નંબરે રહયો છે. અત્રે એ યાદ અપાવવું જરૂરી છે કે પ્રસ્તુત અભ્યાસ પર વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કિસ્સાઓને લક્ષમાં રાખવામાં આવ્યા હતા. અને એ પણ હકીકત છે કે ગ્રામ્ય વિસ્તારમાં જ અસ્પૃશ્યતાની તીવ્રતા હજુ ચોટદાર છે. ગુજરાતમાં ૧૯ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં અનુસૂચિત જાતિની વસ્તી સૌથી વિશેષ મહેસાણા જિલ્લામાં ૧૭૮૦૮૫ની છે. તેથી ઓછી બનાસકાંઠા જિલ્લો જ્યાં ૧૫૪૧૪૭ તથા ખેડા જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી ૧૪૪૩૫૬ છે ત્યારબાદ જુનાગઢ જિલ્લા ૧૩૭૭૩૧ અને અમદાવાદ પાંચમાં નંબરે અનુસૂચિત જાતિની ૧૨૦૫૩૩ વસ્તી ધરાવે છે.

ઉપરની આંકડાકીય વિગત પરથી આપણે એવું તારણ જરુર તારવી શકીએ કે ગુજરાતના જે જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં અનુસૂચિત જાતિની વસ્તી વિશેષ છે. તેવા જિલ્લા એમાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ કેસો વધુ નોંધાય છે. તેનો અર્થ એ થયો ત્યાં હજુ અસ્પૃશ્યતાનું વિશેષ રીતે વ્યવહારીત છે.

નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોનું પ્રમાણ જ્યાં વધુ છે તે પાછળ મહત્વના બે પરિબળો જવાબદાર લાગે છે.

(૧) અનુસૂચિત જાતિમાં વધેલ શિક્ષણનુ પ્રમાણ અને શહેરીકરણ ધ્વારા તેઓનામાં આવેલ સામાજિક ગતિશીલતા.

(૨) જે તે જિલ્લામાં હરિજનોનું કેન્દ્રીકરણ.

ખેડા અને મહેસાણા જિલ્લાના હરિજનો કરતાં વલસાડના હરિજનોની વિકાસ ગતિ વધુ હોવા છતાં વલસાડ જિલ્લામાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નહીંવત કેસો નોંધાયા છે. કારણકે આ જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી નુ કેન્દ્રીકરણ ખૂબ ઓછું છે.

તેવી જ રીતે વડોદરા કરતાં બનાસકાંઠા, જીલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તીનુ કેન્દ્રીકરણ હોવા છતાં ૧૯૮૪માં બનાસકાંઠા જીલ્લામાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ફક્ત ૧૮ કેસો નોંધાયા છે. જે પ્રમાણ અન્ય જિલ્લાની સરખામણીમાં ઘણું ઓછું કહેવાય, તેનું કારણ છે. બનાસકાંઠા જિલ્લાની અનુસૂચિત જાતિમાં વિકાસ ગતિ ખૂબ ઓછી છે. તે ગણાવી શકાય એવી જ રીતે સુરત જિલ્લામાં પણ કેસો ખૂબ જ ઓછા પ્રમાણમાં નોંધાયા છે. અહીં પણ અનુસૂચિત જાતિની વસ્તીનુ વિશેષ કેન્દ્રીકરણ જોવા મળતું નથી.

અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં નાગરિક હક્ક સરંક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળના ૧૯૮૪માં કેસો વધુ નોંધાયા છે. આ

બંને જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તીનું શહેરીકરણ અને કેન્દ્રીકરણ વધારે છે. તેનાથી વિપરીત ખેડા જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તીનું કેન્દ્રીકરણ પ્રમાણમાં ઓછું છે. તેમ છતાં આ જિલ્લામાં અનુસૂચિત જાતિનાં લોકો ઉપર અત્યાચારને કનડગતના વિશેષ બનાવો બને છે કારણકે અહિંના અનુસૂચિત જાતિના લોકોમાં સામાજિક ગતિશીલતા વધુ છે તેમાં ખ્રિસ્તી મીશનરીની પણ અસર હોઈ શકે તે ઉપરાંત શિક્ષણનુપ્રમાણ પણ જવાબદાર હોઈ શકે.

ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની રીતે જોઈએ તો સૌરાષ્ટ્રમાં બાપુશાહીની હજી ઘણી અસર છે. સાથે સાથે વધતુ જતુ પાટીદારોનું વર્ચસ્વ અને અનુસૂચિત જાતિના લોકોનું ઓછું કેન્દ્રીકરણને લઈ સૌરાષ્ટ્રમાં અસ્પૃશ્યતાનુ પ્રમાણ વિશેષ હોવા છતાં કેસો થતાં નથી કારણ અહિની અનુસૂચિત જાતિના લોકો ખૂબ જ દબાયેલા છે. તેઓમાં શિક્ષણનુ પ્રમાણ ઓછુ છે સાથે સાથે જાગૃતતા પણ ઓછી છે જ્યારે જુનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિનુ કેન્દ્રીકરણ હોવા છતાં ત્યાં શિક્ષણનુ પ્રમાણ ઓછુ હોવાથી ત્યાંના અનુસૂચિત જાતિનાં લોકો અસ્પૃશ્યતાના વ્યવહારોને સહન કરી લે છે. ભાગ્યે જ કોઈ ફરિયાદ નોંધાવે છે. આથી સૌરાષ્ટ્રમાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ કેસો ઓછા નોંધાયા છે. તેનો અર્થ એમ નથી કે સૌરાષ્ટ્રમાં અસ્પૃશ્યતા ઓછી છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિઓનું કેન્દ્રીકરણ હોવા છતાં બન્ને જિલ્લામાં ૧૯૮૪માં અસ્પૃશ્યતા બાબતના કેસો વધતા ઓછા પ્રમાણમાં નોંધાયા છે. મહેસાણા જિલ્લામાં આવા કેસો વધુ નોંધાયા છે.

જ્યારે બનાસકાંઠામાં ઓછા નોંધાયા છે. તેના કારણો જોઈએ તો મહેસાણામાં અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનુ પ્રમાણ વધુ છે. વ્યવસાયિક ગતિશીલતા છે અને જાગૃતિનુ પ્રમાણ વિશેષ છે. જ્યારે બનાસકાંઠામાં અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ મહેસાણા જિલ્લાની સરખામણીમાં ઓછું છે સાથે સાથે વ્યવસાયિક અને સામાજિક ગતિશીલતા પણ ઓછી છે જાગૃતતાનુ પ્રમાણપત્ર મહેસાણા જિલ્લાની સરખામણીમાં ઓછું છે.

મધ્ય ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી અમદાવાદ અને ખેડા જિલ્લાને ગણીએ તો અમદાવાદમાં અનુસૂચિત જાતિની વસ્તીનુ કેન્દ્રીકરણ વધુ છે. અને અહીં અસ્પૃશ્યતા અંગેના કેસો પણ વધુ થયા છે. જ્યારે ખેડા જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી અમદાવાદ જિલ્લા કરતાં પ્રમાણમાં ઓછી છે. તેમ છતાં ખેડામાં અસ્પૃશ્યતાનેલગતા કેસો વધુ નોંધાયા છે. છેલ્લાં પાંચ વર્ષોમાં ખેડા જિલ્લામાં અનુસૂચિત જાતિ ઉપર બનેલા જીવલેણ અત્યાચારના કિસ્સાઓએ તો સમગ્ર ગુજરાતના અનુસૂચિત જાતિનાં લોકોને થથરાવી મૂકયા છે. એટલું જ નહીં પણ ખેડા જિલ્લાના ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યુ હતું કે ઘણાં ગામોમાં વર્ચસ્વ ધરાવતી જાતિના લોકો ધ્વારા અનુસૂચિત જાતિનાં લોકોને એવી રીતે ડરાવવામાં આવે છે, ધમકી આપવામાં આવે છે કે "ગોલાણાવાળી થઈ જશે." આમ મધ્ય ગુજરાતમાં પણ અનુસૂચિત જાતિનાં લોકોની સાથે સવર્ણ સમાજ વ્યવહારમાં અસ્પૃશ્યતા રાખે છે. પરંતુ અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિની કુલ વસ્તી ૪૩૬૯૩૭ની છે તેમાં ૩૧૩૪૦૪ એટલે કે જિલ્લાની અનુસૂચિત જાતિની વસ્તીના ૭૦ ટકા ઉપરાંત તો શહેરી વિસ્તારમાં છે જયાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧.

હેઠળના નોંધાયેલ કેસોનું પ્રમાણ નહિંવત છે.

હવે જોઈએ દક્ષિણ ગુજરાતની સ્થિતિ, ગુજરાતમાં અસ્પૃશ્યતા બાબતે ડૉ.આઈ.પી.દેસાઈ એ કરેલા અભ્યાસમાં દર્શાવ્યું છે કે દક્ષિણ ગુજરાતમાં અછૂતતાનું ખાસ પ્રમાણ નથી. જ્યારે શ્રી પ્રદિપ બોઝ જણાવે છે તેમ, '' ખેડા અને મહેસાણાનાં હરિજનો કરતાં વલસાડનાં હરિજનોની વિકાસ ગતિ વધુ હોવા છતાં ત્યાં શાંતિ રહી છે કારણકે આ જીલ્લામાં હરિજન વસ્તીનું કેન્દ્રીકરણ ખૂબ ઓછું છે. ''

દક્ષિણ ગુજરાતમાં અનુસૂચિત જાતિના લોકો સાથેનાં વ્યવહારમાં અસ્પૃશ્યતાને લઈને ઉભા થયેલા ઝઘડાઓને લઈ નોંધાયેલા કિસ્સાના પ્રમાણ બાબતે કેટલીક બાબતો નોંધવા જેવી છે જે અસ્પૃશ્યતાના કિસ્સા ઓછા થવા માટે સીધી યા આડકતરી રીતે જવાબદાર હોય.

(૧) દક્ષિણ ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તીનું પ્રમાણ ઓછું છે.

(૨) દક્ષિણ ગુજરાતમાં અન્ય પછાત વર્ગ અનુસૂચિત જનજાતિ (આદિવાસી)ની વસ્તી વિશેષ છે. તે બાબત સંશોધન માંગી લે છે કે આદિવાસીઓ હરિજનો પ્રત્યે કેવી અને કેટલી અસ્પૃશ્યતા રાખે છે ?

ટૂંકમાં ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતની સરખામણીમાં દક્ષિણ ગુજરાતમાં અસ્પૃશ્યતાનું પ્રમાણ ઓછું છે.

## અસ્પૃશ્યોનું રાજકીયકરણ અને અસ્પૃશ્યતા :

અસ્પૃશ્યતા અને રાજકારણ બન્ને એકબીજા સાથે સંકળાયેલા છે. એ જ અસ્પૃશ્યતા કે જેણે દલિત, પછાત, સમાજ ને ડૉ.આંબેડકર જેવા મહામાનવ આપ્યો હતો. શ્રી આર.કે. સિંધવા કે જે ભૂતપૂર્વ સંસદ સભ્ય હતા તેમણે કહયુ હતું કે, " સાચુ કહીયે તો, ગાંધીને અસ્પૃશ્યો માટે રાજકીય હકક આપવા બાબતમાં કાંઈક કરવા ડૉ.આંબેડકરે પ્રેર્યા હતા. ડૉ. આંબેડકર પદદલિતોના મુક્તિદાતા અને મહાન પેગંબર હતાં." (x)

ડૉ.આંબેડકરે બીજી ગોળમેજી પરિષદમાં અસ્પૃશ્યો માટે અલગ મતાધિકારની માંગણી કરી હતી પાછળથી ૨૪મી સપ્ટેમ્બર - ૧૯૩૨ના રોજ પૂ.ગાંધીજી સાથે સમાધાન થયુ તે ' પુના પેકેટ ' તરીકે ઓળખાયુ. તેમાં અસ્પૃશ્યોને અલગ મતદાર મંડળોને બદલે તેમની વસ્તીનાં ધોરણે પ્રતિનિધિત્વ તેમજ અનામત બેઠકો આપવામાં આવી હતી. તેના પગલે પગલે ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીથી આપણા દેશમાં અમલમાં આવેલ લોકશાહી બંધારણના વિભાગ ૧૬ ની કલમ ૩૩૦ દ્વારા લોકસભામાં અને કલમ ૩૩૨ દ્વારા રાજ્યોની વિધાનસભાઓમાં પછાતવર્ગો માટે અલગ બેઠકોની જોગવાઈ કરવામાં આવી. આ બેઠકો દેશની અને રાજયની કુલ વસ્તી તથા રાજ્યોમાં પછાતવર્ગોની વસ્તીની ટકાવારીના પ્રમાણ માં નકકી કરવામાં આવી છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે લોકસભાની ૫૪૨ બેઠકોમાં ૭૮ બેઠકો અને રાજ્યોની વિધાનસભાઓની કુલ ૩૯૯૦ બેઠકોમાંથી ૫૪૦ બેઠકો

---

(x) Rise & awakening of depressed classes in India 191

અનુસૂચિત જાતિઓને ફાળવવામાં આવી હતી. ગુજરાત રાજ્યની લોકસભાની કુલ ૨૬ બેઠકોમાં ૨ બેઠકો ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાં ૧૩ બેઠકો અનુસૂચિત જાતિઓને ફાળવવામાં આવી હતી. એટલેકે લોકસભામાં આ જાતિનું ૧૪.૪ ટકા અને રાજ્યોની વિધાનસભાઓમાં ૧૧.૦ ટકા પ્રતિનિધિત્વ અપાયું છે ગુજરાત વિધાનસભામાં તેમનુ ૭.૭ ટકા પ્રતિનિધિત્વ છે." ०

રાજકારણમાં હવે અસ્પૃશ્યોનું શું મહત્વ છે તે તેઓ સમજતા થયા છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન વાતચીતમાં એ વાત પણ સાંભળવા મળી હતી કે, " આજ સુધી અમારો કોઈ ભાવ જ પૂછતાં ન હતા., ચોરા ઉપર તો અમારાથી પગ પણ દેવાતો નહતો તેના બદલે આજે અમે ત્યાં જઈને બેસી શકીએ છીએ, વળી ઉજળિયાતોને ખબર છે કે આ લોકોની અમારે જરૂર પડવાની છે. એટલે અમારી સાથે સંબંધો સારા રાખે છે. ભલે એમના મનમાં ગમે તે હોય. "

વળી એક ગામના ગ્રામપંચાયતના અનુસૂચિત જાતિના સભ્યે જણાવ્યું હતુ કે, " દિલ્હીમાં અને ગાંધીનગરમાં અમારા ( અનુસૂચિત જાતિના ) માણસો બેઠા છે એ જોઈને અમારામાં પણ હિંમત આવે છે કે અમારો કોઈ માણસ આગળ બેઠો છે. એટલે અમો અમારા હકક માટેની માંગણી કરવાનુ અને શોષણને તાબે ન થવાની હિંમત કેળવી શકયા છીએ. "

જયાં લગી ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી એમ કહી શકાય તેમ છે કે અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગોનાં મતો

---

० ગુજરાતનાં વિકસતા સમુદાયો - ૨૨૯ - ઉર્મિલા પટેલ.

ચૂંટણીઓમાં ઘણાં જ નિર્ણયાત્મક બન્યા છે. આથી દરેક રાજકીય પક્ષો અનુસૂચિત જાતિ, આદિવાસી તથા અન્ય પછાત વર્ગોનાં લોકોનો વિશ્વાસ મેળવી તેમના મતો મેળવવાના પ્રયત્નો કરી રહ્યા છે.

સદીઓથી વિવિધ પ્રકારે શોષાતી, પીડાતી આવતી અસ્પૃશ્ય પ્રજાની મુશ્કેલીઓને નિવારવા જે ઐતિહાસિક મુxxxx xxx પ્રિxxxxપ્રક્રિયા ચાલી છે તેનાં પરિપાકરુપે આપણે જોઈ શકીએ છીએ કે જે માનવ સમાજનો મોટો ભાગ જે માનવ અધિકાર વિહોણો કચડાતો, હડધૂત થતો આવ્યો હતો તે હવે નવજાગૃતિથી અને સભાનતાથી આગળ આવી રહ્યો છે. સ્વતંત્રતાની ચળવળ અને બંધારણીય રક્ષણથી તેઓનામાં એક પ્રકારનું જોમ આવ્યુ છે. તેમાં મહત્વનું જો કોઈ રક્ષણ મળ્યુ હોય તો તે તેમની રાજકીય મહત્વતાછે. તેની કેટલીક અવળી અસરમાંની એક એ છે કે ગામડામાં લઘુ સંખ્યામાં રહેતી અસ્પૃશ્ય વસ્તીએ પ્રભાવક વર્ગોની સહાનુભૂતિ ગુમાવી તેઓનાં આડકતરા પ્રપંચી પેંતરાનો ભોગ બન્યા છે જેના કારણે અસ્પૃશ્યોની માનહાનિ પણ થઈ છે.

પ્રો.નીર્મલકુમાર બોઝ કે જેઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણનાં (આયુક્ત) કમિશનર હતા તેમણે કહ્યું હતુ કે, '' The tremandous Changes in the mental outlook of scheduled castes during the last thiryt years wxxxxx were never seen nor witnessed during the last three thousand years. To day a Harijan would not accept the same social

position of past but he will ask for more rights."

અસ્પૃશ્યોને જે રાજકીય હકકો આપવામાં આવ્યા છે તેણે અછૂતોના મનમાંથી ડરને ભગાડયો છે. આ પગલું એ સમાનતા લાવવા માટેનુ મહત્વનું પગલુ હતું. રાજકીય હકકોને લઈ અસ્પૃશ્યોની આર્થિક સ્થિતિ સુધરી છે એટલુ જ નહીં તેઓ જેમ જેમ શિક્ષિત બનતા જાય છે તેમ તેમ સદીઓ જુની અસમર્થતાઓ તોડીને તેઓ સમર્થ બનતા જાય છે. એટલુ જ નહીં પણ અસ્પૃશ્યતા નિવારણના ધારાઓને અસરકારક રીતે અમલી બનાવવા પ્રયાસો કરતા થયા છે.

રાજકીય અધિકારોનો ભોગવટો મળવાથી અસ્પૃશ્યોમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવ વધ્યુ છે. ચૂંટણીઓ વખતે સવર્ણ ઉમેદવારો અછૂતોના ઘેર ઘેર મત માટે ફરતા થયા છે. તથા સવર્ણો અસ્પૃશ્યોના ઉમેદવારોને મત આપતા થયા છે. ફકત બંધારણીય જોગવાઈ ધ્વારા અસ્પૃશ્યોને સામાજિક પ્રતિષ્ઠા અને દરજ્જો પ્રાપ્ત થયા છે એ અતિમહત્વનું પરિવર્તનછે.

રાજકીય અધિકારી મળતા અસ્પૃશ્યો ગણાતા લોકોના હાથમાં સત્તા આવી છે. તથા અસ્પૃશ્યોમાં શિક્ષણ તથા જાગૃતિને લઈ અન્ય રાજકીય કાર્યકરોને પણ તેમના તરફના દુર્લક્ષાને અટકાવી શકયા છે.

તેમ છતાં સવર્ણ સમાજના મનોવલણો કેવા છે તેનો દાખલો ઉર્મિલાબેન પટેલે ગુજરાતનાં વિકસતા સમુદાયોમાં એક સવર્ણ રાજકીય આગેવાનની ચર્ચા ટાંકી દર્શાવ્યું છે, '' અમારા જિલ્લાનાં અમુક મતદાર વિભાગ હરિજનો માટે અનામત છે એટલે ઉમેદવાર તો તેમનામાંથી જ મૂકવો પડશે પણ જો કોઈ મોચીને ગોઠવી દેવાય તો આપણા પક્ષનો ઉમેદવાર જીતી જાય. કારણ હવે હરિજનોની દાદાગીરી એટલી વધી ગઈ છે કે અમારા જીલ્લાના કોઈ સવર્ણો તેમને ઈચ્છતા નથી, અને ગાંધીજી આ લફરૂં ઘાલતાં ગયા છે. એટલે બીજો રસ્તો નથી. પણ હવે મોચી પછાતવર્ગમાં ગણાય છે અને હજી સુધી કોઈ મોચી ચૂંટાયો નથી, એટલે કોઈ મોચીને મૂકી દઈએ તો હરિજનોને પ્રતિનિધિત્વ આપ્યુ કહેવાય અને સવર્ણોનું કામ પણ થઈ જાય. બધા સવર્ણોના મત તેને મળી જાય એટલે હેતુ પાર પડે. ''

સાથે સાથે એ પણ હકિકત છે કે રાજકીય અનામત બેઠકો પણ શોષણનું સાધન બની ગયુ છે. અનામત બેઠક પર અનુસૂચિત જાતિઓના પ્રતિનિધિઓ ઉપલી નેતાગીરીની મહેરબાનીથી ચૂંટાય છે. આથી ચુંટાયેલા પ્રતિનિધિ ઉપલી નેતાગીરી સામે પોતાના સમાજનો અવાજ ઉઠાવી શકતા નથી પરંતુ સમાજના ગંભીર પ્રશ્નો પરત્વે ઉદાસીનતા દાખવે છે કારણકે ત્યાં પોતાનો સ્વાર્થ આવી જાય છે. જો પછાત સમાજનો અવાજ ઉઠાવવા જાય તો પક્ષ ફરી તેમને ટીકીટ ન આપે તેનો ભય રહે છે.

બીજી બાજુ એ પણ એટલી જ વાસ્તવિક હકીકત છે કે જો અસ્પૃશ્યો માટે સરકારે વિશેષ જોગવાઈઓ ન કરી

હોત તો શું આ રુઢિચુસ્ત સમાજ અસ્પૃશ્યોનાં પ્રતિનિધિને ચુંટીને ધારાસભા, લોકસભામાં મોકલત ? અરે રાજકીય પક્ષો પણ તેઓને પ્રતિનિધિત્વ આપત ? તેમાં પણ શંકા છે.

જ્યારે બીજી બાજુ ગુજરાતમાં જાગ્રત સવર્ણો કહેવા લાગ્યા છે, " હવે આપણુ તો સાંભળે છે જ કોણ આ દેશમાં પછાતવર્ગોનુ જ રાજ ચાલે છે. "

કોઈપણ બાબતની બીજી બાજુ હંમેશા રહેવાની પરંતુ જ્યારે તેના લાભાલાભની તુલના કરવાની હોય ત્યારે હકારાત્મક પાસાને જ વધુ ધ્યાનમાં લેવામાં આવે છે તેમ અસ્પૃશ્યોને આપવામાં આવેલા કેટલાક વિશિષ્ટ લાભોને લઈ કેટલાક અનિષ્ટો વિકસ્યા હશે પરંતુ તેથી વિશેષ તેની હકારાત્મક અસરનો ગુણોત્તર એકંદરે ઘણો ઉંચો છે.

અનુસૂચિત જાતિના લોકોમાં જાગૃતિ લાવવાનું અગત્યનું જો કોઈ પરિબળ હોય તો તે અનુસૂચિત જાતિઓનું રાજકારણ માં પ્રતિનિધિત્વ ગણાવી શકાય. તેનાથી ગ્રામ્ય, તાલુકા, જિલ્લા, રાજ્ય અને કેન્દ્ર સ્તરે અનુસૂચિત જાતિનું પ્રતિનિધિત્વ સ્થાયી બન્યુ છે તેને મળેલી સત્તાથી ફરક પડ્યો છે. આખરે લોકશાહી વ્યવસ્થાતંત્રમાં તો પ્રતિનિધિત્વનો જ મહત્વનો ભાગ ભજવે છે.

અને છેલ્લે એક વાત લખવાનાં લોભને ખાળી શકતો નથી તે એ છે કે સામાન્ય રીતે લોકમાનસમાં એક એવો ખ્યાલ દ્રઢીભૂત થયેલો છે કે કાયદા કરવાથી કાંઈજ થતુ નથી પરંતુ એ બાબતે

"Equality through Privilege " નામના પુસ્તકમાં શ્રી P.C. Aggarwal લખે છે કે " It is often argued that attitudes of people cannot be changed by law. Prejudices ingrained in the minds of the high castes are so that they cannot be rooted out by legal fiat. How ever, there is much truth in the follwing statement of a Black American, " Law cannot make the white man love me but it can prevent him from bitting me. I do not care for his love anyway. It only he stops mistrcating me . I will be happy."

આમ શિક્ષણ, આર્થિક સ્થિતિ, વસ્તી અને વિસ્તાર તથા રાજકીયકરણ સાથે અસ્પૃશ્યતાની પરસ્પર પ્રતિકૂળ અને અનૂકૂળ અસરો જોયા બાદ પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયેલા ગામોમાં કેવી અસ્પૃશ્યતા પ્રવર્તે છે તે પ્રકરણ - ૪માં જોઈએ.

# પ્રકરણ - ૪

# આજની અસ્પૃશ્યતા

આજની અસ્પૃશ્યતા :

અગાઉ જણાવી ગયા છીએ તેમ પ્રસ્તુત અભ્યાસ માટે ૧૯૮૪ માં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુજરાતના ખેડા, મહેસાણા અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલા કેસોમાંથી કુલ ૬૦ કેસો આવરી લેવામાં આવ્યા હતા. જેનાં આધારે ગ્રામ્ય વિસ્તારમાં અસ્પૃશ્યતાનો વ્યાપ અને ઉંડાણ તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં કેસો કેટલા ક ગામોમાં બે કે બેથી વધુ કેસો હોવાથી ગામોની સંખ્યા ૫૬ થઈ હતી તેમાંના ૮ કેસો શહેરી વિસ્તારના હતા જ્યારે ૪૮ ગ્રામ્ય વિસ્તારનાં હતા. ખાસ કરીને આ અભ્યાસમાં ગ્રામ્ય વિસ્તારને જ કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યો હોવાથી આ પ્રકરણમાં ૪૮ કેસો જે જે ગામોમાં થયા હતાં ત્યાં પ્રવર્તતી અસ્પૃશ્યતા સંબંધી મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ અભ્યાસનો હેતુ ૧૯૮૪માં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસો પછીના ચાર વર્ષો જે તે ગામમાં અસ્પૃશ્યતા પ્રવર્તે છે ? અને છે તો કયા કયા સ્વરૂપે છે તે અંગેની મેળવેલી વિગતોનું નિરીક્ષણ અને પ્રશ્નકને આધારે આલેખન કરવાનો પ્રાથમિક ખ્યાલ છે. અન્ય વિજ્ઞાનો કરતાં સમાજ વિજ્ઞાન એ અતિ વિકટ વિજ્ઞાન છે. કારણ સમાજ માંબનથી કોઈ ઘટનાના સ્વરૂપને સમાજ વૈજ્ઞાનિક ચોકકસ પરિભાષામાં આલેખી તેનું અન્ય એવા જ પ્રસંગ સાથેનું સામજસ્ય પ્રસ્થાપિત કરી શકતો નથી જેમ કે રસાયણ વિજ્ઞાન માં કોઈ ધાતુને તેની ચોકકસ પરિભાષા આપવામાં આવે છે.

પરંતુ સમાજવિજ્ઞાનમાં સમાજના એકમ તરીકે માનવીનાં વર્તનને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરવું અતિ કઠીન કામ છે અને તે વ્યકિત, વ્યકિતએ ભિન્ન હોવાની સંપૂર્ણ સંભાવના છે.

અસ્પૃશ્યતા ઉદ્ભવના કેટલાક ખ્યાલોમાંનો એક ખ્યાલ અપવિત્રતા ઉપર રચાયેલો લાગે છે. તેમાં અસ્પૃશ્ય ગણાતી ચોકકસ જ્ઞાતિઓમાં જન્મવાથી વ્યકિત અસ્પૃશ્ય ગણાય છે. તેનો કોઈ શિલાલેખ કે તામ્રપત્ર પર નોંધ નથી.જો કે મનુએ મનુસ્મૃતિમાં શુદ્રોએ કેવી રીતે રહેવું અને બિનશુદ્રોએ શુદ્રો સાથે કેવો વ્યવહાર કરવો તે દર્શાવ્યું છે. પરંતુ તેથી પણ વિશેષ સ્વરુપે અસ્પૃશ્યતા અણીશુધ્ધ રીતે ભારતીય સમાજમાં જળવાઈ રહી હતી અને છે.

પ્રસ્તુત અભ્યાસ માટે અસ્પૃશ્યોના રોજબરોજનાં દૈનિક જીવન અને આ જીવનમાં કેટલાક પ્રસંગો કે જેમાં અસ્પૃશ્ય ગણાતા લોકોને સવર્ણો સાથે સીધી તથા આડકતરી રીતે સંપર્કમાં આવવાનુ બને છે. આવા વખતની અસ્પૃશ્યતાને તપાસવા માટે સચોટ નિરીક્ષણની જરુર પડે. જો કે નિરીક્ષણની રીતમાં, પધ્ધતિમાં ફેરફાર કે તફાવત હોઈ શકે છે. પરંતુ હકિકતો મેળવવાની બાબતમાં સૌ સમાજ વૈજ્ઞાનિકો, સમાજ સંશોધકોએ સ્પષ્ટ બનવું પડે. વૈજ્ઞાનિક પરિભાષામાં કહીએ તો હકીકતોને વ્યાખ્યાયિત કરવી પડે. ગ્રામ્ય વિસ્તારમાં અસ્પૃશ્યોના જીવન વ્યવહારમાં રખાતી અસ્પૃશ્યતા અનુસૂચિત જાતિનાં લોકોને વધુ ત્રાસદાયક લાગે છે. તેનાથી તેઓ ( Mentaly torturing ) માનસિક ત્રાસ અનુભવતા હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં આવી કેટલીક પરિસ્થિતિઓ અંગેની માહિતીનુ સંકલન વિવિધ સંશોધન પધ્ધતિ અને પ્રવિધિઓ ધ્વારા કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસમાં નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવાનો હતો. આ પધ્ધતિની કેટલીક મર્યાદાઓને ધ્યાનમાં રાખી સચોટ નિરીક્ષણ થઈ શકે તે માટે પહેલા વિસ્તૃત પર્યવેક્ષણ યોજના તૈયાર કરવામાં આવી હતી તેમાં જે રીતે સમાજનીતિનાં માપન ( Sociometric Scales ) નકકી કરવામાં આવે છે. તેવી જ રીતે અત્રે પણબૃહદ સમુદાયનો અસ્પૃશ્ય સમાજ સાથેના વ્યવહારમાં અસ્પૃશ્યતાવાળા વ્યવહાર નકકી કરવામાં આવ્યા હતા. અલગ અલગ ગામની અલગ અલગ અનુસૂચિત જાતિ સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર અલગ અલગ હોવાની સંભાવનાને લઈ સામાજિક વ્યવહારનો જુદા જુદા સંદર્ભનો પાયો ગણી સવર્ણ સમાજના લોકોનું અનુસૂચિત જાતિના લોકો સાથે કેવા પ્રકારનો વ્યવહાર હોય તો તેને અસ્પૃશ્યતારહિત વ્યવહાર છે તેમ મુલવવું તે માટેનાં વર્તનની યાદી બનાવવામાં આવી હતી જેનો નિરીક્ષણ વખતે ઉપયોગ કરવામાં આવ્યો હતો. અત્રે એ નોંધવુ રહયું કે અસ્પૃશ્યતાની તિવ્રતા માપવાના ખ્યાલથી અમો અળગા રહયા છીએ.

આવા વર્તનની યાદી આ પ્રમાણે છે.

- અનુસૂચિત જાતિનાં લોકોને મકાનમાં પ્રવેશ ન આપી તેમની સાથેનો વ્યવહાર, આંગણાઓ, વાસ બહાર કે ઘરના છાપરા આગળ પતાવવા.

- અનુસૂચિતના લોકો દુકાનમાં ચીજ વસ્તુઓ ખરીદવા જાય ત્યારે ઙ દુકાનની બહાર ઉભા રાખવા.

- ચીજવસ્તુ અધ્ધરથી આપવી તેવી જ રીતે પૈસા અધ્ધર હાથેથી લેવા.

- ગામના વાળંદ અનુસૂચિત જાતિના લોકોની હજામત ન કરતાં હોય.

- અનુસૂચિત જાતિના લોકોને કુંભાર વાસણો જોવા ઘરમાં પ્રવેશવા ન દેતા હોય.

- એકવાર લીધેલું વાસણ બદલી ન આપતા હોય.

- કુંભાર પોતે જ માટીના વાસણ બનાવે પરંતુ અનુસૂચિત જાતિનાં લોકોને હાથમાં લઈ તપાસવા ન દેતા હોય.

- અનુસૂચિત જાતિના લોકો માટે પીવાના પાણીનો અલગ કૂવો હોય.

- વોટર વર્કસ હોય તો અનુસૂચિત જાતિના લોકો માટે અલગ નળ હોય તથા તેની વચ્ચે દિવલા ચણેલી હોય.

- અનુસૂચિત જાતિના લોકો માટે અલગ સ્ટેન્ડ પોસ્ટ હોય.

- તળાવમાં અનુસૂચિત જાતિના લોકો ઉપયોગ ન કરી શકતા હોય અથવા તેમના માટે અલગ ઓવારો હોય.

- અનુસૂચિત જાતિના લોકો મુખ્ય મંદિરમાં દર્શને ન જઈ શકતા હોય.

- રસ્તામાં ચાલતા સવર્ણોને અનુસૂચિત જાતિના લોકોનો સ્પર્શ થઈ જતા ચિડાતા હોય, ગાળો બોલતા હોય કે મારઝૂડ કરતાં હોય.

- દરજી કપડા ન સીવતા હોય.

- કપડા સીવતા હોય તો અડકીને માપ ન લેતા હોય.

- અડકીને માપ લેતા હોય તો પછી પાણીથી છાંટ લેતા હોય.

- કપડા સીવે છે પરંતુ દુકાનમાં પ્રવેશવા ન દેતા હોય.

- હોટલ પર ચા - નાસ્તો ન કરી શકતા હોય.

- હોટલમાં ચા માટે અલગ કપ રકાબી રખાતા હોય.

- હોટલમાં કે શાળામાં અધ્ધરથી રેડીને પાણી પીવડાવવામાં આવતું હોય.

- મજુરોને અધ્ધરથી જમવાનું આપતા હોય.

- જમતી વખતે અલગ બેસાડતા હોય કે [illegible]. બેસવું પડતુ હોય.

- મજૂરીની ચૂકવણી નીચે મુકીને કે અધ્ધરથી કરવી.

- અનુસૂચિત જાતિના સભ્ય ગ્રામપંચાયતમાં ખુરશી પર ન બેસી શકતા હોય.

- ગ્રામ પંચાયતમાં પ્રવેશી ન શકતા હોય.

- ગ્રામ પંચાયતમાં અન્ય સભ્યથી દૂર બેસવુ પડતુ હોય.

- ચા-પાણીના કપ રકાબી કે ગ્લાસ અલગ રાખતા હોય.

- જાણી જોઈને ચા-પાણી કરાવતા ન હોય.

- શાળામાં અનુસૂચિત જાતિના બાળકોને અલગ બેસાડતા હોય.

- પીવાના પાણીના ગ્લાસ અલગ રાખતા હોય.

- અનુસૂચિત જાતિના બાળકોને પાણી અધ્ધરથી પીવડાવતા હોય.

- મધ્યાહન ભોજન વખતે અનુસૂચિત જાતિના બાળકોને અલગ બેસાડતા હોય.

- લગ્ન અને તેના જવા શુભ પ્રસંગોએ અનુસૂચિત જાતિના લોકોને ઢોલ વગાડવા ન દેતા હોય.

- લગ્ન વખતે અનુસૂચિત જાતિના લોકોને વરઘોડો ન કાઢવા દેતા હોય.

- ભવાઈ કે નાટક જોવા અલગ બેસાડતા હોય.

પ્રસ્તુત અભ્યાસમાં નિરીક્ષણ ઉપર વિશેષ ભાર આપવામાં આવ્યો હતો. અભ્યાસમાં આવરેલ ત્રણ જિલ્લા ખેડા, મહેસાણા અને રાજકોટમાં અલગ અલગ સંશોધકે ક્ષેત્રકાર્ય કર્યું હતું. આથી જુદા જુદા જિલ્લામાં અગાઉ જણાવેલ વ્યવસ્થામાં કેવી રીતે અસ્પૃશ્યતા પળાય છે તેનું નિરીક્ષણ કરવાનું હતું અને તેની નોંધ કરવાની હતી. અસ્પૃશ્યતા બાબતમાં પુછેલાસવાલોના જવાબો ફકત અસ્પૃશ્યોએ આપેલી માહિતીને આધારે નોંધવામાં આવ્યા હતા. સવર્ણો પાસેથી પ્રસ્તુત સવાલોનાં ઉત્તર મેળવવાનું રાખ્યું હતું કારણકે કાનૂની જોગવાઈઓની સભાનતા તેઓનામાં હોઈ તેઓ સત્ય બાબતો દર્શાવે નહીં. પરંતુ કેટલાક કિસ્સાઓમાં ગામડાની અનુસૂચિત જાતિના લોકોમાં ખાસ કરીને વૃધ્ધો સાચી માહિતી દર્શાવતા નહતા. જો કે યુવાનો કેટલીકવાર વૃધ્ધોની હાજરીમાં કે ત્યારબાદ સાચી હકીકતો જણાવતા હતા. તે ઉપરાંત પ્રસ્તુત સવાલોનાં જવાબો મેળવતી વખતે વ્યકિત સમૂહમાં જ જવાબ આપતી હતી તેથી જે તે વ્યકિત જવાબ આપતી વખતે એક પ્રકારની ગભરામણ અનુભવતી હતી.

મુલાકાત વખતે હાજર રહેલાઓમાંથી કેટલાક વિશેષ વ્યક્તિ જેવી કે શિક્ષક, પંચાયતના સભ્ય, મહોલ્લાના આગેવાન, ભણેલ વ્યક્તિઓ તથા જુવાનિયાઓ જવાબ આપનાર વ્યક્તિના જવાબમાં કેટલાક સુધારા વધારા પણ સૂચવતા હતા.

જો કે અસ્પૃશ્યતાનુ સ્વરૂપ માપવાના પત્રકમાં હા / ના માં જવાબ નોંધેલ હતા તેના ઉપર રીમાર્ક કરવાની હતી તથા વિશેષ નોંધમાં કોઇ નોંધ હોય તો તે નોંધવાની હતી ક્યારેક એવા પણ ઉત્તરો મળતા કે જે ખુદ સંશોધકની પણ પરીક્ષા કરી લે તે વખતે સંશોધક પોતે જે તે પરિસ્થિતિને અસ્પૃશ્યતાના સ્વરુપમાં મુલવી નિર્ણયકરી લેતા હતા કે આ સ્થિતિને અસ્પૃશ્યતાના વ્યવહારમાં ગણી શકાય કે નહીં?

આ બાબતોની ક્ષેત્રકાર્યમાં જતા અગાઉ ચર્ચા કરવામાં આવી હતી. કેટલાક કિસ્સાઓમાં અસ્પૃશ્યતાના વ્યવહાર બાબતની સવર્ણ ઉત્તરદાતા પાસેથી વિગતો મેળવી તેને અનુસૂચિત જાતિના લોકો પાસેથી મેળવેલી વિગતો સાથે સરખાવી તેની હકીકત મૂલ્યતા તપાસી જોઇ. જો કે પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયેલા ગામોમાં નાગરિ હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ કેસો થયેલા હોવાથી ગામમાં આંતરજાતિય સંબંધોમાં ઉગ્રતા પણ જોવા મળી હતી તેવા સંજોગોમાં સંશોધકો પોતે પણ જે તે ગામમાં પોતાને અસલામત મહેસૂસ કરતા હતા. આથી ઉલ્ટું મહેસાણા જિલ્લો કે જે અસ્પૃશ્યતા બાબતમાં ગુજરાતમાં સંવેદનશીલ વિસ્તાર છે ત્યાં નોંધાયેલા કિસ્સાઓ માંથી ગ્રામ્ય વિસ્તારના ફકત આઠ (૮) કિસ્સાઓ જ

તપાસમાં આવરી લીધા હોવાથી તેનાં દ્વારા મહેસાણા જિલ્લામાં પ્રવર્તતી અસ્પૃશ્યતાની સ્થિતિને યોગ્ય રીતે મુલવી શકયા નથી.

આ ઉપરાંત અસ્પૃશ્યતા અંગેની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે તે તપાસેલ કિસ્સાનાં ફરિયાદી કુટુંબના ઉત્તરદાતા પાસેથી મેળવેલી હકીકતો ઉપરથી કરવામાં આવ્યુ છે. તેમાં કેટલીક જગ્યાએ પોલીસ દ્વારા કરવામાં આવેલ કેસોમાં ફરીયાદી પોલીસ જ હોય તો તે વિગતો કાં તો મેળવી નથી અથવા તો જે તે ગામનાં અનુસૂચિત જાતિના લોકો પાસેથી મેળવી છે. ટૂંકમાં અત્રે કરવામાં આવેલ વિશ્લેષણની વિગતોનાં ઉત્તરદાતા અનુસૂચિત જાતિનાં જ લોકો હતા. જયારે જયારે અસ્પૃશ્યતાની વાત આવે ત્યારે સવર્ણો તરફથી એ બાબત પ્રત્યે ખાસ ધ્યાન દોરી નિર્દેશ થાય છે કે અનુસૂચિત જાતિમાં પણ અસ્પૃશ્યતા છે. અત્રે ઉલ્લેખ કરવો અતિ આવશ્યક લાગે છે કે પ્રસ્તુત અભ્યાસમાં અનુસૂચિત જાતિના લોકોમાં માહયેમાહય પ્રવર્તતી અસ્પૃશ્યતાને તપાસવામાં આવી નથી. પરંતુ જયાં જયાં અનુસૂચિત જાતિમાં માહયે માહય અસ્પૃશ્યતા જોવા મળી છે ત્યાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેટલાક ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે, '' એ તો અમારી ઘરઘરની બાબત છે. તે વિશેષ કષ્ટદાયક નથી. અનુસૂચિત જાતિમાં અંદરોઅંદરની અસ્પૃશ્યતાને લીધે એકબીજાના ખૂન થયાં હોય તેવું જાણવા મળ્યું નથી. ''

પ્રસ્તુત અભ્યાસમાં નમુના પસંદગી જેવુ કોઈ ધોરણ

રાખવામાં આવ્યું નહતું. પરંતુ ખેડા, મહેસાણા, અને રાજકોટ જિલ્લામાં ૧૯૮૪માં નાગરિક હક્ક સંરક્ષણઅધિનિયમ હેઠળ નોંધાયેલ દરેકે દરેક કેસો આવરી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત છે, ૧૯૮૪માં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ હેઠળ નોંધાયેલ કેસો અને અભ્યાસમાં આવરી લેવામાં આવેલ કેસોની આંકડાકીય વિગત નીચે પ્રમાણે છે.

| અ.નં. | જિલ્લો. | ૧૯૮૪માં ના.હ.સં.અધિનિયમ હેઠળ નોંધાયેલ કેસો. | અભ્યાસ માટે તપાસેલ કેસો. |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૩૭ | ૨૮ |
| ૨ | મહેસાણા. | ૩૨ | ૧૨ |
| ૩ | રાજકોટ. | ૨૭ | ૨૦ |
| | કુલ. | ૯૬ | ૬૦ |

મકાન પ્રવેશ : -

ગ્રામ્ય સંસ્કૃતિને નામે ઘણા બધા અનિષ્ટો પોષાય છે તેમાં અસ્પૃશ્યતા એક મોટું અનિષ્ઠ છે. આઝાદી મળ્યાને ૪૦ વર્ષ બાદ પણ ગુજરાતના કોઈપણ ગામમાં જઈ ૫૦ કે તેથી વધુ ઉંમરવાળા અનુસૂચિત જાતિની વ્યકિતને પુછો કે તમો સવર્ણોના મકાનમાં પ્રવેશ કરો છો ? તો પ્રથમ તો ઉત્તરદાતાને લાગે કે આ કોઈ સરકારી માણસ છે, તેને વળી આ સરકારી કાયદાનાં લફરામાં લેવા દેવા વગરનુ પડવુ. એવુ મનોમન વિચારી કહી દે છે કે, હા, સાહેબ અમે તો એમના ઘરમાં પણ જઈએ છીએ. પછી થોડી વાત થાય, ચા-પાણીનાં વ્યવહાર થાય ત્યારે પાછા ઉત્તરદાતા થોડું દીલ ખોલીને વાત કરે અને એમને માલૂમ પડે કે આ ભાઈપણ અનુસૂચિત જાતિના જ છે પછી એકદમ ખુલ્લા દિલે સાચી વાત કરતાં હોય છે. આમ આ હળવી શૈલીમાં પરિસ્થિતિગત ચિતાર છે પરંતુ કહેવાનો મતલબ એ છે કે સંશોધનકાર તરીકે જઈ ઉપલક જવાબો મેળવી તેનાં આધારે તેનું અહેવાલમાં નિરુપણ કરવાથી વાસ્તવિકતા બહાર આવતી નથી તે માટે ( Participation ) સહભાગી પણ અનિવાર્ય બને છે.

પ્રસ્તુત અભ્યાસમાં મકાન પ્રવેશ અંગેની વિગતો મેળવવા માટે સવર્ણ સમાજને જ્ઞાતિ અનુસાર ત્રણ વિભાગોમાં વિભાજીત કર્યા હતાં. જેમાં (૧) ઉચ્ચ સવર્ણ જ્ઞાતિઓ (૨) મધ્યમ

સવર્ણ જ્ઞાતિઓ અને (૩) અન્ય સવર્ણ જ્ઞાતિઓ. ઉચ્ચ સવર્ણ જ્ઞાતિઓમાં બ્રાહ્મણ, પટેલ, વાણિયા જેવી જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે મધ્યમ સવર્ણ જ્ઞાતિઓમાં ઠાકોર, કોળી, રબારી, ભરવાડ, કુંભાર, સુથાર અને લુહાર જેવી જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે અન્ય સવર્ણજ્ઞાતિઓમાં રાવળિયા, વાઘારી, મોચી તથા મુસ્લીમોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. અહીં મકાન પ્રવેશ એટલે રહેઠાણનાં મકાનમાં જેમ આપણે ત્યાં કોઈ મહેમાન આવે અને તે જે રીતે કોઈપણ પ્રકારના હિચકિચાટ સિવાય ઘરમાં પ્રવેશે છે તે પ્રકારના મકાન પ્રવેશનો ખ્યાલ છે. આ વિભાગો પ્રમાણે ઉચ્ચ સવર્ણ જ્ઞાતિઓનાં મકાનમાં પ્રવેશ બાબતના આંકડા કોઠો ૪-૧માં દર્શાવ્યા છે.

કોઠો : ૪ - ૧

ગ્રામ્ય વિસ્તારમાં ઉચ્ચ સવર્ણ જ્ઞાતિઓનાં મકાનમાં હરિજનોનો પ્રવેશ.

| અ.નં. | જિલ્લો. | તપાસેલ કિસ્સા. | | બ્રાહ્મણ. | | | પટેલ. | | | વાણીયા. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | વસ્તી ધરાવતાં ગામો. | હરિજનો પ્રવેશ કરે છે? હા. | ના. | વસ્તી ધરાવતાં ગામો. | હરિજનોપ્રવેશ કરે છે ? હા. | ના. | વસ્તી ધરાવતાં ગામો. | હરિજનો પ્રવેશ કરે છે ? હા. | ના. |
| ૧ | ખેડા | - | ૨૭ | ૧૪ | - | ૧૪ | ૨૦ | ૧ | ૧૯ | ૧૮ | - | ૧૮ |
| ૨ | મહેસાણા. | ૬ | ૮ | ૬ | - | ૬ | ૬ | - | ૬ | ૪ | - | ૪ |
| ૩ | રાજકોટ. | ૨ | ૧૩ | ૯ | ૧ | ૮ | ૧૧ | - | ૧૧ | ૭ | - | ૭ |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૨૯ (૬૦.૪૧) | ૧ (૩.૪૫) | ૨૮ (૯૬.૫૫) | ૩૭ (૭૭.૦૮) | ૧ (૨.૭૧) | ૩૬ (૯૭.૨૯) | ૨૯ (૬૦.૪૧) | - (-) | ૨૯ (૧૦૦) |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકા દર્શાવે છે.

ગામડામાં જે જ્ઞાતિનુ પ્રભુત્વ હોય તે જ્ઞાતિ અસ્પૃશ્યતા ની વધુ આગ્રહી હોય છે. સામાન્ય રીતે બ્રાહ્મણો જે જ્ઞાતિ વ્યવસ્થામાં ઉચ્ચદરજ્જો ભોગવે છે તેમને પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા જ્ઞાતિભેદો ઉચનીચના ખ્યાલો અને અસ્પૃશ્યતા ને સમાજવ્યવસ્થાનો ભાગ બનાવ્યા છે તેઓ અસ્પૃશ્યતાના કડક આગ્રહી હોય છેજ સાથે સાથે ગામમાં પ્રભુત્વ ધરાવતા દરબારો કે પટેલો પણ તેના આગ્રહી હોય છે. કારણકે પ્રભુત્વ ધરાવતી જ્ઞાતિ તરીકે તેમનાં સ્થાપિત હિતો સતત જળવાઈ રહયા હોય છે.

સાથે સાથે ઉચ્ચ જ્ઞાતિઓમાં શિક્ષણનુ પ્રમાણ વધતાં તથા રાજકીય જીવનમાં તેઓ વધુ સક્રિય હોવાથી લોકશાહી વ્યવસ્થાની કેટલાકનાં માનસ પર અસર થઈ છે તેથી તેઓ સમાનતા તથા સમાન અધિકારની હિમાયત પણ કરે છે પરતુ મોટાભાગના સવર્ણો જેઓ આર્થિક, સાંસ્કૃતિક રીતે પછાત અને સામાજિક રીતે રુઢીચુસ્ત છે તેમનામાં વૈચારિક પરિવર્તનનો અભાવ હોઈ તેઓ હજુ સુધી પણ જુની માન્યતા ઓને જડતાથી અનુસરી રહયા છે તેઓમાં અંધશ્રધ્ધાનુ પ્રમાણ પણ વિશેષ છે. તેઓ આજે પણ ખૂબ જ દ્રઢતાથી અસ્પૃશ્યતામાં માને છે. અસ્પૃશ્યતા પાળે છે.

પત્રક ૪ - ૧માં દર્શાવેલ આંકડાઓ કેટલીક બાબતોને વધુ સ્પષ્ટ કરે છે. જેમ કે તપાસેલ કુલ ગામોમાંકુલ ૬૦.૪૧ ટકા ગામો એવા હતા કે જયાં બ્રાહ્મણોની વસ્તી હતી. તેમાંના ૯૬.૫૫ ટકા ગામોમાં હરિજનો બ્રાહ્મણોનાં મકાનમાં પ્રવેશ કરી શકતા નહતા જયારે ૩.૪૫ ટકા ગામમાં બ્રાહ્મણો

નાં ઘરમાં હરિજનો પ્રવેશે છે તેમ જાણવા મળ્યું હતું.

તેવી જ રીતે તપાસેલ કુલ ગામોનાં ૭૭.૦૮ ટકા ગામો માં પટેલોની વસ્તી હતી. તેમાં ૯૭.૨૯ ટકા ગામોમાં હરિજનો પટેલોનાં મકાનમાં પ્રવેશી શકતા નથી જ્યારે ૨.૭૧ ટકા ગામમાં હરિજનો પટેલોનાં મકાનમાં પ્રવેશી શકે છે તેમ જાણવા મળ્યું હતું.

તથા તપાસેલા કુલ ગામોનાં ૬૦.૪૧ ટકા ગામોમાં વાણિયા જ્ઞાતિના કુટુંબો હતા. તેમાંના સો એ સો ટકા વાણિયા જ્ઞાતિના કુટુંબોના મકાનમાં હરિજનો પ્રવેશી શકતા નથી તેવું જાણવા મળ્યું છે.

આગળ જણાવ્યું છે તેમ પત્રક - ૪-રમાં ગ્રામ્ય વિસ્તારમાં મધ્યમ સવર્ણ જ્ઞાતિઓના મકાનમાં હરિજનોનાં પ્રવેશ અંગેની મેળવેલી વિગતોનાં આંકડા દર્શાવવામાં આવ્યા છે.

## કોઠો-૪૨૨.

ગ્રામ્ય વિસ્તારમાં મધ્યમ સવર્ણ જ્ઞાતિઓનાં મકાનમાં હરિજનોનો પ્રવેશ.

| અ.નં. | જિલ્લો. | તપાસેલ કિસ્સા. શહેરી. | તપાસેલ કિસ્સા. ગ્રામ્ય. | ઠાકોર, કોળી, દરબાર. વસ્તી ધરાવતા ગામો. | ઠાકોર, કોળી, દરબાર. હરિજનો પ્રવેશ કરે છે? હા. | ઠાકોર, કોળી, દરબાર. હરિજનો પ્રવેશ કરે છે? ના. | રબારી, ભરવાડ. વસ્તી ધરાવતા ગામો. | રબારી, ભરવાડ. હરિજનો પ્રવેશ કરે છે? હા. | રબારી, ભરવાડ. હરિજનો પ્રવેશ કરે છે? ના. | કુંભાર, સુથાર, લુહાર. વસ્તી ધરાવતા ગામો. | કુંભાર, સુથાર, લુહાર. હરિજનો પ્રવેશ કરે છે? હા. | કુંભાર, સુથાર, લુહાર. હરિજનો પ્રવેશ કરે છે? ના. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખેડા. | - | ૨૭ | ૨૬ | ૧ | ૨૫ | ૨૦ | - | ૨૦ | ૨૫ | - | ૨૫ |
| ૨ | મહેસાણા. | ૬ | ૮ | ૬ | ૧ | ૫ | ૬ | ૧ | ૫ | ૫ | - | ૫ |
| ૩ | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૩ | - | ૧૩ | ૯ | - | ૯ | ૧૨ | - | ૧૨ |
| | કુલ. | ૮ | ૪૮ | ૪૫ | ૨ | ૪૩ | ૩૫ | ૧ | ૩૪ | ૪૨ | - | ૪૨ |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૯૩.૭૫) | (૪.૪૫) | (૯૫.૫૫) | (૭૨.૯૧) | (૨.૮૬) | (૯૭.૧૪) | (૮૭.૫૦) | (-) | (૧૦૦) |

૪-૨નાં આંકડાનું વિશ્લેષણ જોઈએ તે પહેલા એ પણ જાણી લઈ એ કે આ અભ્યાસમાં મધ્યમ સવર્ણ તરીકે, ઠાકોર, કોળી, દરબાર, રબારી, ભરવાડ, કુંભાર, સુથાર અને લુહાર જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવ્યા છે. તપાસવામાં આવેલા કુલ ગામનાં ૯૩.૭૫ ટકા ગામમાં ઠાકોર, કોળી અને દરબારો ની વસ્તી હતી. તેમાંના ૯૫.૫૫ ટકા ગામોનાં અનુસૂચિત જાતિ નાં લોકો તેઓનાં ઘરમાં પ્રવેશ કરી શકતા નહતા. જ્યારે ૪.૪૫ ટકા ગામોમાં અનુસૂચિત જાતિના લોકોઠાકોર, કોળી નાં ઘરમાં પ્રવેશતા હતા.બાલાસિનોરના કોયલા ગામે તો ઠાકોરની મુલાકાત વખતે બીલ્કુલ હિચકચાટ વિના અનુસૂચિત જાતિની વ્યક્તિએ ઠાકોરના ઘરમાં પ્રવેશ કર્યો છે.હતો.

રબારી અને ભરવાડોનાં મકાનમાં અનુસૂચિત જાતિનાં પ્રવેશ અંગેની વિગતો જોઈએ તો તપાસેલા કુલ ગામોનાં ૭૨.૯૧ ટકા ગામોમાં તેઓની વસ્તી હતી તેમાં ૨.૮૬ ટકા ગામોમાં અનુસૂચિત જાતિના લોકો તેઓનાં મકાનમાં પ્રવેશી શકતા હતા જ્યારે ૯૭.૧૪ ટકા ગામોમાં અનુસુચિત જાતિ નાં લોકો રબારી, ભરવાડનાં મકાનમાં પ્રવેશી શકતા નહતા.

કુંભાર, સુથાર અને લુહારની વસ્તી તપાસેલા કુલ ગામોનાં ૮૭.૫૦ ટકા ગામોમાં હતી તેમાંના એક પણ ગામમાં અનુસૂચિત જાતિના લોકો તેમના ઘરમાં પ્રવેશી શકતા નહતા.

ગ્રામ્ય વિસ્તારમાં અન્ય સવર્ણ જ્ઞાતિઓનાં મકાનમાં હરિજનોનાં પ્રવેશ અંગે જોઈએ તે પહેલા સ્પષ્ટતા કરી લેવી

જોઈએ કે અન્ય સવર્ણ જ્ઞાતિઓ એટલે કોણ ? આ જ્ઞાતિઓમાં રાવળીયા, વાધરીઓ અને મોચીનો સમાવેશ કર્યો છે. મુસ્લીમો માટે અલગ ભાગ ન કરતાં મુસ્લીમોને પણ તેમાં સમાવવામાં આવ્યા છે. આ જ્ઞાતિઓ આર્થિક રીતે તેમજ સામાજિક રીતે પછાત હોય છે સાથે સાથે તેઓમાં રુઢિચુસ્તતા અને અંધશ્રધ્ધાનું પ્રમાણ વિશેષ હોય છે.

કોઠો - ૪ - ૩.

ગ્રામ્ય વિસ્તારમાં અન્ય સવર્ણ જ્ઞાતિઓનાં મકાનમાં હરિજનોનો પ્રવેશ.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | રાવળિયા | | | વાઘરી. | | | મોચી, મુસ્લીમ. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | વસ્તી ધરાવતાં ગામો. | હરિજનો પ્રવેશ કરે છે ? હા. | ના. | વસ્તી ધરાવતાં ગામો. | હરિજનો પ્રવેશ કરે છે ? હા. | ના. | વસ્તી ધરાવતાં ગામો. | હરિજનો પ્રવેશ કરે છે ? હા. | ના. |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૧૮ | - | ૧૮ | ૧૯ | - | ૧૯ | ૧૪ | - | ૧૪ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૭ | ૧ | ૬ | ૫ | - | ૫ | ૬ | - | ૬ |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૬ | - | ૬ | ૬ | - | ૬ | ૭ | - | ૭ |
| | કુલ. | ૮ | ૪૮ | ૩૧ | ૧ | ૩૦ | ૩૦ | - | ૩૦ | ૨૭ | - | ૨૭ |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૬૪.૫૮) | (૩.૨૩) | (૯૬.૭૭) | (૬૨.૫૦) | (-) | (૧૦૦) | (૫૬.૨૫) | (-) | (૧૦૦) |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકા દર્શાવે છે.

અભ્યાસમાં આવરેલ કુલ ગામોના ૬૪.૫૮ ટકા ગામોમાં રાવળિયાની વસ્તી હતી તેમાં ૯૬.૭૭ ટકા ગામોમાં અનુસૂચિત જાતિના લોકો તેમનાં ઘરમાં પ્રવેશી શકતા ન હતા. જ્યારે અભ્યાસમાં આવરેલ કુલ ગામોના ૬૨.૫૦ ટકા ગામોમાં વાઘરીની વસ્તી હતી જેમાં એક પણ ગામનાં વાઘરીનાં મકાનમાં અનુસૂચિત જાતિનાં લોકો પ્રવેશી શકતા હતા. અભ્યાસમાં આવરેલી કુલ ગામોનાં ૫૬.૨૫ ટકા ગામોમાં મોચી અને મુસ્લીમોની વસ્તી હતી તેમાં પણ એક પણ ગામમાં મોચી કે મુસ્લીમોનાં મકાનમાં અનુસૂચિત જાતિનાં લોકો પ્રવેશ કરી શકતા નથી તેવુ નોંધાયુ છે. અત્રે એ નોંધવું આવશ્યક લાગે છે. કાયદા પ્રમાણે ગુજરાતમાં મોચીઓને અનુસૂચિત જાતિમાં ગણવામાં આવ્યા છે પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં જાણવા મળ્યા પ્રમાણે ખુદ મોચીઓ જ અનુસૂચિત જાતિની અન્ય જ્ઞાતિઓ જેવી કે વણકર, ચમાર ભંગી સાથે અસ્પૃશ્યતા રાખે છે.

શહેરની સ્થિતિને બાજુએ રાખીએ તો ગામડાઓમાં અનુસૂચિત જાતિના લોકોથી મુસ્લીમો પણ અસ્પૃશ્યતા રાખે છે ઘણી જગ્યાએ નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ તેઓ ઉપર કેસો પણ થયા છે.

અભ્યાસ હેઠળના ગામોમાં પીવાના પાણી અંગે અનુસૂચિત જાતિના લોકો માટે કેવી વ્યવસ્થા છે ? અને પીવાનાં પાણીની વ્યવસ્થાના નળ ઉપર કેવી અસ્પૃશ્યતા જોવા મળે છે ? તે અંગેની વિગતો પણ મેળવી હતી તે કોઠો-૪માં દર્શાવી છે.

કોઠો - ૪ - ૪.

.............

પીવાના પાણીના કુવા અને તેનો ઉપયોગ અનુસૂચિત જાતિના લોકો કરે છે ?

| અ.નં. | જિલ્લો. | તપાસેલ કિસ્સા. શહેરી. | ગ્રામ્ય. | હરિજનો માટે અલગ અલગ કુવો છે. હા. | ના. | જવાબનથી. | અલગ કુવો ન હોય તો જાહેરકુવામાંથી હરિજનો હા. | ના. | જવાબ નથી. | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા | - | ૨૭ | ૨૫ | ૨ | - | ૧ | - | - | - |
| ૨. | મહેસાણા | ૬ | ૮ | ૬ | ૧ | ૧ | ૨ | ૧ | - | ૧, જવાબ નથી. |
| ૩. | રાજકોટ | ૨ | ૧૩ | ૯ | ૨ | ૨ | ૨ | - | ૧ | ૩, જવાબ નથી. |
| | કુલ. | ૮ | ૪૮ | ૪૦ | ૫ | ૩ | ૩ | ૧ | ૧ | ૪, જવાબ નથી. |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૮૩.૩૩) | (૧૦.૪૧) | (૬.૨૬) | | | | |

કોંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવેલ છે.

પ૪ પત્રક -૪-૪માં ગામડામાં અનુસૂચિત જાતિનાં લોકો માટે પીવાના પાણીના કુવા અલગ છે ? અને જો કુવા અલગ ન હોય તો અનુસૂચિત જાતિના લોકો જાહેર કુવામાંથી પાણી ભરી શકે છે કે કેમ ? તેના ઉત્તરરુપે ૮૩.૩૩ ટકાનો જવાબ હતો કે હરિજનો માટે અલગ કુવા છે. આમ પરિસ્થિતિને આપણે દર્શાવી શકીએ કે પીવાના પાણી બાબતમાં આ ગામોમાં અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે અસ્પૃશ્યતા પળાય છે. જયારે ૧૦.૪૧ ટકાનો જવાબ હતો કે હરિજનો માટે અલગ કુવા નથી જયારે ૬.૨૬ ટકા એ જવાબ આપ્યા નહતા. અનુસૂચિત જાતિના લોકો માટે અલગ કુવા નથી તેવા ૬ ગામો હતા તેમાંથી ૩ ગામો માં હરિજનો જાહેર કુવામાંથી પાણી ભરે છે તેમ દર્શાવ્યુ હતુ. જયારે એક ગામનોહરિજનોએ જણાવ્યુ હતુ કે જાહેર કુવામાંથી પાણી ભરતા નથી ત્યારે એક ગામનો આ બાબતમાં જવાબ મળ્યો નહતો. આ ગામમાં નળ જોડાણ ધ્વારા જ બધા પાણી મેળવે છે.

જયાં હરિજનો જાહેરકુવામાંથી પાણી ભરે છે તેમાં સવર્ણોની સાથે જ પાણી ભરતા હોય તેવુ ફકત એક જ ગામ છે. બાકીનાં બે ગામોમાં સવર્ણો હરિજનોનાં માટલા માં પાણી રેડે છે. એટલે આ વ્યવહારને પણ આપણે અસ્પૃશ્યતા રહિત વ્યવહાર છે તેમ કહી શકીએ.

સરકાર કલ્યાણ રાજયનાં અભિગમને સાર્થક કરવા નાગરિકોને શકય એટલી સુવિધાઓ આપવા માટે કાર્યરત

છે તેમાં પાણી જેવી પ્રાથમિક જરુરીયાત દરેકે દરેક નાગરિકોને મળી રહે તે માટે ગામડાઓમાં પાતાળ કુવા બનાવી વોટર વર્કસ બનાવે છે છેલ્લા ચારેક વર્ષથી વરસાદની અનિશ્ચિતતા અને ઉણપને લઈને ઘણાં ગામડાઓમાં પીવાના અને સિંચાઈ માટેના કુવાઓમાં પાણી સુકાઈ ગયા છે તેવી સ્થિતિમાં પાતાળ કુવાવાળી વોટર વર્કસની સુવિધા આશિર્વાદરુપ નીવડી છે. પરંતુ આ વોટર વર્કસની ગામડાની સુવિધામાં પણ અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે અસ્પૃશ્યતાવાળો વહેવાર તો જોવા મળે છે કોઈક જગ્યાએ અનુસૂચિત જાતિના લોકોને અલગ સ્ટેન્ડ પોસ્ટ બનાવી આપીને અસ્પૃશ્યતાની ઝંઝટને ટાળતા હોય છે પરંતુ તે અસ્પૃશ્યતાના વ્યવહારનું જ પ્રતિબિંબ છે. કયાંક અલગ સ્ટેન્ડ પોસ્ટ ન હોય તો જાહેર સ્ટેન્ડ પોસ્ટ ઉપર અનુસૂચિત જાતિના લોકો માટેના નળ નિશ્ચિત કરવામાં આવેલા હોય છે તથા કોઈક જગ્યાએ ત્યાં આડી દિવાલ પણ ચણી લેવામાં આવે છે. જયારે કોઈક જગ્યાએ બધાં જ સાથે પાણી ભરતા હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં જે ગામોમાં વોટરવર્કસ છે ત્યાં હરિજનો માટે પાણી ભરવા માટેની કેવી વ્યવસ્થા છે. તે અંગેની વિગતો મેળવી હતી તે પત્રક ૪-૫માં દર્શાવી છે.

કોઠો - ૪-૫

..........

વૉટર વર્કસ ઉપર હરિજનો માટે પાણીની વ્યવસ્થા.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | વૉટર વર્કસ ધરાવતા | જાહેર સ્ટેન્ડ પર હરિજનો પાણી ભરે છે. | | હરિજનો માટે નળ / સ્ટેન્ડ પોસ્ટ અલગ છે. | | | હરિજનોની જેમ અન્ય જ્ઞાતિઓ માટે અલગ સ્ટેન્ડ પોસ્ટ છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | ગામો. | હા. | ના. | હા. | ના. | વચ્ચે દિવાલ છે. | હા. | ના. | જવાબ નથી. |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૧૯ | ૩ | ૧૬ | ૧૬ | ૧ | ૨ | ૨ | ૧૨ | ૫ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૭ | ૩ | ૪ | ૪ | - | ૩ | ૨ | ૨ | ૩ |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૪ | - | ૪ | ૪ | - | - | - | ૪ | - |
| | કુલ. | ૮ | ૪૮ | ૩૦ | ૬ | ૨૪ | ૨૪ | ૧ | ૫ | ૪ | ૧૮ | ૮ |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૬૨.૫૦) | (૨૦.૦૦) | (૮૦.૦૦) | (૮૦.૦૦) | (૩.૩૩) | (૧૬.૬૭) | (૧૩.૩૩) | (૬૦.૦૦) | (૨૬.૬૭) |

કોઠો - ૪-૫ના આંકડા તપાસીએ તો તેમાં અભ્યાસ હેઠળ આવરેલ કુલ ગામોના ૬૨.૫૦ ટકા ગામોમાં વોટર વર્કસની સુવિધા ઉપલબ્ધ હતી તેવા ૮૦.૦૦ ટકા ગામોમાં અનુસૂચિત જાતિના લોકો જાહેર સ્ટેન્ડ પોસ્ટ પરથી પાણી ભરી શકતા નથી. ૨૦.૦૦ ટકા લોકો જાહેર સ્ટેન્ડ પરથી પાણી ભરે છે. તથા ૮૦.૦૦ટકા ગામોમાં અનુસૂચિત જાતિના લોકો માટે અલગ સ્ટેન્ડ પોસ્ટ છે. ૧૬.૬૭ ટકા એવા ગામો છે જ્યાં જાહેર સ્ટેન્ડ પોસ્ટ પર અનુસૂચિત જાતિના લોકોના નળ પાસે દિવાલ ચણી લેવામાં આવેલ છે. ફકત ૩.૩૩ ટકા ગામમાં અનુસુચિત જાતિના લોકો જાહેર સ્ટેન્ડ પોસ્ટ પરથી પાણી ભરે છે. જ્યાં અનુસૂચિત જાતિઓના અને સવર્ણોના એ નળ અલગનથી કે વચ્ચે દિવાલ નથી.

આ ઉપરાંત અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિઓ માટે અલગ નળ કે સ્ટેન્ડ પોસ્ટ છે ? તો તેમાં જાણવા મળ્યું હતુ કે વોટર વર્કસવાળા ગામોનાં ૧૩.૩૩ ટકા ગામોમાં અન્ય જાતિઓ માટે અલગ સ્ટેન્ડ પોસ્ટ / નળ છે જ્યોરે ૬૦.૦૦ ગામોમાં નથી જ્યારે ૨૬.૬૭ ટકા ગામોમાં આ અંગેના જવાબ મળ્યા નહતા.

ગામડાઓમાં કેટલાક ક્ષેત્રોમાં અસ્પૃશ્યતાનો વ્યવહાર સ્પષ્ટ રીતે જોવા મળે છે તેમાનુ એક ક્ષેત્ર એ છે મંદિર પ્રવેશ તપાસ હેઠળના ગામોના અનુસૂચિત જાતિના લોકો જે તે ગામના મુખ્ય મંદિરમાં પ્રવેશ કરી શકે છે ? તે અંગેની માહિતી કોઠો ૪-૬માં દર્શાવી છે.

કોઠો - ૪ - ૬.

હરિજનોનો મંદિર પ્રવેશ.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. શહેરી. | તપાસેલ કિસ્સા. ગ્રામ્ય. | હરિજનો ગામના મંદિરમાં તથા જ્ઞાતિઓના મંદિરમાં પ્રવેશ કરે છે ? હા. | ના. | જવાબ નથી. | મંદિર પ્રવેશ બાબતે હરિજનોને અન્ય જ્ઞાતિઓ સાથે કાંઈ ઝઘડો ટંટો થયો છે ? હા. | ના. | જવાબ નથી. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | - | ૨૭ | ૨ | ૨૪ | ૧ | - | ૨૬ | ૧ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | - | ૮ | - | - | ૮ | - |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | - | ૧૩ | - | - | ૧૩ | - |
| | કુલ. | ૮ | ૪૮ | ૨ | ૪૫ | ૧ | - | ૪૭ | ૧ |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૪.૧૬) | (૯૩.૭૫) | (૨.૦૯) | - | (૯૭.૯૧) | (૨.૦૯) |

ઉપરના કોઠાની વિગતો સ્પષ્ટ થાય છે. હજુ આજે પણ ગામડામાં અનુસૂચિત જાતિના લોકો મંદિરપ્રવેશ કરી શકતા નથી. જો કે અનુસૂચિત જાતિના લોકોની ગામડામાં વસ્તી ઓછી હોય છે. તેથી મંદિર પ્રવેશ કરવા જાય તો સીધો જ ઝઘડો થાય છે. તેમાં અનુસૂચિત જાતિના લોકોને જ વેઠવાનું આવે છે તેથી તેઓ મંદિર પ્રવેશ ટાળતા હોય છે તથા અસ્પૃશ્યતાનો ખ્યાલ પવિત્રતાના ખ્યાલ ઉપર ઉભો થયો હોવાથી ગ્રામ્ય સવર્ણ સમાજ મંદિરને સૌથી પવિત્ર માને છે. અને ત્યાં અસ્પૃશ્યો પ્રવેશ કરે તો તે પવિત્ર જગ્યા અપવિત્ર થાય તેવો તેમનો ખ્યાલ ધર્મ સાથે સંકળાયેલ હોઈ તેઓ સહન કરી શકતા નથી. આ અભ્યાસમાં આવરી લેવામાં આવેલા કુલ ગામોના ૯૩.૭૫ ટકા ગામોમાં અનુસૂચિત જાતિનાં લોકો મંદિર પ્રવેશ કરી શકતા નથી. ૪.૧૬ ટકા ગામના મંદિરમાં અનુસૂચિત જાતિના લોકો પ્રવેશ કરે છે. જ્યારે ૨.૦૯ ટકાએ આ પ્રશ્નનો જવાબ આપ્યો નહતો. તથા મંદિરપ્રવેશ બાબતે કોઈપણ ગામમાં અનુસૂચિત જાતિનાં લોકોને સવર્ણો સાથે ઝઘડો ટંટો થયાનું નોંધાયું નથી. જો કે તપાસેલ ગામોમાંથી એક પણ ગામ એવું નહતું કે ત્યાંના અનુસૂચિત જાતિનાં લોકોએ મંદિર પ્રવેશ માટે નો પ્રયાસ કર્યો હોય.

શહેરોમાં રસ્તામાં ચાલતા કે પછી, બસમાં, હોટલ માં કે ચાની લારી ઉપર અનુસૂચિત જાતિના લોકો સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર દેખા દેતો નથી તેનાં કારણોમાં શહેરોમાં અસ્પૃશ્યો ઓળખાતા ન હોય. શહેરી વિસ્તારો માં અને ખાસ કરીને તાલુકા અને કેટલાક જિલ્લા મથકે પણ ભંગી માટે ચાની કીટલી પર અલગ કપ રકાબી રાજે

પણ રખાય છે. તેમ છતાં એટલું તો નોંધવું પડે કે શહેરમાં ભંગી સવર્ણને અડકી જાય તો તે ગામડાની કોઈ સવર્ણ વ્યકિતને ભંગી અડકી જાય અને તે જે કરડાકી ભરી નજરે જુએ અને જો હાથમાં ખાવાની ચીજ હોય તો એક બે ગાળ પણ સંભળાવે કે માર પણ મારે તેવું શહેરમાં બનતું નથી.

અભ્યાસમાં આવરી લીધેલા ગામોમાં રસ્તામાં ચાલતા સવર્ણને જો અનુસૂચિત જાતિની વ્યકિતનો સ્પર્શ થઈ જાય તો તે કેવો વ્યવહાર કરે છે તે અંગે ની વિગતો એકત્ર કરવામાં આવી હતી તે કોઠો ૪-૭માં દર્શાવી છે.

કોઠો - ૪ - ૭.

રસ્તામાં ચાલતા અસ્પૃશ્યતા.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. શહેરી. | ગ્રામ્ય. | રસ્તામાં ચાલતા સવર્ણોને અનુસૂચિત જાતિની વ્યક્તિનો સ્પર્શ થઈ જાય છે. ચલાવી લે છે. | ચીડાય છે. | ગાળો બોલે છે. | મારઝૂડ કરે છે. | નોંધ. |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૧૬ | ૧૮ | ૩ | ૧ | ૨ કિસ્સામાં એવુ નોંધાયું છે કે ભાત હોય તો ચીડાય છે. |
| ૨. | મહેસાણા | ૬ | ૮ | ૬ | ૮ | - | - | ૧ ભંગી જાતે જ દૂર ચાલે છે. |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૭ | ૬ | ૨ | ૧ | |
| | કુલ. | ૮ | ૪૮ | ૨૯ | ૩૨ | ૫ | ૫ | |
| | | (૧૪.૨૮ | ૮૫.૭૨) | | | | | |

નોંધ :- એક કરતાં વધુ જવાબ મળેલા છે.

આ અભ્યાસમાં કુલ ૪૮ ગામોને આવરી લેવામાં આવ્યા હતા જેમાં રસ્તામાં ચાલતા સવર્ણ વ્યકિતને અનુસૂચિત જાતિની વ્યકિતનો સ્પર્શ થઈ જાય તો શું કરે છે ? તેમાં ૨૯ જવાબો એવા મળ્યા હતા કે ચલાવી લે છે. આ સ્થિતિને આપણે અસ્પૃશ્યતાની અનુપસ્થિતિ ગણાવી શકીએ જ્યારે ૩૨ જવાબો એવા મળ્યા હતા કે ચિડાય છે તે સ્થિતિને આપણે અસ્પૃશ્યતાવાળી ગણી શકીએ જ્યારે ૫ જવાબો એવા મળ્યા હતા કે ગાળો બોલે છે. આ સ્થિતિને અસ્પૃશ્યતાનો વ્યવહાર વધુ પડતો છે તેમ કહેવાય. જ્યારે ૨ જવાબ એવા મળ્યા હતા કે મારઝૂડ કરે છે. અસ્પૃશ્યતાની આ સ્થિતિ ગંભીર ગણાય ૨ કિસ્સાઓમાં એવુ જાણવા મળ્યું હતુ કે જ્યારે સવર્ણ વ્યકિત પાસે ભાતુ સાથે હોય અને તેને અનુસૂચિત લોકો અડકે તો ચિડાય છે. જ્યારે એક કિસ્સામાં તો એવુ નોંધાયું છે કે ભંગીઓ જાતે જ સવર્ણથી દૂર ચાલે છે. આ બાબત પણ ગંભીર કહેવાય તેમાં બે બાબતોની શકયતા છે. એક એ છે કે વર્ચસ્વ ધરાવતી જાતિનુ એટલુ બધુ વર્ચસ્વ હોય કે ભંગી જેવી કે જે પછાતમાં પણ અતિપછાત છે તેણે જાતે જ દૂર ચાલવુ પડે. અને બીજી શકયતા એવી છે કે સદીઓથી જે જાતિ અસ્પૃશ્યતાનો વહેવારને વેંઠતી આવી છે તેવી પછાતમાંય પછાત એવી ભંગી જાતિને અસ્પૃશ્યતા કોઠે પડી ગઈ હોય અથવા તો તેમાં તેઓને કાંઈ જ અજુગતુ ન લાગતું હોય.

એ બેમાંથી ગમે તે શકયતા હોય પરંતુ આઝાદી મેળવ્યાના ૪૦ વર્ષ બાદ પણ જો આવી સ્થિતિ છે તો તેનાથી શરમજનક બાબત બીજી શું હોઈ શકે કારણકે આપણે

હજુ જેને સામાજિક ન્યાય આપવો છે તેનામાં
શુ છે તેનુ ભાન પણ કરાવી શકયા નથી.

અસ્પૃશ્યતાનુ સ્વરુપ ગામડામાં ચીજ વસ્તુ ખરીદવા જતા અનુસૂચિત જાતિના લોકો જ્યારે સવર્ણોની દુકાન પર જાય છે ત્યાં કેવા પ્રકારનુ હોય છે તેનાં સંબંધી વિગતો મેળવી હતી તે સંદર્ભે મળેલ જવાબોની વિગતો પ્રકોઠો - ૪-૮માં દર્શાવેલ છે.

કોઠો - ૪-૮

..........

હરિજનો દુકાને ખરીદવા જાય ત્યારે કયાં રહીને વસ્તુ ખરીદે છે.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | દુકાને વસ્તુ ખરીદવા જાય ત્યારે. | | |
|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | દુકાનની બહાર ઉભા રહો છો. | દુકાનના ઓટલા ઉપર ચઢો છો. | દુકાનમાં પ્રવેશો છો. |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૧૬ | ૧૦ | ૩ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | - | ૭ | ૧ |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૯ | ૩ | ૧ |
| | કુલ. | ૮ | ૪૮ | ૨૫ | ૨૦ | ૫ |
| | | ૧૪.૨૮ | ૮૫.૭૨ | | | |

એક કરતાં વધુ જવાબ મળેલા છે.

કોઠો -૪-૮માં દર્શાવેલ વિગતો જોઇએ તો અનુસૂચિત જાતિના લોકો જ્યારે સવર્ણોની દુકાન ઉપર ચીજવસ્તુ ખરીદવા જાય છે ત્યારે દુકાનની બહાર ઉભા રહે છે. તેવા ૨૫ જવાબો મળ્યા હતા. જ્યારે દુકાનમાં ઓટલા પર ચઢે છે તેવા ૨૦ જવાબો મળ્યા હતા અને દુકાનમાં પ્રવેશે છે તેવા ૫ જવાબો મળ્યા હતા. આ પ્રશ્નના ઉત્તરમાં એક કરતાં વધુ જવાબો મળ્યા હતા.

પરંતુ ગામમાં બેથી ત્રણ દુકાનો હોય છે ત્યાં વ્યાપારની હરીફાઈ ચાલે છે ત્યારે એક દુકાનવાળો જો સહેજ કડકથવા જાય તો ઘરાકી ઉપર તેની સીધી અસર થાય એટલે કેટલાક દુકાનવાળા ચલાવી લેતા હોય છે. વળી ગામડાનાં દુકાનદારોને ખાસ કરીને ઘરાકી ગરીબ લોકોની જ હોય છે જે રોજ કમાઈને રોજનું અનાજ પાણી ખરીદતા હોય છે. તથા ગામમાં બે ત્રણ દુકાનો હોય તેમાં વળી કોઈ અનુસૂચિત જાતિના લોકોને ઓટલા ઉપર ચડવા દેતા હોય અને કોઈ બહાર ઉભાં રાખતા હોય એટલે બે જવાબો આવ્યા હોય એટલે બે જવાબો આવ્યા હોય. તેથી તે તપાસેલ xxx ગામોનાં આંકડા સાથે ન મળે તે સ્વાભાવિક છે.

ઉપરની ત્રણ સ્થિતિમાં પહેલી કે જે અનુસૂચિત જાતિના લોકોને બહાર ઉભા રાખે છે. અને બીજી સ્થિતિ કે જેમાં ઓટલા ઉપર ચડવા દે છે બંને વ્યવહારમાં અસ્પૃશ્યતા છે તેમ ગણી શકાય જ્યારે દુકાનમાં પ્રવેશવા

દે છે ત્યાં અસ્પૃશ્યતા નથી તેમ માનવું રહ્યું.

આ થઈ દુકાન પરની વાત અને હવે જોઈએ ચીજ વસ્તુ ખરીદ્યા બાદ ચીજવસ્તુ અને પૈસાની લેવડદેવડમાં અસ્પૃશ્યતાનું સ્વરૂપ કેવું છે તે. આ અંગેની વિગત કોઠો ૪-૯માં આપી છે.

કોઠો - ૪-૯

સવર્ણની દુકાન પર અનુસૂચિત જાતિના લોકો સાથેના આપલેનો વ્યવહાર.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | સવર્ણ દુકાનદાર વસ્તુ અનુસૂચિત જાતિના લોકોને કઇ રીતે આપે છે. | | અનુસૂચિત જાતિના લોકો દુકાનદારને પૈસા કઇ રીતે આપે છે. | |
|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હાથોહાથ. | અધ્ધરથી, નીચેમૂકીને. | હાથોહાથ. | અધ્ધરથી, નીચે મૂકીને. |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૧૩ | ૧૪ | ૧૩ | ૧૪ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | - | ૮ | - |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૦ | ૩ | ૧૦ | ૩ |
| | કુલ. | ૮ | ૪૮ | ૩૧ | ૧૭ | ૩૧ | ૧૭ |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૬૪.૫૮) | (૩૫.૪૨) | (૬૪.૫૮) | (૩૫.૪૨) |

કોઠો -૪-૯માં સવર્ણ દુકાનદાર અનુસૂચિત જાતિનાં લોકોને વસ્તુ કઈ રીતે આપે છે તેવી જ રીતે અનુસૂચિત લોકો દુકાનદારને પૈસા કઈ રીતે આપે છે તે અંગેના આંકડા દર્શાવ્યા છે તેમાં તપાસમાં આવરેલ કુલ ગામોનાં ૬૪.૫૮ ટકા ગામોમાં સવર્ણ દુકાનદાર અનુસૂચિત જાતિના લોકોને ચીજવસ્તુ હાથોહાથ આપે છે જ્યારે ૩૫.૪૨ ટકા ગામોમાં ચીજવસ્તુ અનુસૂચિત જાતિનાં લોકોને અધ્ધરથી આપવામાં આવે છે. તેવી જ રીતે ૬૪.૫૮ ટકા અનુસૂચિત જાતિના લોકો પૈસા હાથોહાથ આપે છે તથા ૩૫૭૪૨ ટકા અનુસૂચિત જાતિના લોકો કાંતો પૈસા નીચે મૂકે છે અથવા તો અધ્ધરથી આપે છે.

આમ તપાસેલ ગામોનાં ૩૫૭૪૨ ટકા ગામોમાં દુકાનદારો અનુસૂચિત જાતિના લોકો સાથેની ખરીદીના આપલેના વ્યવહારમાં અસ્પૃશ્યતા રાખે છે જોકે અન્ય વ્યવહારની સરખામણીમાં ગામડામાં ખરીદીની આપલેમાં અસ્પૃશ્યતા તીવ્ર રીતે વ્યવહારમાં હોતી નથી.

અનુસૂચિત જાતિઓમાં પણ ભંગી નાડિયા જેવી જાતિઓ સામાજિક અને આર્થિક રીતે અતિ પછાત છે અને આ જાતિઓ અન્ય અનુસૂચિત જાતિઓ કરતાં અસ્પશ્યતાનો ભોગ વધુ બને છે. તેબાબતને ધ્યાને રાખી જ્યારે ભંગી અને નાડિયા જાતિના લોકો સવર્ણ દુકાનદારને ત્યાં ચીજવસ્તુ ખરીદવા જાય ત્યારે કેવો વ્યવહાર થાય છે તે અંગેની માહિતી એકઠી કરી હતી તે કોઠો ૪-૧૦માં દર્શાવવામાં આવી છે.

કોઠો-૪-૧૦

ભંગી, નાડિયા સાથે સવર્ણ દુકાનદારોનો ચીજવસ્તુઓનો આપલેનો વ્યવહાર.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. શહેરી. | ગ્રામ્ય. | ભંગીની વસ્તી ધરાવતા ગામો. | ભંગી અને નાડિયા સાથેનો સવર્ણ દુકાનદારનો સંબંધ. હાથોહાથ. | અન્ય હરિજનો જેમ. | ખાસ અંતર રાખીને. | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | - | ૨૭ | ૨૨ | ૨ | ૧ | ૧૯ | - | ૧, ભંગી જાતેજ દૂર રહેછે. |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૬ | - | - | ૬ | - | |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૮ | ૩ | ૫ | - | - | |
| | કુલ. | ૮ | ૪૮ | ૩૬ | ૫ | ૬ | ૨૫ | - | |
| | | (૧૪.૨૮) | (૮૫.૭૨) | (૭૫.૦૦) | (૧૩.૮૮) | (૧૬.૬૬) | (૬૯.૪૪) | - | |

કોઠો ૪-૧૦નાં આંકડા જોતાં ખ્યાલ આવે છે કે તપાસેલા કુલ ૪૮ ગામોમાંથી ૩૬ ગામોમાં ભંગી તથા નાડીયાઓની વસ્તી હતી. તેઓ સાથે દુકાનદાર ચીજવસ્તુઓની ખરીદીની આપલે વખતે ૧૩૭૮૮ ટકા ગામના દુકાનદારો હાથોહાથ વ્યવહાર કરે છે. ૧૬.૬૬ ટકા દુકાનદારો અન્ય અનુસૂચિત જાતિના લોકો સાથે જે રીતનો વ્યવહાર કરે છે તેવો જ વ્યવહાર કરે છે. જ્યારે ૬૯.૪૬ ટ ા ગામોમાં ભંગી, નાડીયા સાથે ખાસ અંતરરાખીને વ્યવહાર કરવામાં આવે છે. ખેડા જિલ્લામાં ૧ ગામમાં એવુ જાણવા મળ્યુ હતુ કે ભંગી જાતે જ દૂર રહે છે.

આ માહિતી પરથી તારવી શકીએ કે હાથોહાથના વ્યવહારમાં અસ્પૃશ્યતા નથી પરંતુ અન્ય અનુસૂચિત જાતિનાં લોકોની જેમ અને ખાસ અંતર રાખીને થતાં વ્યવહારમાં અસ્પૃશ્યતા છે. તે ઉપરાંત એ બાબત ખાસ નોધવા જેવી અને ગંભીર છે તે ભંગી સાથે ખાસ અંતર રાખીને વ્યવહાર થાયછે એનો અર્થ એમ થયો કે અનુસૂચિત જાતિઓમાં ભંગી જાતિનાં લોકોને વધુમાં વધુ અસ્પૃશ્યતાનો ભોગ બનવુ પડે છે.

જેથી સવર્ણોના વાળ કાપવાનુ અને દાઢી કરવાનું કામ વાળંદ કરે છે તેમ અનુસૂચિત જાતિઓમાં વાળ કાપવાનું અને દાઢી કરવાનું કામ સેનવા નામની જાતિ કરતી હતી પરંતુ જેમ અનુસૂચિત જાતિ પછાત તેમ તેમની સેનવા જ્ઞાતિ પણ પછાત તેમના હજામતના સાધનો અને

પધ્ધતિ પણ પછાત હતી. દિવસે દિવસે સેનમાઓ પણ હજામતનો ધંધો છોડી દેવા લાગ્યા છે. હાલ ભાગ્યે જ કોઈ ગામમાં સેનમા હજામત કરવાનો ધંધો કરતા જોવા મળે છે. આ પરિસ્થિતિમાં અભ્યાસમાં આવરી લીધેલા ગામોમાં વાળંદો અનુસૂચિત જાતિના લોકોની હજામત કરે છે કે નહીં તેની વિગતો જાણી તેમાં અસ્પૃશ્યતાનું સ્વરુપ જાણવાનો પ્રયાસ કર્યો હતો. તે અંગેની વિગતો કોઠો-૪-૧૧માં આપવામાં આવી છે.

કોઠો -૪-૧૧.

ગામમાં વાળંદ હરિજનોની હજામત કરે છે ?

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. શહેરી. | તપાસેલ કિસ્સા. ગ્રામ્ય. | વાળંદની વસ્તી ધરાવતા ગામો. | હરિજનો હજામત કરે છે. હા. | હરિજનો હજામત કરે છે. ના. | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | - | ૨૭ | ૨૧ | ૩ | ૧૮ | - |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | ૫ | ૩ | મહેસાણા જિલ્લાનાં કેટલાક ગામમાં ઉચ્ચ હોદ્દો ધરાવનારની વાળંદ હજામત કરે છે. |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૨ | ૨ | ૧૦ | ઉપલેટા તાલુકામાં નોંધાયું છે કે વાળંદો ભંગીના વાળ કાપતા નથી પરંતુ અન્ય હરિજનોનાં વાળ કાપે છે. |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૪૧ (૮૫.૪૧) | ૧૦ (૨૪.૩૯) | ૩૧ (૭૫.૬૧) | |

કોઠો ૪-૧૧ની વિગતો દર્શાવે છે કે અભ્યાસમાં આવરેલ કુલ ગામોના ૯૫.૪૧ ટકા ગામોમાં વાણંદોની વસ્તી હતી. તેમાંના ૨૪.૩૯ ટકા ગામોમાં વાણંદો અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે અસ્પૃશ્યતાનો વ્યવહાર નથી તેમ કહી શકાય. જ્યારે ૭૫.૬૧ ટકા ગામોમાં વાણંદો અનુસૂચિત જાતિનાં લોકોની હજામત કરતાં નથી. આથી એમ કહી શકાય કે આ ગામોમાં વાણંદો અનુસૂચિત જાતિના લોકો સાથે અસ્પૃશ્યતા રાખે છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું પણ જાણવા મળ્યું હતું કે મહેસાણા જિલ્લાના કેટલાક ગામોમાં અનુસૂચિત જાતિનાં ઉંચો હોદ્દો ધરાવનાર વ્યકિતની વાણંદો હજામત કરે છે. જ્યારે રાજકોટ જિલ્લાનાં ઉપલેટા તાલુકાનાં કેટલાક ગામોમાં વાણંદો અનુસૂચિત જાતિની અતિપછાત એવી ભંગી જાતિના લોકોના વાળ કાપતા નથી પરંતુ અન્ય જાતિનાં લોકોના વાળ કાપે છે.

વાણંદની જેમ કુંભાર સાથે પણ ગામડાઓમાં અનુસૂચિત જાતિના લોકોને સીધા વ્યવહારમાં આવવું પડે છે. ગામડામાં મોટા ભાગે પીવાના પાણી માટે માટલાનો તથા રોટલા રોટલી બનાવવા માટે માટીની તાવડીનો ઉપયોગ થતો હોય છે. તપાસમાં આવરી લીધેલા ગામોમાં અનુસૂચિત જાતિના લોકો કુંભારને ત્યાં માટીનાં વાસણો ખરીદવા જાય છે ત્યારે જ્યાં માટીનાં વાસણો રાખતા હોય છે ત્યાં પ્રવેશી શકે છે કે કેમ ? તે અંગેની વિગતો મેળવી હતી તે કોઠો ૪-૧૨માં દર્શાવવામાં આવી છે.

કોઠો - ૪-૧૨.

માટીના વાસણો લેવા જાય ત્યારે જો વાસણો ઘરમાં રાખેલા હોય તો અનુસૂચિત જાતિનાં ઘરમાં જઈ શકે છે ?

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | કુંભારની વસ્તી ધરાવતા ગામો. | કુંભારનાં માટીના વાસણવાળા ઘરમાં હરિજનો પ્રવેશે છે. | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | | હા. | ના. | |
| ૧ | ખેડા. | - | ૨૭ | ૨૩ | ૩ | ૨૦ | મોટાભાગે આંગણામાંજ કુંભારો માટીનાં વાસણો બતાવે છે. |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | - | ૮ | મોટાભાગે હરિજનોને આંગણામાં માટીનાં વાસણો લાવી કુંભાર બતાવતા હોય છે. |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૨ | ૫ | ૭ | કોઈક જગ્યાએ નીભાડે જ વાસણો વેચતા હોય છે. કુંભાર જાતે જ વાસણો તપાસીને આપતા હોય છે. |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૪૩ (૮૯.૫૮) | ૮ (૧૮.૬૦) | ૩૫ (૮૧.૪૦) | વાસણ લીધા પછી બદલાવી શકાતું નથી. |

અભ્યાસમાં આવરેલા કુલ ગામોમાંથી ૮૯.૫૮ ટકા ગામોમાં કુંભારની વસ્તી હતી. તેમાંથી ૧૮.૬૦ ટકા ગામોમાં અનુસૂચિત જાતિનાં લોકો કુંભારે જ્યાં માટીનાં વાસણો રાખ્યા હોય તેવા ઘરમાં પ્રવેશી શકતા હતા. જ્યારે ૮૧.૪૦ ટકા ગામોમાં પ્રવેશી શકતા નહતા. ખાસ કરીને કુંભાર જ્યારે અનુસૂચિત જાતિના લોકોમાટીના વાસણ ખરીદવા આવે ત્યારે પોતે જ જે વાસણ તેમને જોઈતા હોય તે લઈને આંગણામાં લઈને આવે છે. જો કે વાસણ અનુસૂચિત જાતિના લોકોના હાથમાં આપવામાં આવતું નથી. એક વખત અનુસૂચિત જાતિની વ્યકિત જે તે વાસણ હાથમાં પકડે પછી તે વાસણ કુંભાર પરત લેતા નથી આરીતનો વ્યવહાર અસ્પૃશ્યતાવાળો વ્યવહાર ગણાય. કોઈક જગ્યાએ નીભાળે જ વાસણો વેચાતા હોય છે એટલે ત્યાં પણ મકાન પ્રવેશનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ જ રીતે તપાસેલ ગામોમાં દરજી અનુસૂચિત જાતિમાં કપડાં સીવે છે ? અને જો સીવતા હોય તો માપ કઈ રીતે લે છે ? વગેરેને લગતી માહિતી કોઠો-૪-૭૩માં દર્શાવી છે.

કોઠો - ૪-૧૩.

..........

## હરિજનો સાથે દરજીનો વ્યવહાર.

| ક્ર.નં. | જિલ્લા. | તપાસેલા કિસ્સા. શહેરી. | તપાસેલા કિસ્સા. ગ્રામ્ય. | દરજીની વસ્તી ધરાવતાં ગામો. | સવર્ણ દરજી હરિજનોના કપડા સીવે છે? હા. | ના. | દુકાન હોય તો તેમાં હરિજનો પ્રવેશ છે? હા. | ના. | દુકાન નથી. | માપ કઈ રીતે લે છે. અડકીને. | જવાબ નથી. | માપ લીધા પછી પાણી થી છાંટો લે છે. હા. | ના. | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા | - | ૨૭ | ૨૧ | ૧૩ | ૮ | ૧૦ | ૧૧ | | ૧૧ | ૧૦ | ૪ | ૧૭ | બહાર ઉભા રાખીને માપ લે છે. |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | ૬ | ૨ | ૫ | ૨ | ૧ | ૭ | ૧ | - | ૮ | કેટલાક કિસ્સામાં ઓસરી સુધી અને |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૩ | ૧૩ | - | ૮ | ૫ | - | ૧૩ | - | ૧ | ૧૨ | બીજા કિસ્સામાં ઓટલા સુધી પ્રવેશ છે. |
| | કુલ. | ૮<br>૧૪.૨૮ | ૪૮<br>૮૫.૭૨ | ૪૨<br>૮૭.૫૦ | ૩૨<br>૭૬.૧૯ | ૧૦<br>૨૩.૮૧ | ૨૩<br>૫૪.૭૬ | ૧૮<br>૪૨.૮૬ | ૧<br>૨.૩૯ | ૩૧<br>૭૩.૮૦ | ૧૧<br>૨૬.૨૦ | ૫<br>૧૧.૯૦ | ૩૭<br>૮૮.૧૦ | |

અભ્યાસમાં આવરી લીધેલ ૪૮ ગામોમાંથી ફકત ૪૨ ગામોમાં દરજીની વસ્તી હતી તેમાંથી ૩૨ ગામનાં દરજી અનુસૂચિત જાતિના લોકોનાં કપડાં સીવતા હતા જ્યારે ૧૦ ગામના દરજીઓ અનુસૂચિત જાતિના લોકોનાં કપડાં સીવતા નહતા. જે ૩૨ ગામના દરજીઓ અનુસૂચિત જાતિના લોકોનાં કપડાં સીવતા હતા તેમાંના ૯ ગામનાં દરજીઓ તેઓને દુકાનમાં પ્રવેશવા દેતા નહતા. તથા એક જ ગામના દરજી અનુસૂચિત જાતિના લોકોને અડકીને માપ લેતા નહતા. તથા ૫ ગામનાં દરજીઓ એવા હતા કે તેઓ અનુસૂચિત જાતિના લોકોના માપ લીધા પછી પાણીનુ છાંટ લેતા હતા.

જેઓ દુકાનમાં પ્રવેશ આપતા નહતા તેવા દરજી બહાર માપ લેતા હતા કોઈ ઓસરી સુધી પ્રવેશ આપતા હતા તો કોઈક ઓટલા ઉપર ચડવા દેતા હતા.

આમ દુકાનમાં પ્રવેશ ન આપવો, અડકીને માપ ન લેવું, માપ લીધા પછી પાણીનું છાંટ લેવું, તથા અનુસૂચિત જાતિના લોકોના કપડાં ન સીવવા તે અસ્પૃશ્યતાવાળો વ્યવહાર છે.

અભ્યાસમાં હોટલો ઉપર અનુસૂચિત જાતિના લોકોની કેવી સ્થિતિ હોય છે તે અંગેની વિગતો કોઠો ૪-૧૪ માં દર્શાવેલ છે.

કોઠો - ૪ - ૧૪

અનુસૂચિત જાતિનો હોટલ પ્રવેશ.

| અ.નં. | જિલ્લા. | તપાસેલા કિસ્સા. શહેરી. | ગ્રામ્ય. | ગ્રામમાં હોટલ છે. | અનુસૂચિત જાતિના લોકો હોટલપર નાસ્તો કરી શકે છે. હા. | ના. | અનુસૂચિત જાતિના લોકો માટે ચાનાં કપરકાબી અલગ રાખે છે. હા. | ના. | જવાબનથી. | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ખેડા. | - | ૨૭ | ૧૪ | ૫ | ૯ | ૧૧ | ૩ | - | વિશેષ કરીને ભંગી માટે જુદા જ રખાય છે. |
| ૨ | મહેસાણા. | ૬ | ૮ | ૮ | ૪ | ૪ | ૨ | ૧ | ૫ | - |
| ૩ | રાજકોટ. | ૨ | ૧૩ | ૭ | ૪ | ૩ | ૫ | ૨ | - | કેટલીક હોટલમાં હરિજનો બહાર બેસીને ચા પીએ છે. |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૨૯ (૬૦.૪૧) | ૧૩ (૪૪.૮૨) | ૧૬ (૫૫:૧૮) | ૧૮ | ૬ | ૫ | |

કોઠો ૪-૧૪ પરની વિગતો જોઈએ તો તપાસેલ કુલ ૪૮ ગામોમાંથી ૨૯ ગામોમાં હોટલો હતી. આ ૨૯ ગામોની હોટલોમાંથી ૧૩ હોટલો ઉપર અનુસૂચિત જાતિના લોકો નાસ્તો કરી શકતા હતા. જ્યારે ૧૬ ગામની હોટલો ઉપર અનુસૂચિતજાતિના લોકો નાસ્તો કરી શકતા નથી. અનુસૂચિત જાતિના લોકો માટે ૧૮ હોટલો ઉપર ચા માટેના કપ રકાબી અલગ રાખવામાં આવે છે તથા ૬ હોટલો ઉપર અલગ રાખવામાં આવતા નથી જ્યારે ૫ ગામના જવાબો મળ્યા નહતા.

વિશેષ ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે મોટાભાગે ભંગીઓ માટે જ કપ રકાબી અલગ રખાય છે. જ્યારે મહેસાણા જિલ્લામાં દરેક અનુસૂચિત જાતિ માટે કપ રકાબી અલગ રખાતા હોવાના દાખલા છે. કેટલીક જગ્યાએ અનુસૂચિત જાતિનાં લોકો હોટલ બહાર બેસીને ચા પીતા હોય છે. તથા પાણી તો તેઓને અધ્ધર હાથે જ પીવડાવવામાં આવે છે.હોટલ અંગેની બાબતમાં તેઓને ગામની હોટલમાં નાસ્તો કરવા દેવો, ચા માટેના કપ અલગ રાખવા, અધ્ધરથી રેડીને પાણી પીવડાવવું, તે અસ્પૃશ્યતાનો જ વ્યવહાર છે.

ગુજરાતની અનુસૂચિત જાતિના વ્યવસાયવાર ટકાવારી જોઈએ તો કુલ વસ્તીના ૩૧.૪૨ ટકા કામદારો છે. એ હકીકત છે કે ગુજરાતની અનુસૂચિત જાતિના મોટા ભાગનાં યા તો ખેતમજૂર કે છૂટક મજૂર છે. બહુ જુજ સંખ્યામાં ખેતી ધરાવે છે. તેમાં પણ નાના ખેડૂતોનો જ સમાવેશ

થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં એ બાબત પણ તપાસવામાં આવી હતી કે અનુસૂચિત જાતિના લોકો જ્યારે મજૂરી કરવા જાય છે. ત્યાં તેમની સાથે અસ્પૃશ્યતા રાખવામાં આવે છે ? તેના ઉત્તર રુપે મળેલી માહિતી ૪-૭૫ કોઠામાં દર્શાવેલ છે.

કોઠો-૪-૧૫.

મજૂરી કરવામાં તથા તેનાં ચુકવણાંમાં અસ્પૃશ્યતા.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | મજુરી કરતી વખતે બીનહરિજનો આભડછેટ રાખે છે? | | મજુરી કરવા જાય ત્યારે હરિજનોને જમવાનું કઈ રીતે અપાય છે? | | | | જમતી વખતે બીન હરિજનો,હરિજનોથી અલગ બેસે છે. | | જમીનદાર મજૂરી કઈ રીતે ચુકવે છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હા. | ના. | અધ્ધરથી ઉંચાહાથે. | આપતા નથી. | હાથોહાથ. | જવાબ નથી. | હા. | ના. | નીચે મૂકીને. (ફેંકીને) | અધ્ધરથી | હાથોહાથ. |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૨૩ | ૪ | ૧૫ | ૧ | - | ૧૧ | ૨૬ | - | ૧૪ | ૫ | ૮ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | - | ૭ | - | - | ૧ | ૮ | - | ૧ | ૩ | ૪ |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૯ | ૪ | ૭ | ૪ | ૨ | - | ૧૨ | ૧ | - | ૫ | ૮ |
| | કુલ. | ૮<br>૧૪,૨૮ | ૪૮<br>૮૫.૭૨ | ૪૦<br>(૮૩.૩૩) | ૮<br>(૧૬.૬૭) | ૨૯<br>(૬૦.૪૨) | ૫<br>(૧૦.૪૨) | ૨<br>(૪.૧૬) | ૧૨<br>(૨૫.૦૦) | ૪૬<br>(૯૫.૮૩) | ૧<br>(૨.૭) | ૧૫<br>(૩૧.૨૫) | ૧૩<br>(૨૭.૦૮) | ૨૦<br>(૪૧.૬૭) |

નોંધ :- ખેડા જિલ્લાનાં એક ગામમાં ઠાકોરો હરિજનોને ત્યાં મજૂરીએ આવે છે અને તેઓ હરિજનોથી અલગ બેસીને જમે છે.

અભ્યાસમાં આવરેલા કુલ ગામોનાં ૮૩.૩૩ ટકા ગામોમાં અનુસૂચિત જાતિના મજૂરો સાથે અસ્પૃશ્યતા રખાય છે જયારે ૧૬.૬૭ ટકા ગામોમાં અસ્પૃશ્યતા રખાતી નથી. ગામડાઓમા એવો પણ રીવાજ હોય છે કે જે મજૂરો મજૂરી કરવા આવે તેમને બપોરે શાક કે માલિક આપે છે. તપાસેલા ગામમાંથી અનુસૂચિત જાતિનાં લોકોને જમવાનું ૬૦.૪૨ ટકા ગામોમાં અધ્ધરથી આપવામાં આવે છે જયારે ૧૦૪૨ ટકા ગામોમાં જમવાનુ આપતા થથી નથી. ૪.૧૬ ટકા ગામોમાં હોથોહાથ આપે છે જ્યારે ૨૫.૦૦ ગામોમાં કઈ રીતે ખાવાનુ આપે છે તેનો જવાબ જ આપ્યો નહતો. તથા ૯૫.૮૩ ટકા ગામોમાં સવર્ણ મજૂરો અનુસૂચિત જાતિના મજૂરોથી જમતી વખતે અલગ બેસે છે.

જમીનદારો અનુસૂચિત જાતિના મજૂરોને ૩૧.૨૫ ટકા ગામોમા નીચે મુકીને મજૂરી ચુકવે છે. ૨૭.૦૮ ટકા ગામોમાં મજૂરી અધ્ધરથી ચુકવે છે જયારે ૪૧.૬૭ ટકા ગામોમાં હાથોહાથ મજૂરી ચુકવવામાં આવે છે.

ખેડા જિલ્લાના એક ગામમાં ઠાકોરો અનુસૂચિત જાતિના લોકોને ત્યાં મજૂરી કરવા આવે છે પરંતુ તેઓ અનુસૂચિત જાતિનાં લોકોથી અલગ બેસીને જમે છે.

આમ અનુસૂચિત જાતિના મજૂરોને અધ્ધરથી કે ઉંચા હાથે જમવાનું આપવુ, જમતી વખતે અલગ બેસવું, મજૂરી અધ્ધરથી કે નીચે મુકીને ચુકવવી તેમાં અનુસૂચિત જાતિનાં લોકો પ્રત્યેની અસ્પૃશ્યતા પ્રદર્શિત થાય છે.

આગળ આપણે અનુસૂચિત જાતિ અને સવર્ણ સમાજનાં વ્યકિત વ્યકિત વચ્ચેના, વ્યકિત જુથ વચ્ચેના અને જુથ જુથ વચ્ચેના વ્યવહારોમાં કયાં અસ્પૃશ્યતા છે અને નથી તેનો ખ્યાલ મેળવ્યો સાથે સાથે આપણા બંધારણ માં અસ્પૃશ્યતા નિવારણ અંગેની ખાસ જોગવાઈ થઈ તેનાં પગલે પગલે અસ્પૃશ્યતા ધારો - ૧૯૫૫માં ઘડાયો. જેમાં અસ્પૃશ્યતાને કાનુની રીતે નિર્મૂળ કરવામાં આવી છે. તેમ છતાં આગળ દર્શાવેલ અનુસૂચિત જાતિના અને બિન અનુસૂચિત જાતિનાં વ્યવહારમાં અસ્પૃશ્યતા છે. પરંતુ લોકશાહી વ્યવસ્થાતંત્રના ભાગરુપ એવી ગ્રામપંચાયતોમાં અસ્પૃશ્યતા પળાય છે તે ખૂબ જ કમનસીબ ઘટના કહેવાય. પરંતુ તેમ છે તે હકીકત છે.

અભ્યાસમાં આવરેલા ગામોની ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિનાં સભ્યો સાથેના વ્યવહારમાં અસ્પૃશ્યતા દેખા દે છે ? અને દેખા દે છે તો તેનુ સ્વરુપ કેવું છે ? તે અંગેની વિગતોમાં કોઠો - ૪-૧૬માં દર્શાવી છે.

કોઠો-૪-૧૬

ગ્રામપંચાયતમાં અનુસૂચિત જાતિનાં સભ્યો ક્યાં બેસે છે.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિના સભ્ય ખુરશી પર બેસે છે. | | ના તો ક્યાં બેસે છે. | | | હા તો ક્યાં બેસે છે. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હા. | ના. | જમીનપર | અસ્પષ્ટ જવાબ નથી. | હરિજન સભ્ય નથી. | જગ્યા મળે ત્યાં ગમે ત્યાં. | વ્યવસ્થા મુજબ. | આગળ | રુમની બહાર. | પાછળ દૂર. | જવાબ નથી. |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૨૪ | ૩ | - | ૨ | ૧ | ૬ | - | ૨ | ૧ | ૩ | ૧૨ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૬ | ૨ | - | ૨ | - | - | - | ૫ | - | ૧ | - |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૦ | ૩ | ૩ | - | - | ૮ | ૧ | - | - | ૧ | - |
| | કુલ. | (૧૪.૨૮) ૮ | (૮૫.૭૨) ૪૮ | (૮૩.૩૩) ૪૦ | (૧૬.૬૭) ૮ | (૩૭.૫૦) ૩ | (૫૦.૦૦) ૪ | (૧૨.૫૦) ૧ | (૩૫.૦૦) ૧૪ | (૨.૫૦) ૧ | (૧૭.૫૦) ૭ | (૨.૫૦) ૧ | (૧૨.૫૦) ૫ | (૩૦.૦૦) ૧૨ |

સવાલ એવો પૂછવામાં આવ્યો હતો કે ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિના સભ્ય પંચાયતમાં ખુરશી ઉપર બેસે છે ? તેમાં તપાસેલ કુલ ગામના ૮૩.૩૩ ટકા અનુસૂચિત જાતિના સભ્યો ખુરશી ઉપર બેસતાં હતા જયારે ૧૬.૬૭ ટકા ખુરશી ઉપર બેસતાં ન હતા. જેઓ ખુરશી ઉપર બેસતા હતા તેમાંના ૩૫ ટકા જયાં જગ્યા મળે ત્યાં બેસે છે. ૨.૫૦ ટકા વ્યવસ્થા મુજબ બેસે છે. ૧૭.૫૦ ટકા સભ્યો આગળ બેસે છે. ૨.૫૦ ટકા રુમની બહાર બેસે છે. ૧૨.૫૦ ટકા પાછળ દૂર બેસે છે. જયારે ૩૦ ટકા કયાં બેસે છે તે જણાવ્યુ નહતું.

અને જેઓ ખુરશી પર બેસતા નથી તેમાંના ૩૭.૫૦ ટકા જમીન ઉપર ભોયતળીયે બેસે છે, ૫૦ ટકાએ સ્પષ્ટ જવાબ આપ્યા હતા જયારે ૧૨.૫૦ ટકા ગામોમાં હરિજન સભ્ય નથી.

આમ ગ્રામપંચાયતમાં અનુસુચિત જાતિનાં સભ્યનું ખુરશી પર ન બેસવુ કે ન બેસવા દેવું, નીચે બેસવું, રુમની બહાર બેસવું, પાછળ બેસવું વગેરેમાં અસ્પૃશ્યતાનો વ્યવહાર પ્રદર્શીત થાય છે. આ તો કાયદો છે. એટલે બાકી અનુસૂચિત જાતિના વળી ગ્રામપંચાયતમાં સભ્ય જ ન હોય. કોઈપણ ગામના મંદિરના ટ્રસ્ટમાં કોઈ અનુસૂચિત જાતિનાં સભ્ય હોય છે ?

ગ્રામ પંચાયતના અનુસૂચિત જાતિનાં સભ્યની બેસવાની વાત પુરી કરી હવે જોઈએ તેમને ચા-પાણી આપવાની વાત. તે અંગેની વિગત કોઠો ૪-૧૭માં દર્શાવેલ છે.

કોઠો-૪-૧૭.

**ગ્રામપંચાયતમાં અનુસૂચિત જાતિનાં સભ્યોને ચા-પાણી.**

| સ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સાઓ. | | હરિજન સભ્યોને ચા-પાણી આપવામાં આવે છે. | | | હરિજન સભ્યો માટે પીવાના પાણીનો ગ્લાસ અલગ રાખવામાં આવે છે. | | | હરિજન સભ્યો માટે ચા માટેનાં કપરકાબી અલગ રાખવામાં આવે છે? | | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હા. | ના. | ચાપાણી થતાનથી./ ખ્યાલનથી. | હા. | ના. | જવાબ નથી. | હા. | ના. | જવાબ નથી. | |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૯ | ૧૬ | ૨ | ૯ | ૯ | ૯ | ૭ | ૮ | ૧૨ | ૧.ભૂતકાળમાં બનતું હતું હોટલ માંથી ચા લાવે છે. |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૪ | ૩ | ૧ | - | - | ૮ | ૧ | - | ૭ | |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૨ | ૧ | - | ૭ | ૬ | - | ૫ | ૬ | ૨ | |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૨૫ (૫૨.૦૮) | ૨૦ (૪૧.૬૬) | ૩ (૬.૨૬) | ૧૬ (૩૩.૩૩) | ૧૫ (૩૧.૨૫) | ૧૭ (૩૫.૪૨) | ૧૩ (૨૭.૦૮) | ૧૪ (૨૯.૧૬) | ૨૧ (૪૩.૭૬) | |

અભ્યાસમાં આવરી લીધેલા ૪૮ ગામોમાંથી ૨૫ ગામની ગ્રામપંચાયતોમાં અનુસૂચિત જાતિના સભ્યને ચા-પાણી આપવામાં આવતા હતા અને ૨૦ ગામોની ગ્રામપંચાયતમાં અનુસૂચિત જાતિના સભ્યોને ચા-પાણી આપવામાં આવતા નથી જ્યારે ૩ ગામમાં ચા પાણી થતા નથી, ખ્યાલ નથી વગેરે જવાબો મળ્યા નહતા. તથા જે ૨૫ ગામોમાં અનુસૂચિત જાતિના સભ્યોને ચા પાણી આપવામાં આવે છે તેમાંથી ૧૬ ગામોમાં તેઓ માટે અલગ ગ્લાસ અને ૧૩ ગામોમાં કપ રકાબી અલગ રાખવામાં આવે છે.

ગ્રામ પંચાયતમાં હરિજન સભ્યોને ચા પાણી ન આપવા માટે પણ જુદા જુદા નુસખા થાય છે જેમ કે ચા હોટલમાંથી મંગાવવામાં આવે જેથી હોટલવાળો ઇશારો કરી અનુસૂચિત જાતિના સભ્યને તેનાં કપરકાબી મગાવી લે છે. સ્વમાનવાળા અનુસૂચિત જાતિના સભ્યો ચા પાણી પીતા નથી. તથા બહારના કે કોઈ સરકારી વ્યક્તિને ખ્યાલ ન આવે તે રીતે અલગ કપરકાબી રાખવામાં આવે છે.

ક્ષેત્રકાર્ય વખતે કપડવંજ તાલુકાના દનાદરા ગામે તે ગ્રામપંચાયતના અનુસૂચિત જાતિના સભ્યનો જ કેસ હતો તેઓ સાથે વાતચીત દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે, '' સાહેબ આમ આભડછેટ જેવુ બહુ નથી પરંતુ જ્યારે ગ્રામપંચાયતમાં હું અને સરપંચ એકલા હોઈએ ત્યારે સરપંચ મને ચા પીવડાવે છે. પરતુ જ્યારે ગામના બીજા સભ્યો હોય ત્યારે સરપંચ ચા પીવડાવતા નથી અને હુંય સમજીને પીતો નથી. ''

ગુજરાતના ગામડાની શાળાઓમાં હરિજન બાળકોની અસ્પૃશ્યતા બાબતમાં શું સ્થિતિ છે તે પણ તપાસી હતી તે અંગેની આંકડાકીય વિગત કોઠો ૪-૧૮માં આપી છે.

ગુજરાતના ગામડાની શાળાઓમાં હરિજન બાળકોની અસ્પૃશ્યતા બાબતમાં શું સ્થિતિ છે તે પણ તપાસી હતી તે અંગેની આંકડાકીય વિગત કોઠો ૪-૧૮માં આપી છે.

કોઠો-૪-૧૮

શાળામાં પીવાના પાણીની વ્યવસ્થા.

| અ.નં. | જિલ્લા. | તપાસેલ કિસ્સા. | | હરિજન બાળકો અન્ય બાળકો સાથે શાળામાં બેસે છે. | | | શાળામાં હરિજન બાળકો પાણી. | | | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હા. | ના. | જવાબનથી. | એક ગ્લાસમાં પીએ છે. | ગ્લાસ અલગ રાખે છે. | અધ્ધરથીપાણી પીવડાવાયછે. | પાણીપીવડાવવામાં આવતું નથી/ વ્યવસ્થાનથી. | |
| ૧. | ખેડા. | – | ૨૭ | ૨૪ | ૩ | – | ૧૧ | ૧ | ૪ | ૮ | |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૬ | – | ૨ | ૩ | ૧ | – | ૨ | |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૨ | – | ૧ | ૪ | – | – | ૮ | |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૪૨ (૮૭.૫૦) | ૩ (૬.૨૫) | ૩ (૬.૨૫) | ૧૮ (૪૨.૮૫) | ૨ (૪.૭૬) | ૪ (૯.૫૪) | ૧૮ (૪૨.૮૫) | |

અ.

તપાસમાં આવરેલા ૪૮ ગામોમાંથી ૩ ગામો એવા હતા કે જયાં અનુસૂચિત જાતિના બાળકો અન્ય બાળકો સાથે બેસતા નથી અને શાળામાં પીવાના પાણી ની વ્યવસ્થા બાબતમાં ૧૮ ગામની શાળાઓમાં બધા જ બાળકો એક જ ગ્લાસમાં પાણી પીએ છે. જયારે ૨ ગામોની શાળામાં અનુસૂચિત જાતિના બાળકો માટે અલગ અલગ ગ્લાસ રખાય છે. જયારે ૪ ગામની શાળા ઓમાં અનુસૂચિત જાતિના બાળકોને અધ્ધરથી પાણી પીવડાવવામાં આવે છે. જયારે ૧૮ ગામોની શાળામાં અનુસૂચિત જાતિનાં બાળકોને પાણી પીવડાવવામાં આવતુ નથી યા તો પીવાના પાણીની વ્યવસ્થા નથી. તેવુ જાણવા મળ્યુ હતુ.

જો કે એકંદરે શાળાઓમાં બેસવા બાબતમાં ખાસ અસ્પૃશ્યતા જેવુ જોવા મળતુ નથી. તેમ છતાં પીવાના પાણી બાબતમાં અને મધ્યાહન ભોજન બાબતમાં અસ્પૃશ્યતા જોવા મળે છે.

તપાસ કરેલ કિસ્સાઓના ગામની શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ અપાત ભોજન વખતે અનુસૂચિત જાતિના બાળકો સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર કરાય છે કે કેમ તે બાબતની વિગતો પણ મેળવી હતી તે પ્ર કોઠો - ૪-૧૯માં જોઓ.

કોઠો-૪-૧૯.

## મધ્યાહન ભોજન અને અસ્પૃશ્યતા.

| અ.નં. | જિલ્લા. | તપાસેલા કિસ્સા. | | અનુસૂચિત જાતિના બાળકો સવર્ણ બાળકો સાથે બેસીને જમે છે. | | અન્ય. |
|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હા. | ના. | |
| ૧. | ખેડા. | - | ૨૭ | ૧૯ | ૮ | |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | - | |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૫ | ૬ | ૧, કિસ્સામાં બાળકો ઘેર લઈ જઈને જમે છે.<br>૧, કિસ્સામાં ફકત હરિજન બાળકોજ જ જમે છે. |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૩૨ (૬૬.૬૬) | ૧૪ (૨૯.૧૬) | ૨ (૪.૧૮) |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકા દર્શાવે છે.

કોઠો ૪-૧૯ની વિગતો પ્રમાણે અભ્યાસ કરેલ ૪૮ ગામોની પ્રાથમિક શાળાઓમાંથી ૩૨ શાળાઓમાં અનુસૂચિત જાતિના અને અન્ય બાળકો સાથે બેસીને જમે છે. જ્યારે ૧૪ ગામોની શાળામાં અનુસૂચિત જાતિના બાળકો અલગ બેસીને જમે છે તેવું નોંધાયું છે જ્યારે એક ગામની શાળામાં બાળકો ઘેર લઈ જઈને જમે છે તેમ અને બીજા એક ગામમાં ફકત અનુસૂચિત જાતિનાં જ બાળકો મધ્યાહન ભોજન જમે છે. તેવુ જાણવા મળ્યું હતું. આમ અનુસૂચિત જાતિના બાળકો અલગ બેસીને જમતા હોય તેમાં અસ્પૃશ્યતાનો વ્યવહાર નથી તેવું કેમ કહી શકીએ ?

અસ્પૃશ્યતાનો ઈતિહાસ કહે છે કે પહેલા અસ્પૃશ્યોનું થુંક જમીન ઉપર ન પડે તે માટે ગળે કુલડી બંધાવતા હતા, પગલા જમીન ઉપર ન રહી જાય તે માટે પાછળ ઝાડુ બંધાવતા હતા તથા અછૂતો અમુક સમયે જ જાહેર રસ્તા ઉપર નીકળી શકે. નીકળે ત્યારે અમુક પ્રકારની બૂમો પાડવી પડતી. ધીરે ધીરે તે ઘટયું પછી હરિજનો માથું ઉઘાડું ન રાખી શકે, હરિજન સ્ત્રી પગમાં ચંપલ ન પહેરી શકે, તાંબા પિતળના વાસણે ભરી પાણી ન ભરી શકે, હરિજનો સારા કપડા ન પહેરી શકે તે ઓછું થતું આવ્યું છે પરંતુ ગામડાઓમાં જ્યાં હજુ વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિઓની જોહુકમી વર્તાય છે ત્યાં અનુસૂચિત જાતિઓનાં વર્તન, વ્યવહાર, પહેરવેશ કે પ્રસંગો પર સીધી યા આડકતરી રીતે કેટલાક પ્રતિબંધો છે. તેમાંનો એક પ્રતિબંધ છે. લગ્ન જેવા પ્રસંગોએ ઢોલ ન વગાડી શકે, વરઘોડો ન કાઢી

શકે વગેરે અભ્યાસક્ષેત્રમાંથી મેળવેલી તેને લગતી વિગતો પત્રક - ૪-૨૦માં દર્શાવી છે.

## કોઠો-૪-૨૦

અનુસૂચિત જાતિનાં લગ્ન પ્રસંગે કેટલાંક પ્રતિબંધો.

| અ.નં. | જિલ્લો. | તપાસેલ કિસ્સા. | | લગ્ન કે અન્ય પ્રસંગોએ હરિજનો ઢોલ વગાડાવી શકે છે. | | | હરિજનો વરઘોડો કાઢી શકે છે. | | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | હા. | ના. | જવાબ નથી. | હા. | ના. | જવાબ નથી. | |
| ૧. | ખેડા | – | ૨૭ | ૨૩ | ૩ | ૧ | ૨૦ | ૭ | – | |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૮ | – | – | ૭ | – | ૧ | |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૧૩ | – | – | ૧૩ | – | – | |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૪૪ (૯૧.૬૬) | ૩ (૬.૨૫) | ૧ (૨.૦૯) | ૪૦ (૮૩.૩૩) | ૭ (૧૪.૫૮) | ૧ (૨૦.૯) | |

તપાસમાં આવરેલ કુલ ૪૮ ગામોમાંથી લગ્ન કે અન્ય પ્રસંગોએ અનુસૂચિત જાતિના લોકો ૪૪ ગામોમાં ઢોલ વગાડાવી શકે, જ્યારે ૩ ગામોમાં ઢોલ વગાડાવી શકતા નથી જ્યારે એક ગામમાંથી જવાબ મળ્યો નહતો. તેવી જ રીતે તપાસેલ કુલ ૪૮ ગામોમાંથી ૪૦ ગામનાં અનુસૂચિત જાતિના લોકો લગ્ન પ્રસંગે વરઘોડો કાઢી શકે છે. ૭ ગામમાં અનુસૂચિત જાતિના લોકો વરઘોડો કાઢી શકતા નથી જ્યારે ૧ ગામનો જવાબ મળ્યો નથી.

આમ હજુ આજે પણ ઢોલ ન વગાડવા દેવો, વરઘોડો ન કાઢવા દેવા વગેરે જેવા પ્રતિબંધો ગામડાઓમાં મોજુદ છે.

ગામડાઓમાં મનોરંજનના પણ કાર્યક્રમો પહેલેથી થતા આવ્યા છે અને હાલ પણ થાય છે. ત્યારે જોવા બેસવાની પણ ખાસ વ્યવસ્થા આપોઆપ ગોઠવાઈ ગયેલી હોય છે. તેમાં અનુસૂચિત જાતિના લોકો માટે ખાસ જગ્યા નિર્ધારીત થયેલી હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલી ગામોમાં ભવાઈ કે નાટક થાય ત્યારે અનુસૂચિત જાતિના લોકો જોવા માટે કયાં બેસે છે તે અંગેની વિગતો પત્રક ૪-૨૧માં દર્શાવી છે.

કોઠો-૪-૨૧.

ગામમાં ભવાઇ કે નાટક જોવા અનુસૂચિત જાતિનાં લોકો કયાં બેસે છે.

| અ.નં. | જિલ્લા. | તપાસેલા કિસ્સા. શહેરી. | ગ્રામ્ય. | હરિજનો કયાં બેસે છે. સૌની સાથે. | અલગ. | અલગ ખરાં પણ દૂર. | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | – | ૨૭ | ૮ | ૧૭ | ૨ | ભંગી દૂર બેસે છે. |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૬ | ૨ | – | નાડીયા અને ભંગી અન્ય હરિજનો સાથે બેસે છે. |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૭ | ૩ | ૩ | ભંગી વધુ દૂર બેસે છે. |
| | કુલ. | ૮ (૧૪.૨૮) | ૪૮ (૮૫.૭૨) | ૨૧ (૪૩.૭૫) | ૨૨ (૪૫.૮૩) | ૫ (૧૦.૪૨) | |

કોઠો ૪-૨૪માં આંકડા દર્શાવે છે કે તપાસેલ કુલ ૪૮ ગામોમાંથી ભવાઈ કે નાટક થાય ત્યારે જોવા માટે ૨૧ ગામના અનુસૂચિત જાતિના લોકો સૌની સાથે બેસે છે. ૨૨ ગામના અનુસૂચિત જાતિના લોકો અલગ બેસે છે. જયારે ૫ ગામના અનુસૂચિત જાતિના લોકો અલગ ખરાં જ પરંતુ દૂર બેસે છે. તેમાંય ભંગી ભાઈઓ તો ખાસ્સું અંતર રાખીને દૂર બેસે છે તેમ જાણવા મળ્યું હતું.

અભ્યાસમાં આવરી લીધેલ ગામોમાં પ્રવર્તતી અસ્પૃશ્યતાનાં સ્વરૂપ અંગેની વિગત મેળવ્યા બાદ હવે પ્રકરણ - ૫માં નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસનાં ફરિયાદી અને તેનાં કુટુંબને લગતી કૌટુંબિક, આર્થિક, શૈક્ષણિક વિગતો જોઈ તેનો અસ્પૃશ્યતા સાથેનો સંબંધ શું છે તે જોઈએ.

# પ્રકરણ - ૫

## ૧૯૮૪માં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ કેસોના અસરગ્રસ્ત કુટુંબો.

## ૧૯૮૪માં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોના અસરગ્રસ્ત કુટુંબો :-

પ્રસ્તુત અભ્યાસમાં જાતિવાર કુટુંબો વયજૂથ પ્રમાણે વૈવાહિક દરજ્જો, રહેઠાણનાં મકાનની સ્થિતિ, મુખ્ય ધંધા, ગૌણ ધંધા, કમાનાર, નહીં કમાનાર, જમીન અંગે, પશુધન અંગે, આવક, દેવુ, શિક્ષણ અને પરિવર્તન વગેરે બાબતોને આ પ્રકરણમાં અસ્પૃશ્યતા સાથેના સંબંધને મૂલવવામાં આવશે.

ગુજરાતના કુલ ૧૯ જિલ્લાઓના નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ કેસો બન્યા હતા તેનાં ૧૯૮૪નાં કેસો અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા તેમાં સૌથી વધુ આ વર્ષે અનુક્રમે ખેડા, મહેસાણા અને રાજકોટમાં થયેલા હતા. આથી અભ્યાસ માટે ત્રણ જિલ્લા પસંદ કરવામાં આવ્યા હતા.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ ખેડામાં ૩૭ કિસ્સા તેમાંથી ૨૭ કેસો તપાસ્યા હતા, મહેસાણામાં કુલ ૩૨ કેસો બન્યા હતા. તેમાંથી ૧૨ કેસો તપાસ્યા હતા. જ્યારે રાજકોટમાં ૨૭ કેસો બન્યા હતા. તેમાંથી ૨૦ કેસો તપાસ્યા હતાં. તેમાં ઘણા કેસો એક જ વ્યકિતએ બબ્બે કેસો કરેલા હતા. આથી કુલ કેસો અને તપાસેલ કેસોના આંકડા ઓમાં તફાવત આવે છે.

બન્ને જિલ્લાઓમાંથી કુલ ૬૦ કુટુંબો અભ્યાસ માટે પસંદ કર્યા હતા. આ તમામ કુટુંબોને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ અસરગ્રસ્ત કુટુંબો ગણી લેવામાં આવ્યા છે. તેઓની વિગતે માહિતી જોઈએ તો પહેલાં ગુજરાત રાજયના ૧૭ જિલ્લાઓની વસ્તી ૧૯૫૧ની વસ્તી ગણત્રી મુજબ ૧.૬૨ કરોડ હતી તેમાંથી હરિજનોની ૯.૭૦ લાખ તથા આદિવાસીઓની ૨૦.૬૪ લાખની હતી. ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ રાજયની કુલ વસ્તી વધીને ૨.૦૬ કરોડની થઈ હતી. જયારે હરિજનો અને આદિવાસીઓની વસ્તી જે ૧૯૫૧માં અનુક્રમે ૯.૭૩ લાખ અને ૨૦.૬૪ લાખ હતી તે વધીને અનુક્રમે ૧૩.૬૭ લાખ તથા ૨૭.૫૪ લાખ થઈ હતી. ૧૯૫૧માં હરિજનો તથા આદિવાસીઓ કુલ રાજયની વસ્તીના ૧૮.૭૫ ટકા હતી. જયારે ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ આ ટકાવારી ૨૨.૪૦ ટકા હતી. હરિજનોની વસ્તી જે ૧૯૫૧માં ૯.૭૩ લાખ હતી તે ૧૯૬૧માં વધીને ૧૩.૬૭ લાખ એટલે ૪૦.૪૯ ટકા વધી હતી. ૧૯૫૧ થી ૧૯૬૧ના વર્ષોમાં વસ્તી વધારાનો વાર્ષિક દર ૨.૬૯ ટકા હતો. આજ સમય દરમ્યાન હરિજનોની વસ્તીનો વાર્ષિક વૃધ્ધિ દર ૪.૦૪ ટકા હતો. અને ૧૯૭૧માં કુલ રાજયની વસ્તી ૨૬૬.૮૭ લાખની હતી. જયારે અનુસૂચિત જાતિની વસ્તી ૧૮.૨૫ લાખની હતી, ૧૯૮૧માં કુલ રાજયની વસ્તી ૩૪૦.૮૫ લાખની હતી જયારે અનુસૂચિત જાતિની વસ્તી ૨૪.૩૮ લાખની હતી એટલેકે ૧૯૭૧ થી ૧૯૮૧ના ગાળા દરમ્યાન અનુસૂચિત જાતિની વસ્તીમાં ૩૩.૫૯ લાખનો વધારો થયો હતો.

ફરિયાદી જાતિવાર કોઠા ૫-૧માં વિગતે આપવામાં આવી છે.

કોઠો નં.૫-૧.

**અભ્યાસમા આવરી લીધેલા કુટુંબોનું જાતિવાર દર્શાવતો કોઠો.**

| અ.નું. | જિલ્લાનું નામ. | વણકર. | ચમાર. | ભંગી. | ગરોડા. | સેનમા. | નાડિયા. | સાધુ. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૧૮ | ૪ | ૨ | – | ૪ | – | [illegible] | ૨૮ |
| ૨. | મહેસાણા. | ૯ | ૧ | ૨ | – | – | – | – | ૧૨ |
| ૩. | રાજકોટ. | ૧૫ | ૩ | ૨ | – | – | – | – | ૨૦ |
| | કુલ... | ૪૨ | ૮ | ૬ | – | ૪ | – | – | ૬૦ |
| | ટકા. | ૭૦ | ૧૩.૩૩ | ૧૦ | – | ૬.૬૭ | – | – | ૧૦૦ |

કોઠાના પ. માં આંકડા જોતા ખ્યાલ આવે છે કે વણકર – ૪૨, ચમાર –૮, ભંગી – ૬, અને ૪ કુટુંબ સેનમાના હતા. કેસ કરનાર ફરિયાદીની જાતિ જાણવાથી કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે જેમકે ગુજરાતની ૩૦ અનુસૂચિત જાતિમાંથી કુંઈ અનુસૂચિત જાતિ અસ્પૃશ્યતા ખૂચે છે. અને કુંઈ અનુસૂચિત જાતિને અસ્પૃશ્યતા ખૂચતી નથી. તેનાથી એ પણ સાબિત થઈ શકે કે કુંઈ અનુસૂચિત જાતિ વધુ જાગૃત છે અને કુંઈ થઈ શકે કે કું અનુસૂચિત જાતિ વધુ જાગૃત છે અને કુંઈ અનુસૂચિત જાતિ જાગૃત નથી. સાથે સાથે એ પણ સાબિત થાય કે સવર્ણ લોકો અનુસૂચિત જાતિની કુંઈ જાતિ સાથે આવી બાબતોમાં હામ ભીડે છે. આ બાબતોને કોઠા નં.પ-માં આંકડા [illegible] નાં સંદર્ભમાં મૂલવીએ પ્રસ્તુત અભ્યાસના કુલ કેસોનાં ૭૦ ટકા ફરિયાદી તો વણકરો હતા આ બાબતને આપણે એમ કહી શકીએ કે કાં તો વણકરો વધુ જાગૃત છે. તેઓ અસ્પૃશ્યતાની વ્યવસ્થાને ચલાવી લેવા માંગતા નથી અથવા તો અનુસૂચિત જાતિની અન્ય જાતિઓ વણકરો જેટલી જાગૃત નથી અથવા તો તેઓની કેટલી મર્યાદાઓને લઈ સવર્ણો સામે કેસ કરી સીધા સંઘર્ષમાં આવવાનું ટાળે છે. સાથે સાથે અન્ય અનુસૂચિત જાતિના લોકો થોડા ઘણા પ્રમાણમાં પણ કેસો કરે છે. તે દર્શાવે છે કે તેઓ પણ હવે અસ્પૃશ્યતાને લઈને તેમનુ શોષણ થવા દેવા માંગતા નથી.

અસરગ્રસ્ત કુટુંબોના સભ્યોની વયજૂથ પ્રમાણે કોઠો-પ-૨માં વિગતે દર્શાવવામાં આવ્યું છે.

કોઠો - ૫ - ૨.

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોના સભ્યોનું વયજૂથ અને જાતિવાર દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | કુલ. | જાતિ. | | ૦ થી ૫ વર્ષ. | | ૬ થી ૧૪ વર્ષ. | | ૧૫થી૨૫ વર્ષ. | | ૨૬થી૪૫વર્ષ. | | ૪૬થી૬૦વર્ષ. | | ૬૧થી વધુવર્ષ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. |
| ૧ | ખેડા. | ૧૩૫ | ૬૯ | ૬૬ | ૩ | ૬ | ૯ | ૧૬ | ૨૩ | ૧૩ | ૨૩ | ૨૦ | ૧૩ | ૯ | – | – |
| ૨ | મહેસાણા. | ૬૨ | ૩૧ | ૩૧ | ૪ | ૨ | ૭ | ૧૩ | ૮ | ૫ | ૧૨ | ૯ | – | ૨ | – | – |
| ૩ | રાજકોટ. | ૧૨૨ | ૫૮ | ૬૪ | ૯ | ૧૨ | ૧૫ | ૨૧ | ૧૨ | ૯ | ૨૧ | ૧૮ | ૨ | ૩ | ૧ | ૧ |
| | કુલ. | ૩૧૯ | ૧૫૮ | ૧૬૧ | ૧૬ | ૨૦ | ૩૧ | ૫૦ | ૪૩ | ૨૭ | ૫૬ | ૪૭ | ૧૫ | ૧૪ | ૧ | ૧ |

(૪૯.૫૩) (૫૦.૪૭)

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબના કુલ સભ્ય સંખ્યા ૩૧૯ હતી તેમાં ૧૫૮ પુરુષો અને ૧૬૧ સ્ત્રીઓ હતી ટકાવારી જોઈએ તો કુલ ૪૯.૫૩ ટકા પુરુષો અને કુલ ૫૦.૪૭ ટકા સ્ત્રીઓ હતી. તેમાં સૌથી વધુ સ્ત્રીઓ ૬ થી ૧૪ વર્ષમાં ૫૦ની હતી સૌથી વધુ પુરુષોની સંખ્યા ૨૬ થી ૪૫ વર્ષની ઉંમરમાં ૫૬ની સંખ્યા હતી જ્યારે સૌથી ઓછી સ્ત્રીઓની સંખ્યા ૬૧ થી વધુ વર્ષમાં ૧ હતી અને પુરુષોની સંખ્યા પણ તે જ જૂથમાં ૧ હતી. વધુ વિગત માટે જૂઓ કોઠો -૫-૨.

પ્રસ્તુત અભ્યાસમાં અસરગ્રસ્ત કુટુંબોની વયજૂથ પ્રમાણે જોયું પછી તેમનો વૈવાહિક દરજ્જો અંગે પણ માહિતી એકત્રિત કરી હતી. તેની વિગત કોઠા નં.૫-૩માં દર્શાવવામાં આવી છે.

કોઠો-૫-૩.

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોના વૈવાહિક દરજ્જો.

| અ.નં. | જિલ્લાનું નામ. | અપરિણિત. પુરુષો. | અપરિણિત. સ્ત્રી. | પરિણિત. પુરુષો. | પરિણિત. સ્ત્રી. | વિધવા/વિધુર. પુરુષો. | વિધવા/વિધુર. સ્ત્રી. | છુટાછેડા. પુરુષો. | છુટાછેડા. સ્ત્રી. | કુલ. પુરુષો. | કુલ. સ્ત્રી. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૨૨ | ૩૦ | ૪૩ | ૩૬ | ૩ | - | ૧ | - | ૬૯ | ૬૬ | ૧૩૫ |
| ૨. | મહેસાણા. | ૧૫ | ૨૧ | ૧૩ | ૧૦ | - | - | ૩ | - | ૩૧ | ૩૧ | ૬૨ |
| ૩. | રાજકોટ. | ૩૩ | ૩૬ | ૨૫ | ૨૫ | ૩ | - | - | - | ૬૧ | ૬૧ | ૧૨૨ |
| | કુલ. | ૭૦ | ૮૭ | ૮૧ | ૭૧ | ૬ | - | ૪ | - | ૧૬૧ | ૧૫૮ | ૩૧૯ |
| | ટકા. | ૪૩.૪૭ | ૫૫.૦૬ | ૫૦.૩૧ | ૪૪.૯૪ | ૩.૭૪ | | ૨.૪૮ | | ૧૦૦ | ૧૦૦ | |

કોઠા નં.૫.૩ના આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે કુલ કુટુંબના કુલ ૪૩.૪૯ ટકા પુરુષો અપરિણિત, ૫૦.૩૧ ટકા પુરુષો પરિણીત, ૩.૭૪ ટકા વિધુર અને છૂટાછેડા લીધેલા ૨.૪૮ ટકા હતા. તેવી જ રીતે અભ્યાસના કુલ કુટુંબની કુલ સ્ત્રીઓમાંથી ૫૫.૦૬ ટકા સ્ત્રીઓ અપરિણિત ૪૪.૯૪ ટકા સ્ત્રીઓ પરિણીત હતી અને વિધવા કે છૂટાછેડા લીધેલી એક પણ સ્ત્રી જોવા મળી નહતી. આ સમાજ પછાત છે, ગરીબ છે. તેને માટે અન્ય સમાજનો ખ્યાલ ઘણો જ ઉતરતો હોય છે. પણ હકીકતમાં આ અસ્પૃશ્ય સમાજના સામાજિક જ્ઞાતિપંચના બંધનો કે નીતિ નિયમો હોય છે. આ સમાજમાં અન્ય સમાજની જેમ જ કેટલાક નિતી નિયમોને આધીન રહયા સિવાય છૂટાછેડા લેવાતા નથી આ અભ્યાસમાંથી ફકત ૨.૪૮ ટકા જ છુટાછેડા લીધેલા જોવા મળ્યા હતા. ૩.૭૪ ટકા વિધુર પુરુષ જોવામળ્યા હતા.

વાંચકોને સવાલ થાય કે વળી અસ્પૃશ્યતા અને વૈવાહિક દરજ્જાને શું લેવા-દેવા? પરંતુ પ્રસ્તુત અભ્યાસ માં આવરી લેવાયેલા ખેડા જિલ્લાનાં માતર તાલુકાનાં ઠઠાલ ગામના એક કિસ્સામાં આ બાબત જોવા મળી હતી વિગતે જોઈએ તો આ કેસના ફરિયાદીની પત્નીને ઝેણાભાઈ ઠાકોર ભગાડી ગયો હતો. તેઓનો આજદિન સુધી પત્તો લાગ્યો નથી. આમ બનવાથી આ કેસના ફરિયાદીનો વૈવાહિક દરજ્જો જેવું કાં રહયું નથી.

બીજો કિસ્સો પીજ ગામનો છે. ફરિયાદીની દીકરીને પટેલ ઉઠાવી ગયો હતો. પછી લગ્ન કર્યાં હતા.

પરંતુ તે છોકરીના તેના પિતા કે સમાજ સબંધો રહયા નથી. તેનાથી તેના કુટુંબના અન્ય સભ્યોના વૈવાહિક દરજ્જો સ્થાપિત કરવામાં પણ ખૂબ જ મુશ્કેલી પડે છે તેજાણવા મળ્યું હતું.

આમ જોતાં લાગે છે કે અસ્પૃશ્યતાનો વ્યવહાર પણ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અનુસૂચિત જાતિના લોકોના લગ્નજીવન ભંગ કરવામાં કે વૈવાહિક દરજ્જામાં અંતરાય ઉભો કરવામાં ભાગ ભજવે છે.

અભ્યાસમાં આવરી લીધેલા કેસો હતા તે કેસો કરનારની ઉંમર અંગેની માહિતી મેળવી હતી. તેને કોઠા ૫-૪માં દર્શાવવામાં આવી છે.

કોઠો-૫-૪

જિલ્લાવાર કેશ કરનારની ઉંમર દર્શાવતો કોઠો.

| અ.નું. | જિલ્લાનું નામ. | ૧૫ થી ૨૫. | ૨૬ થી ૩૫. | ૩૬ થી ૪૫. | ૪૬ થી ૫૫. | ૫૫થી વધુ વર્ષ | કુલ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૪ | ૭ | ૮ | ૬ | ૩ | ૨૮ |
| ૨. | મહેસાણા. | - | ૫ | ૨ | ૫ | - | ૧૨ |
| ૩. | રાજકોટ. | ૩ | ૧૨ | ૪ | - | ૧ | ૨૦ |
| | કુલ. | ૭ (૧૧.૬૭) | ૨૪ (૪૦.૦૦) | ૧૪ (૨૩.૩૩) | ૧૧ (૧૮.૩૩) | ૪ (૬.૬૭) | ૬૦ (૧૦૦.૮૩૧) |

કોઠાના આંકડા જોતા માલુમ પડે છે કે સૌથી વધુ કેસો ૨૬ થી ૪૫ વર્ષની ઉંમરની વ્યકિતઓએ કર્યા હતા. જે કરનારના ૪૦ ટકા થાય છે. આ ઉંમરનો ગાળો એવો છે કે જેમાં સાહસ કરવાની વૃત્તિ ખોટું સહન ન કરવાની વૃત્તિ કે ન ચલાવી લેવાની વૃત્તિ વધુ પ્રમાણમાં જોવા મળે છે. સહજ છે કે અહિંપણ એવું બન્યું હોય, આ ઉપરથી એક સંશોધન કાર તરીકે આપણે એમ કહી શકીએ કે જ્યાં સુધી અસ્પૃશ્યતાને લાગે વળગે છે ત્યાં સુધી ૨૬ થી ૩૫ વર્ષની ઉંમરના આ જાતિના લોકો અસ્પૃશ્યતાના વ્યવહારને સહજ રીતે ચલાવી લેતા નથી ઉપરાંત તે કેમ અટકે અને અસ્પૃશ્યતાનો વ્યવહાર કરનારને કેમ શિક્ષા થાય તેવા પ્રયત્નો કરે છે.

કોઠા નં.૫-૪ અન્ય આંકડાઓ પણ કેટલીક વિશિષ્ટતાઓ દર્શાવે છે. જેમકે અભ્યાસમાં આવરી લીધેલ કુલ ફરિયાદીઓનાં ૧૬.૬૭ ટકા ફરિયાદીઓની ઉંમર ૧૫ થી ૨૫ વર્ષની હતી તે પણ એક સારી નિશાની છે. આ બાબત આપણે અનુસૂચિત જાતિની નવી પેઢીમાં જાગૃતતા કે તેમનામાં શિક્ષણની અસર જોઈ શકીએ ૩૬ થી ૪૫ વર્ષની ઉંમરનાં ૨૩.૩૩ ટકા ફરિયાદીઓ હતા. ૪૬ થી ૫૫ વર્ષના ૧૮.૩૩ ટકા ફરિયાદીઓ હતા જ્યારે ૫૫ થી વધુ ઉંમરનાં ૬.૬૭ ટકા ફરિયાદીઓ હતા.

ક્ષેત્રકાર્ય દરમ્યાન એક વાત સ્પષ્ટ જણાયી હતી કે અભ્યાસલક્ષી માહિતી એકત્રિકરણના સવાલોના જવાબો ૩૬ થી ૫૫ કે તેથી વધુ ઉંમરવાળી વ્યકિત અસ્પૃશ્યતાના વ્યવહાર અંગેના જવાબો પર ઢાંકપિછોડો કરવાની કોશિષ કરતા

હતા જયારે ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના ઉત્તરદાતાઓ સ્પષ્ટ અને હકીકતપૂર્વક જવાબો આપતા હતા. આ બાબત એટલા માટે દર્શાવવી પડે છે કે ૩૬ થી ૫૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના અનુસૂચિત જાતિના લોકો આવી બાબતો સાથે સંઘર્ષમાં ના ઉતરવુ તેમ માનતા હોય છે. તેમ છતાં આગળ દર્શાવ્યુ તેમ લગભગ ૫૦ ટકા જેટલા ફરિયાદીઓ આ ઉંમરના હતા.

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોના મકાનો અંગેની માહિતી મેળવી હતી તેની વિગત કોઠા નં. ૫-૫માં દર્શાવવામાં આવી છે.

કોઠો નં.૫-૫.

અભ્યાસમાં આવરેલ કુટુંબોના મકાન અને સંખ્યા..

| અ.નં. | જિલ્લાનું નામ. | મકાનનો પ્રકાર. | | ઓરડાની સંખ્યા. | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કાચું. | પાકું. | ૧. | ૨. | ૩. | ૪. |
| ૧ | ખેડા. | ૧૮ | ૧૦ | ૧૪ | ૧૨ | ૧ | ૧ |
| ૨ | મહેસાણા. | ૬ | ૬ | ૧૨ | - | - | - |
| ૩ | રાજકોટ. | ૬ | ૧૪ | ૧૩ | ૬ | ૧ | - |
| | કુલ. | ૩૦ | ૩૦ | ૩૯ | ૧૮ | ૨ | ૧ |

મકાન અને રહેઠાણ અંગેની માહિતી એકત્રિત કરવા માટેનો હેતુ એ હતો કે સવર્ણોના રહેઠાણથી આ અનુસૂચિત જાતિના રહેઠાણો કેટલા દૂર તેમના નિવાસ સ્થાનની આજુબાજુ કેવું વાતાવરણ અને તેમની સ્થિતિનો ખ્યાલ મેળવવાનો હતો તો ક્ષેત્રકાર્ય દરમ્યાન નિરીક્ષણ અને માહિતી પરથી એવુ જણાયું હતુ કે હરિજનોના રહેઠાણ ગામથી દૂર હોય છે અને તેમના રહેઠાણની આજુબાજુ ગંદકી ખૂબ જ જોવા મળી હતી માહિતી અનુસાર જોઇએ તો અભ્યાસના કુલ કુટુંબના ૫૦ ટકા મકાનો કાચા એટલેકે માટીનું ચણતરવાળી દિવાલો અને ઉપર દેશી કે વિલાયતી નળિયાનું છાજવાળા હતા તે પણ કુટુંબ માટે અપૂરતી સગવડ વાળા જોવા મળ્યા હતા અને ૫૦ ટકા મકાનો પાકા હતા તેમાં કેટલાક તો માટીથી ગારથી ઇંટોનો ચણતર હતું. પણ તેની પાકામાં ગણતરી થાય તે ઉપરાંત ઓરડા અંગે જોઇએ તો ફકત એક જ રુમવાળા ૩૯ કુટુંબના મકાનો ૬૮ બે રુમવાળા અને ચાર રુમનુ ૧ મકાન જોવામળ્યું હતું.

આ ઉપરથી એમ લાગે છે કે અસ્પૃશ્ય હોવાથી તેમના સિવાય પણ ગામથી દૂર હોવા જોઇએ. હકીકતમાં તેઓનાં રહેણાંક ગામથી છેવાડે હોય છે. બીજી રીતે કહીએ તો ગામની રચના જ આ પ્રકારની હોય છે.

અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોના મુખ્ય અને ગૌણ ધંધાની અંગેની માહિતી ઉત્તરદાતા પાસેથી મેળવી હતી તે કોઠા ૫-૬માં આપવામાં આવી છે.

કોઠો-૫-૬.

**મુખ્ય અને ગૌણ ધંધા દર્શાવતો કોઠો. ( જિલ્લાવાર )**

| ક્રમ. | જિલ્લાનું નામ. | મુખ્ય ધંધો. ખેતી. | ખેતમજૂરી. | છૂટકમજૂરી. | નોકરી. | વ્યાપાર | ગૌણ ધંધો. ચર્મ કામ. | સફાઈ કામ. | ખેત મજૂરી. | છૂટક મજૂરી. | નોકરી | વ્યાપાર | પશુ પાલન. | ઈંટો પાડવી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૧૩ | ૧૪ | ૫ | ૬ | ૨ | – | ૧ | – | – | – | – | – | ૨, ઈંટો પાડવી. |
| ૨. | મહેસાણા. | ૫ | ૧૨ | ૩ | – | – | ૨ | – | – | – | – | – | – | |
| ૩. | રાજકોટ. | ૩ | ૧૩ | ૬ | – | ૧ | ૧ | – | – | – | – | – | – | |
| | કુલ. | ૨૧ | ૩૯ | ૧૬ | ૬ | ૩ | ૩ | ૧ | ~~૧~~ | ~~૧~~ | ~~૧~~ | ~~૧~~ | – | ૨ |

સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લોકોની પાસે જમીન ખાસ હોતી નથી અને જેની પાસે હોય છે તે પણ સિંચાઈ વગરની આથી આ જાતિના લોકોને જીવન નિર્વાહ માટે સવર્ણોનો કે જમીનદારોનો આધાર રાખવો પડતો હોય છે. ઉપરાંત આ જાતિના મોટે ભાગે ખેતમજૂરી અને છૂટક મજૂરી જ કરે છે. આથી સવર્ણો સામે ઉંચા અવાજે તેમનાથી બોલી શકાતું નથી. આ વખતે આ સવર્ણ સમાજ તેમની સાથે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે અસ્પૃશ્યતા રાખે તો પણ તેમને સહન કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી.

પ્રસ્તુત અભ્યાસમાં કેવા કેવા વ્યવસાયો મુખ્ય અને ગૌણ કરે છે તે તપાસવા પાછળ ઉપકલ્પના એ હતી કે જો આ અનુસૂચિત જાતિના લોકો સ્વતંત્ર ધંધો કરતા હશે તો તેમના સવર્ણો સાથેના સંબંધોમાં અસ્પૃશ્યતાનું કે તોછડાઈનું વર્તન ઘણું જ ઓછું જોવા મળશે. પ્રસ્તુત અભ્યાસમાં કુલ કુટુંબ માંથી ૨૧ વ્યકિત ખેતી, ૩૯ વ્યકિત ખેતમજૂરી અને ૧૬ વ્યકિત છુટક મજૂરી કરતાં હતા. ૬ વ્યકિત નોકરી, ૩ વ્યકિત વેપાર અને ૩ વ્યકિત ચર્મકામનો વ્યવસાય કરતી હતી.

કોઠા નં.૫-૬નાં આંકડા ઉપરથી લાગે છે કે અનુસૂચિત જાતિના પરંપરાગત ધંધાઓ તદ્દન ભાંગી પડયા કારણકે આ અભ્યાસમાં ફકત ત્રણ જ વ્યકિત એવી જોવા મળી કે તે પોતાનો પરંપરાગત વ્યવસાય કરતી હોય બાકી નાં બધા જ અનેકવિધ પ્રકારની છૂટક મજૂરી કરતાં હોય તેવી વ્યકિતઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતુ. અનુસૂચિત જાતિને મજૂરી સિવાય બીજી ધંધાઓ કરી શકે તેમ નથી જો

બાંધકામમાં જાય તો તેમને અમુક જ કામ કરવાનું જ્યાં હરિજનો અને સવર્ણો સાથે સ્પર્શ કરવાનું આવે તેવું કામ તો મળે જ નહીં કારણકે ત્યાં અસ્પૃશ્યતા વચ્ચે આવે છે. આથી પણ આ સમાજમાં ધંધા વગર બેકાર રહે છે એટલેકે મજૂરી પણ ઘણીવાર મળતી હોતી નથી.

વ્યવસાય સંબંધી થયેલા કેસો અંગે માહિતી મેળવી હતી જે કોઠા નં.૫-૭માં આપવામાં આવી છે.

કોઠો -૫-૭.

વ્યવસાય સબંધી બાબતોને લઇને નોંધાયેલા કેસોની વિગતો દર્શાવતો કોઠો.

| અ.નં. | વિગત. | કેસોની સંખ્યા. |
|---|---|---|
| ૧. | ખેતી અને ખેતમજૂરી બાબતમાં. | ૯ |
| ૨. | દૂધ ડેરી બાબતમાં. | ૧ |
| ૩. | વેઠ કરાવવા બાબતમાં. | ૧ |
| ૪. | નોકરી બાબતમાં. | ૧ |
| | કુલ. | ૧૨ |

કોઠા નં.૫-૭માં આંકડાથી સ્પષ્ટ થાય છે કે અનુસૂચિત જાતિના લોકોમાં વ્યવસાય કરવામાં અસ્પૃશ્યતા અંતરાયરુપ બને છે તે હકીકત છે. આ અંગે કુલ ૬૦ કેસો તપાસ્યા હતા. તેમાંથી ૧૨ કેસો વ્યવસાય સબંધી થયેલા માલુમ પડયા હતા. બાકીના અન્ય રીતે અસ્પૃશ્યતા અંગે થયેલા હતા. એ હકીકત છે કે અનુસૂચિત જાતિના લોકો સ્વતંત્ર ધંધો કરવાની ઈચ્છા રાખે તો પણ તે કરીશકતા નથી. દા.ત. ડેરીમાં દૂધ ભરવા બાબતમાં અસ્પૃશ્યતા રખાઈ હોય તે સબંધિત પણ એક કેસ જોવા મળ્યો હતો. તેવી જ રીતે ખેતી કે ખેતમજૂરીની બાબતમાં પણ ૯ કેસો માલુમ પડયા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં તો અનુસૂચિત જાતિના લોકો માટે ખેતીની અને છૂટક મજૂરી એ જીવન નિર્વાહનો મુખ્ય આધાર છે તેમાં પણ જો અસ્પૃશ્યતા રખાતી હોય તો કેવા પ્રકારના ધંધા કરી આ અનુસૂચિત જાતિના લોકો પોતાનું જીવન નિર્વાહ કરે સરકારી નોકરીમાં પણ એક કેસ નોંધાયો હતો તે પણ પ્રાથમિક શિક્ષકનો હતો. બીજો વેઠ કરાવવાની બાબતેમાં કેસ થયેલો હતો. આ રીતે કુલ કેસોના ૨૦ ટકા કેસો વ્યવસાયથી સબંધિત અસ્પૃશ્યતા બાબતમાં થયા હોય તેવું માલુમ પડયું હતું.

અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબના કુલ સભ્યો માંથી કમાનાર અને નહીં કમાનારની માહિતી કોઠા નં. ૫-૮માં આપવામાં આવી છે.

કોઠો -૫-૮.

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોમાં કમાનાર / નહીં કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનુ નામ. | કમાનાર. | નહીં કમાનાર. | કુલ. |
|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૬૫ | ૭૦ | ૧૩૫ |
| ૨. | મહેસાણા. | ૨૩ | ૩૯ | ૬૨ |
| ૩. | રાજકોટ. | ૪૪ | ૭૮ | ૧૨૨ |
| | કુલ. | ૧૩૨ | ૧૮૭ | ૩૧૯ |

આ કોઠા નં.૫-૮નાં આંકડા પરથી જોઈ શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબના કુલ સભ્યો માંથી ૧૩૨ સભ્યો કમાય છે જ્યારે ૧૮૭ સભ્યો કોઈપણ જાતનો ધંધો કરતા નથી એટલે કે કુટુંબના કમાનાર પર આધારિત છે.

પ્રસ્તુત અભ્યાસમાં અનુસૂચિત જાતિ અંગેની વિગત કોઠા નં.૫-૯માં આપવામાં આવી છે.

કોઠા નં.૫-૯.

અભ્યાસમાં આવરેલ કુટુંબોની જમીન અંગેની વિગતો દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબો. | જમીન ધારક કુટુંબો. | સિંચાઈવાળી. એકર. | સિંચાઈવાળી. ગુંઠા. | બિનસિંચાઈવાળી. એકર. | બિનસિંચાઈવાળી. ગુંઠા. | કુલ જમીન. એકર. | કુલ જમીન. ગુંઠા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૨૮ | ૨૦ | | | | | ૯૯ | ૪૭ |
| ૨. | મહેસાણા. | ૧૨ | ૬ | | | | | ૧૮ | ૦૦ |
| ૩. | રાજકોટ. | ૨૦ | ૮ | | | | | ૯૧ | ૨૦ |
| | કુલ. | ૬૦ | ૩૪ | | | | | ૨૦૮ | ૭૭ |

અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોમાંથી ૩૪ કુટુંબો લગભગ બિન સિંચાઈવાળી જમીન ધરાવે છે. પણ તેમની પાસે ખેતીનાં સાધનો પૂરતાં નથી બિયારણ માટે આર્થિક રીતે પહોંચી વળતા નથી. આથી ખેતીના તમામ સાધનો ( જમીનદારો પાસેથી )જેની પાસે મજૂરી કરે છે તેમનાં બાબતે પોતાની જમીનમાં ઉપયોગ કરે છે. તે પણ તેનો જે સમય પૂરો થઈ ગયા પછી મળે એટલે તેની ઉત્પાદન પર અસર પડતી હોય છે. આથી જીવન નિર્વાહ જેટલું ઉત્પાદન મેળવી શકતા નથી આથી તેમને મજૂરી ઉપર પણ આધાર રાખવો પડે છે. સામાન્ય રીતે અનુસૂચિત જાતિનાં લોકો પહેલેથી સામાજિક અને આર્થિક રીતે પછાત હોઈ અસ્પૃશ્યતા અંતરાયરુપ બનતી હોય છે. તેમનામાં મજૂરી કરવાની અને ખેતી અંગેની કૌશલ્યતા હોય છે. તેમ છતાં તેમની આર્થિક પછાતતાને જેમની પાસે જમીન છે તેઓ તેનો ઉત્પાદકિય ઉપયોગ કરી શકતા નથી.

પ્રસ્તુત અભ્યાસમાં અનુસૂચિત જાતિની જમીન સવર્ણ લોકોએ હડપ કરી છે કે કેમ? તે અંગે માહિતી લીધી હતી તેની વિગત કોઠા નં.૫-૧૦માં આપવામાં આવી છે.

કોઠો - ૫ - ૧૦.

હરિજનોની જમીન હડપ કરી છે કે કેમ ?

| અ.નં. | જિલ્લાનું નામ. | તમારી જમીન કોઈ હડપ કરીછે. | | કઈ રીતે ? | | જમીનનો વિસ્તાર. | | કિંમત. | માહિતી નથી. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા. | ના. | દબાણથી. ઝઘડાથી. | ઓછી કિંમતે વેચાણમાં. | એકર. | ગુંઠા. | | |
| ૧. | ખેડા. | ૨ | ૨૪ | ૨ | - | ૭ | - | ૩૬૦૦૦ | ૨ |
| ૨. | મહેસાણા. | ૨ | ૧૦ | - | ૧ | - | - | - | - |
| ૩. | રાજકોટ. | ૧ | ૧૮ | ૧ | - | ૦।। | - | ૨૫૦૦ | ૧ |
| | કુલ. | ૫ | ૫૨ | ૩ | ૧ | ૭।। | - | ૩૮૫૦૦ | ૩ |

કોઠા નં.૫-૧૦નાં આંકડા જોતાં માલુમ પડે છે કે અભ્યાસનાં ૬૦ કુટુંબોમાંથી પાંચ કુટુંબની જમીન સવર્ણ લોકોએ હડપ કરી હતી. ૩ કિસ્સાઓમાં દબાણ કરીને, ઝગડા કરીને, ૧ કિસ્સામાં ઓછી કિંમત આપી વેચાણ કરી લીધી અને ૧ કિસ્સાની માહિતી નથી પણ જમીન હડપ કરી હતી. આ રીતે અનુસૂચિત જાતિનાં લોકો પાસેથી વર્ચસ્વવાળી માથાભારે જાતિઓ અનેકવિધ કારણોસર જમીન હડપ કરી હતી છતાં પણ આ અસ્પૃશ્યતા જાતિની ફરિયાદ કોઈ સાંભળવા તૈયાર નથી. અરે ફરિયાદ પણ કરી શકતા નથી. તેવું પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું. એનો અર્થ એવો થાય છે કે અનુસૂચિત જાતિનાં લોકો જમીન પણ ધરાવી શકતા નથી અને જો ધરાવે તો તેમની ઉપર જોરજુલમ કરી ધમકી આપીને જમીન પડાવી લેવામાં આવે છે. અને બીકનાં માર્યા આગળ ફરિયાદ પણ કરી શકતા નથી. આ કેવી દયાનીય સ્થિતિ કહેવાય ?

પ્રસ્તુત અભ્યાસમાં બનાવ બાદ અને બનાવ પહેલાં હરિજનોના સવર્ણો સાથેનાં વ્યવસાયિક સબંધો અંગેની જાણકારી પ્રાપ્ત કરી હતી. તેની વિગત કોઠા નં. ૫-૧૧માં આપવામાં આવી છે.

કોઠો નં.૫-૧૧.

બનાવ બાદ હરિજનોનો સવર્ણો સાથે ખેતી અંગેનો વ્યવસાયિક સંબંધ.

| અ.નં. | જિલ્લાનું નામ. | તમે સવર્ણોની જમીન ખેડતા હતા, બનાવ પહેલાં. | | બનાવ પછી તમે જમીન ખેડો છો. | | માહિતી નથી. |
|---|---|---|---|---|---|---|
| | | હા. | ના. | હા. | ના. | |
| ૧. | ખેડા. | ૭ | ૨૦ | ૫ | ૨૩ | ૧ |
| ૨. | મહેસાણા. | ૨ | ૯ | ૩ | ૯ | ૧ |
| ૩. | રાજકોટ. | – | ૨૦ | – | ૨૦ | – |
| | કુલ. | ૯ | ૪૯ | ૮ | ૫૨ | ૨ |

કોઠા નં.૫-૧૧માં આંકડા પરથી જોઈ શકાય છે કે હરિજનો અને સવર્ણો સાથે અસ્પૃશ્યતા અંગેના કેસો થઈ ગયા પછી પણ તેમના ખેતી અંગેના વ્યવસાયિક સંબંધો જોવા મળે છે. જેમાં બનાવ પહેલાં ૯ કુટુંબો સવર્ણોની જમીન ખેડતા હતા. ૪૯ કુટુંબો જમીન ખેડતા જ નથી. જ્યારે બે કુટુંબોની માહિતી નથી. મળી જ્યારે સવર્ણો સામે કેસ કર્યા પછી ૮ કુટુંબો સવર્ણોને ત્યાં ખેતી અંગેનાં વ્યવસાયિક સંબંધો ચાલુ રાખ્યા હતા. ક્ષેત્રકાર્ય દરમ્યાન વ્યવસાયિક સંબંધો અંગે ઘણી બધી બાબતો જાણવા મળી હતી કેસ કર્યા પછી એકબીજા પ્રત્યેનો વિશ્વાસ ઉઠી જાય છે. હરિજનોને એવું લાગે છે કે અમારી ઉપર ચોરીનો ખોટો આરોપ મૂકશે તો કે અમને મારી નાખશે તો વગેરે કારણોસર બનાવ પછી વ્યવસાયિક સંબંધોમાં બંધ થતા જોવા મળ્યા હતા જ્યારે જેણે ચાલુ રાખ્યા હતા તેમની પાસેથી જાણવા મળ્યું કે શું થાય બીજી કોઈ મજૂરી મળવી જોઈએને મજૂરી મળતી નથી એટલે આ સંબંધો ચાલુ રાખવા પડે છે. આ માહિતી મેળવવાની પાછળનો હેતુ એ હતો કે હરિજનોએ હિંમત તો કરી નાખી પણ પછી શું ? તેનાથી તેના ખેતી ના વ્યવસાયિક સંબંધો કેવા રહે છે અને જો રહે છે તો શાથી ? વગેરે કારણો જાણવાનો હતો તેના ઉપર એમ કહી શકાય કે હરિજનોની આર્થિક રીતે કેટલી મજબૂરી છે કે તેના ઉપર કેસ કરે છે તેના જ ખેતરમાં તેને નીચા માથે ખેતી મજૂરી કરવા જવું પડે છે. આ જ રીતે મજૂરી અંગેના સંબંધો અને મજૂરીના દર કેવા રહે છે તે અંગે પણ માહિતી મેળવી હતી તે અંગેની વિગત કોઠા નં.૫-૧૨માં આપવામાં આવી છે.

કોઠો નં.૫-૧૨.

બનાવ બન્યા બાદ હરિજનોનો સવર્ણો સાથે મજૂરી અંગેનો સંબંધ.

| અ.નં. | જિલ્લાનું નામ. | બનાવ પહેલા મજૂરીએ જતા હતા. | | 'હા' તો કામના કલાક દર. | | બનાવ પછી મજૂરીએ જાવ છો. | | 'હા' તો કામના કલાક દર. | | મજૂરી ચૂકવણા બાબત પહેલો ઝઘડો થયો હતો. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા. | ના. | દર. | સમય. | હા. | ના. | રોજ. | કલાક. | હા. | ના. |
| ૧. | ખેડા. | ૨૦ | ૮ | રૂ. ૧૦ | કલાક ૮ | ૧૪ | ૧૨ | ૧૪ | – | ૧ | ૨૭ |
| ૨. | મહેસાણા. | – | ૧૨ | | | ૭ | ૫ | ૧૫ | ૮ | ૩ | ૯ |
| ૩. | રાજકોટ. | ૬ | ૧૪ | રૂ. ૧૦ | સવાર થીસાંજ. | ૧૩ | ૭ | ૧૦ | સવાર થીસાંજ. | ૫ | ૧૫ |
| | કુલ. | ૨૬ | ૩૪ | ૧૦ ૧૦ | ૮ કલાક. | ૩૪ | ૨૪ | – | – | ૯૨ | ૫૧ |

નોંધ :-
'ના'ના કારણો : – મજૂરી નથી.
– લઈ જતા નથી માત્ર તે વ્યકિતને.
– ત્યાં જ નહીં.

કોઠા નં.૫-૧૨માં જોતાં જણાય છે કે અભ્યાસમાં આવરી લીધેલા કુલ ૬૦ કુટુંબોમાંથી ૨૬ કુટુંબમાં એ કેસ કર્યા પહેલા સવર્ણોના ત્યાં ખેતીની મજૂરી કરવા જતા હતા. જ્યારે ૩૪ કુટુંબો કેસ થયા પહેલાં મજૂરીએ જતા નહોતા જે કુટુંબો મજૂરીએ જતા હતા તેમની પાસે સવારથી સાંજ સુધી મજૂરી કરાવી. રૂ.૮ થી ૧૦ દૈનિક રોજ સવર્ણો આપતા હતા. આ જ રીતે કેસ કર્યા પછી ૩૪ કુટુંબો બીનહરિજનો ને ત્યાં મજૂરી કરવા જતા હતા અને ૨૪ કુટુંબો મજૂરી કરવા જતા નહોતા જે જતા હતા તેમને પણ ઉપર દર્શાવ્યા મુજબ સવારથી સાંજ સુધી મજૂરી કરવી પડતી હતી. આ રીતે હરિજનો મજૂરી કર્યા વગર ચાલે તેમ નથી અથવા બીજો કોઈ વિકલ્પ નથી આથી આ જમીનદારોની મજૂરી કર્યા વિના છૂટકો જ નથી. જમીનદારો સરકારી નિયમ પ્રમાણે જે મજૂરીના દર આપવા જોઈએ તે પણ આપતા નથી તે ઉપરાંત જરૂર લાગે તો આઠ કલાક કરતાં પણ વધુ સમય કામ કરાવે તેમ છતાં મજૂરીએ રાખનારની સામે બોલાય નહી કે કોઈ પણ જાતની દલીલ પણ હરિજનોથી થાય નહીં.

બીજું કે સવર્ણ મજૂરો પણ મજૂરી કરવા આવતા હોય છે તે લોકો હરિજનો સાથે અસ્પૃશ્યતા રાખે છે. એવું ક્ષેત્ર-કાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું કે અસ્પૃશ્યતાએ સવર્ણ મજૂર ને અડી ન જવાય તેની કાળજી રાખવી પડતી હોય છે. રોજગારીની ચૂકવણી વખતે પણ ઉંચી જ્ઞાતિના જમીનદારો પૈસા જમીન પર મૂકી દે, અથવા તો હાથમાં ફેંકતા હોયછે.

હવે મજૂરી નહીં જવા પાછળના કારણો પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા પ્રયત્ન કર્યો હતો. તો જાણવા મળ્યું હતું કે કેટલાકનું કહેવું હતું કે મજૂરીએ લઈ જતા નથી બીજેથી મજૂર લાવે પછી અમે કેવી રીતે મજૂરીએ જઈએ જ્યારે કેટલાકનું કહેવું હતું કે ખેતી નિષ્ફળ ગઈ ત્યાં અમને ક્યાં બોલાવે કેટલાકનું કહેવું હતું કે જેની સાથે (વ્યક્તિ) અણબનાવ બન્યો છે તેનાં ત્યાં જ મજૂરી જતા નથી વગેરે કારણો જાણવા મળ્યા હતા.

આગળ આપણે મજૂરીના કામના કલાક અંગે જોયું તો તેમાં હરિજનોનું ઘણું જ શોષણ થાય છે. એવું લાગ્યું કે હકીકતમાં હરિજનોનું આર્થિક રીતે શોષણ થાય છે. તેમાં કોઈ બેમત નથી. મજૂરી અને ખેતી અંગે ચર્ચા કર્યા બાદ કેસ કર્યા છે. તેમની વ્યવસાયવાર વાર્ષિક આવક અંગે માહિતી કોઠા નં.૫-૬૩માં મેળવીએ.

કોઠા નં. ૫ – ૩૩.

## વ્યવસાયવાર વાર્ષિક આવક.

| અ.નં. | જિલ્લાનું નામ. | અભ્યાસમાં લીધેલા કુટુંબો. | આવરી ખેતી. | ખેતમજૂરી. | છૂટક મજૂરી. | નોકરી. | અન્ય જે હોય તે. | કુલ વાર્ષિક આવક. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૨૮ | ૮૪૬૦૦ | ૨૧૫૦૦ | – | ૬૨૦૦૦ | ૨૮૫૦૦ | ૧૯૬૬૦૦ |
| ૨. | મહેસાણા. | ૧૨ | ૨૫૦૦૦ | ૧૩૦૦૦ | ૯૫૦૦ | – | ૨૨૦૦ | ૪૯૭૦૦ |
| ૩. | રાજકોટ. | ૨૦ | ૬૦૦૦ | ૨૭૨૦૦ | ૯૦૦૦ | ૧૬૦૦૦ | ૫૨૦૦ | ૬૩૪૦૦ |
| | કુલ. | ૬૦ | ૧૧૫૬૦૦ | ૬૧૭૦૦ | ૧૮૫૦૦ | ૭૮૦૦૦ | ૩૫૯૦૦ | ૩૦૯૭૦૦ |

કોઠા નં.૫-૧૩નાં આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં આવરી લીધેલા કુલ ૬૦ કુટુંબોની વાર્ષિક કુલ આવક રુ.૩૦૯૭-૦૦ હતી. કુટુંબદીઠ વાર્ષિક આવક રુ.૫૧૬૧ થતી હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક રુ.૯૭૦/- થતી હતી. જુદા જુદા વ્યવસાયવાર આવક જોઈએ તો અનુક્રમે કુલ ખેતીની આવક રુ.૧૫૫૬૦૦ ખેત મજૂરીની કુલ આવક રુપિયા ૬૧૭૦૦, કુલ છૂટક મજૂરીની કુલ આવક રુપિયા ૧૮૫૦૦, નોકરીની કુલ આવક રુપિયા ૭૮૦૦ની અને અન્ય કુલ આવક ૩૫૯૦૦ થાય છે.

સાતમી પંચવર્ષીય યોજનામાં અનુસૂચિત જાતિ અને જનજાતિની જે કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારોમાં રુ.૬૪૦૦ હોય તેને ગરીબીની રેખા હેઠળ ગણવાનું નકકી થયું છે. તેવી જ રીતે શહેરી વિસ્તારોમાં રુ. ૭૩૦૦ હોય તેને ગરીબીની રેખા હેઠળ ગણવાનું નકકી આમ આ અભ્યાસ ગ્રામ્ય વિસ્તરોનો હોય તેની કુલ વાર્ષિક આવક રુ.૫૧૬૧ થાય એટલે કે તે ગરીબીની રેખા હેઠળ ગણી શકાય. હવે આ અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોનાં પશુધન અંગે કોઠા નં.૫-૧૪ જોઈએ.

કોઠો નં.૫-૧૪.

અભ્યાસમાં આવરેલ કુટુંબોનું પશુધન.

| અ.નં. | જિલ્લાનું નામ. | પશુધન રાખતા કુટુંબો. | પશુધનની સંખ્યા. ગાય. | ભેંસ. | બળદ. | પાડી. | વાછરડી. | બકરા. | ઘેટા. | ઉંટ. | કુલ પશુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૧૬ | ૨ | ૨૨ | ૧૮ | ૩ | – | ૨ | – | – | ૪૭ |
| ૨. | મહેસાણા. | ૮ | ૬ | ૪ | ૨ | – | – | – | – | – | ૧૨ |
| ૩. | રાજકોટ. | ૬ | ૮ | – | ૪ | – | ૧ | ૨ | – | – | ૧૫ |
| | કુલ. | ૩૦ | ૧૬ | ૨૬ | ૨૪ | ૩ | ૧ | ૪ | – | – | ૭૪ |

કોઠા નં.૫-૧૩ના આંકડા જોતાં માલૂમ પડે છે કે અસરગ્રસ્ત કુટુંબો કુલ ૬૦ છે તેમાંથી ૩૦ કુટુંબો એટલે ૫૦ ટકા કુટુંબો ઓછા વત્તા પ્રમાણમાં પશુ રાખે છે. સામાન્ય રીતે અનુસૂચિત જાતિના લોકોમાં પશુપાલન અંગે સારી એવી કુશળતા હોય છે. બહોળો અનુભવ હોવા છતાં પણ તેઓ તેમની મર્યાદાથી વધુ પશુ રાખી શકતા નથી તેની પાછળ કારણ છે કે આ સમાજ પાસે જમીન ઓછી અને બિનસિંચાઈવાળી હોય છે આથી પશુને ઘાસચારો જોઈએ તે લાવી શકે નહીં પશુ માટેની વ્યવસ્થા રાખવા માટે અલાયદી મકાન કે હોય જોઈએ તેપણ ના હોય આથી તેઓ વધુ પશુ રાખી શકતા નથી. છતાં જે કંઈ પશુ તેમની પાસે છે તે કોઠા નં.૫-૧૪માં વિગત આપેલ છે. તે જોઈએ તો કુલ કુટુંબના ૫૦ ટકા કુટુંબો પાસે પશુધન જોવા મળતું હતું. જેમાં ૧૬ ગાય, ૨૬ ભેંસ, ૨૪ બળદ, ૩ પાડી, ૧, વાછરડી અને ૪ બકરાનો સમાવેશ થાય છે. તેમાં સૌથી વધુ ભેંસોની અને સૌથી ઓછી બકરાની સંખ્યા જોવા મળી હતી.

હવે અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોની દેવા અંગેની વિગત કોઠા નં.૫-૧૫માં આપવામાં આવી છે.

કોઠો નં.૫ - ૫૫.

અભ્યાસમાં આવરેલ કુટુંબોનું દેવું.

| અ.નં. | જિલ્લાનું નામ. | અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબો. | દેવાદાર કુટુંબો. | દેવાના પ્રકાર. | | | | | હેતુઓ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સહકારી મંડળી. | સગા સબંધી. | દુકાનદાર શાહુકાર. | સરકારી. | બેન્ક. | |
| ૧. | ખેડા. | ૨૮ | ૨૩ | ૬ | ૧૦ | ૧ | - | ૬ | X ખેતી.<br>X ઘરખર્ચ.<br>- સામાજિક પ્રસંગે. |
| ૨. | મહેસાણા. | ૧૨ | ૭ | ૧ | ૨ | ૪ | ૪ | | ખેતી, પશુ લાવવા માટે. |
| ૩. | રાજકોટ. | ૨૦ | ૧૬ | ૪ | ૮ | - | ૩ | ૧ | X ખેતી - ઘરખર્ચ, અનાજ<br>X ભરતકામ, ચર્મકામ, મકાન. |
| | કુલ. | ૬૦ | ૪૬ (૭૬.૬૬) | ૧૧ (૨૩.૯૧) | ૨૦ (૪૩.૪૭) | ૧ (૨.૧૭) | ૭ (૧૪.૨૮) | ૭ (૧૪.૨૮) | |

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોની આવક, જમીન જોતાં ખ્યાલ આવે છે કે તેમના જીવન નિર્વાહ માટેની પૂરતી આવક નથી, પૂરતાં વ્યવસાય પણ નથી, કમાનાર પર નહીંકમાનારની સંખ્યા વિશેષ હોઈ આ કુટુંબોને દેવું કરવાની ફરજ થઈ પડે છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યકિતને દેવુ કરવુ ગમતુ હોતુ નથી. પણ તેને ના છૂટકે દેવું કરવું પડતુ હોય છે. તેવી જ રીતે પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૬૦ કુટુંબોમાંથી ૪૬ (૭૬.૬૬ ટકા) કુટુંબો દેવાદાર જોવા મળ્યા હતા જેમાં સહકારી મંડળીનું ૨૩.૯૧ ટકા, સગા સંબંધીઓનું ૪૩.૪૭ ટકા, દુકાનદાર શાહુકાર ૨.૧૭ ટકા, સરકારી ૧૪.૨૮ ટકા અને બેન્ક ૧૪.૨૮ ટકા દેવું જોવા મળ્યુ હતું. આ દેવુ કરવા માટે વિવિધ હેતુઓ જોવા મળ્યા હતા જેવા કે ખેતી, ઘરખર્ચ, પશુ ખરીદવા, ભરતકામ, ચર્મ ઉદ્યોગ અને મકાન રીપેરીંગ માટે દેવુ કરવુ પડ્યુ હતુ. આ માહિતી મેળવવા પાછળ હેતુ એ હતો કે આ કુટુંબોની આર્થિક સ્થિતિ કેવી હતી વગેરે જાણવાનો હતો. બીજું કે અસ્પૃશ્યો હોવાના નામે તેમને ઘણીવાર બેકારીને લઈ જીવન નિર્વાહ કરવા માટે પણ દેવું કરવું પડતુ હોય છે તેવું જાણવા મળ્યુ હતું. દેવાની રકમમાં વિકાસલક્ષી યોજનાના લાભ લીધા હતા તે અંગે પણ માહિતી મેળવી હતી તે કોઠા નં.૫-૧૬માં વિગતે આપવામાં આવી છે.

કોઠો - ૫ - ૧૬.

અભ્યાસમાં આવરેલ કુટુંબોએ વિકાસલક્ષી યોજનાના લીધેલ લાભની વિગત દર્શાવતો કોઠો.

| ક્ર.નં. | જિલ્લાનું નામ. | અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબો. | યોજનાનો લાભ લીધેલ કુટુંબો. | લોન. | સબસીડી. | સાધન. | હપ્તો રકમ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૨૮ | ૧૨ | ૧૦૩૦૦૦ | ૨૯૦૦ | પશુ-૮ બળદ-૧ કૂવો-૧. | ૭૦,૨૫, ૧૦૦. |
| ૨. | મહેસાણા. | ૧૨ | ૬ | ૧૪૫૦૦ | - | | - |
| ૩. | રાજકોટ. | ૨૦ | ૬ | ૨૩૫૦૦ | - | સીવણકામ પાણીનુંમશીન. ભરતકામ. કેબીન. | - |
| | કુલ. | ૬૦ | ૨૪ (૪૦ %) | ૧૪૦૫૦૦ | ૨૯૦૦ | | |

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૬૦ કુટુંબોને અભ્યાસમાં આવરી લીધા હતા. તેમાંથી ૪૦ ટકા કુટુંબોએ વિકાસલક્ષી યોજના નું લાભ મેળવ્યા હતા. આ કુટુંબોએ લોન સ્વરુપે રુપિયા ૧૪૦૫૦૦ મેળવ્યા હતા. તેમાંથી ફકત રુ.૨૯૦૦ સબસીડી મળી હતી. આ યોજનાના લાભ અંગે માહિતી મેળવવા પાછળ અસ્પૃશ્યોને મેળવવા માટે કેવી કેટલી મુશ્કેલીઓ પડી હતી તથા કોના મારફતે માર્ગદર્શન મળ્યુ હતુ વગેરે ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે આ લોન લેવા ઘણી મુશ્કેલીઓ પડે છે. લોન મેળવવા માટેની પધ્ધતિ ઘણી જ મુશ્કેલીભરી લાગે છે. સરપંચ તલાટી, ગ્રામસેવક વગેરેને નમવું પડતું હોય છે. તે પણ એક વખતે મળતા નથી. દાખલા, નકલો, મેળવવા પાછળ સબંધિત અધિકારીઓ કે કર્મચારીઓને ખુશ કરવા પડતા હોય છે તે ઉપરાંત વારંવાર ધકકા ખાવા પડતા હોય છે. આખરે લોનનીરકમનો અંશ જ મળતો હોય છે. આ સાથે સાથે ઉત્તરદાતા તરફથી એવા સૂચનો પણ મળ્યા હતા કે આ લોન મેળવવા માટેની પધ્ધતિ સરળ બનાવવી જોઈએ અને તેની સરકારની સીધી દેખરેખ હેઠળ વ્યવસ્થા ગોઠવાય તો સંતોષકારક અને પૂરેપુરી રકમ જરુરિયાતમંદ યોગ્ય વ્યકિતને પ્રાપ્ત થશે. આ લોન / સબસીડી લેનાર પછાત અને અસ્પૃશ્ય હોય જયારે સરપંચ વગેરે ઉચ્ચ સવર્ણ જાતિના હોય છે. આથી દાખલા કે નકલો મેળવવામા મુશ્કેલી ઉભી થતી હોય છે. એ પણ દૂર થવી જોઈએ.

અનુસૂચિત જાતિનાં લોકો સામાન્ય રીતે આર્થિક અને સામાજિક રીતે પછાત છે તે સૌ કોઈ જાણે છે. સાથે સાથે વર્ચસ્વવાળી સવર્ણ સમાજથી કચડાયેલી કે દબાયેલી

છે તેની પાછળના અનેકવિધ કારણો જવાબદાર છે. તેમાં મુખ્ય મુખ્ય જોઈએ તો આર્થિક રીતે નબળા હોવાથી બીજાનો આધાર ડગલેને પગલે રાખવો પડતો હોય છે. વર્ચસ્વ ધરાવતી જાતિની સામે બોલી શકતા નથી. બીજું કે તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. એટલે કે પોતાના હકકો કે અધિકારો વિશે જે જાગૃતિ કે જાણકારી હોવી જોઈએ તે નથી. હાલની સ્થિતિમાં થોડું શિક્ષણ જોવા મળે છે. અને તેનાથી જે જાગૃતિ આવી છે તેથી પોતાના હકકો અને અધિકારો માટે જાગૃત થયા છે. આથી પણ અસ્પૃશ્યતાના કેસો થતાં જોવા મળે છે. તેવા કેસો પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધા છે અને તેની સાથે શિક્ષણ સંકળાયેલું હોય છે. શિક્ષણનેએક મહત્વનું પરિબળ ગણી શકાય. આથી આ અભ્યાસમાં શિક્ષણ અંગે કેટલીક માહિતી એકત્રિત કરી છે તેની વિગત કોઠા નં.૫-૭માં આપવામાં આવી છે.

કોઠા નં. ૫ - ૧૭.

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોમાં શિક્ષણ.

| અ.નં. | જિલ્લાનું નામ. | અભણ. | | પ્રાથમિક. | | માધ્યમિક. | | ઉચ્ચતર માધ્યમિક. | | ઉચ્ચ શિક્ષણ. | | તાંત્રિક. | | કુલ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. | પુરુષ. | સ્ત્રી. |
| ૧. | ખેડા. | ૧૫ | ૩૩ | ૨૫ | ૧૯ | ૨૧ | ૧૧ | ૪ | ૧ | ૩ | ૨ | ૧ | – | ૬૮ | ૬૬ |
| ૨. | મહેસાણા. | ૧૬ | ૧૫ | ૧૦ | ૧૫ | ૪ | ૧ | ૧ | – | – | – | – | – | ૩૧ | ૩૧ |
| ૩. | રાજકોટ. | ૨૦ | ૪૩ | ૩૧ | ૨૧ | ૭ | – | – | – | – | – | – | – | ૫૮ | ૬૪ |
| | કુલ. | ૫૧ | ૯૧ | ૬૬ | ૫૫ | ૩૨ | ૧૨ | ૫ | ૧ | ૩ | ૨ | ૧ | – | ૧૫૮ | ૧૬૧ |
| | ટકા. | (૩૨.૨૭) | (૫૬.૫૨) | (૪૧.૭૮) | (૩૪.૧૬) | (૨૦.૨૫) | (૭.૪૫) | (૩.૧૬) | (૦.૬૩) | (૧.૯૦) | (૧.૨૪) | (૦.૬૪) | | (૧૦૦) | (૧૦૦) |

કોઠા નં.૫-જનાં અભ્યાસ પરથી લાગે છે કે કુલ પુરુષોના ૩૨.૨૭ ટકા અભણ હતા જ્યારે કુલ સ્ત્રીનાં ૫૬.૫૨ ટકા સ્ત્રીઓ અભણ હતી. સૌથી વધુ પ્રાથમિક વિભાગમાં ૫૬.૫૨ ટકા પુરુષો અને ૪૭.૭૮ સ્ત્રીઓ હતી. સૌથી ઓછા તાંત્રિક શિક્ષણમાં પુરુષો ૦.૬૪ ટકા જોવા મળ્યા હતા. આ આંકડા પરથી જોઈ શકાય છે કે અભણમાં પણ સ્ત્રીઓની ટકાવારી વિશેષ છે. જ્યારે શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવી ટકાવારીમાં પણ સ્ત્રીઓની ટકાવારી ઓછી છે. બીજું કે જેમજેમ શિક્ષણ ઉપર જાય છે તેમ તેમ ટકાવારીમાં ઘટાડો થતો લાગે છે એનો **અર્થ** એ થયો કે શિક્ષણની સ્થગિતતા અને અપવ્યય વધુ હોય એમ લાગે છે. જે સંખ્યાનો ઘટાડો થતો જાય છે. તેના માટે આ પાસું જવાબદાર ગણી શકાય. જેમ જેમ શિક્ષણની માત્રા કે પ્રમાણ આ સમાજમાં વધશે. તેમ તેમ અસ્પૃશ્યતા દૂર કરવામાં કે તેના પ્રમાણમાં ઘટાડો કરવા જરુર મદદરુપ થશે અને તેમના વિશેષ હકકો કે અધિકારો અંગે પણ સારી એવી જાગૃતિ અને જાણકારી જોવા મળશે. સાથે સાથે તેનો ઉપયોગ પણ કરતાં થશે. આ શિક્ષણની જ વાત જ્યારે ચાલે છે ત્યારે તેમના ૫ - ૧૪ વર્ષના બાળકો જે શાળાએ નથી જતા તેઅંગે પણ કેટલીક માહિતી કોઠા નં.૫-જમાં આપવામાં આવી છે તે જોઈએ.

કોઠા નં. ૫ - ૧૮.

અભ્યાસમાં આવરેલ કુટુંબોમાં ૫ થી ૧૪ વર્ષનાં બાળકોના શિક્ષણમાં સ્થગિતતા.

| અ.નં. | જિલ્લાનુ નામ. | ૫-૧૪ વર્ષના શાળાએ ન દાખલ કરાયેલા બાળકોની સંખ્યા. કુમાર. | કન્યા. | અધવચ્ચેથી શિક્ષણ છોડી ગયેલ બાળકો. કુમાર. | કન્યા. | કુલ. કુમાર. | કન્યા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૨ | ૨ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૨. | મહેસાણા. | - | ૧ | - | - | ૦ | ૧ |
| ૩. | રાજકોટ. | ૫ | ૯ | ૩ | ૨ | ૮ | ૧૧ |
| | કુલ. | ૭ | ૧૨ | ૪ | ૩ | ૧૧ | ૧૫ |

કોઠા નં.૫-૧૮માં દર્શાવ્યા પ્રમાણે જેમ જેમ ઉપલા ધોરણમાં બાળકો જાય છે તેમ તેમ બાળકોની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. તેનું કારણ એ છે ૫ - ૧૪ વર્ષની ઉંમરના ઘણા બાળકો શાળાએ જતા નથી અને જે જાય છે તે અધવચ્ચેથી શિક્ષણ છોડી દે છે. તેવા કુલ ૨૬ બાળકો નોંધાયા હતા જેમાં ૧૫ કુમાર અને ૧૧ કન્યાંઓનો સમાવેશ થાય છે. શાળાએ ન જતાં બાળકોમાં કુલ ૧૯ની સંખ્યા હતી. તેમાં ૭ કુમાર અને ૧૨ કન્યા જ્યારે અધવચ્ચેથી શિક્ષણ છોડી દેનારની કુલ સંખ્યા ૭ની હતી તેમાં ૪ કુમાર અને ૩ કન્યાઓ હતી. આ રીતે શિક્ષણની સ્થિતિ જોવા મળી હતી તેમાં અપવ્યય અને સ્થગિતતા અટકે તેવા પ્રયાસો કરવા જરુરી લાગે છે. આ સાથે સાથે આ અભ્યાસ જે કરવાનો છે તે વિષયની રીતે જોઇએ તો જેણે કેસ કર્યા છે તેમનાં શિક્ષણ અંગે પણ માહિતી મેળવી હતી તેની વિગત કોઠા નં.૫ - ૧૯માં આપવામાં આવી છે.

કોઠો - નં.૫ - ૧૯.

## જિલ્લાવાર કેસ કરનારનું શિક્ષણ.

| અ.નં. | જિલ્લાનું નામ. | અભણ. | પ્રાથમિક. | માધ્યમિક. | ઉચ્ચતર. | કુલ. |
|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૯ | ૭ | ૧૦ | ૨ | ૨૮ |
| ૨. | મહેસાણા. | ૨ | ૪ | ૪ | ૨ | ૧૨ |
| ૩. | રાજકોટ. | ૮ | ૧૧ | ૧ | ૨ | ૨૦ |
| | કુલ. | ૧૯ | ૨૨ | ૧૫ | ૪ | ૬૦ |

કોઠા નં.૫ - ૧૯નાં આંકડાનાં અભ્યાસ પરથી લાગે છે કે કુલ ૬૦ વ્યક્તિઓએ કેસ કર્યાં હતા તેમાંથી ૧૯ વ્યક્તિઓ તો બિલકુલ અજાણ હતી. ૨૨ વ્યક્તિઓએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું. ૧૫ વ્યક્તિઓએ માધ્યમિક અને ૪ વ્યક્તિઓએ ઉચ્ચતર શિક્ષણ મેળવેલ હતું. આ પરથી સ્પષ્ટ થાય છે કે અનુસૂચિત જાતિમાં હવે શિક્ષણની સાથે સાથે જાગૃતિનુ પ્રમાણ વધતું જાય છે. પોતાના હકકો અંગે જાણકારી પ્રાપ્તં કરીને અભણ માણસો પણ ફરિયાદ કરી અન્યાય સામે લડવા કાયદાનો સહારો લે છે. તેનો ઉપયોગ કરે છે. આ સમાજમાં સ્ત્રીઓનું શિક્ષણ જો વધે તો ઘણા ખરા અત્યાચારો અને અસ્પૃશ્યતા જેવા બનાવોનું પ્રમાણ ઘટે તેમાં કોઈ શંકા નથી મૂળગત જ સ્વભાવ જે દબાયેલો હતો તેમાં જરુર પરિવર્તન આવશે.

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૬૦ કેસો હતા તેમાંથી જયારે ક્ષેત્રકાર્ય કર્યું તે સમય દરમ્યાન આ કેસોની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. તે વિગત કોઠા નં.૫ - ૨૦માં આપવામાં આવી છે.

કોઠા નં. ૫ - ૨૦.

અભ્યાસ દરમ્યાન કેસની પરિસ્થિતિ અંગે વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | સમાધાન. | ખબર નથી. | જવાબ નથી. | ના સાબિત. | કેસ પતી ગયો છે. | કેસ ચાલુ. | ખોટી ફરિયાદ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૧૫ | ૩ | ૫ | - | - | ૫ | |
| ૨. | મહેસાણા. | ૧ | - | - | ૬ | - | ૨ | ૩ |
| ૩. | રાજકોટ. | ૯ | ૩ | ૧ | ૨ | ૩ | ૨<br>૧ હાઈકોર્ટ. | |
| | કુલ. | ૨૫ | ૬ | ૬ | ૮ | ૩ | ૯ | ૩ |

ઉપરોક્ત કોઠાના આંકડા પરથી માલુમ પડે છે કે કુલ ૬૦ કેસોમાંથી ૨૫ કેસોમાંથી ૨૫ કેસોમાં સમાધાન, ૬ કેસોમાં ઉત્તરદાતાઓને ખબર નથી, ૬ કેસોમાં જવાબ મળ્યો નથી ૮ કેસોના સાબિત થયેલા, ૩ કેસ પતી ગયા હતા, ૯ કેસો ચાલુ હતા અને ૩ કેસોમાં ખોટી ફરિયાદ થયેલી માલુમ પડયું હતું.

આ માહિતી મેળવવાનો હેતુ એ હતો કે કેસ હાલ કયા તબકકે છે વગેરે જાણવાનો હતો. તેમાં તેની પાછળ સંબંધિત માહિતી પણ મળી હતી કે જેમાં ગામઆગેવાનો સરપંચ અને ઘણા કેસોમાં પરસ્પર, સબંધીઓ વગેરે વચ્ચે રહીને સમાધાન થયું હતું. ૬ કેસોમાં ખબર નથી. કેસ કયાં આવ્યો હતો. તેમાં ખાસ ટ્રેપ કેસ હતા તે બારોબાર નીકળી ગયા હતા. તેની ખબર નથી. ખોટી ફરિયાદ થયેલી હતી આ રીતે ઘણા કેસોમાં આ હરિજનોને પોતાનો કેસ કયાં છે તે પણ ખબર હોતી નથીસામેની વ્યકિતઓ માથાભારે અને અસામાજિક તત્વો જ હતા. જેથી આ પછાત વર્ગના લાચાર લોકો આગળ બોલી શકતા નથી. કેસોની સ્થિતિ જાણ્યા પછી હુમલો કરનાર કઈ કઈ જ્ઞાતિની હતી તેની વિગતો માટે જોઓ કોઠા . ૫-૨૧.

કોઠા નં.૫ - ૨૧.

અભ્યાસમાં આવરેલ કિસ્સાઓમાં હરિજનો પર હુમલો કરનારની જાતિ દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | કોઈએક જાતિએ હુમલો કર્યો. હા. | ના. સ્પષ્ટ. | જવાબ નથી. | બ્રામ્હણ. | પટેલ. | વાણિયા. | સવર્ણ જાતિ. ઠાકોર/રાજપુત. | ભરવાડ/આહીર. | વાઘરી. | મુસ્લીમ/વાળંદ. | પોલીસ. | કોળી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૨૦ | ૬ | ૨ | - | ૪ | - | ૧૨ | ૨ | - | ૧ | ૧ | - |
| ૨. | મહેસાણા. | ૨ | ૩ | ૭ | - | ૧ | | ૧ | - | - | - | - | - |
| ૩. | રાજકોટ. | ૧૭ | ૧ | ૨ | | ૭ | ૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ | ૩ |
| | કુલ. | ૩૯ | ૧૦ | ૧૧ | | ૧૨ | ૧ | ૧૬ | ૪ | [illegible] | ૨ | ૧ | ૩ |

૧૯૫૫ અધિનિયમ હેઠળ કુલ ૬૦ કેસો થયેલા હતા. કોઠામાં જોતા જણાય છે કે ૩૯ કેસોમાં કોઈપણ એક જાતિએ હુમલો કર્યો હતો. ૧૦ કેસવાળા કહે છે કે કોઈ એક જાતિએ હુમલો કર્યો નથી પણ દ્વેષ કેસ હતા. XXXXXX XXX ૧૧ વ્યકિતઓ આ અંગે કોઈ જાતી વિશે જાણકારી આપવાની ઈચ્છા ધરાવતા નથી. સૌથી વધુ કેસોમાં રાજપુત - ઠાકોર, પછી પટેલ જ્ઞાતિના લોકોએ હરિજનો પર હુમલો કર્યા હતા. ત્રીજા નંબરે ભરવાડ અને આહિર જાતિનો આવે છે. આ આંકડા જોતા સ્પષ્ટ થાય છે. ગામડાઓમાં પટેલ, રાજપૂપ-ઠાકોર અને ભરવાડ-આહિર જાતિ માથાભારે ગણાય છે. તેમા રાજપુત અને આહિરનું તો હરિજનો નામ પણ લઈ શકતા નથી. ગામમા કેટલું વર્ચસ્વ છે તેનુ તેની ઉપર આધાર છે. જે ગામમાં પટેલની જ્ઞાતિ વધુ હોય તો તેનુગામમા વર્ચસ્વ વધુ હોય છે. આ જાતિ જ હરિજનને કનડગત કરવામાં પાછી પાની કરતી નથી. ગામમા જે વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિ હોય તેનો સરપંચ અને મુખી પણ હોય. આખી ગ્રામ પંચાયત અને વિવિધ સહકારી મંડળીમાં પણ તેનું જ વર્ચસ્વ જોવા મળે. આથી હરિજનને ગમે તે જગ્યાએ જરુર પડે ત્યાં તેને લાચાર બનવુ પડે. આખરે છેલ્લાં પાચ વર્ષમા જે હરિજનોમા જાગૃતિ આવી છે તેનાં કારણે આ વર્ચસ્વ હોવા છતાં તે જ્ઞાતિ પર કેસો કર્યા છે. અને તેને ખુલ્લીપાડી છે કે આજ જાતિઓ હરિજનોને ત્રાસ આપે છે, અત્યાચાર કરે છે અને શોષણ પણ કરે છે. અને તે જ્ઞાતિઓ જમીનદાર હોય છે. આર્થિક રીતે સબળ હોય છે. રાજકીય પહોંચ પણ તે જાતિની જ હોય છે. છતાં પણ જે હિંમત કરી છે તે સારી વાત છે.

ઘણા વરસોથી આ જ્ઞાતિઓ હરિજનો પાસે વેઠ કરાવતી, શોષણ કરતી, ત્રાસ આપતી આવી છે તેવું કરવામાં તેમનો તે હકક સમજતી હતી અને અત્યારે ગુજરાતના ઘણા ગામડાઓમાં આ રીતે આ જાતિની મનસ્વીતા જોવા મળે છે. આ અભ્યાસ ફકત ગુજરાતનાં ત્રણ જિલ્લાઓનો જ કર્યો છે. તેના ઉપરથી માલૂમ પડે છે કે આ જિલ્લાઓમાં ઠાકોર, રાજપુત, અને પટેલ જ્ઞાતિઓનું વર્ચસ્વ વધારે જોવા મળે છે અને હુમલો કરવામાં પણ આ જ જ્ઞાતિ અગ્રેસર છે.

જે કેસો બન્યા તેમાં વર્ચસ્વ જ્ઞાતિઓએ જ હુમલો કર્યો હતો આ બનાવ પાછળ અનેકવિધ કારણો હતા પણ તે બનવા પાછળ મુખ્ય કારણ અસ્પૃશ્યતાનું તો હતું જ આ તમામ કેસો નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ હેઠળ બન્યા હતા એટલેકે તેની ઉપર અસ્પૃશ્યતાની કલમ લાગુ પડી હતી તેમ છતાં ઉપર દર્શાવ્યુ તે મુજબ બીજા અનેક કારણો તેની સાથે સંકળાયેલા જોવા મળ્યા હતા. તેની વિગત કોઠા નંબર ૫ -૨૨માં આપવામાં આવી છે.

કોઠા નં.૫ - ૨૨.

અભ્યાસમાં આવરેલ કિસ્સાઓમાં જવાદાર કારણો દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | અસ્પૃશ્યતા. | ચૂંટણી. | ઇર્ષા. | આર્થિક શોષણ. | પાક ભેલાણ. | હેરાન કરવાની વૃત્તિ. | આંતરિક ઝઘડા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખેડા. | ૨૦ | ૩ | ૫ | ૧ | ૨ | – | – |
| ૨. | મહેસાણા. | ૮ | – | – | – | – | – | – |
| ૩. | રાજકોટ. | ૧૬ | | ૧ | ૧ | ૧ | | ૩ |
| | કુલ. | ૪૪ | ૩ | ૬ | ૨ | ૩ | – | ૩ |

કોઠા નં.૫ -૨૨નાં આંકડાનાં આધારે કહી શકાય કે ૪૪ કેસો તો સીધા જ અસ્પૃશ્યતા રાખવામાં કે પાળવામાં આવી હોય તે હતા કારણોસર થયેલા હતા. કેસ અગાઉ ચૂંટણી થઈ હોય તેમાં પોતાની હાર થઈ કે પોતાનું ધાર્યું પરિણામ ના મેળવી શકયા હોય ત્યારે પોતાનો રોષ કે ગુસ્સો ઠાલવવા માટે અનુસૂચિત જાતિ જ તેમની નજરમાં આવતી હોય છે. કારણકે આ જાતિ ગરીબ પાછળ અને વર્ષોથી કચડાયેલી હોય જેથી તેની પાસે સામનો કરવાની શકિત પણ નથી. હોતી '' જેમ કે ગરીબની વહુ સૌની ભાભી '' તેવુ આ ગરીબ પછાતને સૌ કોઈ ડરાવે, ધમકાવે, તેની ઉપર અત્યાચાર પણ કરે વિગેરે ચૂંટણી પણ આ અસ્પૃશ્યતા સાથે સંકળાયેલી છે.

અનુસૂચિત જાતિ સામાન્ય રીતે પહેલેથી સામાજિક અને આર્થિક રીતે પછાત હતી અને છે. એટલે કપડાં કે સારા સાધનો વસાવી શકતા નથી હાલના સંજોગોમાં હરિજનોમાં થોડું શિક્ષણ વધ્યુ છે તેના કારણે અમુક કુટુંબો આર્થિક રીતે થોડા ખાવે પીવે સુખી છે અને નોકરી કરતા જોવા મળે છે તેના કારણે કપડાં પણ સારા પહેરે, વાસણોમાં તાંબા - પિત્તળનાં હોય વગેરેના કારણે સવર્ણોને ઈર્ષા પેદા થાય છે. હરિજનો આવી રીતે રહે તેના કારણસર કેસ બનવા પામે તે સ્વભાવિક છે આવા કારણોસર ૬ (છ) કેસો બન્યા હતા.

આર્થિક શોષણના કારણસર પ્રસ્તુત અભ્યાસમાં ૨ કેસ જોવા મળ્યા હતા. વર્ષોથી અનુસૂચિત જાતિનુ આર્થિક રીતે

શોષણ થઈ રહ્યુ છે તે બાબત જગજાહેર છે. હરિજનો પાસે જમીન હોય છે. પણ તે કંઈ પૂરતી હોતી નથી. આથી તેમને ખેતમજૂરી કે છૂટક૪ મજૂરી કર્યા વિના છૂટકો જ નથી આથી પણ તેમાં શોષણ થાય છે. તેમાં હાલના સંજોગો કોઈ હરિજન વ્યકિત માથું ઉંચુ કરે ત્યારે હરિજન થી આવું થાય ? સામે થાય, આવા કારણોસર ૨ કેસો થયેલા જોવા મળ્યા હતા.

હરિજનો પાસે પહેલેથી જ તો જમીનનુ પ્રમાણ ઘણું જ ઓછું હોય છે. તેમના સિવાય ઉચ્ચ જ્ઞાતિના લોકો મોટા જમીનદાર હોય છે છતાં તેમના ખેતરોમાં ભેલાણ થતુ નથી અને જો થાય તો તેનો સામનો કરવા માટે તે સંપૂર્ણ શકિતમાન હોય છે. આથી માથાભારે તત્વોને હરિજનો જ ભેલાણ માટે દેખાય છે. અને પાકનુ ભેલાણ કરે છે. કારણકે તેની આગળ કોઈ શકિત કે સંગઠન નથી એટલે સામનો કરી શકે તેમ નથી. આથી આ અનુસૂચિત જાતિ જ ભોગ બને છે. તેવા ૩ કિસ્સા જોવા મળ્યા હતા.

હરિજનોની સાથે વ્યકિતગત રીતે આંતરિક ઝઘડા હોય તે પણ હરિજન હોવાથી બન્યા હોય તેવા ૩ કિસ્સા જોવા મળ્યા હતા. ઉપર આપણે અનેક કારણો જોવા પ્રયોગ કર્યા. તેમાં દરેકમાં અસ્પૃશ્યતા જાણવા મળી હતી. આ રીતે કેસ થવા પાછળના કારણો જાણ્યા પછી પોલીસ કે સરકારની કાર્યવાહી કેવી હતી તે અંગે જાણવા પ્રયત્ન કર્યો હતો આ અંગેની માહિતી કોઠા નં.૫-૨૩માં આપવામાં આવી છે.

કોઠો નં.૫ - ૨૩.

બનાવ બાદ પોલીસે શું કર્યું તે દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | ફરિયાદ નોંધી. કેશ દાખલ કર્યો. | કાર્યવાહી ચાલુ છે. | ધરપકડ કરી. | ધરપકડ કરી નહોતી. | માહિતી નથી. | ધરપકડ કરી જામીન. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | - | - | ૧૬ | ૬ | ૪ | ૨ |
| ૨. | મહેસાણા. | ૧૦ | - | ૨ | - | - | - |
| ૩. | રાજકોટ. | ૬ | ૬ | ૫ | - | ૧ | ૨ |
| | કુલ. | ૧૬ | ૬ | ૨૩ | ૬ | ૫ | ૪ |

પ્રસ્તુત કોઠાના આંકડા જોતાં જણાય છે કે ૧૬ કેસોમાં પોલીસે ફરીયાદ નોંધી કેસ દાખલ કર્યો હતો. ૬ કેસોમાં કાર્યવાહી ચાલુ છે, ધરપકડ કરી તેવા ૨૩ કેસો, ધરપકડ કરી નહોતી તેવા ૬ કેસો, કોઈપણ જાતની માહિતી મળેલ નહોતી તેવા ૫ કેસો અને જામીન પર છોડયા હોય તેવા ૪ કેસો હતા. આવું ઉત્તરદાતા તરફથી જાણવા મળ્યુ હતુ. આ ફરીયાદી કરનાર એક પછાત અને આર્થિક રીતે નબળો સમાજ છે. જેની સામે ફરિયાદી કરી છે તે સવર્ણ સમાજ અને ગામમાં વર્ચસ્વ અને મોટેભાગે જમીનદાર વર્ગ હતો જેની રાજકીય ક્ષેત્ર, સત્તાક્ષેત્ર વગેરે ક્ષેત્રોએ સારી પહોંચ હોય છે. તેનાથી શું થાય છે કે પોલીસને પણ કાર્યવાહી કરવા ખાતર કરે છે. પણ તેમાં કેટલીક બાબતોનાં પુરાવા લાવવા મુશ્કેલ હોય છે. આ બાબતનો સંતોષ તો કેટલો થયો છે તે તો ખુદ ફરીયાદીને મળીએ ત્યારે જ ખબર પડે. તેમના શબ્દોમાં કહીએ તો, '' ઠીક સાહેબ પોલીસ પકડી ગયા હતા. '' પછી શું થયું ભગવાના જાણે. તેમની જેમ અમારાથી થોડુ પહોંચાય છે. એનો અર્થ એ થયો કે વર્ચસ્વ ધરાવતો વર્ગ યેનકેન પ્રકારની વગ વાપરીને કેસને દબાવવાની કોશીશ કરે કે તેમાંથી નિર્દોષ જાહેર કરાવે વગેરે કરી શકે અને પછી પણ હરિજનને તો ગામમાં રહેવાનું હોય એટલે ધાકધમકીથી સમાધાન પણ કરવુ પડે છતાં પણ પોલીસે જે કાર્યવાહી કરી છે તેમાં કોઈ શંકા નથી. આ રીતે વર્ચસ્વ સમાજની સામે પડેલા હરિજનોને સરકારશ્રીનુ જે રક્ષણ છે તે આવકારને પાત્ર ગણી શકાય. હવે સરકાર કે પોલીસે જે કાર્યવાહી કરી

અને પછી જ્યારે કેસ ચાલતો હતો ત્યારે ફરિયાદી કરનારને સ્વૈચ્છિક મંડળોની મદદ મળી હતી કે કેમ તેની માહિતી કોઠા નં.૫ - ૨૪માં વિગતે આપી છે.

કોઠો નં.૫ - ૨૪.

<u>બનાવ બાદ સ્વૈચ્છિક સંગઠનો વગેરે.</u>

| અ.નં. | જિલ્લાનું નામ. | બનાવ બાદ હરિજન સેવકની મદદ. | | સ્વૈચ્છિક સંસ્થાની મદદ. | | અનુસૂચિત જાતિ સંગઠન કોઈએ મદદ કરી. | | માહિતી નથી. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હા. | ના. | હા. | ના. | હા. | ના. | |
| ૧. | ખેડા. | - | ૨૮ | - | ૨૮ | ૨૬ | - | ૨ |
| ૨. | મહેસાણા. | - | ૧૨ | - | ૧૨ | - | ૧૨ | - |
| ૩. | રાજકોટ. | - | ૨૦ | - | ૨૦ | - | ૧૯ | ૧ |
| | કુલ. | ૪૪ - | ૬૦ | - | ૬૦ | ૨૬ | ૩૧ | ૩ |

કોઠા નં.૫ - ૨૪નાં અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે જ્યારે આ અભ્યાસમાં આવરી લીધેલા કુલ ૬૦ કુટુંબોને ફક્ત અનુસૂચિત જાતિના સંગઠનોએ મદદ કરી હતી આ સિવાય કોઈ પણ જાતિ મંડળ કે સંઘ તેમની મદદમાં આવ્યું નહોતું. મદદ કરવાનો અર્થ એ નથી તેની સાથે રહીને મારામારી કરવી પણ તેને મળીને સહકાર આપવો. આશ્વાસન આપવું સાથે રહેવુ આથી આ કેસ કરનારને હિંમત રહેશે. હતાશ થશે નહીં એટલે આ રીતે આવા સમયે કોઈ બે શબ્દ કહેનાર મળે તો પણ તેને ઘણી રાહત મળે સામાજિક સંગઠનો, સ્વૈચ્છિક સગંઠનો અને હરિજન સેવક સંઘની કાર્યવાહી આ જ હોય છે નબળાને મદદરુપ બનવું તેને બનતી બધી જ સહાય કરવી પણ આગળ જોયું તેમ આ કેસો માં ફક્ત અનુસૂચિત જાતિના સંગઠનો જ મદદરુપ બન્યા હતા.

આ કેસ ચાલતો હતો તે દરમ્યાન ફરીયાદીને કંઈ કઈ મુશ્કેલીઓ પડી હતી તે અંગે માહિતી વિગતે કોઠા નં. ૫ -૨૫માં આપવામાં આવી છે.

કોઠા નં.૫ - ૨૫.

કેસ ચાલતો હતો ત્યારે ફરીયાદીને કોઈ મુશ્કેલી પડતી હતી ? તે અંગેની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનું નામ. | કેસ ચાલતો હતો. ત્યારે કોઈ મુશ્કેલી પડી હતી. હા. | ના. | જો હા તો કઈ. |
|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૬ | ૨૨ | ધાકધમકી, હત્યા કરવાની ધમકી, ખેતરમાં જતાં બીક લાગતી હતી, પ્રવાસ ભાડાની પુરાવા કાઢવાનો પ્રયાસ. |
| ૨. | મહેસાણા. | ૧ | ૧૧ | દિવસો ભાંગ્યા એટલે કમાણી ગુમાવી. |
| ૩. | રાજકોટ | ૮ | ૧૨ | ૧, મહીના સુધી ગામમાંથી કોઈ વસ્તુ આપતું નહોતું, દળણું દળાવવા બીજા ગામ જવું પડતું હતું, મારી નાખવાની ધમકી, સાક્ષીને ધમકી આપતાં આવ્યાં નહીં વગેરે. |
| | | ૧૫ | ૪૫ | |

કોઠા નં.૫ - ૨૫નાં આંકડા ઉપરથી જોઈ શકાય છે કે જ્યારે કેસ ચાલતો હતો ત્યારે કુલ ૬૦ કેસોમાંથી ૧૫ ફરીયાદીને મુશ્કેલી પડી હતી અને પડે તે સ્વભાવિક જે કેસ કરનાર પછાત અને નબળા વર્ગમાંથી આવે છેજેની સામે કેસ કર્યો છે તે સબળ છે. જમીનદાર માટેભાગે હોય આથી આ વિશે ઉત્તરદાતાને પૂછતાં જાણવા મળ્યુ કે ખેતર માં જતાં પણ બીક લાગતી હતી, ધાકધમકી પણ મળતી હતી, ઉપર દર્શાવ્યુ તેમ વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિ હોય એટલે તેની સામે ફરિયાદ કરી એટલે તેને તમામ પ્રકારની બીક લાગે છે એટલે ખેતરમાં જતાં પણ બીક લાગે તે તદ્દન સ્વભાવિક છે તે ધમકી પણ આપી શકે છેઅને આપી હતી ગરીબ સમાજને રોજનુ રોજ મજૂરી કરીને ખાવાનુ હોય ત્યાં દિવસ પાડીને વારંવાર કોર્ટ કચેરીએ જવાનું થાય એટલે તેને તેની રોજી પણ ગુમાવવી પડે એ પણ સહન કરવાનુઆ કેસોમાં એવી પરિસ્થિતિ હતી. ૧ કેસમાં એવુ જાણવા મળ્યું હતુ કે ૧ મહિનાસુધી દરણું દળાવવા તાલુકા મથકે જવું પડયુ હતું તેમને મારી નાંખવાની પણ ધમકી મળી હતી. એનો અર્થ એ થયો કે આઝાદીના ૪૦ વર્ષો પણ આ હરિજન તેમના હકકો કે અધિકારો વિશે ફરીયાદ ના કરી શકે તેમને તો સહન કરવાનું જ એવુ આ સવર્ણ સમાજનુ માનવું છે. ફરીયાદ કર્યા પછી જ ધાકધમકી મળતી હોય તો અને જે કેસોમાં જેને શિક્ષા થઈ હોય પણ ફરીયાદ કરનારને કનડગત થાય છે કે કેમ તે અંગે માહિતી મેળવી હતી તેની વિગત કોઠા નં. ૫-૨૬માં આપવામાં આવી છે.

કોઠો -૫ - ૨૬.

કેસમાં શિક્ષા થયા બાદ હરિજનોને કનડગત કરવામાં આવતી હતી તે અંગેની વિગત દર્શાવતો કોઠો.

| અ.નું. | જિલ્લાનું નામ. | જો શિક્ષા થઈ હોય તો તમને હેરાન કરે છે. હા. | ના. | જો હા તો વિગત લખો. |
|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૧ | ૨૭ | વિગત નથી. |
| ૨. | મહેસાણા. | ૨ | ૧૦ | બીક રહે છે, બોલાચાલી થાય છે. |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૮ | ફરી તેનો દીકરો દુશ્મની રાખે છે, બીક રહ્યા કરે છે. |
| | | ૫ | ૫૫ | |

કોઠા નં.૫ - ૨૬નાં આંકડા ઉપરથી જોઈ શકાય છે કે કુલ ૬૦ કેસો થયેલા તેમાંથી ફકત પાંચ જ કેસોમાં આરોપીને સજા થાય છે. બાકીના કેસો સમાધાન થતું હોય, હજું ચાલતા હોય, કે નીકળી ગયા હોય, પણ અભ્યાસમાં તો સજા પામેલા પાંચ કિસ્સા જોવા મળ્યા હતા. આ આરોપીને સજા થયા પછી પણ દુશ્મની ચાલુ રાખે છે. મારી નાખવાની ધમકી આપે છે. વારંવાર ગમે તે બહાના હેઠળ બોલાચાલી ઝઘડા થાય છે. અને બીક રહે છે. આ સજા થયા પછીનુ પરિણામ છે. આ વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિ સામે પોતાના હકકો કે અધિકારોનું રક્ષણ કરવા જતા કેવી અને કેટલી કેટલી મુશ્કેલીઓ અનુસૂચિત જાતિને ભોગવવી પડે છે તેનુ ચિત્ર જોઈ શકાય છે. છતાં પણ પોતાના હકકો માટે જાગૃત છે. આ પહેલા નહોતુ પહેલાં તો આવી હિંમત જ કોઈ કરતુ નહીં તો આવું પરિવર્તન કયા પરિબળોને લીધે આવ્યું છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો તેની વિગત કોઠા નં.૫ - ૨૭માં વિગતે આપવામાં આવી છે.

કોઠા નં. ૫ - ૨૭.

ઉત્તરદાતાના મતે હરિજનોમાં પરિવર્તન આવ્યું છે ?

| અ.નં. | જિલ્લાનું નામ. | પરિવર્તન કયા કારણોસર આવ્યું ? | | | |
|---|---|---|---|---|---|
| | | શિક્ષણ. | રાજનૈતિક જાગૃતિ. | સંગઠ્ઠનને લઈ. | વિકાસ કાર્યક્રમો. |
| ૧. | ખેડા. | ૬ | ૧ | - | ૧ |
| ૨. | મહેસાણા. | ૩ | ૨ | ૧ | ૨ |
| ૩. | રાજકોટ. | ૨ | - | ૬ | ૩ |
| | કુલ. | ૧૧ | ૩ | ૭ | ૬ |

અભ્યાસમા આવરી લીધેલા કુલ ૬૦ કુટુંબમાં ૨૭ કુટુંબોમાં વિવિધ રીતે પરિવર્તન આવ્યું હોય તેવું કોઠાનાં આંકડા જોતા ખ્યાલ આવે છે. જેમાં જોઈએ તો શિક્ષણનાં કારણે ૧૧ કુટુંબોમાં, રાજનૈતિક જાગૃતિના કારણે ૩ કુટુંબો, સામાજિક સંગઠનોથી ૭ કુટુંબો અને સરકારી વિકાસ કાર્યક્રમોને કારણે ૬ કુટુંબોમાં પરિવર્તન આવ્યુ હોય તેમ લાગે છે. આમ શિક્ષણ એ પરિવર્તન માટે અગત્યનું કારણ ગણી શકાય. તેનાં કારણે રાજનૈતિક જાગૃતિ આવે, વિકાસ કાર્યક્રમનો લાભ પણ લઈ શકે છે. તેનાથી પરિવર્તન આવે છે. આ પરિવર્તન માટે પાયાનુ જો પરિબળ હોય તો તે છે શિક્ષણ. શિક્ષણ માટે આપણે આગળ બતાવ્યુ છે. હવે આ પરિવર્તન કયા કયાં આવ્યુ તે પણ જાણવા પ્રયત્ન કર્યો હતો તેની વિગત કોઠા નં.૫ -૨૮માં આપવામાં આવી છે.

કોઠા નં. ૫ - ૨૮.

હરિજનોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે ? તે અંગેની છિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | જિલ્લાનુંનામ. | કંઈક પરિવર્તન આવ્યું છે ? હા / ના. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા. | ના. | રહેઠાણ. | રીતરિવાજ. | પહેરવેશ. | વ્યવસાય. | વ્યવહાર. | અન્ય. |
| ૧. | ખેડા. | ૬ | ૨૨ | ૨ | - | ૩ | ૨ | ૧ | ૧ |
| ૨. | મહેસાણા. | ૫ | ૭ | ૪ | ૨ | ૪ | - | - | - |
| ૩. | રાજકોટ. | ૮ | ૧૨ | ૬ | ૧ | ૬ | ૪ | ૪ | ૧ |
| | કુલ. | ૧૯ | ૪૧ | ૧૨ | ૩ | ૧૩ | ૬ | ૫ | ૨ |

કોઠા નં.૫-૨૮નાં આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે કુલ ૬૦ કેસોમાંથી ૧૯ કેસ કરનાર કુટુંબોમાં પરિવર્તન આવ્યુ હતું તેમાં રહેઠાણ , રીતરિવાજ, પહેરવેશ, વ્યવસાય, વ્યવહાર અને અન્ય રીતે પરિવર્તન જોવા મળે છે. આ જેમાં પરિવર્તન આવ્યું છે તેના કારણે જાગૃતિ આવી છે જાગૃતિના કારણે હકકો અને અધિકારોની માંગણી કરી અથવા તો તેના રક્ષણ માટે તેમને કેસ કરવા પડયા પહેરવેશ, ધંધામાં વ્યવસાયમાં જે પરિવર્તન છે તે સહન કરી શકતા નથી. સારા મકાનો, સારા કપડાં, કે નોકરી અનુસૂચિત જાતિના લોકો કરે તે સવર્ણ સમાજથી સહન થતું નથી. ઈર્ષા થાય છે. ઈર્ષાના કારણે પણ આ હરિજનોને કેમ કહીને પાડવા વગેરે રીતો સવર્ણ સમાજ અપનાવી ઝઘડા કરે છે. તેમનાં રહેઠાણમાં , કપડામાં અને ધંધામાં પરિવર્તન આવ્યું હોય એમ લાગે છે. હવે પરિવર્તન થયું હોય તો તેના કારણો જોયા હતા, પરિવર્તન કયાં કયાં આવ્યુ તે જોયું હવે આ કેસ કરવાની હિંમત કેવી રીતે આવી તે જોઈએ.

કેસ કરવાની હિંમત કેવી રીતે આવી ?

ક્ષેત્રકાર્ય દરમ્યાન એક સવાલ પૂછવાનો રાખ્યા હતો કે તમારામાં કેસ કરવાની હિંમત કેવી રીતે આવી તો કેટલાક કહે છે કે જાતે જ,ખૂબ જ હેરાન કર્યા એટલે નૈતિક હિંમતથી, ખૂબ જ માર પડયો એટલે શિક્ષિત હોવાથી, મિત્રોના સાથથી, ખોટા આરોપ હોવાથી અને હરિજનો સાથે સરકાર છે વગેરે રીતે તેમનામાં હિંમત આવી હતી.

જે અનુસૂચિત જાતિના લોકો સહન કરતાં પણ કેસ નહીં કરતાં તે હવે કેસ કરે છે. પોતાના હકકો કે અધિકારો માટે જાગૃતિ આવી છે તે જ તેમનુ મોટુ પરિવર્તન કહી શકાય જોઈ શકાય છે કે તેમનામાં નૈતિક હિંમત ઘણી આવી છે, એવુ લાગ્યુ હતું.

સમાધાન કઈ રીતે :-

આગળ આપણે જોયુ કે કુલ ૨૫ કેસોમાં સમાધાન થયેલ કોઠા નં.૨૦માં જોવા મળે છે. તો તે સમાધાન કઈ રીતે થયુ તે અંગે ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતુ કે અરસપરસ બને પક્ષો મળીને સાથે ગામમાં રહેવુ અને કયાં સુધી વેર રાખવુ કેટલાક કેસોમાં સરપંચ, ગામના આગેવાનો સગાસબંધી વચ્ચે રહીને ફરીવાર આવુ નહી બને તેની ખાત્રી આપી હતી આવી શરતે સમાધાન થયા હતાં.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોના અસરગ્રસ્ત કુટુંબોના બેકાર યુવાનો વિશે માહિતી મેળવી હતી વિગતે કોઠા નં.૫ - ૨૯ માં આપવામાં આવી છે.

કોઠા નં.૫-૨૯.

અસરગ્રસ્ત કુટુંબોમાં બેકાર યુવાનોની વિગતો.

| અ.નું. | જિલ્લાનું નામ. | બેકારની સંખ્યા. | શૈક્ષણિક લાયકાત. | અનુભવ. | નોંધ. |
|---|---|---|---|---|---|
| ૧. | ખેડા. | ૧૬ | એસ.એસ.સી.૮ | કારકુન-૧ | |
| ૨. | મહેસાણા. | ૫ | ધોરણ-૯, ૧૦. | - | - |
| ૩. | રાજકોટ. | ૭ | એસ.એસ.સી.૧<br>ધોરણ - ૧૦ નીચે. | - | - |
| | કુલ. | ૨૮ | - | - | - |

કોઠા નં.૫ - ૨૯નાં આંકડા જોતા જણાય છે કે કુલ ૨૮ યુવાનો બેકાર હતા તેમાં તેમની શૈક્ષણિક લાયકાત અનુક્રમે એસ.એસ.સી. થયેલા ૯ અને બાકીના ધોરણ ૧૦થી વધારે નહીં તેવી લાયકાત ધરાવતા હતાં તેમાં ૧ બેકાર યુવાન કલાર્કનો ૧ વર્ષનો અનુભવ હતો. બેકાર રહેવા પાછળનાં કારણો પૂછવા પ્રયત્ન કર્યો હતો. તેમ જાણવા મળ્યુ કે અમારી પાસે કોઈ અનુભવ નથી વધુ લાગવગ કે આગળ મોટી કોઈ ઓળખાણ નથી. આ જવાબ પરથી લાગે છે કે ખરેખર આ સમાજ માટે મજૂરી સિવાય કોઈ વિકલ્પ નથી. નોકરીમાં જયાં જુઓ ત્યાં લાગવગ અને ઓળખાણ સિવાય કોઈ રાખતુ નથી. સૌ કોઈ પૂછે છે કે અનુભવ છે ? પણ ભાઈ તમે કોઈ રાખો તો અનુભવ થાય કે રાખ્યા સિવાય કેવી રીતે અનુભવ થાય ? આ અનુસૂચિત જાતિને હજુ પણ વધુ અગ્રિમતા આપવી જોઈએ. જો સરકાર મદદરુપ નહીં બને તો આ અસ્પૃશ્યોને ખાનગી પેઢીઓ કે કારખાનાવાળા તો રાખવાના જ નથી તેમને જયાં સુધી સવર્ણ મળે ત્યાં સુધી હરિજનોને પસંદ નહી કરે કારણ આજદિન સુધીનો એ અનુભવ છે.

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોએ સરકારી યોજનાઓના લીધેલા લાભ અને જો લીધો હોય તો તેમાં પડેલી મુશ્કેલીઓ અંગે માહિતી મેળવી હતી તેની વિગત કોઠા - ૫-૩૦માં આપવામાં આવી છે.

કોઠો નં. ૫ – ૩૦.

**સરકારી યોજનાઓના અસરગ્રસ્તો અને મેળવેલ લાભ અને તેમાં પડતી મુશ્કેલીઓ.**

| ક્ર.નં. | જિલ્લાનું નામ. | યોજનાનો લાભ લેવામાં મુશ્કેલી પડી છે. | | | લાભ લીધા પછી આવક વધી. | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|
| | | હા. | ના. | જવાબ નથી. | હા. | ના. | |
| ૧. | ખેડા. | – | ૧૦ | ૨ | ૧ | 3000/- | ધંધો ચાલતો નથી પાલનપોષણ થતું નથી. |
| ૨. | મહેસાણા. | – | – | ૬ | ૫ | ૧ | ખાસ કહેવાઇ નહીં. |
| ૩. | રાજકોટ. | | ૩ | ૩ | ૧ | ૫ | પાણી નથી, સાધન ચાલતું નથી. મોંઘવારી કારણે ધંધો બંધ છે. |
| | કુલ. | – | ૧૩ | ૧૧ | ૭ | ૬ | |

કોઠા નં.૫-૩૭ના આંકડા જોતાં ખ્યાલ આવે છે કે અભ્યાસમાં આવરી લીધેલાના કુલ કુટુંબના ૪૦ ટકા કુટુંબોએ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો. વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવામાં મુશ્કેલી પડી હતી કે કેમ ? તો ૧૩ વ્યક્તિઓ આ લાભ લેવામાં કોઈ મુશ્કેલી પડી નથી તેવુ દર્શાવ્યું હતું જયારે ૧૧માં જવાબ જ નથી તેઓ મુશ્કેલીઓ અંગે કહેવાનું ટાળ્યુ હતુ. આ યોજનાઓનો લાભ લીધા પછી આવક વધી કે કેમ? તેની માહિતી મેળવી હતી તો જાણવા મળ્યું હતુ કે આ યોજનાનો જે લાભ લીધો પણ ધંધો ચાલતો નથી તેનાથી જીવનનિર્વાહ પણ થતુ નથી. જેણે સિંચાઈ માટે એન્જીન લીધું છે તેમનુ કહેવુ છે કે કૂવામાં પાણી નથી, બીજાનું કહેવું છે કે મોંઘવારી કારણે ધંધો ચાલતો નથી. ૬ વ્યકિતનું કહેવુ છે કે આ યોજનાનો લાભ લીધા પછી કોઈપણ જાતની આવક વધી નથી. ૭ વ્યકિત એ કહયુ હતુ કે સામાન્ય આવક વધી છે. અનુસૂચિત જાતિનાં વિકાસ માટે વિવિધ પ્રકારની યોજનાઓ હતી તેમાંથી ઉપર જણાવ્યા પ્રમાણે લાભ લીધો હતો. અને તેની મુશ્કેલીઓ અંગે દર્શાવ્યુ હતું.

આ ઉપરથી કેટલાક સૂચનો પણ મળ્યા હતા તે નીચે મુજબ છે.

૧. હરિજનોને યોજનાના લાભો સીધા આપવા જોઈએ.

૨. લોન માટે સરળ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૩. સારા કાર્યકરની જરુર છે.

૪. યોગ્ય પાત્રને લોન મળે એ પ્રમાણે થવું જોઈએ.

૫. હેરાનગતિ થાય એવી પધ્ધતિ ન હોવી જોઇએ.

૬. વધુને વધુ લાભ આપવા વિચારવું અને સરકારી દેખરેખ રાખવી જોઇએ.

અસ્પૃશ્યતાનો ભોગ બનેલી અનુસૂચિત જાતિનાં લોકો કે જેઓએ આ વ્યવહાર સામે ન્યાય મેળવવા કાયદાનો આશરો લીધો છે. તેના ફરિયાદીના કુટુંબની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક માહિતી મેળવ્યા બાદ પ્રસ્તુત અભ્યાસ માટેનાં ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલાક અસ્પૃશ્યતા સબંધી અનુભવો પણ જાણવા મળ્યા હતા. તેવા વિશિષ્ટ કિસ્સાઓ પ્રકરણ - ૬ માં નોંધ્યા છે.

પ્રકરણ - ૬

વિશિષ્ટ કિસ્સા નોંધ.

આ પ્રકરણમાં સંશોધનકારોને ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળેલા પ્રત્યક્ષ અનુભવેલા તથા અભ્યાસમા આવરી લીધેલા કિસ્સાઓમાંથી પાંચ વિશિષ્ટ કિસ્સાઓની વિગતે કિસ્સાનોંધ મૂકવી એવું વિચાર્યું હતું. આમ કરવાથી અસ્પૃશ્યતા કેવા કેવા સ્વરૂપે પ્રવર્તે છે તેનો સચોટ ખ્યાલ મેળવી શકાશે. જો કે અભ્યાસમાં આવરી લીધેલ દરેક કેસોની ટૂંકી વિગત સહિતની કેટલીક માહિતીવાળી જિલ્લાવાર યાદી પરિશિષ્ટમાં મૂકવામાં આવી છે. આમ સૌ પ્રથમ ખેડા જિલ્લાના વિશિષ્ટ પાંચ કિસ્સાઓની નોંધ જોઈએ.

(૧)

આ કિસ્સો મુ. રળિયાતા તાલુકો બાલાસિનોર જિ.ખેડાથી જાણવા મળ્યો હતો. તેની વિગત જોઈએ તો શ્રી નાથાભાઈ વણકર મૂળે ગામ રાજપુરના વતની હતા. તેઓ સ્નાતક થઈ બી.એડ. અંગ્રેજી વિષય સાથે થયા હતા. નોકરી માટે જાહેરાત આવતી ત્યાં અરજી કરતાં હતા. આવી જ રીતે જયકોરબા વિદ્યામંદિર, ખેરવા, મહેસાણા તાલુકાની જાહેરાત આવી તે જાહેરાત મુજબ શ્રી નાથાભાઈએ અરજી કરી. આ જગ્યા અનુસૂચિત જાતિ માટે અનામત જગ્યા હતી. થોડા દિવસો પછી શ્રી નાથાભાઈને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા. નાથાભાઈ ભાડાનાં પૈસાનો વેંત કરી ખેરવા ઈન્ટરવ્યુ આપવા ગયા. ઈન્ટરવ્યુ આપ્યું નાથાભાઈ એકલા અંગ્રેજી વિષયના બી.એડ. થયેલા અનુસૂચિત જાતિના ઉમેદવાર હતા એટલે એમને નિમણૂક આપ્યા સિવાય છૂટકો નહોતો. તેથી શ્રી નાથાભાઈને નિમણૂંક પત્ર આપતા પહેલાં આ શાળાનાં આચાર્ય સહિત દરેક સ્ટાફે યુકિત કરી નાથાભાઈ ને એક રુમમાં લઈ ગયા પછી કહ્યુ કે તમારી શારીરિક ક્ષમતા માપવાની છે તેમ કહી નાથાભાઈ પાસે લાકડાની પાટ ઉંચકાવી પછી આચાર્ય સહિત સ્ટાફના બધા એ રુમમાં ભેગા થઈ નાથાભાઈ ઉપર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારી લખાવી લીધુ કે,

" મારી આ જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે પરંતુ હું હાજર થવા માંગતો નથી. "

પછી શ્રી નાથાભાઈ ઘેર આવ્યા ઘેર આવી વાત કરી કોઈકે સલાહ આપી, જરુરી કાગળિયા કર્યા, કાર્યવાહી થઈ, અને નાથાભાઈ નાં રક્ષણની વ્યવસ્થા થઈ અને હાલ એ જ જગ્યા ઉપર શ્રી નાથાભાઈ નોકરી કરે છે.

પ્રસ્તુત કિસ્સો બદલાયેલી અસ્પૃશ્યતાનુ ઉદાહરણ છે. નોકરીએ રાખવા બાબતમાં અનુસૂચિત જાતિના ઉમેદવારોને આવી અનેક પ્રકાર ની હાડમારીઓનો ભોગ બનવુ પડે છે. કેટલીક જગ્યાએ ખાલી કાર્યવાહી કરવા ખાતર જ અનામત જગ્યાઓની જાહેરાત આપી છેવટે બીનઅનામત ઉમેદવારોથી જગ્યા ભરાય છે. કેટલીક જગ્યાએ અનુસૂચિત જાતિના ઉમેદવારોને નોકરીમાં લે છે ખરા પણ તદ્દન હંગામી જગ્યાઓ ઉપર જ નિમણુંક આપે છે. પછી છૂટા કરી દે છે. કેટલીક જગ્યાએ નોકરીમાં રાખ્યા પછી પજવવામાં આવે જેથી અનુસૂચિત જાતિ, જનજાતિનાં કર્મચારી નોકરી છોડી ચાલ્યા જાય છે.

નોંધ :- આ કિસ્સો રણિયાતા ગામનાં શ્રી ડાહ્યાભાઈ કાળુભાર વણકર પાસેથી જાણવા મળ્યો હતો.

(૨)

આ કિસ્સો છે, ખેડા જિલ્લાના માતર તાલુકાના ઠઢાળ ગામનો. આ ગામમાં ઠાકોર, પટેલ, ભરવાડ, વાઘરી, વાળંદ, પ્રજાપતિ, વણકર, ચમાર અને સેનવા જ્ઞાતિના લોકો વસે છે. સેનવા એ અનુસૂચિત જાતિઓમાંની અતિપછાત જાતિમાંથી એક છે તેઓ મોટા ભાગે મજૂરી જ કરતાં હોય છે.

આ ગામની ૪ વીઘા જમીન શ્રી રઈજીભાઈ સેનવાને સરકારી ધોરણસર ફાળવવામાં આવી હતી. માતર મામલતદારશ્રીએ તેની કિંમતના અમુક રકમના હપ્તા બાંધી આપ્યા હતા. આ જ વિઘા જમીનએ ખાલસા થયેલી હતી. અગાઉ આ જમીન શ્રી અંબાલાલ ઠાચા જે બાજુના ગોબલજ ગામના રહેવાસી હતા તે ખેડતા હતા. રઈજીભાઈને જમીન મળ્યા બાદ તે જમીનમાં રઈજીભાઈએ ડાંગરનું વાવેતર કર્યું હતું. તે વાઢવા માટે ખેતરમાં ગયા ત્યારે અંબાલાલ ડાહયાભાઈએ રઈજીભાઈની પત્નીને લાકડથી માર માર્યો હતો તથા બિભત્સ ગાળો બોલી હતી.

આ જમીન ઉપર પછી સહકારી મંડળીનું ૭૦૦૦/- રુ.નું દેવું નીકળ્યું તેનુ વ્યાજ થઈ રકમ રુ. ૧૫૦૦૦/- જેટલી થઈ હતી. આવડી મોટી રકમ ભરવા શ્રી રઈજીભાઈની હિંમત નહતી તેથી તે પૈસા અંબાલાલ ડાહયાએ ભર્યા અને હાલ એ જમીન અંબાલાલ ડાહયાભાઈ ખેડે છે.

આમ સરકાર ગરીબ હરિજનોને જમીન આપે છે ત્યાર બાદ સ્થાપિત હિતોની કનડગત સામે હરિજનોને રક્ષણની પૂરતી વ્યવસ્થા ન હોવાથી ઠઢાળ ગામમાં જેવુ રઈજીભાઈ સાથે બન્યુ એવુ મોટા ભાગનાં કિસ્સાઓ માં બને છે.

તે ઉપરાંત જમીન કે ઘરથાળનો પ્લોટ આપતા પહેલા કેટલીક જરુરી સ્પષ્ટતાઓ કરી લેવી જોઈએ. જેથી પાછળથી જેને જમીન ફાળવવામાં આવી છે તેઓને ખોટા પ્રશ્નો ઉભા ન થાય કે તેઓને અન્ય સમાજ સાથે સંઘર્ષમાં ન ઉતરવું પડે.

( 3 )

આ કિસ્સો છે, માતર તાલુકાના રામપુર ગામનો. ક્ષેત્રકાર્ય માટે અહીં ગયા ત્યારે ગામના વાઘરીઓને અંદર અંદર કાંઈક ઝઘડો થયેલો અથી બધા ગ્રામ પંચાયતની ઓફીસે ભેગા થયા હતા. પંચાયત ઓફીસમાં સરપંચ ગામના બીજા બે ચાર જણા અને પોલીસ પણ હતી. તેઓ કાંઈક મસલત કરતા હતા. ત્યાં હું પહોચ્યો પછી વાત કરી કે મારે આ ગામ ૧૯૮૪માં નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ હરિજન રઈજીભાઈ જેઠાભાઈ, હરિજન મૂળજીભાઈ કાળીદાસ, હરિજન ભગાભાઈ કાલિદાસ અને હરિજન ભાઈલાલ કાળિદાસે કેસ થયેલો હતો. તેમને મળવું છે પરંતુ તમારી સાથે થોડી વાતચીત કરવી છે. તેમ કહી ગામ પત્રક અંગેની માહિતી મેળવી પૂછી અસ્પૃશ્યતા અંગેના સવાલો પૂછ્યા, કેટલાક જવાબ સરપંચ આપે તે પહેલા પંચાયતમાં આવીને બેઠેલા હતા તે આપતા હતા. પછી એમની સાથે ઓતપ્રોત થઈ ગયા. તેઓને લાગ્યું કે સાહેબ પણ આપણા જેવા જ છે પછીતો એમણે સરસ્વતીને છૂટી મૂકી દીધી.

એક ભાઈતો કહેવા લાગ્યા કે, '' સાહેબ, આ હરિજનો તો સરકારના પહેલા ખોળાના દીકરા છે. અમારાથી એમને કાંઈ જ કહેવાય નહીં. બીજા વાઘરી બાઘરા હોયતો ધોલધપાટ કરીને બેસાડી દઈએ પણ આમના ઉપર હાથ ઉપાડીએ તો તરત પોલીસ સ્ટેશને ધોળીને ફરિયાદ કરે કે અમને ઢેડ કહયા ને માર્યા એટલે અમારે તો એમનાથી બીવું પડે છે. ? ''

બીજા એક ભાઈએ કહયું કે, '' ખરુ પુછું તો ગામડામાં હરિજનોએ સમજીને જ મર્યાદામાં રહેવું જોઈએ. ''

જયારે મે કહયુ કે ભાઈ મારે તો હરિજનોના મહોલ્લામાં જવું છે તો એક ભાઈ કહે હવે ત્યાં શુ જવુ છે આપણે એવળાઓને અહીં બોલાવી લઈએ.

પછી અમે પંચાયત ઓફીસની બહાર આવ્યા ત્યાં મને એક ભાઈ મકાન તરફ ઈશારો કરીને કહે સાહેબ, '' જુઓ પેલાં એ અમારા પટેલોનાં જ ઘરો છે ત્યા બધા જ હરિજનો ઘરમાં જાય છે. અમારે અહીં કોઈ જાત નો ભેદભાવ નથી.'' ત્યારબાદ બધા વિખરાયા પછી મે હરિજન મહોલ્લા ની તપાસ કરી તો પેલા ભાઈએ મને કહયું હતુ કે સાહેબ આ પટેલોનાં ઘરો છે તે જ ભંગીઓના ઘરો હતા. આ પ્રત્યક્ષ અનુભવ થયો ત્યારે મે એક વાત સાંભળેલી તે યાદ આવી ગઈ તે એ છે કે ગુજરાત સરકાર દ્વારા અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહ ઉજવવામાં આવે છે તેમ ખેડા જિલ્લામાં પણ અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહ ઉજવ્યુ હતું. તેના વિવિધ કાર્યક્રમમાં સમૂહ ભોજનનો એક કાર્યક્રમ રાખવામાં આવતો હતો. એક ગામમા આવો સમૂહ ભોજનનો કાર્યક્રમ હતો. ત્યારે ગામના સરપંચે બધા હરિજનોને ભેગા કરી કહી દીધું કે કાલે તમારે બધા વહેલા ખેતરમાં કે પછી પરગામ જતુ રહેવાનું છે. કોઈએ ગામમાં રહેવાનું નહીં. પછી ગામના પટેલો, ઠકોરો, રાવળીયા વગેરે જ્ઞાતિઓના લોકોને તૂટેલા - ફાટેલા કપડાં પહેરીને સમૂહ ભોજન માં આવવા કહયું. જિલ્લામાંથી અધિકારીઓ આવ્યા અને પેલા પટેલ, ઠાકોર, રાવળીયા જ્ઞાતિના લોકોને સમૂહ ભોજન કાર્યક્રમ વખતે હરિજનો તરીકે ઓળખાવ્યા અને સમૂહભોજનનો કાર્યક્રમ પુરો થયો. આ સાંભળેલી વાત છે એટલે તે ગામ અને કયારે બન્યુ તે ચોકકસ દર્શાવી શકયા નથી.

પરંતુ આ રામપુર ગામમાં જે કેસ નોંધાયો હતો તે ભંગીભાઈઓનો અંદરોઅંદરના જમીન અને ખેતી માટે પાણી લેવા બાબતનો ઝઘડો હતો તે કિસ્સો કેવી રીતે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ આવ્યો તે

સમજાયું નહી. જો કે સરપંચેની હાજરીમાં બંને ભુંગી વાઢો વચ્ચે સમાધાન કરાવ્યું હતું તેમાં સરપંચે સારો સહકાર આપ્યો હતો.

( ૪ )

પ્રસ્તુત અનુભવ છે મહેમદાવાદ તાલુકાનાં સાખેજ ગામનો. જો કે સાખેજ ગામનો કેસ નહતો. પરંતુ મલાતજ ગામનો કેસ હતો. એ મલાતજ જવા માટે સાખેજ ઉપર થઈને જવાય છે. મલાતજ જઈ સાખેજ આવ્યો અને સાખેજથી વાસણા મારગિયા જવા માટે બસ સ્ટેશને મોટો ઓટલો છે ત્યાં બેઠો ઓટલો મંદિરનો હતો. મંદિર બાથીજી મહારાજનુ હતુ. ઓટલા ઉપર ૬૦ – ૬૫ વર્ષના એક કાકા આડા પડયા હતા. થોડીવાર થઈ ત્યાં ચાનાં ગલ્લાવાળો પાણીની ડોલ ભરીને ત્યાંથી નીકળ્યો. પેલા કાકાએ ડોલવાળા ભાઈને ઈશારો કરી ઓટા ઉપર આવવા બોલાવ્યા, થોડીવાર પછી તે ભાઈ આવ્યા વાત ચાલી, કાકાએ કહ્યુ '' હું હમણાં ઠાકોરોનાં મોહલ્લામાં જ્યો તો તે કાંઈક ગોળ ગોળ વાતો થતી થી તે શુ છે. ગલ્લાવાળા ભાઈએ કહ્યુ કે પેલો સરપંચનો ભત્રીજો થયો છ ત્યારનો ખૂબ ફાટયો છે. કાલે પેલા કેરોસીનવાળા જોડે બાખડયો. તેમ કહીને કહ્યુ કે પેલી ઢેડની સોળી અને ( નામ દઈને ) પટલનો છોકરાના આડા સંબંધનો દેકારો થયો છે ને તે હતુ. '' પછી વાત મને બરોબર ન સંભળાઈ. થોડી વાર પછી ગલ્લાવાળો ભાઈ ઉઠીને ગયો એટલે હું પેલા કાકા પાસે ગયો. તેમની સાથે થોડી આડી અવળી વાત કરી મુખ્ય વાત ઉપર આવ્યો કે કાકા પેલી શુ વાત હતી, કાકા કહે ભઈ આ ઢેડવાળામાં ઘણીએ એવી છે. એટલે તો અમારા છોકરા ને બુઢ્ઢાને બગાડયા એવી થઈને નેકળે છે ને કે ભલભલા લપસી જાય, '' એમ કહી મને કહે કે '' હમણા આવે એટલે તમને બતાવું. '' પરંતુ કોઈ નીકળી નહી એટલે પછી એક ભઈ ઉભા હતા.

તેમની તરફ આંગળી કરીને કહે જુઓ પેલો ઉભો એ હરિજન છે. કેવો ગળે રૂમાલ ને પાટલુનબુશર્ટ પેરયા છે. અમે તો એમની બૈરીઓને હાથમાં જોડા પકડાવતા અને એંવળા તો પંચીયું જ પહેરી શકે જો કોઈ પાટલુન પેરે તો મારી મારીને તોડી નાખતા.''

ફરી ઉમેર્યું કે, '' આ સરકારે બધુ બગાડી નાખ્યું છે એમનાં છોકરા કેવા દેખાય છે. વાણીયા, પટેલ જેવા. આજના જુવાનીયા તો અમારુંય માનતા નથી હું તો મારા કુવાની કુંડીયે કોઈને પાણી પીવા દેતો નતો પણ હવે તો હું જ મારું પાણી અલગ રાખુ છું. ''

આમ આ કિસ્સો ઘણી ઘણી વાતો વ્યકત કરી જાય છે. હું ઓટલા ઉપર જ બેઠો હતો અને એક હરિજન ભાઈ મંદિરના દર્શને આવ્યા પરંતુ તે ઓટલા ઉપર ચડયા નહી નીચે રહીને જ નમન કર્યું હતુ.''

( ૫ )

' વેઠ પ્રથા ' ની જ્યારે વાત આવે છે ત્યારે સવાલ ઉઠે છે કે, વેઠ પ્રથા એટલે શું? તેની વ્યાખ્યા શુ હોઈ શકે તથા વેઠ પ્રથાની વાત નીકળે ત્યારે સામાન્ય એવા પણ પ્રતિભાવ મળે છે કે વેઠપ્રથા તો રાજાશાહી વખતે હતી હવે તો એવુ કાંઈ જોવા મળતું નથી તો કયારેક એવો પણ પ્રતિભાવ મળે છે કે હવે તો કયાય વેઠ જોવા મળતી નથી કયાંક કયાંક હશે તોય હવે એ વેઠ જેવુ નથી તથા તેઓ જાતે જ આ કામ કરે છે વગેરે.

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના મેહબોલ ગામની વાત છે. ખૂબ જ મોટું ગામ છે. તથા લગભગ દરેક વસ્તી અહીં રહે છે. તેમાં પટેલો અને

ઠાકોરોની વસ્તી મોટા પ્રમાણમાં છે. અનુસૂચિત જાતિમાં વણકર, ચમાર અને ભંગી તથા ખ્રિસ્તી પણ છે.

આ ગામમાં કેસ એવો બનેલો કે ગામમાં કોઈપણ સારા કે નરસા પ્રસંગોની જાહેરાત ગામમાં કરવાનું કામ ભંગીને પરાપૂર્વથી સોંપેલું છે ગામમાં મહોલ્લે મહોલ્લે ખભે ઢોલ ભરાવી વગાડીને સાદ પાડવાનો હોય છે. હોળી વખતે પણ આવો સાદ પાડવાનો હોય છે. ૧૯૮૪ની સાલમાં પણ મહોલ્લે ગામનાં ભંગી ભાઈઓ સાદર પાડયો હતો. સમય થતાં બધા હોળી જયાં સળગાવે છે ત્યાં એકઠા થયા પણ આ વખતે આ ગામના ભીખા વાધા ઠાકોર પણ દારુ પીને આવ્યો હતો. તેણે રાવજીભાઈ સવાભાઈ ભંગીને પકડીને તું કેમ સાદ પાડયો નથી તેમ કહી ગડદાપાટુ મારવા લાગ્યો ને ગાળો બોલવા લાગ્યો. ભંગીભાઈઓ બીચારા ગભરાઈને ઘેર ભાગી ગયા. ગામના બીજા માણસો વચ્ચે પડીને રાવજીભાઈ સવાભાઈને છોડાવ્યા.

આમ મેહબોલ જેવા ગામોમાં જયાં ભંગીને સાદો પાડવાની તથા ગંદુ ઉઠાવવાની વેઠ હજી આજે પણ કરે જ છે. તે તો ખરું જ તે છતાં આવા ભીખા વાધા જેવા ઠાકોરો પાછા મારે પણ ખરા.

આવી હાલત છે. ખેડા જિલ્લામાં હરિજનોની.

મહેસાણા જિલ્લો. :

ક્ષેત્રકાર્ય દરમ્યાન ખાસ કરીને અસર પામેલા કુટુંબની મુલાકાત દરમ્યાન તેમજ જુદી જુદી વ્યકિતઓ સાથેની ચર્ચા દરમ્યાન ઘણી એવી વિગતો મળી હતી જેને અસ્પૃશ્યતા સાથે સંબંધ છે પરંતુ અહેવાલ ના પ્રકરણોમાં પૂરતી વિગતો અપાઈ ન હોવાથી અત્રે કિસ્સા સ્વરુપે રજૂ કરવાનું તાત્પર્ય છે.

(૧) કિસ્સા : ૧. ગામ : અડીયા, તાલુકો : હારીજ.

૧૯૮૪ના વર્ષમાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ બે કેસ નોંધાયા હતા. તેમાં એક કેસ બસમાં ચઢવા બાબતે ઝગડો થયો હતો. જયારે બીજો કેસ પોલીસ દ્વારા અલગ કપ રકાબી રાખી ચા આપવા બાબતે ટ્રેપ કેસ થયો હતો. અહીંયા ટ્રેપ કેસ સબંધી ચર્ચા કરવાનુ વિચાર્યું છે.

સામાન્ય રીતે એવી વ્યાપક માન્યતા છે કે ગામડામાં તેમજ શહેરોના કેટલાક વિસ્તારોમાં આવેલી હોટલો અને ચાની રેંકડીએ હરિજનો માટે એક ખૂણામાં ગંદા, દાંડી તૂટેલા જેવા કપરકાબી રાખવામાં આવે છે. ચા પીવા આવનાર હરિજનો આ કપરકાબી ધોઈ સ્વચ્છ કરે ત્યારબાદ તેમાં ચ્હા આપવામાં આવશી. પોલીસ ખાતા દ્વારા કરાયેલા તમામ ટ્રેપ કેસોની ટૂકી વિગતોમાં હરિજનો માટે રાખેલા અલગ કપરકાબી એવો ઉલ્લેખ અવશ્ય હોય છે. પરંતુ અડીયા ગામમાં જેમની સામે કેસ કરવામાં આવ્યો હતો તેમની

હોટલની મુલાકાત લેતાં આવા કપરકાબી જોવામાં આવતા આ પ્રથા ચાલુ હોવા અંગે તે માલીકનું ધ્યાન દોરવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે તેઓ હરિજનો માટે અલગ કપરકાબી રાખતા નથી. સામાન્ય રીતે હરિજન વ્યકિત ચા લેવા આવે ત્યારે પોતાનું વાસણ લઈને જ આવે. જયારે અલગ કપરકાબી સબંધી એવી વાત જણાવી કે ત્યાંનાં વાધરી જાતિનાં લોકો સામાન્ય લોકો માટેનાં કપરકાબીમાં ચા પીતા નથી તેથી તેમના માટે આ રીતે કપરકાબી રાખવામાં આવ્યા હતા. પ્રથમ દ્રષ્ટિએ આ વાત ખોટી લાગતાં સંશોધકેનજીકમાં બેઠેલા વાધરી જાતિનાં દંપતિને બોલાવીને તેઓ કેવા કપમાં ચા પીતા હતા એ અંગે પૂછતાં તેઓ અલગ રાખેલા કપરકાબીમાં પીતા હતા એવું જણાવ્યું હતું. અલબત્ત આ માટેના કારણો અંગે સંતોષકારક સ્પષ્ટતા આપી નહોતી. પરંતુ હાજર રહેલ અન્ય વ્યકિતઓએ આ અંગે ધાર્મિક માન્યતા કારણભૂત હોવાનું જણાવ્યું હતું.

આ અસામાન્ય બાબત છે. આ બાબત એ પણ પ્રતિપાદન કરે છે કે કેટલીકવાર ઉપલક દ્રષ્ટિએ જોઈએ એ વાતમાં પણ ઉંડાણ હોય છે અથવા બહારથી લાગતી હકીકત વાસ્તવમાં જુદી જ બાબત હોય છે. આ ક્ષેત્રમાં સંશોધન કાર્ય કરતા સંશોધક માટે અને આ અધિનિયમનું અમલીકરણ પોલીસ ખાતા અને અન્ય ખાતા માટે આ નાની લાગતી બાબત ઘણી મહત્વની છે.

(૨) કિસ્સા : ૨. ગામ : ખોલવાડા, તાલુકો : સિધ્ધપુર.

ખોલવાડા ગામમાં ફરીયાદીએ આરોપી અનસે મજૂરીના પૈસા માંગતા ઝગડો થયો હતો. અને તિરસ્કારભર્યા શબ્દપ્રયોગને લીધે

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ કેસ નોંધાયો હતો. આ કિસ્સામાં સ્થળ તપાસ કરતાં આ બનાવ બનવાનું કારણ જાણી શકાયુ હતું અને આ કારણ ફરીયાદીએ તેમજ આરોપીએ આ કારણ હોવાનું જણાવ્યુ હતું.

ફરિયાદીની સંયુકત ખાતાની ખેતીની જમીન ગામ પાસેના પરા વિસ્તારમાં આવેલી હતી. લગભગ ૨૫ વર્ષ પહેલાં ફરિયાદીને પૈસાની જરૂર પડતાં આ જમીન ગીરવે મૂકી પૈસા ઉપાડયા હતા. ત્યારબાદ આ વાત અંગે કંઈ થયુ નહોતું. અમુક વર્ષો બાદ ફરિયાદીએ આ જમીન વેચવાની ઈચ્છા વ્યકત કરી આરોપી જ ખેતી કરતાં હોવાથી તેઓ જ રાખે એ વ્યાજબી છે. શરૂઆતમાં ગમે તે કારણસર આરોપીને આ જમીન રાખવાની ઈચ્છા નહોતી. એમ જણાવ્યું હતું. અલબત્ત પાછળથી આરોપીએ ફરિયાદીને જણાવ્યુ હતું કે આ જમીનની બજાર કિંમત નકકી થાય તે મુજબ ચુકવણી કરી જમીન રાખી લે. પરતુ ગમે તે કારણસર ખાસ કરીને ઓછા પૈસા મળવાની બીકને કારણે તેમણે જમીન અંગેનો સોદો બીજી વ્યકિત સાથે વધુ રકમથી કર્યો. આથી ફરિયાદી અને આરોપી જે ઉચ્ચતર માધ્યમિક શાળામાં છેલ્લા ૨૫ વર્ષથી સેવા બજાવે છે તેમની સાથે આ બાબતમાં બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ગમે તેના માર્ગદર્શન ને કારણે પોતાના મનદુખને કારણે અધિનિયમનો આશરો લઈ આરોપી સામે ફરિયાદ દાખલ કરી. ફરિયાદ દાખલ થતાં તપાસ શરુ થઈ અને તેની જાણ ફરિયાદીના સંયુકત કુટુંબના વ્યકિતઓ અને અન્ય સગાઓને થતાં તેમણે ફરિયાદીને તેમના કૃત્ય બદલ ઠપકો આપ્યો. ત્યારબાદ બંને પક્ષના આગેવાનોએ ભેગા મળી સમાધાન કર્યુ અને સમાધાન મુજબ ફરિયાદ પાછી ખેંચવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ બાબતમાં શું શું બન્યું હતુ તેની વિગતો જાણવા મળી નહોતી.

પરંતુ સિધ્ધપુર ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજીસ્ટરમાં આ ફરિયાદ ' ખોટી ફરિયાદ ' હોવાની નોંધ હતી.

(૩) કિસ્સા : ૩. ગામ. ગણેશપુરા, તા. સિધ્ધપુર.

ગણેશપુરા ગામ એ ખોલવાડા ગામનું પરું અને ખોલવાડા ગામના કુટુંબોએ આવીને વસાવેલું ગામ છે. તેમ જ આ કેસના ફરિયાદી ખોલવાડા ગામના કેસના ફરિયાદીના સગા છે આરોપી વ્યકિત પણ એ જ છે. આ કેસમાં પણ મજૂરીના પૈસા બાબતે બોલાચાલી થતાં તિરસ્કાર કરતાં શબ્દપ્રયોગ કરવા બદલ નાગરિક હકક સરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ સહિત અન્ય કલમો લાગુ પડી હતી.

ફરિયાદી એ ખોલવાડા ગામના કેસનાં ફરિયાદીનાં સબંધી હોવાથી જામીન બાબતે જે પ્રકરણ ઉભું થયું હતું તેથી આરોપી પ્રત્યે ધ્વેશ હતો.

ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થતાં આરોપી તેમજ તેમની જ્ઞાતિનાં એક ભાઈ સભ્ય તરીકે ઉભા રહયા. ચૂંટણીના પરિણામમાં આરોપી ચૂંટાયેલા જાહેર થયા. જયારે તેમના હરીફ હારી જતાં આરોપી અને તેમના હરીફ સામે રોષે ભરાયા હતા. તેથી આરોપી સાથે વેર લેવાની તક શોધતા હતા. છેવટે તેમણે ફરિયાદીને કેસ કરવા માટે તૈયાર કર્યા. આ બાબતમાં વધુ એક શિક્ષકનો ટેકો મળતાં ફરિયાદીએ ફરિયાદ દાખલ કરી હતી પરંતુ સમાધાન થતાં કેસ પાછો ખેંચવાની કાર્યવાહી કરાઈ હતી. સિધ્ધપુર ટાઉન પોલીસ સ્ટેશનનાં ગુન્હા રજીસ્ટરમાં ' ખોટી ફરિયાદ ' હોવાની નોંધ કરાઈ હતી.

કિસ્સા : ૪. યાત્રા સ્થળ એવા ગામનાં અનુસૂચિત જાતિનાં લોકો સાથે વ્યવહાર.

ગ્રામ્ય વિસ્તારમાં અનુસૂચિત જાતિનાં લોકોને ગામનાં મંદિરમાં પ્રવેશવા દેવાતા નથી તે જાણીશું છે. જ્યાં પ્રસિધ્ધ યાત્રાધામ હોય એવા ગામમાં આ બાબતમાં શું સ્થિતિ હોય છે ? તે જાણવાના ઉદ્દેશથી મહેસાણા જિલ્લાનાં ક્ષેત્રકાર્ય દરમિયાન સિધ્ધપુર પાસે આવેલા પારસાસણ ગામ જે બનાસકાંઠા જિલ્લાનાં વડગામ તાલુકામાં આવેલું છે ત્યાં પ્રસિધ્ધ શંકરામ્બિકા માતાનુ મદિર છે. ત્યાં વર્ષમાં નકકી દિવસે હવન અને પાલખી કાઢવાનો ઉત્સવ ઉજવવામાં આવે છે. આ પ્રસંગે લોકો દૂર દૂર, અમદાવાદ વગેરે સ્થળેથી બસમાં, ખાનગી લકઝરી બસોમાં, જીપ વગેરે સાધનો દ્વારા આવે છે અને વિધિમાં ભાગ લે છે.

આ સ્થળે અનુસૂચિત જાતિના લોકો પ્રત્યેના વ્યવહાર અંગે માહિતી મેળવવાના હેતુથી મેળાની મુલાકાત લીધી હતી. બહારગામથી આવનાર લોકો નાળિયેર, ફૂલ વગેરે લઈને ચઢવવા માટે ચાલતા હતા. ગામનાં રાવળ, ભંગી અને અન્ય ઈતર કોમના બાળકો લોખંડના સળિયાનું સાધન લઈ મંદિરના કંપાઉન્ડમાં ભાગમાં ઉભા રહેતા અને જે લોકો નાળિયેર લાવ્યા હતા તેના રેસા વગેરે કાઢી આપતા અને આ સેવા બદલ ૨૫ ન.પૈ, ૫૦ ન.પૈ. મળતા.

જયારે કંપાઉન્ડની બીજી બાજુના ભાગમાં ગામનાં ભંગી જાતિનાં ભાઈઓ પોતાનુ ઢોલ લઈને આવ્યા હતા અને હવનની વિધી શરુ થતાં વગાડવાનું શરૂ કર્યું હતું. તેમની સાથે એક વૃધ્ધ હતા જે અશકત હોવાથી

પિત્તળની થાળી ઉપર નાની લાકડીથી વગાડતા હતા. તેમની સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું હતુ કે તેઓ મંદિરના કંપાઉન્ડમાં આવી શકે. મંદિરના કંપાઉન્ડની સફાઈ તેઓ જ કરતાં હતા. અલબત્ત તેઓ મંદિરના ગર્ભદ્વારમાં જઈ શકે નહિં. મંદિરનાં પ્રવેશદ્વાર આગળ એક બોર્ડ મૂકવામાં આવ્યું હતું. તેમાં એવું લખવામાં આવ્યુ હતું કે માત્ર સ્વચ્છ અને રેશમી વસ્ત્ર ધારણ કરેલ વ્યકિતએ જ મંદિરના ગર્ભદ્વારમાં પ્રવેશવું. સ્વભાવિક છે કે ગામનાં ગરીબ એવા અનુસૂચિત જાતિનાં લોકો પાસે રેશમી વસ્ત્ર હોય નહિં એટલે મંદિરમાં એટલે કે ગર્ભદ્વારમાં પ્રવેશવાનો પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય. આ દિવસે ગામનાં ભંગીઓએ ઢોલ વગાડવા આવવું ફરજિયાત છે ? એ પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતુ કે આ નિમિત્તે તેમને પૈસા વગેરે આપવામાં આવે છે. આ પ્રથા પહેલાંથી ચાલી આવે છે એટલે તેઓ ત્યાં ઢોલ વગાડવા આવ્યા હતા. ગામમાં હાની લારીએ અનુસૂચિત જાતિના લોકો માટે અલગ કપરકાબી રાખવામાં આવે છે ? એ પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે ગામના લોકો તો તેઓનેઓળખે છે એટલે સામાન્ય કપરકાબીમાં ચા આપતા નથી. પરંતુ તેઓ બહારગામ જાય તો સામાન્ય કપરકાબીમાં ચા પી શકે છે.

કિસ્સા : ૫.

...........

ગ્રામ્ય વિસ્તારમાં અસ્પૃશ્યતાની પ્રથાના તાણાવાણા એવા તો વણાયા છે કે કેટલીકવાર અસ્પૃશ્યતાનુ પાલન ન કરનારને ભોગ બનવુ પડે અથવા નુકશાન વહોરવુ પડે. સંશોધકને આ અભ્યાસનાં ક્ષેત્રકાર્ય સિવાયના ક્ષેત્રકાર્યમાં જે મહત્વના બનાવો સાથે સંબધ હતો અથવા નિરીક્ષણ કર્યું હતુ એવા બે કિસ્સા નોંધવાનું યોગ્ય લાગે છે.

જુનાગઢ જિલ્લામાં ક્ષેત્રકાર્ય દરમિયાન એક ગામમાં ક્ષેત્રકાર્ય આટોપી સંશોધક પાછા આવવા માટે બસ સ્ટેન્ડે ઉભા હતા. ક્ષેત્રકાર્ય માં મદદરૂપ થવા બદલ અને સહકાર આપવા બદલ આ ગામના અનુસૂચિત જાતિના આ ભાઈને ચ્હા પીવાનું સૂચન કર્યું. આ ભાઈએ સ્વીકાર કરતાં ચ્હાની કેબીને ગયા અને ચા વાળા ભાઈને ચ્હા આપવા કહ્યુ. સંશોધક સાથે આવેલા આ ભાઈ તરત જ અલગ રાખેલા કપરકાબી ઉઠાવી ધોવાનું શરુ કર્યું. સંશોધકે અલગ કપરકાબીમાં ચ્હા ન પીવા કહ્યુ. આથી ચ્હાની કેબીનવાળા ભાઈ સાથે આ બાબતમાં સામાન્ય વાતચીત થઈ. અંતે આ કેબીનવાળા ભાઈને ચ્હા આપવાનો ઈન્કાર કરતાં જણાવ્યુ કે જો તે સંશોધકની જ્ઞાતિ ન પૂછે અને ચા આપે એ ત્યાં બેઠેલા લોકો આ જુએ તો કેબીનવાળાને ઠપકો આપે અને ત્યાંથી ચા પીવાનું છોડી દે તો તેમનો ધંધો બંધ થઈ જાય. તેથી ગામના ઘરાકોને સાચવવા જ પડે. અને ધંધો કરવા માટે તેમના વિચારોને પણ માન આપવું પડે. આ પરિસ્થિતિમાં કાં તો આ ભાઈએ ધંધો બંધ કરવાનુ જોખમ ખેડવું પડે અથવા આ પ્રથા ઈચ્છા કે અનિચ્છાએ ચાલુ રાખવી પડે. સ્વભાવિક છે કે પોતાનો ધંધો તો ચાલુ જ રાખવો પડે. એટલે આ પ્રથાને પણ સ્વીકારવી પડે.

કિસ્સા : ૬.
...........

સંશોધક તેમના અનુસૂચિત જાતિના મિત્રના લગ્નમાં હાજરી આપવા ગયા હતા. આ ભાઈ સરકારી ખાતામાં અધિકારી જેવા મોભાના સ્થાને હોવાથી તેમના ખેતમજૂર પિતાને વરઘોડા માટે કાર લાવવાની ઈચ્છા હોવાથી તેમના ખેડૂત - માલિક જે ઉચ્ચ જ્ઞાતિના હતા. સગા આ રીતે મોટર ભાડે ચલાવવાનુ કામ કરતાં હોવાથી તેમને આ કામ આપવામાં આવ્યું હતું.

લગ્નના દિવસે આ ભાઈ તેમની મોટર લઈને આવ્યા. મોટર ફળિયા બહાર ઉભી રાખી. આ મિત્ર પક્ષના લોકોએ મોટર ફળિયામાં લાવવાનુ કહેતા તે ભાઈ કહેવા લાગ્યા કે અંદરનો રસ્તો બરાબર ન હોવાથી આવી શકે નહીં. હકીકતમાં તો આ ફળિયાનો રસ્તો પૂરતો પહોળો અને સપાટ હતો. કે ત્યા મોટર લાવવામાં ખાસ તકલીફ પડે નહીં. ઉપરાંત આ ગામના રસ્તા એટલા તો ખરબચડા હતા કે ત્યાં આવું વાહન હંકારવું મુશ્કેલ પડે. આમ તેઓ મોટર ફળિયામાં લાવ્યાજ નહિં. તેથી વરરાજા વગેરેને પગે ચાલીને જ ફળિયા બહાર ચાલવું પડયું હતું.

વધુ આશ્ચર્યની વાત તો એ છે કે સામાન્ય રીતે લગ્ન જેવા માંગલિક પ્રસંગનું કામ કરનાર મંડપવાળા, બેન્ડવાજાવાળા વગેરે સમય ખાસ સાચવતા હોય છે. પરંતુ આ મોટરવાળા ભાઈ ઠરાવેલા સમય કરતાં ઘણા મોડા આવ્યા હતા. જો તેઓ અન્ય બિનઅનુસૂચિત જાતિના ઘેર વર્ધીમાં જવાનુ હોત તો આ પ્રમાણે વર્તાવ કરત કે કેમ? આ એક પ્રશ્ન છે. આ કિસ્સામા નાગરિક હકક સંરક્ષણ અધિનિયમનો ભંગ થાય છે કે કેમ? પરંતુ આ વર્તાવ દ્વારા તેઓ અનુસૂચિત જાતિના છે તેથી તેઓના પ્રસંગનો સમય સાચવવાનુ ખૂબ મહત્વનું નથી. આ પણ એક પ્રકારની બદલાતી જતી અસ્પૃશ્યતાનો નમૂનો જ કહેવાય.

રાજકોટ જિલ્લામાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ૧૯૮૪માં નોંધાયેલા કિસ્સાઓમાંના કેટલાક વિશિષ્ટ કિસ્સા નોંધ આ પ્રમાણે છે.

કિસ્સો - ૧ :

સૌરાષ્ટ્ર વિસ્તારમાં રાજકોટ જિલ્લાનાં માળિયા તાલુકાનાં મોટી બરાબંર અને જસાપર ગામે બનેલ કિસ્સો જોઈએ તે પહેલા એક સ્પષ્ટતા કરી લેવા જેવી એ છે કે મોટી બરાબર અને જસાપર ગામ બંને ખૂબ જ નજીક છે. વચ્ચે ફકત તળાવ જ આવેલું છે. બીજી સ્પષ્ટતા એ કરવા જેવી છે કે આ કેસ કંઈ તાત્કાલિક બન્યો નથી તેનો પણ એક ઈતિહાસ છે. વાત એમ છે કે મોરબી ખાતે જે પ્રલયકારી રેલ હોનારત સર્જાઈ ગઈ તેની અસર આ ગામને પણ થયેલી અસરગ્રસ્તોનું પુનઃ સ્થાપન કરવા માટે સરકાર વિવિધરુપે સહાયભૂત બની હતી જેમ અન્ય સરકારી યોજનાઓમાં બને છે તેમ અહીં પણ સરકારે ગરીબો નાં પુનઃ સ્થાપન માટે ફાળવેલા નાણાં યોગ્ય રીતે ખર્ચાયા નહોતા મોટી બરાબર ગામના હરિજન ખીમજીભાઈ મગાભાઈએ આ બાબતે ગામના સરપંચ ભવાન પરબત પાસે સ્પષ્ટતા માંગી હતી પરંતુ યોગ્ય જવાબ ન મળતાં તેમણે આગળ પત્રવ્યવહાર કર્યો હતો. ત્યારથી જ ખીમજીભાઈ ઉપર ભવાન પરબત ખિજાયેલો રહેતો હતો. અને નાના મોટા કારણો શોધી તેના હેરાન કરવાના પેતરા રચતો હતો.

ભવાન પરબતના સગા વહાલા જસાપરમાં રહે છે તેમને શીખવી ખીમજીભાઈએ ગમે તેમ કરીને પાઠ શીખવવાનું નકકી કરેલું. તારીખ ૯-૧૧-૮૪નાં રોજ ખીમજીભાઈનાં દિકરાની પત્ની તળાવમાં આવેલા

ખાંઠા કૂવા પર કપડાં ધોવા ગયેલા તે વખતે જસાપર ગામના જણી નરસંગ, નરસંગ પેથા, બાઈ રામુ નરસંગ વગેરે પસાર થતા હતા તે વખતે તેઓ અમને છાંટા ઉડાડીને અભડાવે છે. એમ કહીને ગાળો બોલી માર મારવાનો પ્રયત્નક ર્યો હતો. આ બાબતની જાણ ગામ આગેવાનોને કરતાં ફરીથી આવું નહીં બને તેવી સમજ થઈ હતી. પરંતુ તા.૪-૧૧-૮૪નાં રોજ ખીમજીભાઈ પોતે દૂધ લેવા ગામમાં ગયા ત્યારે રાજુ નરસંગ જે ભવાન પરબતનો સગો વ્હાલો થાય છે તે ખીમજીભાઈને મનફાવે તે ગાળો બોલી મારવાની ધમકી આપી હતી. આથી ખીમજીભાઈએ ફરિયાદ કરી હતી.

ફરિયાદ કરી એટલે ખીમજીભાઈનું તો આવી જ બન્યું. ન તો ગામમાંથી કોઈ ચીજ વસ્તુ મળે નતો કોઈ મજૂરીએ લઈ જાય. ટૂંકમાં એમનો સામાજિક બહિષ્કાર થયો એક વર્ષ સુધી તો તેમને પોલીસ રક્ષણ નીચે રહેવું પડ્યું.

કેસનું પરિણામ એ આવ્યુ કે ખીમજીભાઈને તો જેની તેની સામે આવા કેસો કરવાની ટેવ પડી ગઈ છે. એટલે આરોપીને નિર્દોષ છોડવામાં આવ્યો. એવુ ખીમજીભાઈએ જણાવ્યું હતું. પ્રસ્તુત કિસ્સામાંથી કેટલીક સ્પષ્ટ બાબત દેખાય છે તે આ પ્રમાણે છે.

૧. સૌરાષ્ટ્રમાં પંથકમાં આહિરકોમ એ માથાભારે કોમ છે. તે હરિજનોને તો ગુલામોની જેમ સમજે છે.

૨. કોઈ હરિજન કાર્યકર અન્યાય સામે માથું ઉંચકે તો તેને એક યા બીજા પ્રકારે પાઠ શીખવવા હેરાન - પરેશાન કરી મૂકવામાં આવે છે.

૩. પ્રસ્તુત કેસમાં વિગત જોતાં સત્યતા ઘણી હોવા છતાં ખીમજીભાઈ વારંવાર કેસ કરે છે એટલે આરોપીને નિર્દોષ રીતે છોડી મૂકવાનો નિર્ણય કર્યો તે પ્રશ્ન તાર્કીક રીતે સત્ય જણાતો નથી આવું બન્યુ હવે તે પણ તપાસવાનો વિષય છે.

કિસ્સો - ૨:
..........

સોડવદર ગામના હરિજન બધા પૂજા તે જ ગામના માથાભારે જયંતી ડાહયા પટેલને ત્યાં ઘણા સમયથી મજૂરી કરતાં હતા. આથી સબંધો ઘણા સારા હતા પરંતુ તેનો આ પટેલે ઘણો દૂરઉપયોગ કર્યો અને વિવિધ સહકારી મંડળીમાંથી આ બધા પૂજાના નામે ઘણી વખત ધીરાણ લીધું હતું અને બારોબાર તેના હિસાબ પૂરા કરતા હતા. પણ એક વખત આ બધા પૂજા પટેલના ઘેર કોઈ કામ અંગે જવાનુ થયુ પટેલના ઘરે જઇને પટેલ કયાં ગયા છે તેવુ પૂછતાં તેમના પત્નિએ જવાબ આપ્યો કે મંડળીમાં ગયા છે. આ ફરિયાદી સીધા મંડળીમાં ગયા. હકીકત માં પટેલ મંડળી સુધી પહોંચ્યાં નહોતા. ત્યાં પહેલાં આ ફરિયાદી મંડળીમાં પહોંચ્યા તો ત્યાં મંડળીનુ ઓડિટ ચાલતું હતું અને તેમાં રુ. ૧૫૦૦૦/-ના ઉપાડ અંગે ચર્ચા ચાલતી હતી. આ ભાઇનું નામ આવવાથી વધુ વિગતે પૂછપરછ કરી તો તેમના નામે જ પટેલે રુ. ૧૫૦૦૦/- ઉપાડયા હતા. પટેલ (આરોપી) પોતે તેજ મંડળીના ચેરમેન હતા એટલે આ રીતે વારંવાર પૈસાનો સીધો વ્યવહાર કરી લીધા હતા. આ બાબતમાં બોલાચાલી થઈ તેમાં હરિજનને માર પડયો અને ઉપરથી જેલમાં લઈ ગયા હાલમાં મજૂરી પેટે (ચોથા ભાગના) અંદાજે ૩૫ થી ચાલીસ હજાર રુપિયાનો કોઈ હિસાબ કરવા તૈયાર નથી. બિચારા નિરાધાર થઈ ગયા છે. પંદર વર્ષથી મજૂરી કરી પણ કંઈ મળ્યુ નહી બે વર્ષ સાસરીમાં બીકના માર્યા રહેવા જતા રહયા હતા. તેમાં ૧૯૫૫ની કલમ અસ્પૃશ્યતા લાગે છે તે કેસની પતાવટ થઈ ગઈ છે. પણ આ કેસ હજુ ચાલુ છે.

ગુન્હા રજી.નોંધણી નંબર. ૨૬/૮૪ તા.૫-૩-૮૪.
પોલીસ સ્ટેશન. જામ કંડોરણા.
ફરિયાદી . બધા પૂજા રહે.સોડવદર.
આરોપી . પટેલ જંયંતીભાઈ ડાહયાભાઈ.

કિસ્સો - ૩ :

સેલુકા ગામમાં આ માણસ ખૂબ જ માથાભારે છે. લગભગ ૨૫ વર્ષની ઉંમરનો છે. ફરિયાદી હરિજન પાલાભાઈ વિરાભાઈને આ જ વ્યકિત સાથે કુટુંબીજનોની સાથે આ ત્રીજી વખતનો ઝગડો થયો હતો અને ત્રણે વખતે સમાધાન કરવામાં આવ્યું હતું.

આ માણસ ફળિયા આગળથી નીકળે છે. ગમે તેમ અપશબ્દો અને બેન-દીકરીઓની મશ્કરીઓ કરે છે. છતાં કહેવાય નહીં કહેવા જતાં મારી નાખવાની ધમકી આપે છે. અને મારે પણ છે. આ હરિજન પાલાભાઈને બરડા ઉપર પરોણો માર્યો હતો. ગમે તે બહાનું કાઢીને તે ઝગડો કરે છે. આખા ગામમાં તેને કોઈ કહેનાર નથી. કોઈનુ માનતો નથી. હરિજનો આ માથાભારે વ્યકિતથી કંટાળી ગયા છે. છતાં પણ તેમની સનથે રહેવાના કારણે સમાધાન કરવુ પડે છે. હરિજનો માટે સ્પેશ્યલ બોર કરી મોટર મૂકી છે પણ તે બગડી ગયા પછી રીપેર કોઈ કરાવતુ નથી અને તેમાં મોળું પાણી આવે છે. પીવા જ માટે પોણો કલાક ચાલતાં જઈને પાણી ભરી લાવવુ પડે છે. આ હરિજનો ખરેખર આ લોકોના ગુલામ હોય તેવું લાગ્યું. વારંવાર માર મારે, હેરાન કરે, બેન-દીકરીની મશ્કરી કરે છતાં પણ તેમની સામે બોલાય નહી કમને સમાધાન કરવુ પડે. તે કેટલુ મુશ્કેલીભર્યું જીવન કહેવાય ? આ ફરિયાદી આરોપીના કાકાની વાડીએથી પાણી ભરી લાવતા હતા અને ત્યાંથી પણ પાણી ભરવાની ના પાડી એટલે આર રીતે આ હરિજનોને પજવણીનો કોઈ પાર નથી.

ગુન્હો રજી.નો.ધણી નંબર. ૨૬/૮૪

પોલીસ સ્ટેશન. જેતપુર પોલીસ સ્ટેશન.

ફરિયાદી :- પાલાભાઈ વિરાભાઈ હરિજન.

આરોપી :- પટેલ શ્યામજીભાઈ ભૂરાભાઈ. બંને રહે.સેલુકા.

કિસ્સા - ૪ :

...........

કાનાવડારા ગામના વતની શ્રી છગનભાઈ હરજીભાઈ ચમાર સમગ્ર ગામના હરિજન ફળિયાના આગેવાન કાર્યકર છે. તેમના સ્મશાન ની જમીન આરોપી શ્રી નાનજીભાઈ ખીમાભાઈ પટેલ પોતાના ખેતરની વાડ કરીને દબાવી દીધી છે. આ બાબત માટે હરિજનો કહેવા ગયા તો આ પટેલ ઉશ્કેરાઈને ગમે તેમ ગાળો બોલી અને કહ્યું કે ''ઢેડા'' અમે અભડાઈ જઈએ છીએ વધારે માથાકૂટ કરશો તો મારી નાખીશું. આથી આ નાનજીભાઈએ સમગ્ર હરિજન વતી પોલિસમાં કેસ કર્યો તેમાં ૧૯પપની કલમનો કેસ નીકળી ગયો છે પણ સ્મશાનની જમીન દબાવી છે તે અંગે હજુ કોઈ નિકાલ આવ્યો નથી. ઉપરોક્ત કેસ કેવી રીતે નીકળી ગયો તેની ખબર પણ હરિજનભાઈઓને કરી નથી. કોર્ટમાં થી બારોબાર નીકળી ગયો છે. આ જમીનમાં ઘણા વરસોથી હરિજનોનું સ્મશાન છે અને આ પટેલ દબાવી બેઠા છે. તે જમીનને ખુલ્લી કરવા તૈયાર નથી કોર્ટમાં કેસ ચાલુ છે. પૈસાની અને લાગવગ આગળ બિચારા હરિજન હંમેશા નબળા પડે છે. કોઈ પણ જાતની વગ તેમની પાસે હોતી નથી. વગેરે ઉત્તરદાતા તરફથી જાણવા મળ્યું હતું આ કેસ હજુ કોર્ટમાં ચાલે છે.

ગુન્હા રજિ.નોંધણી નંબર - ૭૭/૮૪ - ૨૬-૯-૮૪.

પોલિસ સ્ટેશન. જામકંડોરણા.

ફરિયાદી : છગનભાઈ હરજીભાઈ ચમાર.

આરોપી : નાનજીભાઈ ખીમાભાઈ પટેલ,

બચુભાઈ નાનજીભાઈ પટેલ.

બંને રહેવાસી - કાનાવડારા.

કિસ્સો - ૫ :
...........

રામોદ ગામના વતની શ્રીમતિ હંસાબેન રાણાભાઈ હરિજનના ખેતરમાં તેમના જ ગામના વાઘરી કાળુ ખોડા, ભગા ખોડા, કરમશી અને રમેશ ખોડા પોતાના પશુ જેવા કે ભેંસ, વાછરડા, પાડા વગેરેથી ખેતરમાં ભેલાણ કર્યું હતુ. તે બાબતે તેમના છોકરાએ વિરોધ કર્યો હતો તો તેને માર માર્યો આથી આ છોકરો રડવા લાગ્યો કોઈકે ઘેર ખબર આપી તો હંસાબેન ખેતરમાં ગયા ખેતરમાં પશુ દ્વારા જે નુકશાન થયું હતું તે જોઈને ખૂબ જ દુઃખી થયા અને પોતાના છોકરાને રડતો પણ જોયો આથી આ વાઘરીઓ સાથે ઉગ્ર સ્વરુપમાં બોલાચાલી થઈ તેમાંથી મારામારી પણ થઈ અને આ હંસાબેનની આંગળી ઉપર વાઘરીએ બચકું ભરીને કાપી લીધી હતી અને તે ઘેર પાછા આવતા હતા ત્યારે રસ્તામાં હંસાબેનના સસરાએ વાઘરીઓને ઠપકો કર્યો તો તેમને પણ માથામાં લાકડી મારી લોહી લુહાણ કરી નાંખ્યા અને ગમે તેવા બિભત્સ શબ્દો બોલવા લાગ્યા એટલે આ હંસાબેને ફરિયાદ કરી સરકારી દવાખાનામાં સારવાર લીધી હતી.

આ વાઘરીઓનો ધંધો છે કે પશુઓ લાવીને આજુબાજુના ગામમાં વેચવા કે સાટા કરવા આથી આ પશુઓને તેમની પાસે ખવડાવવા માટે પૂરતું ઘાસ પણ હોતુ નથી આથી આ ગરીબ હરિજનોનાં ખેતરોમાં ભેલાણ કરે છે. આ રીતે ખૂબ જ પજવણી છે આખા ગામમાં બીજા મોટા જમીનદારોના ખેતરમાં ભેલાણ કરતાં તેમને બીક લાગે છે. આથી હરિજનોના જ ખેતરોમાં ભેલાણ કરીને હેરાન કરે છે. અને જો તેમનો સામનો કરે તો મારઝૂડ કરવામાં પાછા ના પડે તેવા વાઘરીઓ છે. એટલે ઘણીવાર આ હરિજનોને જોયું હોય, જાણતા હોય, છતાં ચૂપ રહેવુ પડે છે. અને જો બોલે તો હંસાબેનના જેવી પરિસ્થિતિ થાય. સમાજ કલ્યાણ ખાતા મારફતે હંસાબેનને અને તેમના સસરાને રુપિયા પાંચસો સહાયરુપે મળ્યા હતા. આ વાઘરી કોમ સવર્ણ

જાતિઓમાં સૌથી નીચી કોમ છે તે જ આ હરિજનોથી અભડાઇ છે. તેમને સ્પર્શ કરતાં નથી અને જો હરિજનોથી ભૂલથી થઈ જાય તો તેમને માર ખાવો પડે છે. અને બિભત્સ ગાળો પણ સાંભળવી પડે છે.

ગુન્હા રજિ. નોંધણી નંબર : ૬૭/૮૪.
પોલિસ સ્ટેશન : કોટડા સંઘાણી.
ફરિયાદી : હંસાબેન રાણાભાઈ હરિજન.
આરોપી : કાળુ ખોડા, ભગા ખોડા, ગુંજી કરમશી, રમેશ ખોડા.

આટલા કિસ્સાઓ જોયા બાદ હવે સમગ્ર અભ્યાસને આધારે તારવેલા તારણો અને અભ્યાસ સબંધી સુઝાવો કર્યા છે તે પ્રકરણ - ૭ માં જોઇએ.

प्रकरण – ७

અભ્યાસના તારણો અને સુઝાવો.

અભ્યાસનાં તારણો : -

પ્રસ્તુત અભ્યાસનાં કેટલા કસર્વ સામાન્ય તારણો તારવી તેને દર્શાવવા આવશ્યક ગણાય. એક રીતે જોતાં આ તારણો અભ્યાસનુ હાર્દ છે. અભ્યાસમાં આવરી લેવાયેલા કિસ્સાઓ તેની સાથે સંકળાયેલી વ્યકિત, ગામ, ગામ આગેવાનો પાસેથી મેળવેલી માહિતી તથા અસ્પૃશ્યતા નિવારણ નાં કાનૂન સંબંધી સરકારી ઠરાવો વિગેરેનો અભ્યાસ પરથી આ તારણો તારવી તે અંગે કેટલાક સૂચનો સૂચવ્યા છે. તારણો નીચે મુજબ છે.

(૧) ૧૯૮૪માં ગુજરાત રાજયમાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ સૌથી વધુ કેસો ૪૫ અમદાવાદ અને ગાંધીનગરમાં, ત્યારબાદ ૩૭ ખેડા જિલ્લામાં ત્યારબાદ ૩૨ મહેસાણા જિલ્લામાં અને ૨૭ રાજકોટ જિલ્લામાં નોંધાયા હતાં.

(૨) છેલ્લા નવ (૯) વર્ષમાં ગુજરાતમાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસોમાં વધુ કેસો અમદાવાદ, ગાંધીનગર, ખેડા, મહેસાણા, વડોદરા અને બનાસકાંઠા જિલ્લામાં નોંધાયા છે.

(૩) છેલ્લા નવ વર્ષમાં નોંધાયેલ કેસોમાં ૧૯૮૩માં ખેડા જિલ્લામાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલ ૧૨૬નો આંક સૌથી વિશેષ છે.

(૪) કેટલીક આંકડાકીય વિગતોને અને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ નોંધાયેલ કેસોને મુલવતાં એવું લાગે છે કે જે જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તીનુ કેન્દ્રીકરણ વધુ છે ત્યાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ વધુ કેસો નોંધાયા છે.

(૫) એવી જ રીતે જે જે જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે ત્યાં નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળ વધુ કેસો નોંધાયા છે.

(૬) જે જે જિલ્લામાં વ્યવસાયિક તથા સામાજિક ગતિશીલતા વધુ છે તથા જાગૃતતા અને ધર્માંતરનો વેગ વધુ છે તેવા જિલ્લામાં વસ્તી ઓછી હોવા છતાં નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ કેસો વધુ નોંધાયા છે.

(૭) અમુક જિલ્લામાં એવુ પણ બન્યું છે કે અનુસૂચિત જાતિમાં સામાજિક અને વ્યવસાયિક ગતિશીલતા વધુ હોવા છતાં નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ ઓછા કેસો નોંધાયા છે.

(૮) સૌરાષ્ટ્ર વિસ્તારમાં નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ ઓછા કેસો નોંધાયા છે. એનો અર્થ એમ નથી કે ત્યાં વ્યવહારમાં અસ્પૃશ્યતા ઓછી છે.

(૯) આર્થિક વ્યવહારોને લઈ નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ વધુ કેસો નોંધાયા છે.

(૧૦) નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ નોંધાયેલ કેસો મહદ અંશે ગ્રામ્ય વિસ્તારમાં જ બનવા પામ્યા છે.

(૧૧) અભ્યાસ હેઠળ આવરી લીધેલા મોટાભાગનાં કિસ્સાઓમાં સમાધાન જ થયું હોવાનું જાણવા મળ્યુ છે. અત્રે એ નોંધવુ જોઈએ કે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫માં કેસ માંડવાળ કરવાનો તેમજ સમાધાન કરવાની કોઈ જોગવાઈ નથી, તેમ છતાં આટલા મોટા પ્રમાણમાં સમાધાન થયાનુ નોંધાયું તે ગંભીર બાબત છે. વિગતે જોઈએ તો તપાસેલા કિસ્સાઓમાંથી ૨૫ કિસ્સાઓમાં સમાધાન થયુ છે. ફરિયાદીને ખબર નથી તેવા ૬ કિસ્સા છે જ્યારે ૬ કિસ્સાઓ અંગે જવાબ ળ્યા ન હતા. તથા

ના સાબિત થયેલા ૮ કેસ પતી ગયેલા. ૩ કેસો, ૯ કેસો હાલ ચાલે છે તથા ૩ ખોટા કેસો થયેલા છે.

(૧૨) નાગરિક હકક સંરક્ષણ ધારા હેઠળ કેસ કરવાની હિંમત કેવી રીતે આવી તેમાં કેટલાક ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતુ કે પોતાની નૈતિક હિંમત થી, કેટલાકે જણાવ્યુ હતું કે સહન ન થતાં જ્યારે કેટેલાકે તેમનાં વાસનાં તથા સગા સંબંધીઓએ કે જેઓ ભણેલા હતા તેઓનાં કહેવાથી કેસ કરવાની હિંમત આવી હતી.

(૧૩) કેસ થયા પછી ફરિયાદીને આરોપી દ્વારા હેરાન કરવામાં આવે છે તેવુ ૧૫ કિસ્સામાં નોંધાયું છે. તેમાં સાક્ષી ફોડી નાખવા, ધમકી આપવી, સામાજિક બહિષ્કાર કરવો તથા રોજી ન આપવી, બીક લાગવી, આવતા જતા બોલાચાલી કરવી વગેરે રીતે હેરાન પરેશાન કરવામાં આવતાં હતા. તે ઉપરાંત સમાધાન કરાવી લેવા ગામના તથા તાલુકાના વગવાળા માણસો કે વકીલો દ્વારા દબાણ લાવવામાં આવતુ હતું. જમીન બાબતના ઝઘડામાં ચાલુ કેસે પણ ફરિયાદીને હેરાન કરવામાં આવે છે તેવુ નોંધાયું હતું.

(૧૪) મોટા ભાગના ફરિયાદીઓ હાલ કેસ કયા તબકકે છે તેનો સ્પષ્ટ જવાબ આપી શકયા નહોતા. કેટલાક ફરિયાદીઓએ એમ જણાવ્યુ હતુ કે, " હવે મુદતો પડતી નથી સમાધાન કેવી રીતે થઈ ગયું તેની પણ અમને તો ખબર નથી. "

(૧૫) રાજકોટ જિલ્લામાં નોંધાયેલ કેસો મોટા ભાગે પોલીસ વિભાગ દ્વારા જ કરાયેલા કેસો હતાં.

(૧૬) પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલ કિસ્સાનાં ફરિયાદીઓ મોટા ભાગનાં શિક્ષિત હતા. તેમાં કેટલાક તો ઉચ્ચ શિક્ષણ ધરાવતા હતાં.

(૧૭) અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોની વાર્ષિક સરેરાશ આવક રૂ. ૫૧૬૯૦૦ નોંધાઈ હતી.

(૧૮) અભ્યાસમાં આવરેલ કુલ ૬૦ કુટુંબોમાંથી ૪૬ કુટુંબો એટલે કે ૭૬.૬૬ ટકા કુટુંબો દેવાદાર હતા.

(૧૯) અભ્યાસમાં આવરેલા કુલ ૬૦ કિસ્સાઓમાંથી એક પણ કિસ્સામાં હરિજન સેવક સંઘે ફરિયાદીને મદદ કરી હોય તેવુ નોંધાયુ નથી પરંતુ અનુસૂચિત જાતિના સ્વૈચ્છિક સંગઠનોએ મદદ કર્યાનું ૨૬ કિસ્સામાં નોંધાયુ છે.

(૨૦) હરિજનોએ લઘુતાગ્રંથિ છોડી સંગઠીત થવું જોઈએ. વેઠપ્રથા નાબૂદ કરવી જોઈએ. સ્વચ્છતા રાખવી જોઈએ. આર્થિક રીતે સધ્ધર કરવા.

(૨૦-એ) અસ્પૃશ્યતા નાબૂદ કરવા હરિજનોએ શિક્ષિત બનવું પડે, મરેલા ઢોર ખેંચવાનુ બંધ કરવુ, આર્થિક સ્વાવલંબન કેળવવું, ધર્મ પરિવર્તન કરવું, નૈતિક તાકાત વધારવી, સાચી હકીકત રજૂ કરવી, સાચી સાક્ષી પુરવી, અને લઘુતાગ્રંથિ છોડવી જોઈએ વગેરે જવાબો મળ્યા હતા.

(૨૧) અસ્પૃશ્યતા નાબૂદ થાય તે માટેનાઉપાયો ઉત્તરદાતાઓએ જણાવ્યા હતા કે,

- શિક્ષિત બની સંગઠિત થવું જોઈએ.
- ગંદા વ્યવસાય છોડવા.
- લઘુતાગ્રંથિ છોડવી.
- ધર્મપરિવર્તન કરવું.
- નવા ધંધા વિકસાવવા.

- કાયદો કડક બનાવવો જોઈએ.
- આર્થિક સ્વાવલંબન સાધવું જોઈએ.
- સામ્યવાદ હોવો જોઈએ.
- હરિજનોને રક્ષણ આપવું જોઈએ.
- ભાઈચારાનો સબંધ વધારવો જોઈએ.
- સ્વચ્છતાને વધુ મહત્વ આપવું જોઈએ.
- સવર્ણ સમાજે પણ પ્રયત્ન કરી અસ્પૃશ્યતા નિવારણ માટે સહકાર આપવો જોઈએ.
- દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો અસ્પૃશ્યતા નિવારણ માટે ઉપયોગ થવો જોઈએ.

(૨૨) અસ્પૃશ્યતા નિવારણ માટે ફકત ખેડા જિલ્લામાં બાલાસિનોર ખાતે ની સંસ્કાર મંદિર સંસ્થાના મૂળ સ્થાપક શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી કામ કરી રહયા હોવાનું નોંધાયું છે. રાજકોટ અને મહેસાણા જિલ્લામાં આવી વ્યક્તિ કે સંસ્થા કામ કરતી હોવાનું નોંધાયું નથી.

અભ્યાસમાં જે કેસો આવરી લેવામાં આવ્યા હતા તે ૧૯૮૪માં બનેલા હતા. જે ગામોમાં કેસો નોંધાયા હતા ત્યાં અસ્પૃશ્યતા હાલ એટલે કે ૧૯૮૮માં કેવી છે તે તપાસવામાં આવી હતી તેનાં તારણો જોઈએ તો.

(૧) અનુસૂચિત જાતિના લોકોનો સવર્ણોનાં મકાનમાં પ્રવેશ બાબતે જાતિવાર જોઈએ તો તપાસેલ કુલ ૯૬.૫૫ ટકા બ્રાહ્મણોના મકાનમાં, ૯૭.૨૯ ટકા પટેલનાં મકાનમાં, ૯૫.૫૫ ટકા ઠાકોર, કોળીનાં મકાનમાં, ૯૭.૪૪ ટકા રબારી ભરવાડનાં મકાનમાં, ૧૦૦ ટકા સુથાર, લુહારનાં મકાનમાં ૯૯૬.૭૭ ટકા રાવળિયાના મકાનમાં, ૧૦૦ ટકા વાઘરીનાં મકાનમાં અને ૧૦૦ ટકા મોચીનાં મકાનમાં પ્રવેશ કરી શકતા નથી તેમ નોંધાયું છે.

(૨) તપાસેલ કિસ્સાના ગામોમાં ૮૫.૯૨ ટકા ગામોમાં હરિજનો માટે પીવાના પાણીના અલગ કૂવા હતા. ત્યાં જાહેર ગામ કુવાથી અનુસૂચિત જાતિના લોકો પાણી ભરી શકતા નહતા.

(૩) અભ્યાસમાં તપાસેલા કુલ ૪૮ ગામોમાંથી ૩૦ ગામોએ વોટરવર્કસ હતા તેમાં ૨૯ ગામોમાં હરિજનો માટે અલગ સ્ટેન્ડ પોસ્ટ હતા અથવા જાહેર સ્ટેન્ડ પોસ્ટ પર હરિજનોનાં નળ આગળ દિવાલ ચણેલી હતી.

(૪) તપાસેલ કુલ ૪૮ ગામોમાંથી ૪૫ એટલેકે ૯૩.૭૫ ગામોમાં હરિજનો મંદિર પ્રવેશ કરી શકતા નહતા.

(૫) અભ્યાસમાં આવરેલા ૪૮ ગામોમાં રસ્તે ચાલતાં સવર્ણોને હરિજનોનો સ્પર્શ થઈ જાય તો ૩૨ ગામોમાં સવર્ણો ચીડાય છે. ૫ ગામોમાં ગાળો બોલે છે અને ૨ ગામોમાં મારઝૂડ કરે છે તેવું જાણવા મળ્યું હતું.

(૬) સવર્ણોની દુકાને ચીજવસ્તુ ખરીદવા હરિજનો જાય છે ત્યારે મોટા ભાગના દુકાનની બહાર ઉભા રહે છે અથવા તો ઓટલો હોય તો ઓટલા ઉપર ચડે છે. તથા ચીજ વસ્તુની આપલે ૬૪.૫૮ ગામોમાં હાથોહાથ થાય છે તથા ભંગીભાઈઓ સાથે ખાસ અંતરથી અને અધ્ધરથી વ્યવહાર થાય છે.

(૭) અભ્યાસ હેઠળનાં ૪૮ ગામોમાંથી ૪૧ ગામોમાં વાણંદ હતા. તેમાંથી ૧૦ ગામોમાં વાણંદ હરિજનોની હજામત કરે છે. જયારે ૩૧ ગામોમાં વાણંદ હરિજનોની હજામત કરતા નથી.

(૮) હરિજનો કુંભારને ત્યાં માટીના વાસણ ખરીદવા જાય છે ત્યારે તપાસેલ કુલ ૪૮ ગામોમાંથી ૪૩ ગામોમાં કુંભાર હતા તેમાંથી ૩૫ ગામોમાં કુંભારો અસ્પૃશ્યતા રાખતા હોવાનું નોંધાયું છે.

(૯) તપાસ હેઠળનાં કુલ ૪૮ ગામોના ૪૨ ગામોમાં દરજી હતા તેમાંથી

૩૨ ગામોમાં હરિજનોનાં કપડા દરજી સીવે છે જ્યારે ૧૦ ગામોમાં હરિજનોનાં કપડાં દરજી સીવતા નથી.

(૧૦) તપાસેલા ૪૮ ગામોમાંથી ૨૯ ગામોમાં હોટલો હતી તેમાંથી ૧૩ ગામોની હોટલ ઉપર ચા - પાણી કરી શકતા હતા જ્યારે ૧૬ ગામોમાં હોટલ ઉપર ચા - નાસ્તો કરી શકતા નથી.

(૧૧) ગ્રામ પંચાયતમાં હરિજન સભ્યોને ૪૮ ગામોમાંથી ૨૫ ગામોમાં ચા પાણી આપવામાં આવે છે. બાકીના ગામોમાં ચાપાણી આપવામાં આવતા નથી અથવા તો ચા પાણી થતાં નથી.

(૧૨) ૪૮ ગામની પ્રાથમિક શાળામાંથી ૩૨ ગામની પ્રાથમિક શાળામાં હરિજન બાળકો સવર્ણ બાળકો સાથે બેસી મધ્યાહન ભોજન જમે છે.

(૧૩) લગ્ન જેવા પ્રસંગોઓ ઢોલ વગાડવા જેવી બાબતમાં હરિજનો માટે કોઈ પ્રતિબંધ જોવા મળ્યો નથી પરંતુ હરિજનો સારા કપડાં પહેરે, સારી રીતે રહે તેથી સવર્ણ સમાજના કેટલાક લોકો ઈર્ષા કરતાં હોય છે. તથા નાટક ભવાઈ જેવું જોવા આજે પણ કેટલાક ગામોમાં હરિજનોને અલગ બેસવું પડે છે.

(૧૪) માહિતીદાતા પાસેથી એ માહિતી મળી હતી કે તમને થયેલ અસ્પૃશ્યતાના અનુભવ દર્શાવો તો તેમાં એવા જવાબ મળ્યા હતા કે અમને તો ડગલે ને પગલે અસ્પૃશ્યતાનો અનુભવ થાય છે. બીજો જવાબ એવો પણ મળેલો કે દિવસમાં દશ વાર અસ્પૃશ્યતાનો અનુભવ થાય છે વગેરે.

અસ્પૃશ્યતાને લગતા કેટલાક પ્રસંગો આપણે આગળના પ્રકરણ-૬માં જોયા.

અભ્યાસ આધારીત સુઝાવો :

. . . . . . . . . . . . . . . . . . . .

પ્રસ્તુત સુઝાવો બે રીતે સૂચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમાં એક રીત છે ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળેલી કેટલીક હકીકતો આધારીત સુઝાવો અને બીજી રીત છે. નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ દ્વારા અસ્પૃશ્યતા નિવારણ અંગેનુ કામ થાય છે. તેનુ અસરકારક અમલીકરણ કઈ રીતે થઈ શકે તે સબંધી અને ગુજરાત સરકારે અસ્પૃશ્યતા નિવારણ માટે ઉભા કરેલા વ્યવસ્થાતંત્ર અને રાજ્યના વહીવટીતંત્રને લાગુ પડે તેવા કેટલાક ઠરાવો કર્યા છે. મુખ્યમંત્રીશ્રીઓએ લખેલ પત્રોનાં અભ્યાસ આધારીત સુઝાવો કરવામાં આવ્યા છે.

(૧) ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળેલી હકીકતો એ બાબતનો નિર્દેશ કરતી હતી કે ફરિયાદી, નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ફરિયાદ તો કરે પરંતુ તેના યોગ્ય પુરાવા સહિત અહેવાલ રજૂ થવો જોઈએ. તેમાં સંપૂર્ણતાનો અભાવ જોવા મળે છે.

આથી નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫નાં અસરકારક અમલીકરણ માટે સૂચવવામાં આવે છે કે પોલીસ ખાતાએ ગુન્હાના પુરાવાઓ વિગતવાર એકઠા કરી તેનો કાયદાકીય ઢાંચામાં સંપૂર્ણત : (અહેવાલ) રીપોર્ટ કરવો જોઈએ.

(૨) ગ્રામ્ય વિસ્તારમાં આધિપત્ય ધરાવનાર જાતિઓનાં વર્ચસ્વ નીચે જીવતા અનુસૂચિત જાતિનાં લોકોને લોન લેવા જેવી બાબતે તાલુકા વિકાસ અધિકારી કે મામલતદારની કચેરીમાં જતાં પણ ખૂબ જ મુશ્કેલી અનુભવતા હોય છે. તેઓ માટે ફરિયાદ કરવા જેવી બાબતોમાં તો તેઓ ખૂબ જ અકળામણ અનુભવતા હોય છે.

આથી એવું સૂચવવામાં આવે છે કે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ના અમલીકરણની કાયદાકીય પ્રક્રિયા સરળ બનાવવી જોઈએ.

(૩) જયાં નાગરિક હકક સંરક્ષણ હેઠળ હરિજનો કેસો કરે છે તે ગામ ધ્વારા હરિજનોનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે. ત્યારે સરકારે ફકત હરિજનોને મદદ કરે તે પૂરતું નથી પરંતુ ગામ લોકો ઉપર તાત્કાલિક પગલા લેવાની કાનુની કાર્યવાહી કરવી જોઈએ તેમ ન થઈ શકે તેમ હોય તો કાનૂની જોગવાઈ કરીને પણ હરિજનોનો સામાજિક બહિષ્કાર કરનાર ગામો ઉપર કડક હાથે કામ લેવું જોઈએ.

(૪) નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ તે માટેની જરુરીયાત તપાસી તે માટે અલગ અદાલતની પણ વ્યવસ્થા કરવી જોઈએ. ઘણાં કેસોમાં વારંવાર મુદતો પડયા કરે છે. આથી જયારે ત્યારે મુદત પડે ત્યારે ગરીબ હરિજનને કામનો દિવસ ગુમાવવો પડે છે. ઉપરાંત ભાડા ભથ્થાનો ખર્ચ કાઢવો પડે છે તે તેમને પોષાતું નથી છેવટે હારી થાકી કેસમાં માંડવાળ કરે છે.

(૫) મોટા ભાગનાં કિસ્સાઓમાં એવુ પણ જાણવા મળ્યુ હતુ કે અમારો કેસ બંધ થઈ ગયો છે, મુદત પડતી નથી આવું કેમ બનતું હશે ? ફરિયાદીને તેનો કેસ ફાઈલ કરવામાં આવે કે કાઢી નાખવામાં આવે ત્યારે જાણ કરવામાં આવતી નથી ? જો તેમેમ હોય તો તે બરાબર નથી કમસેકમ ફરિયાદીને તેના કેસની છેલ્લામાં છેલ્લી સ્થિતિથી અવગત કરવો જોઈએ.

(૬) રાજકોટ જિલ્લામાં મોટા ભાગનાં પોલીસ ધ્વારા કરાયેલા કેસો

છે ત્યાં મોટાભાગે એક જ ઢબનાં કિસ્સા જોવા મળે છે. ફકત કામ બતાવવા ખાતર જ આવા કેસો ન થાય તેની કાળજી રાખવી જોઈએ. કેટલાક આરોપી ઓ એવી ફરિયાદ કરતાં હતા કે પોલીસવાળા પૈસા પડાવવા માટે આવા કેસો કરતાં હતા. આ વાત ચકાસવી જોઈએ તેમ બનતું હોય તો તેને રોકવું જોઈએ.

(૭) મહત્વનો સુઝાવ છે કે અસ્પૃશ્યતા નિવારણ અંગેના કાનુનો થયા તે અંગે નાં ઘણાં ચુકાદાઓ પણ આવ્યા તેમ છતાં હજુ અસ્પૃશ્યતાની વ્યાખ્યા સ્પષ્ટ નથી આથી કાયદામાં સુધારો કરી અસ્પૃશ્યતાની વ્યાખ્યા સ્પષ્ટ કરવી જોઈએ તે માટે સમાંજશાસ્ત્રીઓ અને ધારાશાસ્ત્રીઓની એક સમિતિ રચવી જોઈએ.

આ સમિતિ નાગરિક હકક સુંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫નાં આટલા વર્ષોનાં સમયગાળા દરમ્યાન નોંધાયેલ કિસ્સાઓ અને તેના ચુકાદાઓને આજના સુંદર્ભમાં તપાસી તેની યોગ્યતા અયોગ્યતા માટે પરામર્શક અહેવાલ તૈયાર કવાનું કામ સોંપવું જોઈએ તથા અધિનિયમને વધુ અસરકારક બનાવવા તેમાંની કેટલીક જોગવાઈ જેવી કે શિક્ષા વિષાયક બાબતોમાં ફેરફાર કરવો જેવો છે કે કેમ તે પણ જાણવું જોઈએ.

(૮) કેટલાક કિસ્સા એવા હોય છે કે જેમાં જિલ્લાનાં સમાજ કલ્યાણ અધિકારી અને જે તે પોલીસ મથકનાં પોલીસ ઈન્સ્પેકટર સાથે મળી જે તે ગામનાં આગેવાનોને સાથે રાખીને સમજાવટથી બન્ને પક્ષોને સાથે રાખી સુખદ સમાધાન કરાવી શકે તેમ હોય છે. આમ કરીને અસ્પૃશ્યતા અંગેના થયેલા કેસોને લઈને સવર્ણો અને હરિજનો વચ્ચે કેસને લઈને જે કડવાશ ઉભી થઈ તેના માઠા પરિણામો આવે છે તેને રોકી શકાય.

તે માટે સમાજ કલ્યાણ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેકટરની કામગીરીના ભાગરુપ જિલ્લામાં બનેલા કેસોનાં ગામની મુલાકાત લઈ તેમ કરવા માટે સૂચવવું જોઈએ.

(૯) અગાઉ આપણે એક સુઝાવ જોઇ ગયા કે ઘણાં બધા કેસોમાં જ્યારે મુદતો વારંવાર પડયા કરે છે તેથી ગરીબ હરિજન ફરિયાદીને રોજી તો ગુમાવવી પડે છે. ઉપરાંત ભાડાનો સવાલ પણ ઉભો થાય છે. તે માટે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ હેઠળનાં કેસોનાં ફરિયાદીઓને મુદતે આવવા જવા માટેના ભાડાની ચુકવણી કરવાની જોગવાઈ કરવી જોઈએ.

આ ઉપરાંત રાજ્ય સરકારે અસ્પૃશ્યતા નિવારણ માટે કરેલા ઠરાવોનો અભ્યાસ આધારીત કેટલાક સુઝાવો દર્શાવ્યા છે તે જોઈએ.

(૧૦) અનુસૂચિત જાતિના લોકોનો સામાજિક અને આર્થિક દરજ્જો ઉંચો આવે તેવા સામાજિક - આર્થિક કાર્યક્રમો ઘડી કાઢી તેનાં યોગ્ય અમલીકરણ ઉપર ભાર મૂકવો જોઈએ.

(૧૧) નિરક્ષરતા નિવારણ અને કુટુંબ કલ્યાણને જેટલુ મહત્વ આપી તે અંગે જેટલો પ્રચાર અને પ્રસાર થાય છે તેથી પણ વિશેષ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે દ્રશ્ય શ્રાવ્ય સાધનોનાં ઉપયોગ કરી તે માટેનાં પ્રચાર અને પ્રસાર વધારવો જોઈએ.

(૧૨) <u>ટુરીંગ રાજયપત્રિત અધિકારીઓએ હરિજન મહોલ્લાઓની વર્ષમાં એક વાર ફરજિયાત મુલાકાત લેવા બાબત.</u>

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ : સવસ-

૧૦૬૪-૭૨૯-ગ સચિવાલય, અમદાવાદ તા.૩૧-૭-૮૫નાં ઠરાવથી ફરજિયાત ટુરીંગ કરનાર રાજ્યપત્રિત અધિકારીઓ ખાસ કરીને મહેસૂલ, પોલીસ, સહકાર અને કેળવણી જેવા ખાતાઓના અધિકારીઓને વર્ષમાં એકવાર હરિજન વિસ્તારોની મુલાકાત લેવા જણાવાયું હતું. પસંદ કરાયેલા ગામોની મુલાકાત દરમિયાન આ અધિકારીગણ આવી મુલાકાત લેતા હોવાનું જાણવા મળ્યુ નથી. આ અધિકારીગણ ભાગરૂપે પણ આ વિસ્તારોની મુલાકાત લે તો તેનાં ઘણા સારાં પરિણામો આવી શકે તેમ છે. અમારું એવુ સૂચન છે કે આ રીતે મુલાકાત લેનાર અધિકારીગણ તટસ્થ અને બિનપક્ષપાતી તેમજ અનુસૂચિત જાતિના લોકો તરફ પૂર્વગ્રહ યુકત માનસ ધરાવનારા ન હોય તો જ તેમની મુલાકાતથી ત્યાંના લોકોને માર્ગદર્શન મળી રહેશે. એટલુ જ નહીં પણ ત્યાંના લોકોના સરકાર પ્રત્યેનાં તેમજ બિનઅનુસૂચિત જાતિના લોકો પ્રત્યેના પૂર્વગ્રહોમાં પણ ઘટાડો થશે. અસ્પૃશ્યતા નિવારણ અને અનુસૂચિત જાતિના વિકાસમાં અંગત રસ લેનાર અધિકારીઓની હરિજન વિસ્તારોની મુલાકાત ત્યાંના રહેવાસીઓ માટે આશીર્વાદરુપ બની રહેશે.

અમે તો એવુ પણ સૂચવીએ છે કે આ અધિકારીગણની મુલાકાત દરમિયાન મહત્વની માહિતી સાંપડે તો તેની ટૂંકનોંધ સંબંધિત ખાતા તરફ રવાના કરવામાં આવે તો તે દ્વારા પણ મહત્વની સેવા કરી લેખાશે.

<u>(૭૩) જાહેર વારીગૃહો અને જાહેર કુવાએથી અનુસૂચિત જાતિનાં કુટુંબોને સરળતાથી પાણી ભરવા દેવા બાબત.</u>

ગુજરાત રાજ્યના ગ્રામવિકાસ ખાતાના પત્ર ક્રમાંકઃએલ.ડી.ડબલ્યુ-૩૦૬૦, તા.૨૭-૭-૬૧-ડી તેમજ ત્યારપછી જુદા જુદા વિભાગમાં ૨૦

પરિપત્રો અને ૫ મુખ્યમંત્રીશ્રીના / મુખ્ય સચિવશ્રીના પરિપત્રો દ્વારા ગામ ના જાહેર નળ અને કુવાએથી અનુસૂચિત જાતિના લોકો મુકત રીતે પાણી ભરી શકે એ માટે જરુરી પગલાં લેવાં જિલ્લા પંચાયત અને પોલીસ વિભાગ ના અધિકારીઓને જણાવવામાં આવ્યુ છે. ઉપરાંત વારીગૃહના સ્થળે અનુસૂચિત જાતિના લોકો માટે અલગ નળ મેળવી વચ્ચે આડાશ રાખવા દિવાલ બનાવી લેવામાં અથવા તો તેમને માટે ભીંતની બીજી બાજુ નળ રાખી અસ્પૃશ્યતાને પોષાવામાં આવે છે તે દૂર કરવા જણાવાયુ છે. અમારા ક્ષેત્રકાર્ય દરમિયાન આ પધ્ધતિઓ ચાલુ હોવાનુ જોવા મળ્યું હતુ. દા:ત. મહેસાણા જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ખોલવાડા ગામની મુલાકાત દરમિયાન આ પધ્ધતિ ચાલુ હોવાનું જોવા મળ્યું હતું.

આ બાબતમાં અમારુ એવું સૂચન છે કે વર્ષો પહેલાંનાં આ પરિપત્રો બહાર પાડયા બાદ પણ આ સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હોવાનુ જોવા મળતુ નથી. વળી કેટલાક ગામોમાં આ પરિસ્થિતિ નિવારવા માટે અનુસૂચિત જાતિના લોકો માટે તેમના વાસમાં અથવા વાસ પાસે પાણીનું અલગ સ્ટેન્ડ પોસ્ટ રાખવામાં આવે છે. અસ્પૃશ્યતા જડમૂળથી દૂર કરવી હશે તો આ દિશામાં આ પરિપત્રોનો કડક અમલ કરવો પડશે. સરકારે આ બાબતમાં અંગત ધ્યાન આપીને પણ આ કામગીરી આગળ ધપાવવી રહેશે. જરુર પડયે શિક્ષાત્મક પગલાં લેતાં ખચકાવુ જોઇએ નહિં.

<u>(૧૪) હરિજનોને થતાં અન્યાયો દૂર કરવા બાબત.</u>

ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય વિભાગનાં પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૬૯/૫૭૪૮/જ, સચિવાલય, અમદાવાદ તા. ૧૪-૧૧-૬૯ મુજબ રાજયમાં ૧૩૭ વારીગૃહોએ હરિજનોને પાણી ભરવા બાબતે મુશ્કેલી પડતી હતી. તેઓ મુકત રીતે પાણી ભરી શકતા નહોતા. આમાંના ૧૦૪ વારીગૃહો અનુક્રમે ગાંધીનગર, બનાસકાંઠા, મહેસાણા અને વડોદરા જિલ્લામાં આવેલા છે. સરકારે આ બાબતે કેટલાક પગલાં લીધાં છે.

આ બાબતમાં એવું સૂચવવામાં આવે છે કે સમાજ કલ્યાણ વિભાગે / સમાજ કલ્યાણ ખાતાએ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં કાર્યરત અનુસૂચિત જાતિ સંશોધન એકમને આ ગામો માં હાલની સ્થિતિનો અભ્યાસ કરી અહેવાલ રાજ્ય સરકારને આપવા સૂચવવુ જોઇએ. જરૂર જણાય તો વધુ વારીગૃહો અથવા તો શંકાસ્પદ લાગતા વારીગૃહોની તપાસ માટે પણ સૂચવવું જોઇએ. વધુમાં વારીગૃહે પળાતી અસ્પૃશ્યતા બાબતે મળેલી ફરીયાદોની તપાસ અથવા સર્વેક્ષણ કરવાનું પણ સૂચવી શકાય.

(૧૫) ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની તા. ૧૬-૪-૭૦ની બેઠકમાં એવું સૂચવવામાં આવ્યું હતુ કે હરિજનો તરફથી ફરિયાદ હોય કે ન હોય તો પણ વર્ષે ૧૦૦ ગામોની તપાસ કરીને અસ્પૃશ્યતા પળાતી હોય તેવા યોગ્ય કિસ્સાઓમાં ગ્રાન્ટ મુલત્વી રાખવા સુધીનાં કડક પગલાં લેવા જોઇએ. આ બાબતે પગલાં લેવા માટે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, જિલ્લા કેલટકટરીઓ, વિગેરેને જણાવવામાં આવ્યું હતું.

આ બાબતે એવું સૂચવવામાં આવે છે કે વર્ષે ૧૦૦ ગામોમાં અસ્પૃશ્યતા ની સ્થિતિ ખાસ કરીને વારીગૃહોએ અસ્પૃશ્યતા પળાતી હોય એવા ગામો નું સર્વેક્ષણ કરવાનું આવકારદાયક છે. આ પ્રમાણેનુ સર્વેક્ષણ દરવર્ષે નિયમિત ધોરણે ચાલે તો અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમમાં રચનાત્મક પગલું ગણાશે. વધુમાં આમારું ભારપૂર્વક એવું પણ સૂચન છે કે આ સર્વેક્ષણની જવાબદારી પણ અનુસૂચિત જાતિ સંશોધન એકમ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદને સોંપવામાં આવે.તો સંશોધન ક્ષેત્રમાં તેમનાં બહોળા અનુભવનો લાભ સરકાર અને સમાજને મળી રહેશે.

(૧૬) નાગરિક હકક સંરક્ષણ ધારા - ૧૯૫૫ હેઠળ પોલીસ ખાતાના હરિજન સેલ તેમજ હરિજન ફરિયાદીઓ દ્વારા નોંધાયેલા કેસોનાં નિકાલ

માં કેસનાં સાબિત થાય છે આ ઘણી ગંભીર બાબત છે. આ બાબતે સરકાર નાં સબંધિત ખાતાઓ દ્વારા અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા જિલ્લા પોલીસ અધિકારીશ્રીને જરુરી પગલાં લેવાં જેમકે આવેલ ચુકાદા ની નકલ મેળવવી, સરકારી વકીલ, જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અપીલમાં જવા મંજૂરી માંગવા જેવા પગલાં લેવા સૂચવ્યું છે. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ પણા હેઠળની ઉચ્ચ સત્તાધારી સમિતિ તેમજ પેટા-સમિતીએ આ બાબતને ગંભીર ગણી આવા કેસોના ચુકાદાઓ અંગે સંશોધન અભ્યાસ કરવાનું સૂચવ્યું હતું.

આ બાબતમાં અમારા અભ્યાસનું તારણ પણ આ હકીકતને પ્રતિપાદન કરે છે કે નાગરિક હકક સંરક્ષણ ધારા - ૧૯૫૫ હેઠળના કેસોમાં આરોપી ને સજા જ થતાં કેસ બીન સાબિત થાય છે. અમે નમૂના તરીકે અભ્યાસ માટે પસંદ કરાયેલા અને ના સાબિત થયેલા માહેસાણા જિલ્લાના કેસો આધારિત સંશોધન કરવાનું નકકી કર્યું છે અને આ દિશામાં કામગીરી કરવાનું નકકી કર્યું છે. અને આ દિશામાં કામગીરી પણ શરુ કરી છે. અમારૂ એવું સૂચન છે કે આ નમૂનાના અભ્યાસ ઉપરાંત સમગ્ર રાજયને આવરી લેતાં સંશોધન અભ્યાસ થાય તો નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫માં રહેલી છટકબારી ઓ શોધી શકાય. અમુક વર્ષોના સમયગાળામાં આવા અભ્યાસ થાય એ જરુરી છે. અનુસૂચિત જાતિ સંશોધન એકમ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠને આ જવાબદારી સ્વીકારવા સૂચવવુ જોઈએ.

(૧૭) સામાન્ય ગ્રામ્ય વિસ્તારો તેમાં પણ ખાસ કરીને ઉંડાણમાં વસતાં ગરીબો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સહિતનાં નબળા વર્ગોમાં ખાસ શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ - દ્વારા આલોચના ત્મક વિચારણા અને ઉચ્ચ જ્ઞાતિના લોકો સાથે વાટાઘાટ કરવાની શકિત વિકસાવવાની ખાસ જરુર છે.

અમારું એવું સૂચન છે કે રાષ્ટ્રિય પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવી તે રચનાત્મક અને સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાનિક લોકોમાં તેમના સામાજિક – આર્થિક શોષણ મૂળભૂત અધિકારો, માનવગૌરવ અંગે જાગૃતિ અને ચેતના લાવવાનું પાયાનું કામ કરી શકે.

ઉપરાંત આવી સ્વૈચ્છિક સંસ્થાઓ અનુસૂચિત જાતિ સહિતનાં તમામ નબળા વર્ગોને મફત કાનૂની સલાહ અને સહાય આપવાનો કાર્યક્રમ હાથ ધરી શકે તો સમાજની ઉપલી જ્ઞાતિઓ દ્વારા થતાં શોષણ સામે શોષિતો કાયદાકીય માર્ગે લડત આપવામાં શકિતમાન બને. દેશમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ આ પ્રમાણેની કામગીરી બજાવીને અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં પ્રશંસનીય અને ઉમદા ફાળો આપ્યો છે.

ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું યોગદાન સમાજના ખાસ કરીને નબળા વર્ગોના કલ્યાણ અને વિકાસમાં યોગદાન આપવાની. જે સંસ્કૃતિ ઉભી કરી છે તેમ આ ક્ષેત્રમાં પણ આ સંસ્થાઓ ઝંપલાવે તો અસ્પૃશ્યતા જેવી મહત્વની સામાજિક સમસ્યાના ઉકેલમાં ઉમદા યોગદાન ગણાશે. ગુજરાતમાં ગાંધી વિચારધારા આધારિત કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે તો આ કાર્ય ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમના ભાગરૂપે હોઈ આ કાર્ય કરવા આગળ આવે એ ખૂબ મહત્વનું છે. જો કે આપણો દેશ સ્વતંત્ર થયો તે પહેલા પછીનાં કેટલાક વર્ષો સુધી ગાંધી વિચારસરણી પ્રમાણે કામ કરતી સંસ્થાઓ જેવી કે હરિજન સેવક સંઘ ખૂબ જ કાર્યરત હતી પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આવી સંસ્થાઓની કામની ગતિમંદ પડી છે તેઓએ ફરીથી કાર્યરત થવાની ખાસ જરૂર છે.

(૧૮) વ્યકિત સ્વાતંત્ર્ય અને નાગરિકોના મૂળભૂત હકકોનાં ભંગ સામે વ્યકિતનું સ્વાતંત્ર્ય જાળવવા અવાજ ઉઠાવવામાં, જુદી જુદી પરિસ્થિતિમાં કાયદાકીય પગલાં ભરવામાંના ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી કરતી અને જુદા જુદા ક્ષેત્રનાં

નિષ્ણાતો સમાવતી રાષ્ટ્રિય સંસ્થાઓ જેવી કે પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીસ, પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટીકટ રાઈટસ, વીજીલ ઈન્ડિયા મુવમેન્ટ, સોસાયટી ફોર પ્રમોશન ઓફ ઈકવલ જસ્ટીસ, એમનેસ્ટી ઈન્ટરનેશનલ જેવી સંસ્થાઓ કાર્યરત છે.

અમારું એવુ સૂચન છે કે ગુજરાતમાં આ સંસ્થાઓની શાખાઓ સ્થાપવી જોઈએ અને જો શાળા સ્થપાયેલી હોય તો તેને સક્રિય બનાવવામાં આવે તો રાજ્યમાં નાગરિક હકક સંરક્ષણ ધારો ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોને સફળતાપૂર્વક ચલાવી શકાય. એ સ્પષ્ટ હકિકત છે કે જો નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસો મોટી સંખ્યામાં સફળ બની રહે તો અસ્પૃશ્યતા આચરનારા વ્યકિતઓ, સરકારી અને અર્ધસરકારી કે બિનસરકારી જેવી સંસ્થાઓ અને ધર્મની આડ લઈ અસ્પૃશ્યતા પોષતી વ્યકિતઓ અને સંસ્થાઓ ઉપર ઉંડી અસર થશે. ઓછામાં ઓછું જાહેરમાં અને જાગૃત લોકો વચ્ચે ખુલ્લેઆમ અસ્પૃશ્યતા આચરવાનું વલણ કાયદાની બીકને કારણે પણ નબળુ પડશે જે અસ્પૃશ્યતા નિવારણમાં સિમાચિહન બની રહેશે.

(૧૯) અસ્પૃશ્યતાનો ભોગ બનેલ વ્યકિતઓને ઝડપી ન્યાય મળી રહે અને ગુન્હેગારોને પૂરતી શિક્ષા થાય એ માટે નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ જેવા અત્યાચારના કેસો ચલાવવા માટે આવા બનાવો મોટી સંખ્યામાં બનતા વિસ્તારોમાં સ્વતંત્ર કોર્ટ સ્થાપવાની વિચારણા લાંબા સમયથી ચાલે છે. તાજેતરમાં આતંકવાદ ધારા હેઠળના કેસો ચલાવવા માટે ખાસ કોર્ટ સ્થાપવામાં આવી છે એ ધોરણે અત્યાચારનાં કિસ્સાઓ માટે પણ અલગ કોર્ટ સ્થાપવામાં વિલંબ કરવો જોઈએ નહિં. અત્યાચારોના કિસ્સાના ઈતિહાસમાં સિમાચિહનરુપ બનેલા ગોલાણા સામૂહિક હત્યાકાંડના અપરાધીઓ સામે આતંકવાદ ધારાનો અમલ કરી ખાસ કોર્ટમાં તેને ચલાવતાં, અનેક તાંત્રિક અડચણોની વચ્ચે પણ ખૂબ ટૂંકા ગાળામાં કેસ ચાલી શકયો છે તેની પૂરતી

ચકાસણીના અંતે ગુનેગારોને કડક શિક્ષા થઈ શકી છે. રાજ્યમાં ચાલુ દશકા માં બનેલા બન્ને અનામત વિરોધી આંદોલનોની અસર સ્વરૂપે અનુસૂચિત જાતિ માં લોકોમાં જાગૃતિ આવી રહી છે. તેથી નાગરિક હકક સંરક્ષણ ધારો-૧૯૫૫ હેઠળના કેસોની સંખ્યા પણ વધતી જાય છે. ત્યારે અત્યાચારનો ભોગ બનેલાને ઝડપી ન્યાય મળે અને ગુન્હેગારો નિર્દોષ ન છૂટતાં પૂરતી સજા થાય તે માટે સ્વતંત્ર કોર્ટો સ્થાપવામાં વિલંબ કરવાનુ પાલવે તેમ નથી, શકય એટલુ જલદીથી આવી કોર્ટો સ્થાપવી જોઈએ. તો જ અસ્પૃશ્યતા સદંતર નાબૂદ કરવાનો હેતુ કાયદાઓ સિધ્ધ કરવામાં સફળતા મળશે.

(૨૦) નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ જેવા મહત્વના સામાજિક કાયદાના ધનિષ્ટ અને યથાર્થ અમલીકરણ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સહિતના સમાજનાં નબળાં અને કચડાયેલા વર્ગોનાં અત્યાચાર નાં ભોગ બનેલાઓને મફતકાનૂની સહાય અને માર્ગદર્શન આપતી સ્વૈચ્છિક સંસ્થાઓ, સક્રિય સામાજિક કાર્યકરો, પત્રકારો અને પ્રખર કાયદાશાસ્ત્રીઓ વચ્ચે પુરતું સંકલન હોય તો કાયદાના યથાર્થ અમલીકરણમાં ગતિ આવી શકે. એટલે કે કેસો પુરવાર કરી શકાય જેથી આરોપીને પૂરતી સજા પણ કરી શકાય. સમાજમાં કાયદાવિહીન સ્થિતિ ત્યારે જ સર્જાય છે જ્યારે કાયદાનાં ભંગ કરનાર સામે કાયદાકીય માર્ગે પગલાં લેવાતાં નથી તેમજ કોર્ટમાં નિર્દોષ સાબિત થાય છે. તેથી જો એકવાર આરોપીને સજા થવાના કિસ્સામાં વધારો થાય તો સમાજ ઉપર તેની અવશ્ય અસર પડે છે. નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ જેવા અન્ય સામાજિક કાયદાઓનાં ભંગ સમયે સક્રિય સામાજિક કાર્યકરોનાં માર્ગદર્શન અને નૈતિક ટેકાની હૂંફથી ફરિયાદી ફરિયાદ નોંધાવા માટે આગળ આવશે, પત્રકારો દ્વારા કિસ્સાને પ્રકાશમાં લાવવાના પ્રયત્નથી આ દિશામાં ત્વરિત તપાસ કરવાનુ દબાણ આવશે અને છેવટે કોર્ટ માં પ્રખર કાયદાશાસ્ત્રીના માર્ગદર્શનને કારણે કેસ સાબિત થવાની તકો ઉજળી બની રહેશે. નાગરિક હકક સંરક્ષણ ધારા - ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસોમાં કેસ કાંતો ના સાબિત થાય છે અથવા ખોટી ફરિયાદ બને છે. આ

પરિસ્થિતિ ઉભી થવા માટે જે અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે તેમાં કેસની અસબળ રજૂઆત સામે આરોપી પક્ષો સક્ષમ કાયદાશાસ્ત્રી દ્વારા રજુઆત અને સાક્ષીઓ ફરી જવા વગેરે છે.

અમારું એવું સૂચન છે કે ગુજરાતમાં સક્રિય સ્વૈચ્છિક સંસ્થાઓ, સક્રિય સામાજિક કાર્યકરો ઉપરાંત અત્યાચારના કિસ્સાઓને પ્રકાશમાં લાવી શકે એવા પત્રકારો અને સમાચાર પત્રોએ કોર્ટમાં કેસની સબળ રજૂઆત કરી શકે એવા પ્રખર કાયદાશાસ્ત્રીઓ જેઓ નિઃશુલ્ક સેવા આપવા પણ તૈયાર થાય અને આ નિષ્ણાતોને એક તાંતણે બાંધી શકે એવી સંસ્થાઓને આંગળીના વેઢે ગણી શકાય એટલી સંખ્યામાં છે તે આ સૌને સાંકળી બનાવી એક ઉમદા કાર્ય ઉપાડી લે તે આજની સ્થિતિમાં ખાસ જરૂરી છે.

ગુજરાતમાં તાજેતરના વર્ષોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સહિત શોષિત અને કચડાયેલા વર્ગો ઉપર અત્યાચારના જે કિસ્સાઓ બન્યા છે અને આ કિસ્સાઓ બહાર લાવવામાં, વ્યાપક પ્રસિધ્ધિ આપવામાં અને છેવટે કોર્ટમાં જે સફળતા મળી શકી છે એ સચોટ પુરાવા છે. દા:ત. જેતલપુરમાં અનુસૂચિત જાતિના વ્યકિતને જીવતાં બાળી મૂકી નિર્મમ હત્યા કરવાનો બનાવ, ગોલાણામાં સામુહિક હત્યાકાંડ, કલોલનાં 'ઇફકો'માં કોન્ટ્રાકટ મજૂરોનું શોષણ, સાબરમતી રેલ્વે યાર્ડમાં કોલસી ખસેડવાનું કામ કરતાં મજૂરોના કિસ્સાઓ સાગબારા તાલુકાના ગામમાં આદિવાસી સ્ત્રી ઉપર પોલીસ કર્મચારીઓ દ્વારા સામુહિક બળાત્કાર જેવા બનાવો ને બહાર લાવવામાં 'સેવા' સંસ્થા, લોક અધિકાર સંઘ, નર્મદા યોજનાનાં ડૂબાણમાં જતા ગામોના અસરગ્રસ્ત કુટુંબોને ન્યાયી વળતર અને અન્ય લાભો આપવાના પ્રશ્નને પ્રકાશમાં લાવવા માટે યુવા સંઘર્ષ વાહિની અને રાજપીપળા સેવા સમાજ જેવી સંસ્થાઓ દ્વારા કાયદાકીય માર્ગે

લડત આપી અનેક કિસ્સાઓ બહાર લાવવામાં અને વ્યાપક પ્રસિધ્ધિ આપવામાં પત્રકારોનો ફાળો, લોક અધિકારી સંઘ, રાજપીપળા સેવા સમાજ, યુવા સંઘર્ષ વાહિનીના કાયદા નિષ્ણાતો દ્વારા કોર્ટમાં સક્ષામ રજુઆતને પગલે ભોગ બનેલાઓને ન્યાય અપાવવામાં સફળ થયા છે.

અનુસૂચિત જાતિજેવા કચડાયેલા વર્ગો માટે અને ખાસ કરીને નાગરિક હકક સંરક્ષણ ધારો - ૧૯૫૫ હેઠળના કેસો બહાર લાવવા, પ્રકાશમાં લાવવા અને કોર્ટમાં સક્ષામતાથી રજૂ કરવામાં આવે એ માટે આ સંગઠનોનો સહકાર મેળવવો જોઈએ. આ સંસ્થાઓમાં મહદઅંશે બિનઅનુસૂચિત વર્ગો એટલેકે ઉપલા વર્ગમાં લોકો સામેલ હોય છે. પરંતુ હવે જયારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિમાં પણ પ્રખર કાયદાશાસ્ત્રીઓ, સક્રિય સામાજિક કાર્યકરો જેઓ અન્યાય સામે પૂરતી તાકાતથી લડત આપવા સક્ષામ છે. તેમજ પત્રકારો અને નાના મુખપત્રો અને સામયિકો દ્વારા જાણીતા નહીં બનેલા કિસ્સાઓ બહાર લાવવામાં ઘણો ઉમદા ફાળો આપી શકે તેમ છે. તાજેતરના છેલ્લા બે આંદોલનો પછી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોમાં જનજાગૃતિ આવી રહી છે. ત્યારે તેમની શકિત આ દિશામાં વાળવામાં આવે તો ઘણી ઉપયોગી કામગીરી થઈ શકે તેમ છે.

(૨૧) નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ કેસ નોંધાવનારને કોર્ટમાં જવા - આવવા માટે આર્થિક સહાય આપવા બાબત :

આ અધિનિયમ હેઠળના કેસોમાં કેટલાક કેસો કોર્ટ દ્વારા કાઢી નાખવામાં આવે છે. આ માટે જે કારણો જવાબદાર છે તેમાંનુ એક કારણ એ છે કે આ કેસમાં વારંવાર તારીખ પડે છે. તેથી ફરિયાદીને વારવાર

કોર્ટમાં હાજર થવાનું રહે છે. કોર્ટમાં આવવા - જવા માટે બસભાડું વગેરેનું ખર્ચ થાય છે તેમજ તેમની રોજી ગુમાવવી પડે છે. પરિણામે એકાદ બે તારીખો પછી ફરિયાદી કંટાળીને કાંતો સમાધાન કરી લે છે અથવા કોર્ટમાં હાજર રહેવાનું માંડી વાળે છે. જેથી કેસ નિષ્ફળ જાય છે.

અમારું એવું સૂચન છે કે આ અધિનિયમ હેઠળ કેસકરનાર ફરિયાદીને ઓછામાં ઓછું કેસની તારીખો વખતે કોર્ટમાં જવા - આવવા જેટલું બસભાડું તેમજ તેમને જે દિવસ ગુમાવવો પડે છે. અને પોતાનું અગત ખર્ચ વેઠવું પડે છે તેના અમુક પ્રમાણ જેટલી આર્થિક સહાય આપવામાં આવેતો ફરિયાદીને કેસ ચાલુ રાખવામાં થોડી સુગમતા થાય અને રસ જળવાઈ રહે. જો આ પ્રમાણે થઈ શકે તો સાબિત થતાં કેસોની સંખ્યામાં ચોકકસ પણે સુધારો થશે.

(૨૨) જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટો માટે જ્ઞાન ગોષ્ટી-સહ-તાલીમવર્ગ યોજવા બાબત.

---

જ્યારે કોઈ મહત્વનો અધિનિયમ અમલમાં આવતો હોય છે ત્યારે તેનાં ઘનિષ્ટ અમલીકરણ માટે જે જુદા જુદા પગલાં લેવામાં આવે છે તેમાં આ અધિનિયમ અંગે સમજ આપવા તેમજ અમલીકરણનાં પાસાઓ સબંધી જ્ઞાનગોષ્ટી સહ- તાલીમ વર્ગ યોજવામાં આવે છે. આ કેન્દ્રમાં ' જુવેનાઈલ જસ્ટીસ એકટ' અંગે આ પ્રકારનો તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો.

અમારુ એવુ સુચન છે કે આ અધિનિયમ નવો તો નથી પરંતુ તેનુ અમલીકરણ ઘણું નબળું થાય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને જો આવો તાલીમ વર્ગ યોજવામાં આવે તો તેના ચોકકસપણે હકારાત્મક પરિણામો આવી શકશે. આવા વર્ગ યોજવા માટે ભારત સરકારને વિનંતી કરવી જોઈએ. અને આવા વર્ગ યોજવાનું કામ અનુસૂચિત જાતિ એકમ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠને સોંપવામાં આવે એ ઇચ્છનીય છે.

(૨૩) સરકારી વકીલો / પબ્લીક પ્રોસીક્યુટર્સને / માટે નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ અંગે તાલીમ આપવી.

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ : ૧૯૫૫ હેઠળ નોંધાયેલા કેસો મોટી સંખ્યામાં કોર્ટમાં સાબિત થતા નથી આ માટે અનેક કારણો જવાબદાર હોય છે. આ કારણોમાં મહત્વનું કારણ એ હોય છે કે ફરિયાદી પક્ષ તરફથી કોર્ટમાં રજુઆત કરનાર સરકારી વકીલ કે પબ્લીક પ્રો પ્રોસીક્યુટર તરફથી અસરકારક રીતે રજુઆત થતી નથી. જ્યારે બચાવ પક્ષે રોકેલા સક્ષમ કાયદાશાસ્ત્રીની આ કેસની સબળ રજુઆતને કારણે કેસ સાચો હોવા છતાં તેમની દલીલો સામે ટકી શકતો નથી અથવા સાબિત કરી શકાતો નથી. અંતે આરોપી નિર્દોષ છૂટી જાય છે. આથી કેસ કરનાર ફરિયાદીમાં જ નહિં પણ સમગ્ર અનુસૂચિત જાતિમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડે છે. એટલું જ નહિં પણ ઘેરી નિરાશા આવે છે.

અમારું સુચન છે કે કોર્ટમાં સાબિત થતાં કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવો પડશે તો જ અધિનિયમનો હેતુ સરશે. આ માટે પબ્લીક પ્રોસીક્યુટર અને સરકારી વકીલોને નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ અંગે ઉંડાણથી સમજ આપવામાં આવે તે માટે ત્રણ - ચાર દિવસનો તાલીમ વર્ગ યોજવામાં આવે તો તેના ચોકકસ પરિણામો આવી શકે. આવા તાલીમ વર્ગમાં સમાજ કલ્યાણ ખાતા તરફથી નિમવામાં આવતાં વકીલોને પણ આવરી લેવામાં આવે તો હાલની નિરાશાજનક સ્થિતિમાં ચોકકસપણે સુધારો કરી શકાશે.

અલબત્ત આવા તાલીમ વર્ગમાં પોલીસ ખાતાના અધિકારીઓને સામેલ કરવામાં આવે તો તેના ચોકકસપણે સારા પરિણામ આવશે.

પરિશિષ્ટ - ૧.

નાગરિક હકક સુંરક્ષણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ૧૯૮૪માં ખેડા, મહેસાણા અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ કેસોમાંથી અભ્યાસમાં આવરી લીધેલ કેસોની વિગત સહ યાદી.

ખેડા જિલ્લો.

| અ.નં. | ફરિયાદીનું નામ. | તહોમતદારનું નામ. | ગામ. | તાલુકો. | તારીખ. | કેસની ટુંકી વિગત. |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | માધાભાઇ રામભાઇ સેવા. | - | વાસણા બુઝર્ગ. | માતર. | | રસ્તા બાબતની તકરાર થતાં બોલાચાલી થતાં મારામારી કરી ઇજા કરી. ગાળો બોલ્યો હતો. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૨. | મનુભાઈ રણછોડભાઈ હરિજન. | - | ચાંદણા સીમ. | માતર. | | જામફળની વાડીમાં વાંદરા આવતા મજુરી કરતાં ફરિયાદીને માર મારવામાં આવ્યો હતો અને ગાળો બોલ્યો હતો. |
| ૩. | નટુભાઈ શકરાભાઈ વણકર. | - | શેત્રા. | માતર. | | ગામ છોડી ચાલ્યા જવાની ધમકી આપી હતી. |
| ૪. | જગદીશભાઈ નાથાભાઈ વણકર. | લાલજી કચરાભાઈ ભરવાડ. | અસામલી. | માતર. | | બાજરીનું ભેલાણ કરતાં ઠપકો આપતાં લાકડીથી માર મારી ઈજા કરી. |
| ૫. | મગનભાઈ તેજાભાઈ વણકર. | | ડામરી. | માતર. | | મેથી કેમ ભગાડાવી તેમ કહી ગાળો બોલી પૂંજેઠીથી માર માર્યો. |
| ૬. | હીરાભાઈ ગાંડાભાઈ વણકર. | લાખાભાઈ રામાભાઈ ભરવાડ. | નાયકા. | માતર. | | ફરિયાદીને પ્રથમ ફરિયાદ કરી હોવાથી તેનો અદાવત રાખી ફાદીને સાલા ઢેડા કહી મારી નાખવાની ધમકી આપી હતી. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૭. | ગવેરબેન રણજીભાઈ હરિજન. | બબા જુગા તથા અન્ય - ૪. | ઠાલ. | માતર. | ૧૭-૧૦-૮૪ | ડાંગર નહીં કાપવા બાબતે તહોમતદારો એક સંપ કરી ધારિયા લાકડીઓથી ફરિયાદીને માર મારી ગુન્હો કર્યા બાબત. |
| ૮. | શ્રી મફતભાઈ જેઠાભાઈ હરિજન. | શ્રી દિનેશ ચતુરભાઈ પટેલ. | ચીત્રાસર | માતર. | ૪-૧૨-૮૪ | ધૂંટીના પટટાની ચોરી બાબત ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી હતી. |
| ૯. | શ્રી નાનજીભાઈ અમથાભાઈ વણકર. | શ્રી ઐશાભાઈ મોતીભાઈ ઠાકોર. | ઠાળ | માતર. | ૩-૧૨-૮૪ | તહોમતદાર ફરિયાદીની પત્ની લીલાબહેનને પરમાણી રૂ.૫૦૦ તથા વાસણોની ચોરી કરી ભગાડી જઈ ગુન્હો કર્યા બાબત. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૧૦. | શ્રી સુંબાલાલ પરાગભાઈ વણકર. | શ્રી બળવંતસીંગ રતેસીંગ ચૌહાણ. | લીંમડી. | બાલાસિનોર | ૧૩-૪-૮૮ | ફરિયાદીને સાલા ઢેડા કહી માર ગારેલ. |
| ૧૧. | શ્રીમતી શુરીબહેન મંગળભાઈ. | | ફિલસાણી | બાલાસિનોર. | ૨૫-૬-૮૮ | ફરિયાદણનો હાથ પકડી ખેંચતાણ કરી આબરુ લેવા બાબત. |
| ૧૨. | શ્રી ડાહ્યાભાઈ કાળુભાઈ વણકર. | શ્રી મણીભાઈ રણછોડભાઈ પટેલ. | રણિયાતા. | બાલાસિનોર. | ૧૦-૮-૮૪ | ફરિયાદી દૂધ ડેરીમાં ભરવા જતાં બીભત્સ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યો. |
| ૧૩. | શ્રી લાખાભાઈ ડાહ્યાભાઈ વણકર. | | કોયલા. | બાલાસિનોર. | ૮-૯-૮૪ | ફરિયાદીને માર મારી કપડાં ફાડી નાંખી સાલા ઢેડા કહી ગુન્હો કર્યા બાબત. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૧૪. | શ્રી શનાભાઈ હીરાભાઈ વણકર. | | અંતીસર. | કપડવંજ. | ૧૪-૨-૮૪ | મકાન આગળની ઓટલી તોડી નાખતા બોલાચાલી થતાં ફરિયાદીનાં ઘરમાં પ્રવેશ કરી ગડદાપાટુ માર મારી ઈજા કર્યા બાબત. |
| ૧૫. | શ્રી મગનભાઈ ગણેશભાઈ વણકર. | - | દનાદરા. | કપડવંજ. | ૧૫-૨-૮૪ | ફરિયાદીની ગેરહાજરીમાં ગાળ બોલતાં ઠપકો આપતાં ફરિયાદીનાં ઘરમાં પ્રવેશ કરી ચપ્પુ મારી ભાગી ગયેલ. |
| ૧૬. | શ્રી પ્રેમજીભાઈ મોરારભાઈ રોહિત. | - | ઘોણાકુવા. | કપડવંજ. | ૨૮-૨-૮૪ | ફરિયાદીએ તેની જમીન તહોમતદારને વાત કરેલ તે ના પાડતા ફરિયાદીના ઘર આગળ જઈ મારી નાખવાની ધમકી આપી માર મારી ઈજા કરી. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૧૭. | શ્રી બુધાભાઈ આશાભાઈ વણકર. | - | દાણા. | કપડવંજ. | ૨૫-૬-૮૪. | ફરિયાદીના વાસ ઉપર તહોમતદાર પથ્થર મારતાં, પકડાઈ જતાં સાલા ઢેડા અભડાવી માર્યા તેમ કહી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા બાબત. |
| ૧૮. | શ્રી છગનભાઈ ડાહ્યાભાઈ વણકર. | શ્રી ઉદેસીંગ સુરસીંગ ઝાલા. | આંતરસુબા | કપડવંજ. | ૭-૭-૮૪ | તહોમતદારે ફરિયાદી પાસે ઉછીનાં પૈસાની માંગણી કરતાં, ઉશ્કેરાઈ જઈ મારામારી સાલા ઢેડા કહી ગુન્હો કર્યા બાબત. |
| ૧૯. | શ્રી નારણભાઈ ગોવિંદભાઈ વણકર. | શ્રી કનુભાઈ છોટાભાઈ પટેલ. | ભાટેરા. | કપડવંજ. | ૨૬-૯-૮૪ | પાણી બાબતે સાલા ઢેડા કહી ગુન્હો કર્યા બાબત. |
| ૨૦. | શ્રી એસ.વી.રાજગોર, પો.સ.ઈ. કપડવંજ. | શ્રી ચતુરભાઈ છનાભાઈ ગોહેલ. | લસુ-દા. | કપડવંજ. | - | હરિજનો માટે હોટલ ઉપર કપરકાબી અલગ રાખવા બાબત. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૨૧. | શ્રી રાજીભાઈ સવાભાઈ હરિજન. | શ્રી ભીખાભાઈ વાઘાભાઈ ઠાકોર. | મહોળેલ. | નડીયાદ. | ૧૬-૩-૮૪. | ગામમાં સાદ નહીં પાડતાં ફરિયાદીને ગડદાપાટુનો માર મારી જિ.મે.નાં જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા બાબત. |
| ૨૨. | શ્રીમતી ઉષાબેન ચીમનભાઈ પરમાર. | શ્રી હર્ષદભાઈ પુનમભાઈ પટેલ. | ઉત્તરસંડા | નડીયાદ. | ૧૨-૫-૮૪ | સાલા ઢેડા કહી અપમાનજનક શબ્દો કહી ગુન્હો કર્યા બાબત. |
| ૨૩. | શ્રી નાનુભાઈ ભાણાભાઈ વણકર. | શ્રી કૌશિકભાઈ વિઠ્ઠલભાઈ પટેલ. | પીજ. | નડીયાદ. | ૯-૧૦-૮૪ | ફરિયાદીની છોકરીને દાગીના સહિત ભગાડી જવા બાબત. |
| ૨૪. | શ્રી ભાણાભાઈ સોમાભાઈ રોહીત. | શ્રી રણજીભાઈ અમરાભાઈ બારૈયા. | સીલુંજ. | નડીયાદ. | ૧૦-૧૦-૮૪ | જમીન ઉપર છાપરું બાંધી ગુન્હો કર્યા બાબત. સાલા ઢેડા કહી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા બાબત. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૨૫. | શ્રી વિઠ્ઠલભાઇ છગનભાઇ રોહિત. | શ્રી ભલાભાઇ કાળાભાઇ ઠાકોર. | પલાણા. | નડીયાદ. | ૧૩-૧૦-૮૪ | ફરિયાદીને મહોમતદારે ખમીશ લાવી આપેલ તે પૈસાની ઉઘરાણી કરતાં ઉશ્કેરાઇ જઇ ગાળો બોલ[illegible] માર મારી સાલા ઢેડા કહી ગુન્હો કર્યા બાબત. |
| ૨૬. | શ્રી રણજીભાઇ જેઠાભાઇ હરિજન. | શ્રી મુળજીભાઇ કાળીદાસ અને અન્ય. | રામપુર. | નડીયાદ. | ૨૭-૧૧-૮૪ | ખેતરમાં પાણી લેવા બાબ[illegible] બોલાચાલી થતાં ઠપકો આપતાં સાલા ઢેડા કહી માથામાં પાવડો મારી ઇજા કરવા બાબત. |
| ૨૭. | શ્રી લાખાભાઇ નાથાભાઇ વણકર. | શ્રી આતાજી જીવાજી ચૌહાણ. | મલાતજ. | મહેમદાવાદ. | ૧૯-૬-૮૪ | કુવેથી પાણી ભરતાં ફરિયાદીને કુંડીઅભડાવી માર મારી ગુન્હો કર્યા બાબત. |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
|---|---|---|---|---|---|---|
| ૨૮. | શ્રી પરસોત્તમભાઈ ગગાભાઈ રોહિત. | શ્રી અતુલકુમાર કેશવલાલ પટેલ. | કનીજ. | મહેમદાવાદ. | ૯-૮-૮૪ | ફરિયાદીએ બીજા પાસે પોતાનું ખેતર ખેડાવતાં તહોમતદારે માર મારી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા બાબત. |
| ૨૯. | શ્રીમતી સવિતાબેન દુર્ગાશંકર. | શ્રી બુંસીભાઈ આશાભાઈ પટેલ. | વાસણા. મારીયા. | મહેમદાવાદ. | ૧૨-૧૨-૮૪ | છાત્રાલયમાં રસોઈ બનાવવાની નોકરી કરત હોઈ તહોમતદારોએ આભડછેટ રાખી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા બાબત. |

# પરિશિષ્ટ - ૨.

============

## મહેસાણા જિલ્લો.

................

નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળ મહેસાણા જિલ્લામાં ૧૯૮૪ના વર્ષમાં નોંધાયેલા કેસોમાંથી અભ્યાસમાં આવરી લીધેલ કેસોની વિગત સહ યાદી.

.............

| ક્રમ. | પોલીસ સ્ટેશન. | બનાવ બન્યા તારીખ. | ગુન્હો નોંધાયા તારીખ. | બનાવનું સ્થળ. | ગુન્હા રજિ. નંબર. | ફરિયાદી. | આરોપી. | ગુન્હાની ટૂંકી વિગત. | ચુકાદો. | કેસ. નંબર. | તા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
| ૧ | હારીજ | ૬-૬-૮૪ | ૯-૬-૮૪ | ચડીયા. | ૮/૮૪. | ભંગી ઈશ્વરભાઈ રાજાભાઈ. | ૧.પટેલ સોમાભાઈ અંબાલાલ. ૨.દરબાર ઉદાજી નારણજી. ૩.પટેલ પીતાંબર દેવાભાઈ. ૪.જુમ્માખાં શેરખાં રહે ચડીયા. | ફરિયાદી સાહેદ ચંદ્રભાણ ગામે જતાં ઉભા હતા બસમાં ચડતાં ધકકામુકકી થતાં ફરિયાદીને ગાળો બોલી સાલા ઢેડાએ અભડાવ્યા | સમાધાન | - | ૨૭-૩ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | તેમ કહી તિરસ્કાર બતાવી ગુન્હો કર્યા બાબત. ના.ગ. હ.સું.ધા.-૫૫. ૩-૭ મુજબ. | | | |
| ૨ | હારીજ પોલીસ સ્ટેશન. | ૭-૩-૮૪ | ૭-૩-૮૪ | અડીયા | ૩૧/૮૪ | જમાદાર બળદેવભાઈ રેવાભાઈ, હરિજન સેલ, પાટણ. | પટેલ મફતભાઈ દેવચંદભાઈ રહે.અડીયા. | તહોમતદારે વગર લાયસન્સે હોટલ ચલાવી સાહેદાને હોટલ બહાર બેસાડી અલગ કપ રકાબીમાં ચા આપી ગુન્હો કર્યા બાબત. ના.હ.સું.ધા.કલમ ૪(૧) (૨)-૭. | ગુન્હો ના સાબિત. | | ૩૦- |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | વાગડોદ પોલીસ સ્ટેશન. | ૩૦-૩-૮૪ | ૩૧-૩-૮૪ | વડુ | ૩૧/૮૪ | સાધુ નાનકદાસ ધુળાદાસ રહે. વડુ. | કાંતાબેન લખાભાઈ પટેલ રહે. વડુ ડાહીબેન પ્રભુદાસ. શારદાબેન કાનજી. ચતુરભાઈ. | બન્ને એક જ શાળામાં નોકરી કરતાં હતાં. ત્યાં જમવાના વાસણ ની બાબતમાં અસ્પૃશ્યતા દાખવવા બાબત. માટલી ગ્લાસ અલગ રાખી અસ્પૃશ્યતા રાખી મારી નાખવાની ધમકી આપવા બાબત. | ખોટી ફરિયાદ. B.F | | ૬-૪-૮ |
| ૪ | વાગડોદ પોલીસ સ્ટેશન. | ૨૦-૯-૮૪ | ૨૦-૯-૮૪ | વેદાણી (લક્ષ્મી પુરા ગામે) | ૬૬/૮૪ | વણકર માધા મગન. રહે: પાટણ. | સુલીયા હનીફ જીવા. રહે. વેદાણી | તહોમતદારે પોતાની હોટલમાં હરિજનો માટે જુદા કપ રાખી જુદા કપમાં ચા આપી ભેદભાવ રાખી ગુન્હો | ગુન્હા ના સાબિત. | | ૩૧-૫-૮ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ફર્યા બાબત. ના.હ.સં. ધા. કલમ ૪ (૧) (૨) ૭ મુજબ. | | | |
| ૫. વાગડોદ પોલીસ સ્ટેશન. | ૨૦-૯-૮૪ | ૨૦-૯-૮૪ | ભીલવણ | ૬૭/૮૪ | | શ્રી એ.સી.રાવલ, પો.સ.ઈ.હરિજન સેલ, પાટણ. | અકબર શરીફ રહે.ભીલવણ. | તહોમતદારે પોતાની હોટલ કેસ માં હરિજનો માટે જુદા કપ ચાલુ. રાખી જુદા કપમાં ચા આપી ભેદભાવ રાખી ગુન્હો કર્યો. ના.હ.સં.ધા. ૪ (૧) (૨) ૭ મુજબ. | | | |
| ૬. સિધ્ધપુર સીટી પોલીસ સ્ટેશન. | ૧૬-૯-૮૪ | ૧૬-૯-૮૪ | ખોલવાડા ગામે. | ૨૯૦/૮૪ | | હરિજન પૂજાભાઇ ગોવાભાઇ. રહે.ખોલવાડા. | પટેલ જોઇતારામ રામભાઇ. રહે.ખોલવાડા. | આ કામના ફરિયાદી તહોમતદાર પાસે પૈસા ની ઉઘરાણી કરતાં, તહોમતદારો એકદમ ગુસ્સે થઇ મારી નાખવાની | ખોટી ફરિયાદ. | ૧૯-૧૨- | |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ધમકી આપી આભડછેટ રાખી ગુન્હો વિગેરે કર્યા બાબત. | | | |
| ૭. | કડી પોલીસ સ્ટેશન. | ૧૨-૨-૮૪ | ૧૨-૨-૮૪ | વડુ ગામ. | ૪૧/૮૪ | વણકર જુસણભાઈલક્ષ્મણભાઈ. રહે. વડુ. | રબારી જેસુંગભાઈ જાયમલભાઈ રહે. વડુ. | આ કામના ફરિયાદી તહોમતદારની હોટલે ચ્હા પીવા જતાં કપ-રકાબી ધોવાની ના પાડતાં સાલા ઢેડા કહી ગડદાપાટુ માર માર્યા બાબત. | ખોટી ફરિયાદ. | | |
| ૮. | સતલાસણા પોલીસ સ્ટેશન. તા. ખેરાલુ | ૪-૨-૮૪ | ૫-૨-૮૪ | સુદાસણ ગામે. | ૯/૮૪ | હરિજન દિવા (દિવ્યા) બેન લવજીભાઈ. રહે. સુદાસણ | શિક્ષક દશરથલાલ રાવલ. શિક્ષક પટેલ | એવી રીતે કે ફરિયાદણનો છોકરો શાળામાં ભણતો હોઈ તેને શિક્ષકે મારેલ હોઈ ફરિયાદીને | ગુન્હો ના સાબિત. | | ૨૮-૫-૮ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | રમણલાલ રહે.સુદાસણા. ના.હ.સં.ધા. ૩-૭ મુજબ. | ઠપકો આપવા જતાં ફરિયાદણને ગાળો બોલી નિશાળ અભડાવી મારી તેમ કહી તેનો તિરસ્કાર કરી ગુનો કર્યા બાબત. | | | |
| ૯. સતલાસણા પોલીસ સ્ટેશન તા.ખેરાલુ. | ૩૧-૮-૮૪ | ૩૧-૮-૮૪ | આંકલીયારા ગામે. | ૪૯/૮૪ | હરિજન લીલાભાઈ માનાભાઈ. રહે.આંકલીયારા. તા.ખેરાલુ | ચૌધરી નિમાભાઈ વેરાભાઈ. ચૌધરી માનાભાઈ રામાભાઈ. | એવી રીતે કે તહોમતદારો એ ફરિયાદીને છોકરા બાબતની તકરાર થતાં ગડદાપાટુ માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી સાલા ઢેડા તુ અભડાવી મારો છો તેમ કહી ગુન્હો. | ગુન્હો ના સાબિત. | | કમીટ ૭-૯-૮ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦. | ડીસા પોલીસ સ્ટેશન. | ૨૯-૭-૮૪ | ૩૦-૭-૮૪ | ઠાકરાસણ ગામે. | ૨૭/૮૪. | પરમાર નારણભાઈ મગનભાઈ. રહે.ઠાકરાસણ. | ૧.પટેલ કેશાભાઈ જેઠાભાઈ.<br>૨. પટેલ મગનભાઈ રામાભાઈ.<br>૩. વેલાભાઈ રામાભાઈ.<br>૪. ગણેશભાઈ રામાભાઈ. | એવી રીતે કે આ કામ નાં ફરિયાદીને તહોમત દારે ગડદાપાટુ માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી કહયું કે સાલા ઢેડાઓ તમોએ કેમ અભડાવ્યા. શ્રાવણ માસમાં અભડાવી માર્યા. તેમ કહી એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યા બાબત. ના.હ. સં.ધા.કલમ ૩-૭ મુજબ. | ગુન્હો ના સાબિત. | નં. ૭-૬-૮૫. ૦૯૭/૫૩૦ | |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧. | કાકોશી પોલીસ સ્ટેશન. | ૨૪-૫-૮૪ | ૨૪-૫-૮૪ | કાકોશી ટાઉન. | ૨૧/૮૪. | જમાદાર બળદેવભાઈ રેવાભાઈ, હરિજન સેલ, પાટણ. | સુમન ડોડીયા ઉસ્માનભાઈ ઇબ્રાહીમ. રહે.કાકોશી. | તહોમતદારે હરિજનો માટે જુદા કપરકાબી રાખી ચા પીવા જતાં ગામમાં ચા આપી અસ્પૃશ્યતા રાખી ગુન્હો કર્યા બાબત. ના.હ.સં. ધા. કલમ ૪ (૭-૨) મુજબ. | ગુન્હો ના સાબિત | સમરી ૧૮/ ૬૦ | ૬ ૮ |
| ૧૨. | વિજાપુર પોલીસ સ્ટેશન. | ૨૨-૨-૮૪ | ૨૨-૨-૮૪ | પામોલ ગામે. | ૪૩/૮૪ | જે.જી.પરમાર, પો.સ.ઈ. વિજાપુર. | તલોધી ડોસાભાઈ લાલભાઈ. રહે.પામોલ. | તહોમતદારે પોતાની હોટલમાં હરિજનો માટે કપરકાબી અલગ રાખી બોગસ ગ્રાહકને | ગુન્હો ના સાબિત. | ડી.કે. ૧૦ ૧૪/ ૮૪. | ૧૯ ૧૯ ૮૪ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મોકલેલ તેને અધ્ધરથી પાણી રેડી કપરકાબી ધોવડાવી વગર લાયસન્સે હોટલ ચલાવી ગુન્હો કર્યા બાબત. ના.હ.સં.ધા. કલમ ૪ ( ) – ૭ મુજબ. | | |
| ૧૩. | વિજાપુર પોલીસ સ્ટેશન. | ૩–૬–૮૪ | ૪–૬–૮૪ | માણિભદ્ર મંદિર, આગલોડ ગામે. | ૧૧૧/૮૪. | ભંગી કેસાભાઈ મોહનભાઈ. રહે.આગલોડ. | ૧. શાહ. સોમચંદ દીપચંદ. ૨.જયંતિલાલ મોહનજી મહેતાજી. ૩.મુન્નાસીંગ દેદરાજ સીંગ રાજપુત. ૪. હરિવલ્લભસીંગ જંગબહાદુરસીંગ. | આ કામના ફરિયાદી ભંગી કોમના હોઈ ફરિયાદી તથા સાહે. માણિભદ્રવીરના દર્શન કરવા જતાં તહોમતદારોએ અટકાવ કરી, ગાળો બોલી, માર મારી, બહિષ્કાર કરી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કર્યા બાબત. ના.હ.સં.ધા.ક.૩–૭, ૧૭. | ગુન્હો વિ. ના નં. સાબિત. ૧૫/ ૧૪ — ૮૪ | |

પરિશિષ્ટ - ૩.

રાજકોટ જિલ્લો.

નાગરિકહક્ક સુરક્ષાણ અધિનિયમ - ૧૯૫૫ હેઠળ ૧૯૮૪માં રાજકોટ જિલ્લામાં નોંધાયેલ કેસોમાંથી અભ્યાસમાં આવરી લીધેલ કેસોની વિગત સહ યાદી.

| અ.નં. | પોલીસ સ્ટેશન. | બનાવ બન્યા તારીખ. | ગુન્હો નોંધાયા તારીખ. | બનાવનું સ્થળ. | ગુન્હો રજી.નં. | ફરિયાદી. | આરોપી. | ગુન્હાની ટૂંકી વિગત. | ચુકાદો. | કેસ નંબર. | તા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧ |
| ૧. | ટંકારા | - | - | હડમતિયા | ૯૦/૮૪ | હરિજન મૂળજી હીરા. | સિંધિ કાસમ જુસફ. | કપ-રકાબીમાં ચા આપવાનો ઈન્કાર જુદા કપ રકાબી રાખવા બાબત. | - | - | - |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨. | ટંકારા. | - | - | હડમતીયા. | ૭૪/૮૪ | હરિજન મૂળજી હીરા. | પટેલ મગનલાલ ગાંભાભાઈ | કપ-રકાબી જુદા રાખવા બાબત. | કોર્ટ ઉઠે ત્યાં સુધી બેસી રહેવાની સજા રૂ.૩૫/- સજા. | - | - |
| ૩. | માળિયા. | - | - | જસાપર | ૧૦૨/૮૪ | હરિજન ભીમજી મધા. | જશી નરસન. નરસન પેથા. બાઈ રામુ નરસન. | કૂવા ઉપર કપડાં ધોતાં છાંટા ઉડે છે તેથી અભડાય છે. | નિર્દોષ. | - | - |
| ૪. | પડધરી. | - | - | ઉકરડા | ૧૨૩/૮૪ | હરિજન પ્રેમજીભાઈ ઝીણાભાઈ. | પટેલભાઈ છે. | પાણી બાબતનો ઝઘડો હતો. | - | - | - |
| ૫. | ધોરાજી. | - | ૧૩-૭-૮૪ | ફરેણી. | ૮/૮૪ | કાળાભાઈ છગનલાલ. | XXX XXXXX XXX ભીખાલાલ કલ્યાણજી પટેલ. | જુની અદાવત ઢેડા કહી કરી. | નિર્દોષ. | - | - |
| ૬. | ધોરાજી. | - | ૬-૩-૮૪ | ભુખી | ૪૧/૮૪ | હરસુખભાઈ મુંગાભાઈ હરિજન. | ગરાસિયા પ્રફુલ્લભાઈ છોટભા. | અલગ કપ-રકાબી | ખબર નથી. | - | - |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭. | જામકંડોરણા. | ~~xxxxxx~~ – | ~~xxxxxx~~ ૨૮–૬–૮૪ | ધોળીધાટ | ૭૨/૮૪ | રવજી બધુ હરિજન. | પટેલ આંબા કાલા. | ચા કપ-રકાબી અલગ. ટ્રેપ કેસ. | માહિતી નથી. | – | – |
| ૮. | જામકંડોરણા. | – | ૨૮–૬–૮૪ | ધોળીધાટ | ૭૧/૮૪ | રવજી બધુ હરિજન. | પટેલ મેઘા કેશા. | ચા કપ રકાબી અલગ. ટ્રેપ કેસ. | માહિતી નથી. | – | – |
| ૯. | જામકંડોરણા. | – | ૨૬–૭–૮૪ | કાનાવડાળા | ૭૭/૮૪ | છગનભાઈ હરજીભાઈ હરિજન. | માનજી ખીમા પટેલ, બચુ માનજી પટેલ. | હરિજનોની સ્મશાનની જમીનનું દબાણ કર્યું છે તે બાબતમાં. | હજુ કેસ ચાલુ છે. | – | – |
| ૧૦. | જામકંડોરણા. | – | ૧૯–૪–૮૪ | શાતુદલ | ૪૨/૮૪ | ગોવિંદભાઈ જેઠાભાઈ હરિજન. | શીવુભા દીપસિંહ. | ચા-કપ રકાબી ટ્રેપ કેસ. | માહિતી નથી. | – | – |
| ૧૧. | જામકંડોરણા. | – | ૧૯–૪–૮૪ | શાતુદલ | ૪૧/૮૪ | ગોવિંદભાઈ જેઠાભાઈ | દિલુભા નાનભા. | ચા કપ-રકાબી ટ્રેપ કેસ. | ઉત્તરદાતા પાસે માહિતી | – | – |
| ૧૨. | જામકંડોરણા. | – | ૫–૩–૮૪ | સોડવદર | ૨૬/૮૪ | બધાભાઈ પુજાભાઈ હરિજન. | જયંતી ડાહ્યા પટેલ. | વિવિધ સહકારી મંડળીમાંથી હરિજનના નામે ઉપાડ. | કેસ ચાલુ છે. | – | – |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩. ભાયાવદર | - | ૨૭-૭-૮૪ | ખારાચિયા | ૧૨૦/૮૪ | અરજણભાઈ સોમાજી હરિજન. | કોળી મયા કચરા, હરિજન દેવા આબા. | ચાના કપ-રકાબી જુદા રાખવા બાબત. | સમાધાન | - | - | |
| ૧૪. ભાયાવદર | - | ૧૪-૭-૮૪ | ઠાંક. | ૧૧૫/૮૪ | શાંતિલાલ લક્ષ્મણભાઈ | શીવલાલ બિહારી લાલ જેસવાલ. | સોડાની બાટલી ન આપતાં, દ્વેષકેસ. | સમાધાન | - | - | |
| ૧૫. ભાયાવદર | | ૧૪-૭-૮૪ | ઠાંક. | ૧૧૪/૮૪ | શાંતિલાલ લક્ષ્મણભાઈ હરિજન. | વાળંદ વિનુ ઓધવજી. | વાળ ન કાપવા બાબત. | સમાધાન. | - | - | |
| ૧૬. ભાયાવદર | - | ૧૮-૫-૮૪ | ભાયાવદર | ૮૫/૮૪ | વાલજી દાનજી હરિજન. | મહેર ગાંગા દાના. મહેર જાલા હરદ્વારલાલ. | આંતરિક ઝઘડો મારી નાખવાની | ચાલુ કેસ. | - | - | |
| ૧૭. ભાયાવદર. | - | ૪-૪-૮૪ | થાંક. | ૫૮/૮૪ | વાલજી સાજત હરિજન. | મૂળજી કૂટજી ધેટિયા | બેંકમાંથી પાણી ન પીવા દેવું. | નિર્દોષ. | - | - | |
| ૧૮. જેતપુર. | - | - | સેલુકા | ૨૬/૮૪ | હરિજન પાલાજી ભરાજી. | પટેલ રામજી ભૂરા વજી ભુરા. | મારી નાખવાની ધમકી, બિભત્સ | સમાધાન | - | - | |
| ૧૯. કોટડા સાંગાણી | - | - | રામોદ | ૬૭/૮૪ | હરિજન હંસાબેન | વાઘરી કાળુ ખોડા | ખેતરમાં ભેલાણ | ઉત્તરદાતા | - | - | |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩. | ભાયાવદર | - | ૨૭-૭-૮૪ | ખારાચિયા | ૧૨૦/૮૪ | ગરજણભાઈ સોમાજી હરિજન. | કોળી મયા કચરા, હરિજન દેવા આબા. | ચાના કપ-રકાબી જુદા રાખવા બાબત. | સમાધાન | - | - |
| ૧૪. | ભાયાવદર | - | ૧૪-૭-૮૪ | ઠાંક. | ૧૧૫/૮૪ | શાંતિલાલ લક્ષ્મણભાઈ | શીવલાલ બિહારીલાલ જેસવાલ. | સોડાની બાટલી ન આપતાં, ટ્રેપકેસ. | સમાધાન | - | - |
| ૧૫. | ભાયાવદર | | ૧૪-૭-૮૪ | ઠાંક. | ૧૧૪/૮૪ | શાંતિલાલ લક્ષ્મણભાઈ હરિજન. | વાળંદ વિનુ ઓધવજી. | વાળ ન કાપવા બાબત. | સમાધાન. | - | - |
| ૧૬. | ભાયાવદર | - | ૧૮-૫-૮૪ | ભાયાવદર | ૮૫/૮૪ | વાલજી દાનજી હરિજન. | મહેર ગાંગા દાના. મહેર જાલા હરદ્વારલાલ. | આંતરિક ઝઘડો મારી નાખવાની | ચાલુ કેસ. | - | - |
| ૧૭. | ભાયાવદર. | - | ૪-૪-૮૪ | થાંક. | ૫૮/૮૪ | વાલજી સાજત હરિજન. | મૂળજી કૂટજી ઘેટિયા | બેંકમાંથી પાણી ન પીવા દેવું. | નિર્દોષ. | - | - |
| ૧૮. | જેતપુર. | - | - | સેલુકા | ૨૬/૮૪ | હરિજન પાલાજી ભરાજી. | પટેલ રામજી ભુરાજી ભુરા. | મારી નાખવાની ધમકી, બિભત્સ | સમાધાન | - | - |
| ૧૯. | કોટડા સાંગાણી | - | - | રામોદ | ૬૭/૮૪ | હરિજન હુંસાબેન | વાઘરી કાળુ ખોડા | ખેતરમાં ભેલાણ | ઉત્તરદાતા | - | - |

| ૧. | ૨. | ૩ક | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સુંગાણી | | | | | રાણા. | રમેશ ખોડા, ભગા ખોડા. ગજી કરમશી. | ગાળાગાળી, મારી મારી અડધૂત. | ખબર નથી. | – | [illegible] |
| ૨૦. | કોટડા સુંગાણી. | – | – | રામોદ | ૫૯/૮૪ | હરિજન અર્જુન સુરા. | આહિર પૂજા આલાદ. | માર મારી હેડા હડધૂત. | માહિતી નથી. | – | – |
| ૨૧. | ગોંડલ પોલીસ મથક. | – | – | કેશવાળા | ૬૧/૮૪ | હરિજન અર્જુન નાગા. | જાડેજા રણધિરસિંહ શેરાવસિંહ. | હડધૂત મારી નાખવાની ધમકી. | સમાધાન. | – | – |
| ૨૨. | ગોંડલ. | – | – | મેવાસા. | ૫૩/૮૪ | હમીર દાંતા હરિજન | પટેલ સુરેશ ગોવિંદ | ચાના કપ જુદા રાખવા બાબત મારી નાખવાની ધમકી. | ચાલુ | – | – |
| ૨૩. | ગોંડલ. | – | – | મોવૈયા. | ૬૬/૮૪ | કંકુબેન મેઘજીભાઇ હરિજન. | કિશોરકુમાર છગનલાલ આદિપુરા. | ઠેકાણાનું મારી પેડા કરી ધમકી મારી નાખવાની. | – | – | – |
| ૨૪. | ગોંડલ. | – | – | મોટા ઉમપાડા. | ૬૭/૮૪ | બચુભાઇ જેઠાભાઇ હરિજન. | પટેલ દામજી કેશા. | માર મારી ગાળો આપી. | સમાધાન | – | |

## પરિશિષ્ટ – ૪.

૧૯૭૮ થી ૧૯૮૬ સુધી ગુજરાતમાં નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ હેઠળ નોંધાયેલ કિસ્સાઓમાં જિલ્લાવાર ૧ થી ૧૦ નંબર આવતાં જિલ્લાઓનાં નામ સાથે કેસોની સંખ્યા દર્શાવતું પત્રક.

| વર્ષ નંબર. | ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જિલ્લો અને નોંધાયેલ કેસોની સંખ્યા. | | | | | | | | | |
| ૧૯૭૮ | બનાસકાંઠા | મહેસાણા. | ખેડા. | જુનાગઢ. | રાજકોટ. | સુરેન્દ્રનગર. | કચ્છ. | સાબરકાંઠા. | ભરુચ. | અમરેલી. |
| | ૬૯ | ૬૧ | ૫૪ | ૫૨ | ૪૮ | ૪૨ | ૩૯ | ૩૭ | ૩૪ | ૩૩ |
| ૧૯૭૯ | રાજકોટ. | અમદાવાદ. | મહેસાણા. | બનાસકાંઠા | અમરેલી. | જુનાગઢ. | કચ્છ. | ખેડા. | સુરેન્દ્રનગર. | સુરત. |
| | ૮૭ | ૭૨ | ૬૦ | ૪૯ | ૪૪ | ૪૨ | ૩૧ | ૨૫ | ૨૪ | ૨૦ |
| ૧૯૮૦ | અમદાવાદ. | બનાસકાંઠા. | ખેડા. | મહેસાણા. | વડોદરા. | સુરેન્દ્રનગર. | કચ્છ. | સુરત | અમરેલી. | ભરુચ. |
| | ૫૮ | ૫૧ | ૪૨ | ૩૮ | ૩૬ | ૨૫ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ |
| ૧૯૮૧ | વડોદરા. | સુરેન્દ્રનગર. | ખેડા. | રાજકોટ. | કચ્છ | ભરુચ. | બનાસકાંઠા. | અમરેલી. | સુરત. | મહેસાણા. |
| | ૩૦ | ૨૮ | ૨૭ | ૨૨ | ૨૨ | ૨૦ | ૧૯ | ૧૬ | ૧૩ | ૧૨ |
| ૧૯૮૨ | મહેસાણા | ખેડા. | વડોદરા. | રાજકોટ. | ભરુચ. | સુરત. | કચ્છ. | જુનાગઢ. | સાબરકાંઠા. | બનાસકાંઠા. |
| | ૪૨ | ૩૧ | ૨૯ | ૨૭ | ૨૩ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ |

## પરિશિષ્ટ - ૫.

### ક્ષેત્રકાર્ય દરમિયાન માહિતી એકત્ર કરવા માટે ઉપયોગમાં લેવાયેલ પત્રકોની સંખ્યા.

| અ.નં. | જિલ્લાનું નામ. | તપાસેલ કિસ્સા. | | કુટુંબ પત્રક. | માહિતી પત્રકો. | |
|---|---|---|---|---|---|---|
| | | શહેરી. | ગ્રામ્ય. | | અસ્પૃશ્યતા માપવા માટેનું પત્રક. | ગામ પત્રક. |
| ૧. | ખેડા. | – | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૮ |
| ૨. | મહેસાણા. | ૬ | ૮ | ૧૨ | ૧૪ | ૧૩ |
| ૩. | રાજકોટ. | ૨ | ૧૩ | ૨૦ | ૧૫ | ૧૫ |
| | કુલ. | ૮ | ૪૮ | ૫૯ | ૫૬ | ૫૬ |

## સંદર્ભ સાહિત્ય


(૧) અનામત વિરોધી આંદોલન.
- સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ,
યુનિવર્સીટી કેમ્પસ, સુરત - ૧૯૮૧.

(૨) અસ્પૃશ્યતાનું કલંક.
- ઈશ્વર પેટલીકર,
નવજાગૃતિ સમાજમાળા,
આર.આર.શેઠની કંપની - ૧૯૭૩.
અમદાવાદ.

(૩) અસ્પૃશ્યતા નિવારણ અંગે સાધુ - સંતોના બોધ વચનો.
સમાજ કલ્યાણ ખાતું. - ૧૯૭૮
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૪) ખાતાકીય નિયમ સંગ્રહ,
સમાજ કલ્યાણ ખાતું.
ગુજરાત રાજ્ય, અમદાવાદ - ૧૯૭૪.

(૫) વિકસતા સમુદાયો,
- ઉર્મિલા પટેલ - ૧૯

(૬) ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતા.
- આઈ.પી.દેસાઈ,
સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત - ૧૯૮૪.

(7) Protection of Civil Rights for the people
- Dept. of cont. Edu. & Ex. Work 1985
Surat.

(8) Equality through Privilege.
- P.C. Aggarwal &
- M.S. Ashraf - 1976

(9) Indian Rural Sociology.
- R.N.Sharma - 1970

(10) India's Ex. Untouchables.
- H.R. Isaacs - 1965

(11) Harijan today

- L.P. Vidyarthi - 1977

(12) Scheduled castes at a glance 1488

- Hasmukh Parmar

(13) Psychological conflict between Harijans and upper class/ middle class caste Hindus : A study in Andhra Pradesh ( India)

- Venkateswarlu Dolly.

Sociological Bulletin

Vol, 86, No, 1: March 1987